
અવધૂતી આનંદ
રંગઅવધૂત
પ્રમોદ

# અવધૂતી આનંદ

ૐ

॥ શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥




પોઝીટીવ

- રંગ અવધૂત

પ્રકાશક :- **જયંતીલાલ શંકરલાલ આચાર્ય**
પ્રમુખ, શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ
નારેશ્વર (પો. સાયર, વાયા-અંકલેશ્વર - ૩૯૩ ૧૦૭)

(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.)

(દસમી આવૃત્તિ) સને ૨૦૦૦ (પ્રત : ૫૦૦૦)

અષાઢ સુદી ૧૫, ૨૦૫૬

કિંમત : ૨૫ રૂપિયા

-: મુદ્રક :-
સુવર્ણા
સી/૧, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.
ફોન : ૫૬૨૨૭૮

# અનુક્રમણિકા


| ભજન | પૃષ્ઠાંક |
|---|---|
| અકકલસે ખુદાકો પહેચાના રે | ૧૮૮ |
| અજબ ખેલ જોયો રે, જોયો તે તો જોવું ભૂલ્યો | ૧૫૪ |
| અધવચ્ચ વગડે લૂંટાઈ રે, દોલત મારી લાખની | ૧૯૭ |
| અનસૂયા મા ! ના ઠરવા દે લોક મને ઘર માંહ્ય જો | ૫૦ |
| અનુપમ હીરલો પાયો બાબા ! અનુપમ હીરલો પાયો | ૧૪૩ |
| અબ ખૂબ હઁસો અબ ખૂબ હઁસો | ૨૮૨ |
| અબગુન ન મોરે, પ્રભુ ! દેખો રે | ૪ |
| અબ તો લહર મરન કી આઈ સાધો ! | ૧૭૯ |
| અબ ન મોહે હરિમિલન બિન આસ | ૫૭ |
| અબ મૈં કહાં જાઉં ચરણ છોડ તોરે | ૧૮૨ |
| અબ મૈં ભઈ મસ્ત પિયા, પકડ દસ્ત તેરો | ૧૮૩ |
| અયિ માત સરસ્વતી | ૨૭૮ |
| અરે ઓ દીનના દાતાર ! દિગંબર દત્ત જગ કિરતાર | ૪૬ |
| અવધૂત દેખ લો, જેથી જન્મમરણ મિટ જાય | ૭૮ |
| અવધૂતોં કી ગત ન્યારી હૈ | ૧૭૪ |
| અવળું સવળું બોલું રે, સંતો મારા ક્ષમા કરે | ૧૫૬ |
| અવિવેકે ભરિયું રે જગ બધું ઊંધું જુએ | ૧૩૭ |
| અંગ્રેજી કકકો કહું સૌ સાંભળો | ૮૮ |
| અંદર ગોતા લગાવ પ્યારે ! | ૧૭૭ |
| આ કળિયુગમાં સહુ ઠૌર - નઠૌર થયા જન પાંખડે પૂરા | ૫૮ |
| આખર ખોટી રે, માનવી ભજી લે જગ કરતાર | ૧૧૨ |
| આ ગયા મુકામ અસલી, બાબા ! | ૧૮૦ |
| આજ આનંદનું પૂર ઉરમાં વહે, છોળ.... | ૩૧ |
| આજ હમારી જીવનનૌકા ભરદરિયે ડૂબું ડૂબું કરે | ૪૨ |
| આજે સૂણી ચમનમેં, મોહન તિહારી બંસી | ૪૧ |
| આતમ જ્ઞાન લિયો મૂલ હિસે | ૧૬૯ |
| આનંદવાજાં વાગે ગગનમાં ઘણણણ ઘંટા ભેરી (મંગળ આરતી) | ૨૨૦ |

| | |
|---|---|
| આન પડા નાથ ! દરપે શરણમેં લિજીયેજી | ૧૬૮ |
| આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૧૯ |
| આવો આવો દયાળ, સ્વામી દત્ત કૃપાળ | ૪૫ |
| આવો જો સંતો તો વાતો બે કરીએ | ૮૦ |
| આવો હરિજન હેતે રામને સંભારો | ૬૦ |
| ઊઠ અઘભંજના દત્તમુનિરંજના સંસૃતિગંજના... | ૫ |
| ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી, જનમનાં... | ૧૨ |
| ઊઠને મૂઢ આલસ્ય નિંદ્રા ત્યજી, સમરી... | ૨૨ |
| ઊંઘતાનો પાડો રે જાગે તે તો પાડી હરે | ૧૪૯ |
| એક અગોચર બ્રહ્મ પ્રકાશે | ૮૧ |
| અક અલખ નિરંજન સબ જગ, ભૂચર... | ૭૨ |
| એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે, તેજ... | ૨૮ |
| એક આધાર કિરતારનો જગમાં... | ૯ |
| એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો, મૂકીને... | ૭ |
| એક દિગંબર દેખા, અવધૂ ! | ૩ |
| એવો દિ દેખાડ | ૧૯૨ |
| ઓચિંતો હું તો જાગ્યો રે, સદ્‌ગુરુસાને નિંદથી | ૧૯૭ |
| ઔષધિ કૌન પિલાવે ? ગુરુ... | ૩૫ |
| કક્કો કહું છું ધ્યાન દઈ સૌ સાંભળો | ૮૨ |
| કરના થા સો તો કર લીના અબ | ૨૪૭ |
| કરની બીન કથનીકી કીમત કૌડી જાન બજારો હૈ | ૧૭૫ |
| કરવું તો નિષ્કામ કર્મ, હો સાધો ! | ૧૪૬ |
| કર સત્સંગ અભીસે પ્યારે ! નહિ... | ૧૭૫ |
| કરે નિજ દાન જો સોઈ, દિગંબર... | ૪૩ |
| કહે દિવાના મુજકો, દુનિયા, કહે દિવાના મુજકો | ૪૦ |
| કહાં જાના નિરબાના, સાધો ! | ૬૯ |
| કામાધીન થઈને (ફટકો) | ૨૮૫ |
| કાહેકો મન સોચ કરત હૈ રામભજન કર દિનરાતી | ૧૭૪ |
| કોટિ સૂર્ય શી પ્રભા ! | ૨૮૩ |
| કયા ખોજે અજ્ઞાના ? અવધૂ ! | ૬૨ |

| | |
|---|---|
| ખુલ્લં ખુલ્લા મહાસભાને અબકી બાર પુકારા હૈ | ૨૪૮ |
| ગાઓ ગાઓ આજે ગુરુજીનો ગરબો | ૨૦૫ |
| ગાજે અતિશે ઘેરો અંતરનાદ અનેરો | ૬૨ |
| ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે | ૬૪ |
| ગુરુ આવો બલિહારી તમારી છે ! | ૪૪ |
| ગુરુએ બતાવ્યું અચરજ આજ, ગુરુએ... | ૧૬૦ |
| ગુરુ ગુરુ કરતા આ જાઓ મારા પ્રાણ ! | ૪૫ |
| ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં | ૩૬ |
| ગુરુચરણ પ્રીત મોરી લાગી રે ! | ૪ |
| ગુરુ દત્ત દિગંબર તવ શરણમ્ | ૪૮ |
| ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના... | ૨૧૬ |
| ગેંદ ખેલું રે હું તો સાહેલી સંગ | ૧૯૬ |
| ઘનઘોર વ્યોમ અજ છાયો નભમેં સુરધનુ ખીંચવાયો | ૭૭ |
| ઘરની ઘરની ઘરની રે, મૂળ | ૧૩૧ |
| ઘાડી ઔદુંબરની છાંય, નીચે કોણ પેલું જાને | ૫૧ |
| ચલો મોરી આલી ગુરુકી મંઢેયા | ૧૬૭ |
| ચલો સખીરી પિયા મિલન કો... | ૧૭૨ |
| ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલી મેં | ૩૯ |
| છેડ મા છેડ મા છેડ મા રે, વાત... | ૧૩૧ |
| છોડ દિયા માઈ સંસારા | ૧૬૬ |
| છોડું ન મૈં દિલસે અબ સાંઈ | ૧૬૨ |
| છો સુખે નિંદતા નિંદકો હરિ મને, લાજ | ૨૯ |
| જપી લે હરિનું નામ રસાળ | ૪૯ |
| જય કરુણાકર દત્ત દિગંબર ! | ૨૭૯ |
| (જય જય) ગુરુ મહારાજ, ગુરુ... | ૩૩ |
| જય જય જય બજરંગ (આરતી) | ૨૨૨ |
| જય જય મુનિવર દત્ત દિગંબર... | ૨૨૦ |
| જય જય જય હેરંબ (આરતી) | ૨૧૯ |
| જય જય સ્વામી સદ્ગુરુ વંદુ વારંવાર | ૨૦૩ |

| | |
|---|---|
| જય યોગીશ્વર દત્ત દયાળ તુંજ એક જગમાં પ્રતિપાળ (દત્તબાવની) | ૨૦૭ |
| જહાં પે દેખું વહાં પે સાહેબ, વો... | ૧૭૧ |
| જાગીને મેં તો જોયું રે, અચરજ... | ૧૯૮ |
| જાગ્યને જોગીડા દત્ત દિગંબરા, તુજ... | ૬ |
| જીવતાં દખ લો, માંહે જીવનજયોત અલખ | ૧૯૫ |
| જીવન દો દિનકા, નહીં ભરોસા જમકા | ૧૮૭ |
| જુવાની દિવાની, પ્રાણી ! જુવાની દિવાની | ૧૫૯ |
| જૂઠમાં જિંદગી જાય નર જો વહી, પાણીનું | ૧૫ |
| જે જાયું તે જાય, જગતમાં જે જાયું તે જાય | ૬૬ |
| જે જે દિસે તે દત્ત | ૨૭૦ |
| જેના દિલમાં દીનના દાઝ નથી, એવા... | ૫૫ |
| જેને જ્ઞાન નિરામય બૂટી જડી, તેને... | ૫૬ |
| જો આપકો દેખે ન ઉસકો દૂસરા દિખતા નહીં ! | ૧૭૨ |
| જો ચાહે સો કહના, પ્યારે જો ચાહે સો કહના | ૧૮૬ |
| જોયો આજે, યતિવર ત્રિભુવનમાં રાજે | ૨૦૩ |
| જ્ઞાનઘટા ઝુકી આઈ, ચિદાકાશે, સંતો ઝુકી આઈ રે | ૧૩૨ |
| જયારે પતન થશે દેહનું આ | ૨૨૪ |
| જયાં ત્યાં ભાસે એક જ સાંઈ ! જયાં... | ૧૪૪ |
| ઝૂલો ઝૂલો રે, અવધૂતા ! | ૨૭૪ |
| ઝૂલો ઝૂલો રે, દત્ત દિગંબર સ્વામી ! | ૨૭૩ |
| ઝૂલો રે કુંવર પારણે | ૨૭૫ |
| ઠાડે ઔદુંબરતરુતલપે ગાણગાપુર સ્વામી (નૃસિંહસરસ્વત્યષ્ટક) | ૫૨ |
| ઠુમ ઠુમ ઠુમ ચાલી અગમ ગઢ, ગુરુજી ! | ૨૦૧ |
| ડેરન દે દિન ચાર, સાંઈ તેરે દ્વાર પે | ૩૮ |
| ડાચું શું દર્પણ દેખે રે, મૂરખ પ્રાણી | ૬૫ |
| ઢૂંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક (દત્તાષ્ટક) | ૨ |
| તનકી સુધી ન જિસકો, જનકી કહાં સે પ્યારે ? | ૧૭૦ |
| તપસી ! ઊંધું વેતર મા, કંસાર... | ૨૩૨ |
| તપસી છોડ દિયા સંસાર ! | ૭૩ |
| તપસી ! બ્રહ્મ અગોચર એક, એ | ૨૪૦ |

| | |
|---|---|
| તં...તનન વાગે અજાયબ તંબૂરો | ૧૯૯ |
| તમન્ના દિલમેં યહી એક સાંઈ હૈ | ૧૭૯ |
| તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે | ૧૩૯ |
| તીરથ કહાં જાના ! મેરે ભાઈ ? | ૩૫ |
| તું તો દત્ત દિગંબર ભજને રે | ૧૨૪ |
| તું...હું...તું...હું કોયલડી પોકાર ! હરિ... | ૬૦ |
| તોડી દિવાલો મહેલની બેઠા જઈ મેદાનમાં | ૧૯૩ |
| થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ | ૨૦૫ |
| દત્ત ગુરુ અવધૂત ભજી લે | ૨૧૮ |
| દત્ત દત્ત બોલો, આનંદમસ્ત ડોલો ! | ૫૫ |
| દત્ત દિગંબર એક અધારા, યહ | ૪ |
| દત્ત દિગંબર દેવ ભજી લે પ્રાણી | ૨૧૮ |
| દત્ત દિગંબર મન સુમરી લે પુણ્યપાથેય ભરી લે | ૩૪ |
| દરદીનું દરદ એક દરદી જાણી શકે | ૨૦ |
| દરશન દીજો દાડી, સદ્‌ગુરુ મારા | ૨૦૪ |
| દિગંબર દત્ત યોગી શા, મળો ના બીજી ઉર આશા | ૫૪ |
| દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા | ૩૩ |
| દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા (આરતી) | ૨૨૧ |
| દિલરૂબા દિલકી સુનાઉં, સુનનેવાલે કૌન હૈ ? | ૨૧૯ |
| દિલ લાગી આગ બળતી ઉગારો રે | ૧૦૦ |
| દીનાનાથ દયાળુ તાત ! આજે શેં રૂઠયા ગુરુનાથ ? | ૪૨ |
| દુખિયારી નાર પિયુ તુજ કાજે રે | ૯૮ |
| દુનિયા આ મનનું મટકું રે, પામર પ્રાણી | ૬૫ |
| દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન, દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન | ૧૬૧ |
| દેખ લિયો મોહન મેં માઈ ! | ૧૬૩ |
| દેહ તે ડાકોર (અભંગ) | ૧૯૨ |
| દેવમંદિરમાં દેવ બિરાજે અનહદ વાજાં વાગેજી | ૧૩૪ |
| ધાર્યું ધરણીધરનું થાય, મૂરખ, કાં મન તું પસ્તાય ? | ૧૨૬ |
| ધૂનો | ૨૮૭ |
| નથી ગમતું, નથી ગમતું આ ઘેર જાવું પેલે દ્વાર | ૩૨ |

નવ સૂઝે કામ, કંથ વિદેશે રે ! ૧૦૧
નહિ જાઉં રે નેહાળે, મહેતાજી મારે ૨૦૨
ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિ:સંગી હૈં ૧૩૮
નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસ રે ૧૩૧
ના ! હું, ત્યાં શું માહરું ? તારું સઘળું નાથ ! ૧૪૧
નિરંજન પદ તો મુખસે ન બર્ણ્યો જાય ૧૭૭
નીતિ નેવે મૂકી રે અનીતિ કાં કોટે ધરી ? ૧૫૦
પશ્ચિમ વાની રે, વાદળી, ઝેરી બરખા થાય ૧૧૮
પહેરી લીધા વીંટલા તારા હો અંબે ૨૧૫
પીવું, તો જ્ઞાનામૃત પૂર્ણ, હો પિયાસૂ ! ૧૪૭
પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ ૨૮૨
પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરનું નહિ કામ ૧૧૪
પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ? ૧૫૭
પ્યારે !ભજ લે રામ દિન રૈનાં ૧૬૯
ફટ રે ભૂંડા આ શું કર્યું ? ૬૭
બન જા અબ હુશિયાર, કાલકા નહિ ઠિકાનાજી ૧૬૨
બન જા અવધૂતા અવધૂતા, શોકમોહ અતીતા ૧૮૪
બન જા દિવાના દિવાના, અસલ ફકીરી બના ૧૮૬
બલિહારી તારી ગુરુજી, શેં મુખ ગાઉં ? ૨૦૫
બાલમ આજો મારે દેશ, મારો જોબન બીથો જાય ૭૭
બેઠો બેઠો ભાળે રે, જોગી બીજું કાંઈ ના કરે ૧૫૫
બોલ બોલ બોલ પ્રેમવેણ એક બોલ ૩૮
બોલ રહી કોકિલ કાનનમેં ! ૧૬૪
ભઈ મતવાલી પિયાકે દિદાર પાયે ૧૬૬
ભકતનકે કાજ જોગીવેષ ધર્યો રાજ, શી બલિહારી ! ૫૧
ભક્તિની મુક્તિ છે દાસી, ઓ લાલ ! ૧૪૬
ભક્તિ હરિ-પ્રેમ અજોડ, હો પંથી ! ૧૪૭
ભજો શું મૂરખ ભૂત અનેક ? ઈશ્વર છે સઘળે એક ૧૨૭
ભણતર મોટું ભૂત, તપસી ! ૧૩૪
ભર્યું જયાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ અવધૂત ૧૪૩

| | |
|---|---|
| ભવભયહારક શ્રીહરિ, પ્રણમું વારંવાર (દત્તદશક) | ૨૧૪ |
| ભાવથી ભજન કર, હરિ તણું રટણ કર | ૧૧ |
| ભાવ વિન ભક્તિ નવ કામ આવે કદી | ૧૬ |
| ભિક્ષા ૐ દે, મા પારવતી ! જેથી આતમામાં થાય રતિ | ૫૭ |
| ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે | ૨૫ |
| મનકો બિન મારે ગોસાંઈ ઐસો મિલે ન કબહૂ ભાઈ | ૧૭૯ |
| મન છોડ દે કપટ હરિપદ ભજ રે | ૬૩ |
| મન મર્કટ રે, કેમ ભમે છે નિત નિત નૂતન ડાળીએ | ૧૨૮ |
| મન મરજીવા ! છે મોતી અમુલખ એક અંતર-સાગરે | ૧૨૯ |
| મન મૂઢ અજાણ ! ફાંફાં કાં મારે છે અમથાં આભમાં | ૧૨૮ |
| મન મૂરખ નાદાન અતિશે, શી રીતે સમજાવું રે | ૮૦ |
| મનુવા, ધરી લે, ધરથી પ્રભુ પ્યારું ધ્યાન | ૧૯૪ |
| મનુવા, હરિ ભજ ઝટ નાદાન ! | ૧૪૪ |
| મનુવા, હરિ ભજના, હરિ ભજના | ૧૮૫ |
| મરી તો ગયું રે મૃત્યુ, મરી તો ગયું | ૧૫૮ |
| માઈ, મોરે આનંદ ઉર ન સમાય | ૫૮ |
| મારા મન મંદિરિયા માંહ્ય, આજે આનંદ આનંદ | ૨૦૬ |
| મારા હૈયા કેરો હાર, દત્ત એક અવધૂત | ૪૮ |
| મૂકી દીધી કલમ બંધો, હવે કાંઈ ના લખવું છે | ૨૪૬ |
| મુખસે હરિ હરિ બોલ | ૨૧૮ |
| મૂળ સંસારનું મૂઢ મન માંકડું | ૩૩ |
| મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ | ૨૬૯ |
| મેરો દત્ત દિગંબર એક હિ તારણહાર | ૧ |
| મૈં તો દત્ત દિગંબર ધ્યાઉં | ૩૯ |
| મૈં તો બેઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે ? | ૧૮૯ |
| મૈં દિવાની દિવાની હક ઘરકી પ્યાસી | ૭૦ |
| મોહે દત્તદરસનકી આસ ! કોઈ મિલાવો રે !! | ૧૮૧ |
| યહ ઘર નહિ તેરા નહિ તેરા, સમજ મન મેરા | ૧૮૪ |
| રડે કાં બાળ ? | ૨૭૭ |
| રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાઘન એજ | ૧૪૨ |

| | |
|---|---|
| રહી ન સુધબુધ તનકી સખીરી | ૫૩ |
| રામ કહો કે શ્યામ | ૧૯૧ |
| રુદિયામાં દીવા, તોએ અકરમી અથડાતી | ૧૩૭ |
| રે મન ! મસ્ત સદા દિલ રહના | ૧૬૮ |
| લખવું અને બકવું નકામું, હા ! વદ્યું અવળું બધે | ૭૧ |
| લહિયાનો પાર નહિ અલખ નિહાળો | ૨૦૭ |
| લાખોમેં કોઈ બિરલો હિ ઐસો હૈ | ૧૭૮ |
| વગડામાં વસો શીદ કીધો, ઓ નાથ ! કેમ રીસાયા ? | ૪૯ |
| વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી ધૂણી તપે | ૧૫૪ |
| વનવગડાની શીતળ છાયા જોગી જંગલમાં વસતો રે | ૧૩૩ |
| વંદું દત્તપદાંબુજ સાર ! | ૪૩ |
| વસમી છે વાટ, એ તો, વસમી છે વાટ | ૧૫૮ |
| વસમી છે વાટડી, માંહે કંટક શૂળ અપાર | ૧૯૪ |
| વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઈ | ૧૯૯ |
| વાણી માંહી શૂરા રે, વળો નિજ મૂળ ભણી | ૧૫૩ |
| વાંચ વાંચ વિશ્વ ગ્રંથ, વાંચવા જો ચાહના | ૧૪૫ |
| વાહ ફકીરી કોન અમીરી ? દાસી તેરે ચરણોમેં | ૭૫ |
| વાહ વાહ રે આજે આનંદની હેલી ! | ૨૦૦ |
| વાંચ્યા સમગ્ર બને પત્ર (શરણાગમન) | ૨૨૩ |
| વિષયની વાડીમાં જીવ ભૂલો પડયો | ૧૭ |
| વૃથા શાસ્ત્ર ન શસ્ત્ર છુટાવી માટે (દત્તનામસ્મરણ) | ૨૪૯ |
| વેણુ વાગે અલી ! હૃદયકુંજે હરિ રાસ રમતા | ૨૪ |
| શી કરું અર્ચના દત્ત દયાઘના તું વિના | ૩૦ |
| શું થયું રૂપ તારું જીવ ગયું ફરી ? | ૬૮ |
| શૂન્ય શિખર પર ચઢી નિહાળ્યો વીજળીનો ચમકાર ! | ૬૩ |
| શું મૂખે વર્ણવું કીર્તિ કિરતારની ? | ૧૩ |
| સખી અલેક અજવાળી રાત ગરબે રમીએ રે | ૯૩ |
| સખી અંતરમાં વ્રજરાજ બાહેર શી જઈએ ? | ૧૦૫ |
| સખી ઝાડ ગળે ફળ આપે, દુખડા કયાં રડીએ ? | ૧૦૭ |
| સખી પડવે દીધો પાય પિયુ પરદેશ રે ! | ૯૬ |

| | |
|---|---|
| સખી શરદપૂનમની રાત ગરબે રમીએ રે ! | ૧૦૮ |
| સગપણ સાચું રે, શીલનું, જેથી રીઝે શ્યામ | ૧૧૬ |
| સતસે નાહી ચીજ પરાઈ | ૭૬ |
| સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહી કોઈ અપના | ૧૬૧ |
| સંતો વેરાગી ! ખાઓ અવધૂતી ખીચડી | ૬૧ |
| સમજ મન મારા રે જાવું એક દિન વહી | ૧૪૮ |
| સર્વ વાસુદેવ ઈતિ | ૨૭૧ |
| સહુ ભેગા મળી ગાઓ દિગંબર દત્ત અવધૂતને | ૪૭ |
| સાનમાં સમજાવ્યું, શાણે, સાનમાં સમજાવ્યું | ૧૫૯ |
| સુખ થયું, દુ:ખ ગયું, કેવું | ૧૮૯ |
| સુનેરી મૈને હરિમુરલીકી તાન ! | ૫૮ |
| સૂણ ચતુર સુજાણ, વાતલડી કહું છું રે તુજને મીઠડી | ૧૩૦ |
| સૂણ સહિયર નિજ કર્મ તણી કથની કહું | ૧૦૩ |
| સૂતો શું તાણીને સોડ ? આખર ઊડશે સઘળા કોડ ? | ૧૨૫ |
| સૂન સૂન તપસી ! જ્ઞાન સૂનાઉં, ફિર ફિર ધ્યાન લગાવ | ૩૬ |
| સૂનો પૂકારે મજહબ સારે | ૧૭૧ |
| સો વાતોની એક જ વાત, તપસી ! સાંભળ સુજાત (આત્મવિચાર) | ૨૨૭ |
| હમારા અસ્થાન મરઘટઘાટ | ૭૫ |
| હમો મનમોજી ફરનારા, હમોને બાંધનારું કૂણ | ૧૪૦ |
| હમસે મત મીલો, મત મીલો | ૧૬૪ |
| હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે | ૧૬૫ |
| હમારા ભેખ ભિખારીકા | ૧૬૫ |
| હમો ચંગા હમો ચંગા | ૧૯૦ |
| હરિગુણ ગાઓ રે પ્રીતથી, થાશે બેડો પાર | ૧૧૩ |
| હરિજન આવો રે, હેતે હરિરસ પીવા | ૧૫૧ |
| હરિજન આવો રે, હેતથી ધરીએ હરિનું ધ્યાન | ૧૧૭ |
| હરિના નામનો સૌથી મોટો છે આધાર | ૧૯૫ |
| હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા | ૭૦ |
| હા અને ના તણી વચ્ચે હૈયું ઝુલતું હતું | ૭૦ |
| હુઆ કયા યે મુઝે સાંઈ, ન મૈં જાનું ન તું જાનું | ૧૭૩ |

હું તો નમું છું અનસૂયાસુતને રે ૧૧૯
હું તો માગણ, ગુરુઘરદાસી રે ૧૨૪
હું તો વરી છું શ્રીપાદયતિને રે ૧૨૧
હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી ૭૯
હું - મારું દુ:ખ - મૂળ છે, તું - તારું સુખ - મૂળ ૧૪૦
હું મૂરખ નાદાન, સંતો, હું મૂરખ નાદાન ૨
હોય કોઈ પ્યાસા રે, આવો અમીરસ પીવા ૧૪૯
હોય દેવાંશી તે તે દેવને ઓળખે ૨૬

When my long day draws down to dark at last,
And from my fingers falls the worn-out pen.
I shall not boast a wealth of volumes vast
On themes abstruse, to win the praise of men.
My vagarant rhymes, my tales of bygone days
Are autumn leaves a wind-tossed tree has shed.
And few will deem worth a meed of praise,
Or backward turn to read a page once read.
But I shall be content if you, my friends,
Who know my lack of literary lore
Cay say, when my inglorious scribbling ends.
"He won the love of folk whose hearts were sore
An evil deed he never called to mind.
Nor wrote a line that left a sting behind."

C. S. D.

અને છેલ્લે જ્યારે મારા લાંબા (આયુષ્યના) દિવસો (મૃત્યુના) અંધકારમાં ભળી જશે.

તથા મારી આંગળીઓની પકડમાંથી થાકેલી કલમ છૂટી જશે,

ત્યારે લોકોની પ્રશસ્તિઓ જીતવા માટે ફાવે તેવા વિષય ઉપર લખાયેલ મોટાંમોટાં પોથાંથોથાંનાં ખડકલાઓના ઐશ્વર્યની બડાશ હું નહીં હાંકું.

મારી સ્વૈર કવિતા, વીતેલા સમયની વાર્તાઓ એ તો પવને ખેરવેલાં અને તહીં તહીં ઊડતાં પાનખરનાં વૃક્ષપલ્લવો છે.

અને તેના ઘણા ઓછા પ્રશંસકો નીકળશે.

અથવા વંચાયેલ પાનને ફરીથી વાંચવા પ્રેરાશે, પરંતુ હે દોસ્તો, તમે કે જેને મારી સાહિત્યિક સમૃદ્ધિની ઓછપનો ખ્યાલ છે તે મારી આ ક્ષુલ્લક લેખિનીની પ્રવૃત્તિના અંતમાં કહી શકો કે, આ તે છે જેણે આર્તહિયાંની ચાહના સંપાદન કરી હતી, જેણે દુષ્કૃત્યનો સંકલ્પ સુદ્ધાં કદી યે કર્યો નથી અને જેની પાછળ કંઈક ડંખ હોય એવી એક લીટીય એણે લખી નથી, તો મને પૂર્ણ સંતોષ થશે.

# નિવેદન

(દશમી આવૃત્તિ)

પૂ. શ્રી રચિત અવધૂતી આનંદની નવી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ થાય છે. પૂ. શ્રીનાં ભજનો સાહિત્યની દ્રષ્ટિએ પણ ઉત્કૃષ્ટ પૂરવાર થયાં છે. એમાં રહેલા કાવ્યગુણોને ગાવાનું આ નિવેદનનું ગજુંય નથી કે અવકાશ પણ નથી. પરંતુ ભજનોનું ભાવ જગત પણ ઊંચુ છે. વળી વૈચારિક રીતે પણ અંદર રહેલ તત્વજ્ઞાન પર પણ ઘણા વિદ્વાનો મુગ્ધ છે. તેથી જ અવધૂતી આનંદની આવૃત્તિઓ વારે વારે છાપવી પડે છે.

વળી કેટલેક સ્થળે કેવળ અવધૂતી આનંદનાં જ ભજનો ગાવાનો રિવાજ છે. તેવા મંડળોમાં અવધૂતી આનંદની માંગ વધુ રહે છે.

આ નવી આવૃત્તિમાં ભરૂચના અવધૂતી કલાકાર સ્વ. પ્રમોદ પટેલ દ્વારા પહેલાં બનાવેલું મુખપૃષ્ઠ મુકયું છે.

શતાબ્દી વર્ષમાં સ્વ. જમીયતરાય સીદ્ધર્યુ લિખિત ૬૦ ભજનોનું વિવેચન થયું હતું. તેને ધ્યાનમાં રાખી બીજા ૪૧ ભજનોનું વિવેચન અવધૂતી મસ્તી - શતાબ્દીપૂર્તિ રૂપે પ્રગટ થયું. હવે સમગ્ર અવધૂતી આનંદના ભજનોનું વિવેચન યથાવકાશે અલગ અલગ ભાગોમાં પ્રગટ કરવાનું વિચારાયું છે. પૂ. શ્રી એ મનોરથ પૂર્ણ કરશે એવી શ્રદ્ધા છે.

**દાતાઓના નામ**

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જગદીશભાઈ કાંતિલાલ સોની (કપડવંજ) | ૫૦૧/- |
| ૨ | શ્રીમતી સુહાસિની બેન મહેતા (વડોદરા) | ૧૫૧/- |
| ૩ | શ્રીમતી સુષ્માબેન દક્ષેશભાઈ શાહ (કુંજરાવ) | ૧૦૧/- |
| ૪ | શ્રીમતી અનુપમાબેન ભાસ્કરભાઈ દેસાઈ (મુંબઈ) | ૩૬૫/- |
| ૫ | શ્રી દિક્ષીત રીમુભાઈ (ભરૂચ) | ૫૦૧/- |
| ૬ | શ્રી સોમાભાઈ શાહભાઈ સોલંકી (બારાસોલ) | ૫૦૧/- |
| ૭ | શ્રી મુકેશ જી. બક્ષી (વડોદરા) | ૫૦૧/- |
| ૮ | શ્રી પપ્પુ - સ્નેહલ - વંદનાબેન - સંજયભાઈ કાપડીયા (સુરત) | ૫૦૧/- |
| ૯ | શ્રી એક શ્રી રંગ ભકત (અમદાવાદ) | ૫૦૦/- |
| ૧૦ | શ્રી રાકેશ હીરાલાલ દવે (અમદાવાદ) | ૧૦૦૦/- |
| ૧૧ | શ્રી ધનંજય દેસાઈ (વલસાડ) | ૧૧૧૧/- |
| ૧૨ | શ્રી સ્વ. છોટુભાઈ નાયકના સ્મરણાર્થે હા. ભરતભાઈ દેસાઈ | ૧૦૦૧/- |
| ૧૩ | શ્રી પિયૂષભાઈ મધુભાઈ સોની (બોરસદ) | ૧૧૦૦/- |
| ૧૪ | શ્રીમતી શાંતાબેન જયંતીલાલ કાપડીયા (રાજપીપળા) | ૧૦૦૧/- |
| ૧૫ | શ્રીમતી આશાબેન ગૌરાંગભાઈ રાવલ (અમદાવાદ-ક્ર ) | ૧૦૦૦/- |
| ૧૬ | શ્રીમતી માણેકબેન અને રમીલાબેન સોમપુરા (લંડન) | ૭૦૦/- |

અંતમા પૂ. શ્રીના ચરણે સાદર દંડવત્ પ્રણામ કરી વીરમું.

-પ્રકાશક

# નિવેદન

(બીજી આવૃત્તિ)

લગભગ દસેક વર્ષથી ખલાસ થઇ ગયેલી અવધૂતી આનંદની આ બીજી આવૃત્તિ આજે વાચકવૃંદમાં કરકમળમાં ધરવાનો સુયોગ પ્રાપ્ત થતાં અમને સવિશેષ આનંદ થાય છે.

અમે પૂજ્ય મહારાજ શ્રી રંગ અવધૂતજીની નાની મોટી અન્ય કૃતિઓની અનેક આવૃત્તિઓ કઢાવી અને આ પુસ્તકની ઘણી જ માંગ હોવા છતાંય એ બધાં પ્રકાશનો અને કેટલીક ઇતર પ્રવૃત્તિઓને લીધે આ પ્રકાશનમાં વિલંબ થયા કર્યો એ જણાવતાં અમને ખરેખર સંક્ષોભ થાય છે. એ વાત ખરી કે પૂજ્ય મહારાજશ્રીના કેટલાંક ભજનોની નાની નાની પુસ્તિકાઓની નવી નવી આવૃત્તિઓ બહાર પડ્યે જ જતી હોવાથી ભજનાનંદી વાચકવર્ગને સમાધાન અને સંતોષ રહેતાં હતાં પરંતુ પૂજ્ય શ્રી અવધૂતજીના એ અવધૂતી આનંદના રસથાળમાંની અવધૂતી મસ્તીભરી વાનગીઓનો આસ્વાદ આમતેમ ક્યાંકથી પણ એક વખત મેળવી લીધા પછી એ નશામાં મસ્ત રહીને એનો સાચો આનંદ સ્વેચ્છાએ માણવાની વૃત્તિથી એ સમગ્ર બૃહત્ ભજનસંગ્રહ વસાવવા માટે એ ભોગી ભૃંગ ઝંખતા હતા અને કાગડોળે આ પ્રકાશનની રાહ જોયા જ કરતા હતા એટલું જ નહિ પણ પઠાણી ઉઘરાણી કર્યા કરતા હતા. આજે આ અવધૂતી આનંદની સુધારાવધારાવાળી નવી આવૃત્તિ પ્રકાશિત કરીને એ બધાના ઋણમાંથી મુક્ત થતાં અમને ખરેખર આનંદ થાય છે. વિશેષ ખુશી થવાની વાત તો એ છે કે આ સંગ્રહમાં આજ સુધીમાં અમને પ્રાપ્ત થયેલાં લગભગ બધાં જ ભજનોનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે અને પૂજ્ય મહારાજશ્રીનાં કેટલાંક અપ્રાપ્ય એવાં ચિત્રો પણ આ આવૃત્તિમાં જોવા મળે તેમ છે.

વળી પહેલી આવૃત્તિના પ્રકાશન વખતે ભજનોના શાસ્ત્રીય રાગ,

તાલ અમે મેળવી શક્યા નહોતા તે આ વખતે એક વખતના રેડીયો કલાકાર અને હાલમાં વડોદરાની ઇન્ડીઅન મ્યુઝીક કોલેજમાં વાયોલીન વિભાગના મુખ્ય પ્રાધ્યાપક, ગાયન અને વાયોલીન વિશારદ શ્રી કંચનલાલ જમનાદાસ શાહના સૌજન્યભર્યા નિષ્કામ સહકારથી અમે પ્રાપ્ત કરી શક્યા છીએ તે એમની સેવાભક્તિ પ્રભુચરણે નિવેદિત કરી એમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ રાગ તાલને લઇને શાસ્ત્રીય સંગીતમાં રસ ધરાવનારાઓને ભજન ગાવામાં સરળતા ભર્યું દિશાસૂચન મળશે એવી ખાતરી છે, પરંતુ સંગીતની રાગરાગણીઓની માથાકૂટમાં ન પડનારી સામાન્ય આમ જનતાના માર્ગદર્શન અર્થે પહેલી આવૃત્તિમાં મૂકેલા લોકપ્રિય રાહની નોંધ તે તે ભજનને મથાળે એની એ જ એવી કાયમ રાખી છે.

સંગીત શાસ્ત્રના જાણકારો સારી રીતે સમજે છે કે એકનું એક જ ગીત કે ભજન અભ્યાસી ગાયકો સમય અને પ્રસંગને અનુરૂપ જુદી જુદી ઢબે જુદા જુદા રાગમાં રજૂ કરતા હોય છે પરંતુ ભજનમાં રાગ કરતાં ભાવ એજ પ્રધાન વસ્તુ છે એ ભૂલવું ન જોઇએ. રાગ વિનાનું ભજન એ લૂણ વિનાના ભોજન જેવું કદાચ ફીકું લાગશે. પણ ભાવ વિનાનું ભજન એ તો ભૂખ વિનાના ભોજન જેવું નકામું, અપાયકારક નીવડશે. એટલે ભજનમાં રાગ કરતાં ભાવ જ અંતરના તાર ઝણઝણાવવામાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે એ નિર્વિવાદ છે. પરંતુ ભાવની સાથે રાગનો સુમેળ સધાય ત્યારે તો દૂધમાં સાકર જેવો સાત્ત્વિક આનંદ છવાય છે અને ગાનાર સાંભળનાર બંનેય ભજનના ભાવની સાથે તદ્રૂપ બની જઇ કોઇ અનોખી મસ્તીમાં આવી જતા હોય છે. આ ભજનોમાંથી આવો આનંદ સહેજે મળે છે એમ અનુભવીઓનું કથન છે.

ગુરુ દ્વાદશી, વિ.સં. ૨૦૧૦ પ્રકાશક

# પ્રવેશક

આ જગતમાં દરેક માણસને કંઇ ને કંઇ ધૂન લાગેલી જ હોય છે. કોઇને પેટસેવાની ધૂન લાગી હોય છે તો કોઇને લોકસેવાની ધૂન લાગી હોય છે; કોઇને નામ કમાવવાની ધૂન લાગી હોય છે તો કોઇને દામ કમાવાની ધૂન લાગી હોય છે; કોઇને સાંસારિક એશઆરામની પરાકાષ્ઠાએ પહોંચવાની ધૂન લાગી હોય છે તો કોઇને વિદ્યાના ગુપ્ત ભંડારનાં તાળાં ખોલી જગતને જાજ્વલ્યમાન કરવાની ધૂન લાગી હોય છે. ટૂંકમાં, જેને તેને ધૂન લાગેલી હોય છે. પણ આ બધું ક્ષણભંગુર છે. આ બધાની પાછળ જીવન વ્યતીત કરવાથી શાશ્વત શાંતિ મળનાર નથી એવું માત્ર બોલનાર જ નહિ, પણ યથાર્થ સમજનાર મનુષ્ય આ બધાની ઉપેક્ષા કરીને કેવળ  રામદિવાનો  બને છે. આવા મનુષ્યો ગીતાકારની ભાષામાં કહીએ તો હજારો, લાખોમાં પણ કોઇ વિરલા જ નીકળે છે. લોકપ્રવાહની વિરુદ્ધનું આ ગાંડપણ જોઇ લોકો આવા માણસની પાછળ પડે છે, અને અનેક પ્રલોભનો, એને એના માર્ગમાંથી ચ્યુત કરવા માટે, કેડ બાંધીને એની પાછળ મંડે છે. આવે વખતે તેનામાં સાચી ઇશ્વરનિષ્ઠા અને ભગવત્પ્રાપ્તિ માટેની સાચી તાલાવેલી લાગેલી હોય તો જ તે બચવા પામે છે નહિ તો ધ્યેય બાજુએ રહી અધવચ જ આડે માર્ગે ચઢી જવાથી એના ભૂકેભૂકા ઊડી જાય છે.

કોઇ પણ વિષયમાં સ્થિરતા અને એકાગ્રતા સાધવા માટે અનુકૂળ વાતાવરણની અપેક્ષા રહે છે. મુમુક્ષુને તો એના માર્ગમાં મોટામાં મોટી સહાય આ વાતાવરણ જ કરે છે, સંતપુરુષોનો જીવંત સમાગમ અને એની અવેજીમાં એમના અનુભવની પ્રસાદિક વાણીનું શ્રવણ અને કીર્તન એ સાધકને પોતાના ધ્યેય તરફ પહોંચાડવા માટે ભોમીયાની આબાદ ગરજ સારે છે. જેનું મન ક્ષણે ક્ષણે વિષયવાસનાઓ તરફ દોડયા કરતું

હોય છે તેને માટે સંતોની વાણી એક મજબૂત ખીલાનું કામ કરે છે; તેમ જ જેનું મન સ્થિર થવા પામ્યું છે તેને એ અધિક એકાગ્ર કરવામાં ઇશ્વરી આનંદ લૂંટવામાં કંઇ ઓર જ મદદગાર છે.

આ પુસ્તકના રૂપમાં અમે એવી જ ભકતવાણી ગુજરાતની પ્રજા સમક્ષ રજૂ કરીએ છીએ. એમાં આપેલાં ભજનોના કર્તા બ્રહ્મચારી શ્રી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજશ્રી નાનપણથી જ ઇશ્વરાભિમુખ વૃત્તિવાળા હતા. એમના અભ્યાસકાળમાં પણ એમનું ચિત્ત ઇશ્વરપરાયણ જ હતું. એમની શ્રદ્ધા અને ભક્તિની કસોટીના અનેકવિધ પ્રસંગો એમના એ જીવનમાં આવ્યા અને દેવની દયાથી તેમાં તેઓશ્રી ઉત્તીર્ણ થઇ શકયા એટલે એમની શ્રદ્ધા અને ભક્તિ અનેકગણી વધી. છેલ્લે છેલ્લે તેઓ જ્યાં એક ભયંકર બિમારીમાં સપડાયા ત્યારે એમના દિલમાં માત્ર એક જ ખેદ રહ્યા કર્યો કે શું આ શરીરથી જ પરમાત્માની ઝાંખી નહીં કરી શકાય ? ઘણા દિવસો પથારીવશ રહ્યા પછી જ્યારે શરીર કંઇક કામ કરી શકે એવું થયું કે તરત જ એમણે નોકરીધંધાને છેવટની સલામ કરી પતિતપાવની નર્મદાને ઉત્તર તટે નારેશ્વરના પુરાણપ્રસિદ્ધ એકાંત સ્થાન પાસે પોતાની અંતિમ સાધના આદરી. આ સાધના દરમ્યાન એમના આનંદોત્પ્લુત અંતઃકરણમાંથી પ્રસંગવશાત્ જે કંઇ કાવ્યોદ્ગાર નીકળ્યા તે તેમણે પોતાના કેટલાક સ્નેહીઓને લખી મોકલ્યા. લખતી વખતે એમના દિલમાં એવો જરાય ખ્યાલ નહોતો કે એમાંથી કશું પણ છપાવવું કે છપાશે. માત્ર પોતાની સાધના તરફ ચાતકોત્સુક દષ્ટિથી જોઇ રહેલા સ્નેહીઓની જીજ્ઞાસાવૃત્તિ સંતોષવાની ખાતર જ કવચિત્ કવચિત્ કંઇક કંઇક લખી મોકલેલું. અમને અને અમારા મિત્રોને પણ તે વખતે એવો ખ્યાલ નહોતો કે અમે એમના ભજનો આવી રીતે એક વિશિષ્ટ પુસ્તકાકારમાં છપાવી શકીશું. પરંતુ

જુદા જુદા ભક્તોને મળેલાં જુદાં જુદાં ભજનો ભેગાં કરતા એમ લાગ્યું કે ભજનાનંદનો લાભ અમને મળ્યો છે તે ગુજરાતની સમગ્ર પ્રજાને મળે તો સારું એમ સમજીને એ બધાં ભજનો આ 'અવધૂતી આનંદ'ના પુસ્તકના રૂપમાં પ્રસિદ્ધ કર્યાં છે.

પુસ્તકનું નામ જરા અપરિચિત લાગશે. અવધૂત એટલે ત્યાગ, વૈરાગ્ય, અને જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચેલો યોગી. અવધૂત ગીતામાં અવધૂત એ અક્ષરે અક્ષરનું જે સુંદર કાવ્યમય વર્ણન કર્યું છે તે મૂળ શ્લોકો જ આ પુસ્તકના આરંભમાં મૂક્યા છે. આ પુસ્તકમાં એવા અવધૂત-જ્ઞાનીઓના સમ્રાટની મસ્તી કેવી હોય છે, તેમ જ તે કેવા વાતાવરણમાં વિચરતો હોય છે એ લગભગ એકએક ભજનમાં જણાઇ આવે છે. 'અવધૂત' નો બીજો અર્થ તિરસ્કૃત એવો પણ થાય છે. સામાન્યતઃ જે કોઇ દેવવ્યાસો રામદિવાનો બની નિશ્ચિંત આત્માનંદમાં મસ્ત ફરે છે તેના તરફ પહેલાં પહેલાં તો દુન્વયી રમકડાં પાછળ ગાભરા ગાભરા ફરનારા ખલ્ક દિવાનાઓ તિરસ્કારની નજરથી જોતા હોય છે; ત્યારે એવા નામ દિવાના, દામદિવાના, અને ચામદિવાનાઓથી હડધૂત થનારાઓનો ઇશ્વરી આનંદ કેવી જાતનો હોય છે, ફાવે તેવી વિકટ અને બેડોળ પરિસ્થિતિમાંયે, એ આનંદ, સૌંદર્ય અને પ્રસન્નતાનાં દર્શન કેવી રીતે કરી શકે છે તે આ પુસ્તકમાં હરકોઇ ભજન પરથી જણાઇ આવશે. વ્યવહારપણે અવધૂત એ ત્યાગની મૂર્તિ છે, અત્રિ અનસૂયાના વિશુદ્ધ તપની પ્રતિમા છે, પોતાનું સર્વસ્વ પરાર્થે હોમી દઇ વેંત લંગોટીનીએ પરવા ન રાખતાં દિગંબર, નિરાવરણ અનિકેત ફરનાર દત્ત છે, એ દત્તની જ્ઞાનઐશ્વર્યાદિ વિભૂતિઓનાં અને તેમણે કરેલી લૌકિક-અલૌકિક લીલાઓનાં યશોગાન પણ કેટલાંક ભજનોમાં નજરે પડશે. તેથી આ ભજનસંગ્રહનું નામ 'અવધૂતી આનંદ' રાખ્યું છે.વળી મહારાજશ્રીના

મુખમાં અવધૂત શબ્દ વારંવાર આવતો હોવાથી એમના ભક્તમંડળમાં તેઓ અવધૂતના નામથી ઓળખાય છે. પુસ્તકની નામયોજનામાં આ પણ એક અન્વર્થક કારણ છે.

આ પુસ્તક ભજનાનંદીઓને જેટલું ઉપયોગી થઇ પડશે તેટલું બીજાને ઉપયોગી થઇ પડશે કે કેમ એ એક પ્રશ્ન છે, કેમકે તેમનાં ભજનો કાવ્યમીમાંસકોની કસોટીએ ચઢે, અથવા તો ભાષાશાસ્ત્રીઓની પીંજણે પીંજાય, કે કાવ્યાલંકારાશાસ્ત્રીઓની દૃષ્ટિએ આદરણીય લેખાય, એવો કોઇ હેતુ કે ખ્યાલ ધ્યાનમાં રાખીને એ લખાયાં જ નથી; અથવા સાચું કહીએ તો એ લખાયાં છે એ વાત જ બરાબર નથી. ઇશ્વરી આનંદની મસ્તીમાં જે કંઇ સ્વાભાવિક સ્વૈર કાવ્યોદ્‌ગાર નીકળ્યા તે કેટલાક ભક્તજનોએ સંઘરી રાખ્યા. એમના એ સાંગ્રહિક પરિશ્રમને, અને ખાસ કરીને મહારાજશ્રીના બાળસ્નેહી શ્રી અંબાલાલ પુરુષોત્તમ વ્યાસની નોંધપોથીને જ આ પ્રકાશન આભારી છે. એટલે પોથાંપોથાંનાં જ્ઞાનના ઘમંડને એક કોરે મૂકીને, તેમાંથી ઇશ્વરી આનંદ અને ખોજ સંબંધી કેટલું પ્રાપ્ત કરી શકાય તેમ છે એ એક જ દૃષ્ટિ રાખીને વાંચનારને નિરાશ નહિ થવું પડે એવું અમારું જરૂર માનવું છે.

પૂજ્ય મહારાજશ્રી દત્તોપાસક હોવાથી એમણે પરમાત્માને જ્યાં ત્યાં દત્ત શબ્દથી સંબોધ્યા છે, પણ એઓશ્રીનો દત્તએ કાંઇ પાંથિક દેવની માફક એક નાનકડા મંદિરમાં સમાઇ રહેલ પાષાણનો ટૂકડો કે કોઇ મનુષ્યને પેટે અવતરેલ સાડાત્રણ હાથનું હાડચામનું નાશવંત પૂતળું નથી. પણ અણુમેરુમાં વ્યાપીનેય અવશેષ રહેલ પૂર્ણ પરબ્રહ્મ છે, એનાં ત્રણ મુખ તે સત્, ચિત્ અને આનંદ છે; અને ઐશ્વર્યાદિ વિભૂતિઓ એ એની ષડ્‌ભૂજાઓ છે. યોગભૂમિ-કામક્રોધાદિ દુર્ગંધયુક્ત મડદાંની દાહભૂમિ જે મુમુક્ષુઓનું અંતઃકરણ-સ્મશાન છે; અને ઇશ્વરના એ નિઃશ્વાસરૂપ વેદ

કૂતરારૂપે એના પગ ચાટે છે વગેરે કાવ્યમય વર્ણન એમણે એમનાં ★પ્રાતઃસાયંસ્મરણાદિ સ્તોત્રમાં અને કવચિત્ અભંગભજનાદિમાં કરેલું છે એટલે એનું વિવેચન અહીંયા નથી કરતા. દત્ત વિષેનો એમનો ખ્યાલ કેટલો વ્યાપક છે તે એમનું એક માત્ર દત્તનામસ્મરણમ્ વાંચવાથી સહેજે જણાઇ આવશે.

ઉત્તમોત્તમ સુવર્ણના સમૂહમાંથી નાના પ્રકારનાં આભૂષણો બનાવીને તે સોનાના ટચ કાઢવા બેસવું જેમ અઘટિત, અરે અશક્ય જ છે; તેમ સાક્ષાત્ દેવી પ્રકૃતિથી મુખોદ્ગત થયેલી વાણીના જુદા જુદા ભાગમાંથી કયો ભાગ ઉત્તમ છે અને કયો ભાગ કનિષ્ઠ છે એ કહેવું માનુષિક બુદ્ધિની મર્યાદા બહારની વાત છે. શ્રીકૃષ્ણ પરમાત્માના મુખથી વિનિર્ગત થયેલી ભગવદ્ગીતામાં કયા અધ્યાય ઉત્તમ છે અને કયા કનિષ્ઠ છે એમ વિચારવા બેસવું એ માનુષિક દક્ષતાનું લક્ષણ નથી. અંકોની ગણતરીમાં એકડો-પ્રથમ એક-એની કિંમત ઓછામાં ઓછી લખાય છે, છતાં તેજ અંક (૧) સહસ્રાવધિ સંખ્યાઓ લખવામાં પ્રથમ જ યોજાય છે, તેવી જ રીતે માત્ર એકાદ પાનું કે એકાદ લીટી જોઇને જ પરમાત્માના પ્રતિસ્વરૂપ કોઇ પણ સંતની વાણીની ઉત્કૃષ્ટતા કે કનિષ્ઠતા નિર્માણ કરવા બેસવું એ ક્ષુદ્રતા અને પામરતાનું પ્રદર્શન કરવા જેવું જ છે. છતાં અત્રે જે સત્પુરુષની દેવવાણી મુદ્રિત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે તે વાણીથી અજ્ઞાત મનુષ્યોને તે સંબંધી કંઇક દિશાસૂચન જેવું થાય તો ઠીક એમ ધારી તેના પ્રયત્નમાં ઉતરીએ છીએ.

સાકરની મીઠાશ જેમ સ્વસંવેદ્ય છે; અને તેથી તેનું વર્ણન ગમે તેવો કુશાગ્ર બુદ્ધિવાળો માણસ કરે તો પણ તે અનુચિત અને અપૂર્ણ જ

---

★ ઉપ:પ્રાર્થના અને શ્રી દત્ત-પંચપદી જુઓ.

રહે; તેવી જ રીતે પરમાત્મસ્વરૂપ સત્પુરુષોની વાણીની પ્રસંશા કરવી એ પણ નિરર્થક જ છે. અને તેના રહસ્યનું સ્ફુટીકરણ તો ઉપર કહ્યું તેમ અશક્ય જ છે. છતાં નિર્વિકાર દૃષ્ટિથી જોનારને આ સંગ્રહના એકે એકે પાનમાં નરી આધ્યાત્મિકતા નીતરી રહી છે એ તો ગમે તે પાનું ઉઘાડતાં સહેજે જણાઇ આવશે. પ્રભાતિયાંમાં - આનંદં બ્રહ્મણો વિદ્વાન્ ન બિભેતિ કુતશ્ચન-ની નિર્ભયતા લગભગ દરેક ભજનમાં જણાશે. ગુજરાતી, અંગ્રેજી અને ઉર્દુ કક્કો તેમજ વાર, મહિના, નક્ષત્રો વગેરે પરની ગરબીઓ વાંચવાથી સાધક પોતાની સાધનામાં કઇ કઇ કક્ષામાંથી કેવી કેવી રીતે પસાર થતો હોય છે, માર્ગમાં તેને કેવાં કેવાં વિઘ્નો નડતાં હોય છે, અને તે કેવી રીતે દૂર કરી શકાય છે, પ્રભુમિલનની વ્યાકુળતા એ શી ચીજ છે, સાચા જીવન માટે કયા કયા ગુણ આવશ્યક છે, વગેરેની ઝાંખી થશે. ઝાંખી શબ્દ હેતપૂર્વક વાપર્યો છે. સામાન્યતઃ તમામ શાસ્ત્રો એકી અવાજે કહે છે કે આધ્યાત્મિક અનુભવ એ કોઇ એવી જ વસ્તુ છે કે જેને સાન્ત વાણી વર્ણવી જ ન શકે અને અનુભવ પણ એજ તથ્યનું સમર્થન કરે છે. ભગવાન માર્કંડેયે સપ્તશતીના પાઠમાં ભગવતી જગદંબાના પ્રત્યેક અંગનું ખૂબ પ્રતિભાશાળી અને કાવ્યમય વર્ણન કર્યું છે, છતાં એમની પોતાની દૃષ્ટિએ પણ એ અપૂર્ણ જ છે. પૂજ્ય મહારાજશ્રીના શબ્દોમાં કહીએ તો

'ગૂંગાને જ્યોં ઘેબર ખાઇ, ડકાર માત્ર દિખાઇ '

તે પ્રમાણે સર્વ શાસ્ત્રો અને પ્રાચીન અર્વાચીન સંતોની વાણી એ એમના અપૂર્ણ ઓડકારમાત્ર જ છે. એમાણે ખાધેલું મિષ્ટાન્ન અને તેનાથી એમને પ્રાપ્ત થયેલો એમનો અવર્ણનીય અને અમર્યાદ આનંદ તો જાતે સાધન કરીને જ અનુભવવાનો હોય છે.

પતિપત્નીનો વિશુદ્ધ પ્રેમ એ પ્રેમલક્ષણા ભક્તિનો ઉત્તમ વ્યવહારિક નમુનો છે; અને પતિની ચેહમાં જીવતાં શરીરને પ્રત્યક્ષ હોમી દેનાર

પ્રેમઘેલી આર્યમહિલાઓનું જ્વલંત દષ્ટાંત બીજા દેશના કવિઓની કલ્પનામાંયે જડવું મુશ્કેલ છે. ખાનપાન અને શણગારનું ભાન ભૂલી લોકનિંદાના પ્રહારોથી અજર્જરિત, પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણચંદ્ર પાછળ ઘેલી થઇ કૃષ્ણદર્શન માટે દોડતી વ્રજાં ગનાઓ એ એનું ઉત્તમોત્તમ પારમાર્થિક દષ્ટાંત છે. કોઇએ પુત્રભાવથી, કોઇએ માતૃભાવથી, કોઇએ પિતૃભાવથી, તો કોઇએ પત્નીભાવથી, એમ અનેકે અનેક ભાવથી પરમાત્માને રીઝવવાનો પ્રયત્ન કર્યો છે. પણ પતિભાવે પરમાત્માને પામવાની વેદનામાં, તેના વિરહની વ્યાકુળતામાં મિલનની એકતાના આનંદમાં સ્વ - ભાવ ભૂલી સર્વાત્મભાવને પામેલી, અહં વિસરી સ્વયં ઇશ્વર થયેલી ગોપીઓનું સ્થાન તો હંમેશાં અદ્વિતીય જ રહેશે. કેટલાક સંતો એ ગોપીભાવ કેળવીને પણ તરી ગયા છે. આવા સંતોના અનુભવોદ્દગાર વિરહી સ્ત્રીના ઉદ્દગાર જેવા હોય છે. આ પુસ્તકમાંના કેટલીક ગરબીઓમાં અને ભજનોમાં એ ભાવ પ્રધાનપણે જણાઇ આવશે. એમાં પરમાત્મા પ્રાપ્તિ એ જ પતિમિલન છે, અને એના આનંદની ખુમારી તે બ્રહ્માનંદની મસ્તી છે. સર્વ અભિમાનના આંતરિક ત્યાગ વિના પરમાત્મા પ્રાપ્તિ દુલર્ભ છે, અથવા કહો કે સર્વ અભિમાનનો ત્યાગ-સ્વાત્મત્વનું વિસ્મરણ-એજ પ્રભુપ્રાપ્તિ છે. મનુષ્યમાં જાતિ (Sex) નું અભિમાન સૌ પ્રથમ સ્ફૂરે છે અને ઉત્તરોત્તર વધીને દઢ થાય છે એ નિર્મૂળ થવું સહેલી વાત નથી અને એનો બીજભાવ પણ સ્વરૂપચ્યુતિ કરાવનાર છે. એ ભાવ નષ્ટ થવા માટે પણ સંતો પોતાના પુરુષત્વનું અભિમાન બાજુએ મૂકી દઇ ચૌદ બ્રહ્માંડોના પ્રાણરૂપ પ્રિયતમ પરમાત્માના ચરણોમાં પ્રિયતમારૂપે પોતાનું શિર ઝુકાવે છે. આ ભાવ, આ તાલાવેલી, આ વ્યાકુળતા, આ વિરહની ઝાળ, આ આનંદની, બ્રહ્માંડની બહાર ઉછાળા મારતી, છોળોની ઝાંખી કેટલાંક કાવ્યોમાં તો જરૂર થશે.

કેટલાંક ભજનાદિમાં યૌગિક સાધનાની કક્ષાઓ, અનુભવ વગેરેનું

દિગ્દર્શન નજરે પડશે. જ્યાં ત્યાં પૂજ્ય મહારાજશ્રીને પૂછીને અમે ટૂંક નોંધ તો આપી જ છે. પરંતુ સઘળોય વિષય ગહન અને કેવળ ગુરુગમ્ય હોવાથી અત્રે એ વિશે લાંબુ પુસ્તકિયા વિવેચન કરવું ઉચિત નથી લાગતું. યોગ્ય માર્ગદર્શક વિના વ્યાવહારિક સત્યોનીયે ઝાંખી થવી મુશ્કેલ છે તો મનવાણીને અગોચર એવા પરમાત્માસ્વરૂપનું ભાન પોતાની દોઢવેંતની બુદ્ધિથી માણસને કેમ થઇ શકે ? સાક્ષાત્ રામચંદ્રજી જેવા પણ હતાશ થઇ શાંતિની શોધ માટે રડતી આંખે વસિષ્ઠ જેવાના ચરણકમળમાં ઝૂકી પડ્યા છે, ત્યાં સામાન્ય મનુષ્યનો તો શો હિસાબ ? ત્રિવિધ તાપથી તપ્ત થયેલ સાચા સાધકને સદ્‌ગુરુ વગર ટાઢક આપનાર બીજું કોઇ જ નથી. પોથાંથોથાં તમામ ત્યાં નકામાં છે. બુદ્ધિનો ઘમંડ ઊલ્ટો વધારે ઊંડા ખાડામાં નાંખે છે. સંસારસાગરમાં ડૂબતા માણસને માટે જગતમાં ગુરુ એ જ એક તારણહાર છે અને ગુરુભક્તિ એ ઇશ્વરભક્તિ કરતાંયે સાધકને માટે તો વધારે કીમતી અને આવશ્યક છે.

'ગુરુ ગોવિંદ દોનું ખડે કીનકો લાગું પાય;
બલિહારી ગુરુદેવકી, જીન્હે ગોવિંદ દિયો બતાય.'

એ સદુક્તિ પ્રમાણે સદ્‌ગુરુનાં સંપૂર્ણ કૃપા અને આશિષ જેના ઉપર છે તેને પરમાત્માપ્રાપ્તિમાં વિલંબ નથી.

યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ ॥

એ ઉપનિષદુક્તિમાં કહ્યા પ્રમાણે, જેને પોતાના સદ્‌ગુરુમાં ઇશ્વરતુલ્ય ભક્તિ હોય તેને જ આ બધી ગહન ચીજો સમજાય છે. વાણી તો એકની એક જ હોય છે, પરંતુ બુદ્ધિભેદે દરેકને પૃથક્ બોધ થાય છે, અને એની એ જ વાણીથી એક જણ તરી જાય છે અને બીજો ડૂબે છે. ગુરુદેવની

સંપૂર્ણ કૃપા હોય તો જ બુદ્ધિના રજસ્, તમસ્ મળો દૂર થઇ બુદ્ધિમાં પૂર્ણ સત્ત્વપ્રકાશ પડે છે, અને ઋતુંભરા પ્રજ્ઞા જાગ્રત થઇ સત્યાર્થનું ભાન થાય છે. આ ભાવ વિના ભાગ્યે જ આ સંગ્રહનું એક પણ પાનું ખાલી હોય.

કેટલાંક ભજનોમાં નીતિવૈરાગ્યાદિનાં અત્યંત આવશ્યક તત્ત્વોનો પણ સમાવેશ કરેલો માલમ પડશે. નીતિ કે સદાચાર એ સર્વ સાધનાનું મૂળ છે. દુરાચારણમાં રત થયેલો મનુષ્ય ભલેને ભગીરથ પ્રયત્ન કરે. અને ઇશ્વર પ્રાપ્તિ માટેની એની ઇચ્છા ભલેને ફાવે તેટલી ઉત્કટ હોય તોપણ એ તલપૂરે આગળ વધી શકતો નથી; પણ ઊલ્ટો દિવસે દિવસે વધારે ઊંડાણમાં સપડાતો જાય છે. આ તત્ત્વનું પણ કેટલેક ઠેકાણે સરળ પણ જોરદાર વર્ણન માલુમ પડશે.

કેટલાંક ભજનોમાં સગુણવાદનું સૂચન જણાશે. સગુણભક્તિ એ ઉપેક્ષણીય નથી. અને કેટલાક પંડિત મન્યમાનાઃ અજ્ઞાન લોકો માને છે તેમ તદ્દન પ્રાથમિક પગથીયું પણ નથી. પરંતુ મનુષ્યની આધ્યાત્મિક સાધનામાં એક અત્યંત આવશ્યક અને પ્રાથમિક તો શું પણ માધ્યમિકથીએ આગળ વધેલા મનુષ્યો માટે પણ ઉપયોગી વસ્તુ છે. સગુણભક્તિ એટલે સ્થૂળ મૂર્તિપૂજા જ નહિ; પણ કોઇ પણ આલંબનનિષ્ઠ ભક્તિ. પથ્થર કે ધાતુની મૂર્તિની માફક યૌગિક ચક્રાદિ કે કોઇ ૐકારાદિ વા અન્ય સૂક્ષ્મ આલંબન અથવા કલ્પના પણ મૂર્તિજ છે; અને એની નિષ્ઠાને ફાવે તેવું ઉદાત્ત નામ આપવામાં આવે તોપણ એય મૂર્તિપૂજાનો જ એક પ્રકાર છે. આવી મૂર્તિપૂજા કઇ સ્થિતિએ પહોંચ્યા પછી છૂટી શકે. અને ચિત્તની નિર્ગુણ સ્વરૂપમાં ક્યારે સ્થિતિ થાય. નિર્ગુણ ભક્તિ ક્યારે શરૂ થઇ શકે અને ક્યાં પરિણમે. અને ચિત્ત સાવ નિરાવલંબ કેવલીભાવને કેમ પ્રાપ્ત થાય. એ બધું પુસ્તકો પઢી તેના જોર પર ખુરસીઓમાં બેસી વાતો કરવાનો વિષય નથી. એ લોઢાના

ચણા ચાવવાની વાત છે. ભીષ્મની બાણશય્યા કરતાંયે વધુ તીક્ષ્ણ શય્યા પર સૂવાની તાલીમ છે. શૂળી પરની પૂરી નો અમર આસ્વાદ છે. સગુણભક્તિ વગર નિર્ગુણભક્તિની વાત કરવી એ પાણીમાં પડયા વગર તરતાં શીખવાની વાત જેવી હાસ્યાસ્પદ અને મનુષ્યબુદ્ધિની ગમારતાની સૂચક છે. જ્યાં સુધી દેહાભિમાન કાયમ છે, ત્યાં સુધી નિર્ગુણભક્તિની વાતો સ્વપ્નના રાજ્ય વૈભવની વાતો જેવી છે, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પણ કહ્યું છે કે

અવ્યકતા હિ ગર્તિર્દુ:ખં દેહવદ્‌ભિરવાપ્યતે ॥

છેવટનો આત્મવિચારાદિ કેટલોક ભાગ કેવળ તાત્ત્વિક છે. આધ્યાત્મિક સાધનમાં સાધકને ઉપસ્થિત થતી અનેક શંકાઓનું એમાં સ્વાનુભવપૂર્ણ સૂચક વિવેચન છે. એ બધામાં કદાચ પૂર્વાપર સંગતિ નહિ હોય. કારણકે અનેક ભકતોએ કાળ અને પાત્રભેદે પૂછેલા અનેકવિધ પ્રશ્નોનું એમાં ટૂંકમાં સ્પષ્ટીકરણ કરેલું છે. એમાંનો ઘણો ભાગ તો અમને પોતાને વૈયક્તિક પત્રોત્તર તરીક જ મળેલો પણ એ સર્વસામાન્ય હિતનો જાણી અમે એને પણ આ સંગ્રહમાં સ્થાન આપ્યું છે. આધ્યાત્મિક સાધનાની એવી એકેય બાજું ભાગ્યે જ રહી ગઇ હોય કે જેના ઉપર થોડો ઘણો પ્રકાશ ન પડેલો હોય.

ભજનોનો કંઇક કામ ક્રમ રાખ્યો હોય તો ઠીક એમ લાગ્યું. પણ કાંઇ સૂઝ પડી નહિ. પૂજ્ય મહારાજશ્રીને એ સંબંધી પૂછતા તેઓ તુરત જ બોલી ઊઠયા ક્રમ તો બગીચામાં હોય, પણ આ તો જંગલ છે. બગીચો સ્હેલ કરવા માટે ઠીક છે પણ નિર્ભયતાના ઝરણાં તો જંગલમાં જ જડે. આ કથનની યથાર્થતા અમને પણ થતી ગઇ એટલે ક્રમની ભાંજગડમાં ન પડતાં અમે ભજનો જેમ આવે તેમ મૂકવાનું ઉચિત ધાર્યું છે. એક

રાગનાં ભજન ઘણુંખરું સાથે રાખ્યાં છે. અમને મળી આવ્યાં તેટલાં ભજનોના રાગ, ઉપર લોકપ્રિય ભજનોની રાહ આપી, સૂચવ્યાં છે. કેટલાક રાગ અમને નથી બેઠા, પૂજ્ય મહારાજશ્રીને પૂછતાં તેઓ એક જ ઉત્તર આપે: ''રાગ અવધૂતી ! તમારું સંગીતશાસ્ત્ર પૂર્ણતાએ પહોંચ્યું છે એમ કાં માની લો છો ? હજુ કોણ જાણે કેટલીય રાગરાગણિઓ એમાં ઉમેરવાની બાકી હશે ? પણ ભજનમાં રાગનો પ્રશ્ન ગૌણ છે. પ્રધાન પ્રશ્ન તો ભાવનો છે. ઉત્કટ ભાવ વિનાનું ભજનગાન તે ભૂખ વિનાના ભોજન જેવું છે. ભજન એટલે સંગીતનો જલસો નહિ. ક્ષણિક મનોરંજનની વાત બાજુએ મૂકીએ તો સરવાળે એવા ગાનથી અપાય જ થાય છે. હું કોક વાર ગાંડુઘેલું ગાઉં છું તેવું તમે પણ નિખાલસ ભાવથી ગાઓ તો તમારું કલ્યાણ થશે. બીજાની ભાંજગડમાં કાં પડો છો ? છતાં કોઇ ગવૈયાને પૂછી તમને મળી આવે તો રાગ શોધવાની માથાકૂટ ભલે કરી લો. મને એની કાંઇ ગમ નથી.''

સંગીત અમારો વિષય નથી, એટલે કોઇ અનુભવી રાગની બાબતમાં અમને સૂચના કરશે તો તેનો બીજી આવૃત્તિ કાઢવાનો પ્રસંગ આવે તો સાભાર સ્વીકાર કરીશું. પણ અત્યારે તો અમે નિરુપાય છીએ.

છેવટે બે શબ્દો સંતોની દિવ્યવાણીના વાંચન કે કીર્તન સંબંધમાં. સંતોની વાણી એ પ્રથમ અમુક અર્થ ધ્યાનમાં રાખીને કેવળ પ્રાસ મેળવીને કરેલાં શાબ્દિક, કૃત્રિમ જોડકણાં નથી. એ તો એમના હૃદયના પ્રસાદ (inspiration) ની શાબ્દિક સૌંદર્યમૂર્તિ છે. અર્થની પૂર્વયોજનાની એમાં ગંધ પણ નથી હોતી. અર્થ તો એમના દિવ્ય શબ્દોની પાછળ ગુલામની માફક દોડતો આવે છે. જૂની શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો આવી વાણી એ સાક્ષાત્ મંત્રો જ છે. અને એ ભાવથી તેનું વાંચન અને પરિશીલન કરનારને તેનાથી અમૂલ્ય લાભ થયા વિના કદાપિ રહેતો નથી. બાકી એવી સાત્ત્વિક દષ્ટિ વગરનું વાંચન તો

પૂજ્ય મહારાજશ્રીએ લખ્યું છે તેમ :

'વાંચી વાંચી પંડિત મુઓ ખોદી ખોદી મુઆ ચૂવા,
બાપ એ તો પડવાના કૂવા, ચઢ્યો બુદ્ધિએ કાટ.'

ના જેવું જ છે, તે તે ભજન કે સ્તોત્રના અર્થમાં તો સૌંદર્ય રહેલું હોય છે જ; પણ શાસ્ત્રીય દૃષ્ટિએ ખરું-સામર્થ્ય તો એમાંના શબ્દો અને તેની પ્રાસાદિક રચનામાં જ હોય છે. કેટલાક ક્ષુલ્લક બુદ્ધિના મનુષ્યો એમ કહે છે કે ભગવદી ત્રિપદા (ગાયત્રી) કોઇ અલ્પમતિ પુરુષને આવડતી ન હોય ને તે પુરુષ તેના અર્થવિભાગનું મનન કરે તો તેને ગાયત્રી મંત્રના જાપનું ફળ મળે કે નહિ ? એમ કથન કરનાર મનુષ્યની બુદ્ધિનું સંકુચિત સ્વરૂપ અને મંત્રશાસ્ત્રનું અજ્ઞાન જ સિદ્ધ થાય છે. કારણ કે કોઇ પણ મંત્ર કે ભજન-સ્તોત્ર એટલે અમુક અર્થ ધ્યાનમાં રાખી કે વર્ગાદિ વર્ણો (અક્ષરો)ની ગમે તેમ ગોઠવણી કરીને રચેલી યુક્તિ નથી, પરંતુ મંત્રમાં તો તેમાં આવેલા પ્રત્યેક દિવ્ય વર્ણમાં રહેલું સામર્થ્ય સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને પ્રત્યક્ષ થાય છે. અર્થાત્ મંત્રનો ઉચ્ચાર કરવો એ વર્ણ તથા તેના પ્રત્યેક અંગમાં રહેલા સામર્થ્યનું સ્મરણ કરવું એ છે, તેથી જ તે મંત્ર, જપનારને અલૌકિક ફળની પ્રાપ્તિ કરાવે છે, અને તે તે મંત્ર તેની પાછળ રહેલા સંકલ્પબળ દ્વારા ઉત્પન્ન થયેલા સામર્થ્યથી ફલપ્રદાતા થાય છે, નહિ કે ક ખ આદિ વર્ણો ફળે છે. આ માંત્રિક દૃષ્ટિથી આવી જાતનાં ભજનાદિનું મનનકીર્તનાદિ કરવામાં આવે તો સામાન્ય વાંચન કરતાં કેટલે અંશે એ વધારે ફળે છે, તે દરેક વાચક સ્વાનુભવથી જોઇ લે... રામનવમી વિ.સં. ૧૯૮૭

ઇતિ રામ્ !

# અવધૂત

આશાપાશવિનિર્મુક્ત આદિમધ્યાન્તનિર્મલ: ।
આનન્દે વર્તતે નિત્યમ્ અકારં તસ્ય લક્ષણમ્ ॥
વાસના વર્જિતા યેન વક્તવ્યં ચ નિરામયમ્ ।
વર્તમાનેષુ વર્તેત વકારં તસ્ય લક્ષણમ્ ॥
ધૂલિધૂસરગાત્રાણિ ધૂતચિત્તો નિરામય: ।
ધારણાધ્યાનનિર્મુક્તો ધૂકારસ્તસ્ય લક્ષણમ્ ॥
તત્ત્વચિન્તા ધૃતા યેન ચિન્તાચેષ્ટાવિવર્જિત: ।
તમોહઙ્કારનિર્મુક્તસ્ તકારસ્તસ્ય લક્ષણમ્ ॥

અવધૂતગીતા અ. ૮ શ્લોક ૬-૯

(પૃષ્ઠ ૭૮ જુઓ)

★★★★

''અક્ષરત્વાદ્વરેણ્યત્વાદ્ધૂતસંસારબન્ધનાત્ ।
તત્ત્વમસ્યર્થસિદ્ધત્વાદ્ અવધૂતોઽભિધીયતે'' ॥૧॥

★ અવધૂતોપનિષદ્

મૂર્ખોઽહં મૂર્ખરાજોઽહં મૂર્ખાણાં ચ શિરોમણિઃ ।
જ્ઞાત્વાપ્યેવં ભજન્તે માં તેઽપિ મૂર્ખા ન સંશયઃ ॥ ૧ ॥

નાહં કર્તા સર્વમેતદ્ બ્રહ્મૈવ કુરુતે યથા ।
કિં લિખામિ ચ કસ્મૈ વા સર્વં બ્રહ્મમયં જગત્ ॥ ૨ ॥

બ્રહ્મણા લિખ્યતે લેખ્યં બ્રહ્મૈવ સંપ્રલિખ્યતે ।
બ્રહ્મણે લિખ્યતે તસ્માદ્ બ્રહ્માર્પણમિદં મતમ્ ॥ ૩ ॥

મૂર્ખ હું મૂર્ખનો રાજા, વળી મૂર્ખશિરોમણિ;
જાણ્યા છતાં મને જે કો ભજે નિઃશંક મૂર્ખ તે. ૧

કરું હું ના કશું સર્વ, બ્રહ્મ પોતે કરે જ આ
લખું શું ? કો તણે કાજે ? બ્રહ્માત્મક જગત્ બધું. ૨

લખાએ બ્રહ્મથી લેખ્ય, સમ્યક્ બ્રહ્મ લખાય છે;
લખાએ બ્રહ્મને માટે, તેથી બ્રહ્માર્પણ લહ્યું. ૩

– રંગ અવધૂત





॥ શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥

ૐ



# અવધૂતી આનંદ

## ૧

(રાગ : કાફી; તાલ-દિપચંદી)

મેરો દત્ત દિગંબર એકહિ તારનહાર - ટેક.
ગુરુચરનરજ મેરો તીરથ, એહિ ગંગ [૧]અઘહાર. - મેરો૦ ૧
[૨]ગુરુકંજપદધ્યાન સ્નાન મમ, સંધ્યા તર્પણ સાર. - મેરો૦ ૨
સ્વાધ્યાય[૩] ગુરુગુણસંકીર્તન, સેવા તપ [૪]કલિતાર. - મેરો૦ ૩
રંગ ગુરુ બિન કોઇ ન તેરો, વિષય [૫]વિષારી [૬]વિખાર.- મેરો૦ ૪

---

૧. પાપ હરણ કરનાર    ૨. ગુરુના ચરણકમળનું ધ્યાન
૩. નિત્યપાઠ મંત્રજપ ૪. (અ) કલિયુગમાં તારનાર (બ) જીવેશ્વરના ઝઘડામાંથી બચાવનાર ૫. ઝેરી ૬. સાપ.

## ૨

(રાગ-માંડ, તાલ-કેરબા)

હું મૂરખ નાદાન, સંતો ! હું મૂરખ નાદાન.

સ્નાન ન જાણું, ધ્યાન ન જાણું;
પૂજા નવ પવમાન[1] સન્તો - ૧
દેવ ન જાણું, ધર્મ ન જાણું;
કર્મ તણું નવ ભાન. - ૨
વેદ ન જાણું, પુરાણ ન જાણું;
દર્શન નાહીં કુરાન. - ૩
કાવ્ય ન જાણું, [2]ભાણ ન જાણું;
છંદ તાલ નહિ જ્ઞાન. - ૪
મંદિર જાઉં ન મસ્જિદ ધાઉં;
દત્તદ્વાર હું શ્વાન !- ૫
ભોં ભોં કરતાં જન્મ ગયો આ,
રંગ થજો અવસાન !!- ૬

## ૩

## શ્રી દત્તાષ્ટક

(રાગ-સારંગ, તાલ-દાદર)

ઢુંઢત દેખા જગતમેં, સાર વસ્તુ હૈ એક;
જીન પાયે સબ પા લિયા, દત્ત દત્ત દો ભેદ. ૧

---

૧. એક વૈદિક સૂક્ત

૨. જૂના નાટકનો એક પ્રકાર, જેમાં ઘણુંખરું એક જ માણસ બધા ભાગ ભજવે છે. અહીંયાં નાટકના સામાન્ય અર્થમાં શબ્દ વાપર્યો છે.

દયા દાન અરુ દમન હે, દદ્દાકા યહ ભેદ;
તત્તા વિષયાધ્યાસ હે, તાકો તું કર ભેદ. ૨
કુત્તે ચારોં બેદ હે, ચાટત નિશદિન પાંવ;
ગૌમાતા શાંતિ છમા ધરમલચ્છન સાર. ૩
એક હાથ ત્રિશૂલ હે, નાશ કરે અજ્ઞાન;
ડમરુ બાજે હૃદય મેં, સોહં સોહં નાદ. ૪
[1]ગદા દાન કર જ્ઞાનકા, કમલ હૃદયબિકાસ;
ચક્ર નાશ ભવચક્રકા; શંખ રટે ઓંકાર. ૫
જ્ઞાનનદી નિત સ્નાન હે, કૌપીન સંયમ સાર;
કિસ જીહ્વા ગુન ગા શકું ? બેદ [2]નેતિ પુકાર. ૬
સબ દેવનકા દેવ યહ, સબ બેદનકા બેદ;
ભૂપનકી તો કયા કથા ? શ્વાસ નિસારે અનેક. ૭
બાર બાર [3]પ્રણતિ કરું, ગાઉં મુખસે ગાન;
નાચું હો નિર્લાજ મૈં, મસ્ત ફકીર પુરાણ. ૮
દત્તાષ્ટક જો યહ પઢે, રંગ દત્ત નિર્ધાર;
પામર વિષયી કોઉ હો, સાધુ સાધુ ત્રિવાર. ૯

## ૪

(રાગ-શંકરા, તાલ-ત્રિતાલ)

એક દિગંબર દેખા, અવધૂ ! એક દિગંબર દેખા. - ટેક.
ના દૂરી ના પંજા સાધો, દશ બિન અનુપમ એક્કા - અવધૂ૦ ૧
કોઈ કહે રામા, કોઈ કહે કૃષ્ણા, કોઈ દત્ત અદેખા. - અવધૂ૦ ૨
આપહિ રાજા, આપહિ રાની, આપ કુમાર અલેખા. - અવધૂ૦ ૩
રંગ રંગારા રંગને જૈસા, છોડ દિયા સબ ઠેકા. - અવધૂ૦ ૪

---

૧. ગ=ધર્મ, જ્ઞાન; દા=આપવું ૨. નેતિ=ન+ઇતિ ૩. નમન

## ૫

(રાગ-જોનપુરી, તાલ-ત્રિતાલ)

દત્તદિગંબર એક અધારા, યહ બિન જગમેં નહિ નિસ્તારા. - ટેક.
ઊઠત દત્તહિ બૈઠત દત્ત; ચલતે ફિરતે સુમરો દત્ત. - દત્ત૦ ૧
જાગત દત્તહિ સોવત દત્ત; સુપને માંહિ સુમરલો દત્ત. - દત્ત૦ ૨
ખાવત દત્તહિ પીવત દત્ત; [1]ઠૌરકઠૌર સુમરલો દત્ત. - દત્ત૦ ૩
જહાં દેખો વહાં દત્ત હિ દત્ત; તપસી ! દૂજો રંગ ન દત્ત. -દત્ત૦ ૪

## ૬

(રાગ-માલકંસ, તાલ-ત્રિતાલ)

[2]અબગુન ન મોરે, પ્રભુ દેખો રે. - ટેક.
ભટક ભટક ચરનનમેં આયો, લાજ દાસકી રાખો રે !- અબ૦ ૧
મૈં તો તુંબી કડુવી જનમકી, બના લો તંબૂર વાકો રે !-અબ૦ ૨
તાર્યો બ્યાધ કસાઇ સજનો, ગનિકા તક કબ રોકો રે !-અબ૦ ૩
પૂજન જાનું ન ભજન ન જાનું રંગ દ્વારપે [3]ભેકો રે !- અબ૦ ૪

## ૭

ગુરુચરન પ્રીત મોરી લાગી રે ! - ટેક.
સોતી થી મૈં જનમોજનમસે, ગુરુશબદસે જાગી રે !- ગુરુ૦ ૧
હાટ બજાર ફીરું મતવાલી, લોગલાજ સબ ત્યાગી રે !- ગુરુ૦ ૨
કોહં કોહં પૂછત રાગી, સોહં કહત વિરાગી રે !- ગુરુ૦ ૩
ના મૈં રાગી ના મૈં વિરાગી રંગ-રાગસે ભાગી રે !- ગુરુ૦ ૪

---

૧. ઠામઠામ ૨. અવગુણ ૩. દેડકો

## ૮

# પ્રભાતિયાં

(રાગ-આશા માંડ, તાલ-ત્રિતાલ)

ઊઠ [1]અઘભંજના દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[2] વિશ્વમૂર્તે !
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુઃખ હર વામના ભવ્યમૂર્તે !! ટેક
ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઇ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. - ઊઠ૦ ૧
અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તસ ? પૃથ્વી ક્ષમા
છોડી દે [3]અર્યમા કેમ માઝા ? - ઊઠ૦ ૨
શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુઃખની હે [4]તતા ! બ્રીદ તારું,
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે ?
કાં ઉપેક્ષા ગમે ? દેવ મારું ! - ઊઠ૦ ૩

---

૧. પાપનો નાશ કરનાર  ૨. સંસારને જીતનાર
૩. પિતૃઓના અધિષ્ઠાતા  ૪. હે તાત !

દાર[1] ઘર વિસરી ત્વત્પદે નત હરિ !
'જનિમૃતિ સંહરી તાર વેગે;
ભ્રાન્ત[3] ભવકાનને શ્રાન્ત[4] શાસ્રાટને,
ક્ષાળ[5] કર્દમ[6] મુને ! જ્ઞાનમેઘે. -ઊઠ૦ ૪
વિષયધૂલિ ઊડે સૂઝ કંઇ નવ પડે;
આંખ ચોળી રડે જીવ હારી;
[7]વિરતિજલધારથી [8]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર [9]હાળી. -ઊઠ૦ ૪
દોડ સદ્‌ગુરુવરા કર હવે ત્વરા,
આવી આખર જરા[10] કાળદૂતી;
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી. -ઊઠ૦ ૪

૯

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભકતઅઘ[11] કોણ હરશે ?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે ? - ટેક.
નાસ્તિકો [12]નગ્ન થઇ વલ્ગના[13] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે;
ભક્તિ પંગૂ થઇ અન્ય ખંડે ગઇ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે - જાગ્યને૦ ૧

---

૧. શ્રી ૨. જન્મમરણ ૩. ભૂલો પડેલો ૪. થાકેલો ૫. ધો
૬. (વિષયરૂપી) કાદવ ૭. વૈરાગ્ય ૮. બોધરૂપી વરસાદના ઝાપટાથી
૯. ખેડૂત ૧૦. ઘડપણ ૧૧. ભકતોનાં પાપ ૧૨. નિર્લજ્જ થઇ,
મર્યાદા મૂકી દઇ ૧૩. કૂદાકૂદ.

ત્યાગવૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઇ જગ્ત ડોલે;
દાનવ્રતપૂજને ચિત્ત હા ! નવ ઠરે,
વ્હેમ બાધા બધે [1]સ્વૈર ચાલે. - જાગ્યને૦ ૨
ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુડે;
મુંડને મોક્ષ એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે ? - જાગ્યને૦ ૩
આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે !
રંગ મૂંગો થઇ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[2] નવ કાંઇ સૂઝે !!-જાગ્યને૦ ૪

## ૧૦

એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો,
મૂકીને મૂઢ નાના[3] ઉપાસે;
એક અનંત અવિનાશી પરિબ્રહ્મને,
ભૂલીને ભૂતની દોડ વાંસે ! - ટેક.
આંખ દેખે નહિ કાન સૂણે નહિ,
ઇન્દ્રિયો સ્પર્શ ના જેહ કરતી;
તે થકી ઊપન્યું[4] સર્વ સૃષ્ટિ વિષે,
પવન પાણી અને તેજ ધરતી. - એક૦ ૧

---

૧. જેને જેમ ફાવે તેમ ૨. બીજું, અન્ય ૩. અનેક ૪. ઊપજ્યું.

કાળ કંપે અતિ બીકથી જેહની,
તેજ ચંદ્રાર્ક જો અમિત[1] આપે.
સૂર્યનો સૂર્ય એ ચંદ્રનો ચંદ્ર એ,
દુ:ખડાં દીનનાં એજ કાપે. - એક૦ ૨
પ્રેત ને પ્હાણને પૂજી પાખંડને,
પોટલાં પાપનાં કેમ છૂટે ?
વ્હેમ બાધા થકી બોધ થાએ નહિ,
બોધ વિણ બંધ જનિ[2] કેમ તૂટે ? - એક૦ ૩
બીજમાં વૃક્ષ ને વૃક્ષમાં બીજ પરિ-
બ્રહ્મમાં આપ પર તેમ કાસે;
[3]રજ્જુભુજંગ સમ વિશ્વભ્રાંતિ બધી,
આદિમધ્યાંત પરિબ્રહ્મ ભાસે. - એક૦ ૪
સુજ્ઞને સાન બસ [4]અજ્ઞને આણ પણ,
[5]દુગ્ધને ડા'પણ કોણ દેશે ?
દેખતાં આંધળો આપથી થાય જે,
તેહનો હસ્ત તે કોણ સ્હેશે ? - એક૦ ૫
તર્કવિર્તકનું જોર ચાલે નહિ,
પંડિતાઇ વૃથા ત્યાં તકાસે;
જ્ઞાતઅજ્ઞાતની પાર પર એ વસે,
જ્ઞાત અજ્ઞાત એથી પ્રકાશે ! - એક૦ ૬
જ્ઞાની મૂંગા થયા મૂક બોલે ઘણું,
દેખતા આંધળા અંધ દેખે !
પંગુ દોડે ઘણું દોડતા પાંગળા,
[6]સૂરિજનો શૂન્યમાં આપ પેખે !! - એક૦ ૭

---

૧. અપાર ૨. જન્મ ૩. દોરડીમાં સર્પની ભ્રાન્તિની માફક
૪. અણસમજુ ૫. દોઢડાહ્યો ૬. જ્ઞાનીઓ

તેહ તું તેહ તું વેદ ગર્જી કહે,
સૂણતાં રંગ નર ભાન ભૂલે,
મોહપડદો ખરે, સંસૃતિભય ટળે,
ગુરુકૃપા હોય તો ભેદ ખૂલે ! - એક ૮

## ૧૧

એક આધાર કિરતારનો જગતમાં,
એ વિના શૂન્ય સમશાન ઠાલું;
દીપ વિણ ગેહ[૧] જયમ સ્નેહ[૨] વિણ દીપ જયમ,
પ્રાણ વિણ દેહ જયમ કુણપ[૩] મેલું. - ટેક
દિવ્ય રચના કરી માનવી તનુ રચી,
અંગઉપાગથી પૂર્ણ કેવી ?
દુગ્ધ પેદા કરી જનનીના સ્તન વિષે
જન્મ પહેલાં લીધી સૂધ[૪] એવી !! - એક૦ ૧
ચિત્ત ચિંતન કરે બુદ્ધિ નિશ્ચય કરે,
શક્તિ એવી વળી જેણે દીધી;
તેહને ભૂલીને અન્ય વાંસળ ફરે,
રતનને છોડીને રાખ લીધી ! - એક૦ ૨
આંખની આંખ જે કાનનો કાન જે,
દેવનો દેવ જે તેહ ભૂલી;
વિષયકર્દમ[૫] ચુંથી મોહ જાળું ગૂંથી,
શીરો મૂકી ગળી વ્યર્થ ચૂલી ! - એક૦ ૩

---

૧. ઘર ૨. તેલ ૩. મડદું ૪. સંભાળ ૫. કાદવ

શું થયું વેદવાણી બકયાથી ઘણી ?
શું થયું શાસ્ત્ર પુરાણ વાંચ્યે ?
શું થયું સ્નાન ને દાન કીધા થકી ?
શું થયું તીર્થ ને પ્હાણ પૂજ્યે ? - એ૦ક ૪
શું થયું રૂપ કાઢી થયે ફૂટડો ?
શું થયું નાર કોડે રમાડી ?
શું થયું હસ્તી ને વાજી[1] સ્વારી થકી ?
શું થયું લોક અચરજ પમાડી ? - એક૦ ૫
શું થયું ગદ્ય ને પદ્ય-રચના થકી ?
શું થયું ભાષણો વ્યર્થ દીધે ?
શું થયું દેશવિદેશવિખ્યાતિથી ?
શું થયું કાવ્યરસભૂરિ[2] પીધે ? - એક૦ ૬
શું થયું મુંડ મુંડાવી ચોદિશ ભમ્યે ?
શું થયું વન વિશે વાસ કીધે ?
શું થયું કાય સૂકાવી ઉપોષણે ?
શું થયું શુષ્ક હરિનામ લીધે ? - એક૦ ૭
વેદના મૂળને શાસ્ત્રના [3]સૂરને,
જગતકરતારને જો ન જોયો;
વ્યર્થ નર અવતરી માતૃયૌવન હરી,
રંગ ચિંતામણિ જન્મ ખોયો !! - એક૦ ૮

---

૧. ઘોડો ૨. ઘણો ૩.(૧) સૂર્ય-સર્વ શાસ્ત્રોના આધારભૂત બ્રહ્માનુભવરૂપ પ્રકાશ (૨) સચ્છાસ્ત્રોરૂપી વાજીંત્રોમાં ગૂંજી રહેલ જીવબ્રહ્મની એકતાનો સૂર.

## ૧૨

ભાવથી ભજન કર, હરિતણું રટણ કર,
નિંદ પણ છોડી દે, મૂર્ખ પ્રાણી;
કોટિ પુણ્યે કરી નરતનુ આ મળી,
તાર ચિંતામણિ એહ જાણી. - ટેક.
બાલપણ ખેલમાં તરુણપણ [૧]મેલમાં,
કલેશમાં કામિનીસંગ ખોયું;
દામ ને ચામમાં વ્યર્થ એળે ગયું,
અંત પસ્તાવથી ચિત્ત રોયું ! - ભાવથી૦ ૧
વૃદ્ધ તનુ થરથરે, ચીતડું નવ ઠરે,
કામના ના મરે કો ઉપાયે;
માળ ગ્રહી ના ગ્રહી કાળ ઊભો સહી,
કાજ ત્યાં ના સરે મૂઢ રોયે. - ભાવથી૦ ૨
હાથથી દાન કર, કાનથી શ્રવણ કર;
ગાન કર વદનથી નાથ કેરું;
સાંગ છે દેહ [૨]સ્વસ્થાક્ષ નર જયાં સુધી,
પુણ્યપંથે પળી ટાળ તેડું. - ભાવથી૦ ૩
આગ લાગી ઘરે કૂપ ખણવા ફરે,
હાંસી થાએ હરે જો વિચારી;
[૩]દાર ને વિત્ત ત્યાં કામ આવે નહિ,
દાસ ને દાસીની વ્યર્થ યારી. - ભાવથી૦ ૪

---

૧. વિષયોપભોગમાં ૨. સાબુત ઇન્દ્રિયોવાળો ૩. સ્ત્રી.

આભ ફાટયું તિહાં થીંગડું કોણ દે,
નાથ નટવર વિના કોણ બેલી ?
રંગ માયા ત્યજી ભક્તિ દ્દઢ ઉર ધરી,
[1]નાથપદકંજરત થાને [2]આલી !! - ભાવથી૦ ૫

## ૧૩

ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી,
જનમનાં પાપ સહુ નાખ ધોઇ;
ભક્તિ ભગવાનની પ્રાપ્તિ નિર્વાણની,
આપથી આપને લેને જોઇ - ટેક
કોણ તું જીવડા શે થકી આવિયો;
મરણ પછી શી ગતિ જો વિચારી;
આદિ ને અંતમાં નાહીં, તે મધ્યમાં,
શે હરો કાય તુજ આ વિકારી ? - ઊઠ૦ ૧
નામની આશામાં વ્યર્થ કાં ભટકતો,
કીચડે કાંચન કયાંથી હોયે ?
[3]તોયને મંથતાં તૂપ[4] નહિ નીસરે,
[5]અબ્દ હજાર જો તું વલોવે ! - ઊઠ૦ ૨
[6]ઉપલ અગ્નિતણો જોગ જાણ્યો ઘણો,
જુક્તિ વિણ મુક્તિ નવ હાથ આવે;
અલ્પ મતિ આંધળી આત્મ નવ ઓળખે,
વેદિયાં ઢોર[7] તે ત્યાં ન ફાવે ! - ઊઠ૦ ૩

---

૧. પ્રભુના ચરણકમળમાં મગ્ન ૨. હે (મનરૂપી) ભ્રમર
૩. પાણી ૪. ઘી ૫. વર્ષ ૬. પથ્થર ૭. પઢત મૂર્ખ (learned fools)

મસ્ત કો ભેદીઓ[1] આપ પર વેદીઓ[2]
જાણતો દસ્ત[3] જો રંગ પકડે;
મોહઘુંઘટ ખરે, શોક શંકા ટળે,
શાન્તિ સુખ પ્રજ્જવળે આપ મેળે !! - ઊઠ૦ ૪

## ૧૪

શેં મુખે વર્ણવું કીર્તિ કિરતારની ?
નેતિ નેતિ કહી વેદ થાકયા;
સહસ્રદ્રય જીભથી શેષ વર્ણી રહ્યા,
શેષ નવ ગુણતણું તોએ પામ્યા ! - ટેક
પિંડબ્રહ્માંડની ખંડ રચના કરી,
લક્ષ ચોરાશી યોનિ બનાવી;
ખાદ્ય ને પેય વળી અવનવું ત્યાં રચ્યું,
એકથી એક છે દિવ્ય ભારી. - શેં૦ ૧
રવિ શશિ તારલા વ્યોમ[4] માંહે ભર્યા,
મેઘમંડળ-તણાં જૂથ ન્યારાં;
આભ વણથંભ અદ્ધર ધરી રાખિયું,
પ્હાડથી નીસરે વારિધારા ! - શેં૦ ૨
દિવસ ને રાત ઋતુકાળ નિશ્ચય કર્યો,
સર્વમાં દીસતી એક માઝ;
પવન ને પાણીની જોડ સાધી ઘણી,
એકથી સરજીયા ઘાટ ઝાઝા. - શેં૦ ૩

---

૧. ભેદુ ૨. જાણકાર, જ્ઞાની ૩. હાથ ૪. આકાશ.

બિંદુથી સિંધુ નિર્માણ કોટિ કીધા,
નિયમથી બદ્ધ કરી તેહ થાપ્યા;
બાજી સારી રચી ખેલતો રચીપચી,
દેખીને [1]સુરવરો મોહ પામ્યા. - શેં૦ ૪
અકળ ગતિ તાહરી, મતિ ન ચાલે હરિ !
મૌનમાં મુનિજનો મોજ માણે;
રંગ કરગરી પડી પાંવ તુજ નરહરિ,
તું વિના આન નવ વેણ આણે. - શેં૦ ૫

**૧૫**

વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,
રાખની આશમાં લાખ ખોયા;
દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા,
મોહિનીજાળમાં સર્વ મોહ્યા. - ટેક.
પેટની વેઠમાં રાતદિન આથડે,
શેઠની ભેટ નવ કયાંય થાતી;
આયુ એળે ગઈ કરમકથની રહી,
રોઈ રોઈ થઈ આંખ રાતી. - વિષયની૦ ૧
ગંગકાંઠે રહી તૃદ્[2] થકી તડફડે,
બીકથી ફડફડે જીન મેલો;
કલ્પવૃક્ષે વસી ભૂખથી ટળવળે,
ભીખથી હરખતો જીવ ઘેલો. - વિષયની૦ ૨

---

૧. દેવો ૨. તરસ

કહાન મન ના ઠરે, કામિની ચિત્ત હરે,
ભોગમાં ભગ્ન થઇ અંત કાયા;
પિંડપોષણ કરી પાપ પૈસો રળી,
નિરયમાં[1] નાખતી **રંગ** માયા. - વિષયની૦ ૩

મન માર્યા વિના મુક્તિ નવ સાંપડે,
[2]શુક્તિ જાણ્યા વિના ભ્રમ ન જાયે;
ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ આકળે,
ભવવ્યથા ના શમે કો ઉપાયે. - વિષયની૦ ૪

**૧૬**

જૂઠમાં જિંદગી જાય નર જો વહી,
પાણીનું પૂર જ્યમ જાય દરિયે;
દિવસ ને રાત ઋતુકાળ ઝટઝટ વહી,
જાય છે, ચેત નર મૂઢ જરીએ !- ટેક

શઠતણી સંગતે સંતનિંદા કરી,
સાધુકુથલી કરી મોજ માણે;
દેવ ને ધર્મની ઠેકડી બહુ કરી,
આપને અન્યથી સુજ્ઞ[3] માને ! - જૂઠમાં૦ ૧

દામની દોડમાં કામિની સોડમાં,
નામની નેમમાં જીવન ખોતો;
પરદોષે કરી સૂક્ષ્મદૃષ્ટિ હરી,
આપની[4] એબમાં અંધ થાતો ! - જૂઠમાં૦ ૨

---

૧. નરકમાં ૨. છીપ ૩. ડાહ્યો ૪. પોતાની જાતની.

સત્ય મુખ નવ ગમે અનૃતે[1] મન રમે,
ભ્રાન્તિમાં ચિત ભમે દિવસરાતી[2] - જૂઠમાં૦ ૩
પરધન દાર પરની તકાસે અતિ,
દાનમાં નવ ધરે પાઇ રાતી.
દેહને અમર માની રમે વિષયમાં,
[3]દમનને ઢોંગ માની વખોડે;
આપપંથે પળી આત્મહત્યા કરી,
પાપનાં પોટલાં બાંધે કોડે.[4] - જૂઠમાં૦ ૪
આખર આકરી ચેત મન વાઘરી,
કાળ મન લેશ કરુણા ન આવે;
માર મારે અતિ શરણ એક શ્રીપતિ,
રંગ વકીલાત નવ અન્ય ફાવે ! - જૂઠમાં૦ ૫

૧૭

ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી,
ભૂખ વિણ ભાખરી વ્યર્થ ઝેરી;
સ્નેહ[5] વિણ દીપકળી કેમ ઓપે સહી,
ક્લીબની[6] વલ્ગના ગગનઘેરી ! - ટેક
પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો,
ઢોંગથી ઢૂકડો દૂર નાસે;
નાટકી ઠાઠથી કાટ નવ નીસરે,
કામ ત્યાં રામ કદીએ ન ભાસે !- ભાવ૦ ૧

---

૧. અસત્યમાં ૨. રાત ૩. ઇન્દ્રિયનિગ્રહ ૪. હોંસે ૫. તેલ ૬. નપુંસક.

કાઠ ઉપર કર્યો મેલ માંહે ભર્યો,
ખેલ ખેલાડીનો પેટ ભરવો;
હરિ હરિ રાતદિન મુખ થકી ઓચર્યો,
આંસુ પાડી મૂવો ભાંડ ભડવો- ભાવ૦ ૨
કૂડ ને કપટ કુકર્મ માંહે ભર્યાં,
બહારથી તિલક ને છાપ દીધાં;
માળને [૧]ટાળથી મૂઢ જન છેતર્યાં,
મીઠડી વાણીથી કવન કીધાં !- ભાવ૦ ૩
પિયુ પિયુ ઓચરી વન બપૈયો મૂવો,
પિયુતણો શોધ નવ ક્યાંય લાગ્યો;
કાળની જાળમાં અંત જઈ સાંપડ્યો,
પાંખ ફફડાવીને વ્યર્થ રોયો !- ભાવ૦ ૪
ભજન અમૃત-તણું [૨]અશન વિષનું ઘણું,
અમર તે કાય તુજ કેમ થાશે ?
ગાન મુખ રામનું ધ્યાન તો દામનું,
ચામનું, રંગ ક્યમ મુક્તિ થાશે ?- ભાવ૦ ૫

## ૧૮

વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો,
વિષયપુષ્પે ભમે મૂઢ ઘેલો;
રૂપ ને રંગમાં મોહી ખળસંગમાં,
આયુ એળે ખુએ રાંડયેલો.- ટેક

---

૧. કરતાલ ૨. ખાણું.

શ્વાનને હાડથી પ્રીત લાગી ઘણી,
દ્વેષથી ઝાડની ઓથે ધાએ;
દાઢથી સ્રાવ જે થાય તે હાડનો,
માની મનમાં અતિ ખુશ થાશે.- વિષયની૦ ૧

સ્વાત્મસુખ પરિહરી નિઘ્નઇન્દ્રિય[1] થઇ,
આપથી આપને મૂઢ બાંધે;
અંત જર્જર થઇ કાળજાળે પડી.
મત્સ્ય સમ તરફડી પ્રાણ કાઢે !- વિષયની૦ ૨

ભક્તિ મન ના ગમે ભાંડ ભવાઇ રમે,
ખાન ને પાનમાં મસ્ત રહેતો;
રાનમાં અંત જઇ રાખ થઇ લેટતો,
ફરી ફરી ગર્ભમાં દુ:ખ સહેતો.- વિષયની૦ ૩

કીટ[2] કર્મે કરી વમળમાં જઇ પડયો,
એકથી અન્યમાં એ તણાએ;
દેખે દયાળુ તો બહાર કાઢી મૂકે,
વૃક્ષ નીચે ઠરી શાંત થાએ. - વિષયની૦ ૪

એમ સદ્‌ગુરુ તણી દ્દષ્ટિ જો નર પડી,
ભ્રમરપરંપરા તો જ ખૂટે;
શાંતતટ હાથ લાગે ફરી પુણ્યનો,
ઉદય જો થાય તો બંધ તૂટે. - વિષયની૦ ૫

---

૧. ઇન્દ્રિયોને વશ ૨. કીડો.

ચેત ને ચેત નર નરક ખર કાં ચૂંથે,
વીતી વેળા નહિ હાથ આવે;
વાસનાવશ મેલાં ત્યજી નાથને,
રંગના પ્રેમથી નિત્ય ગાએ. - વિષયની૦ ૬
સાર નરદેહનો એજ શાસ્ત્રે કથ્યો,
[1]સુરિજનો એહમાં મોજ માણે;
જે મુખ રામ નહિ ધૂળ મુખ એ પડી,
શ્વાન [2]સૂકર સમો જન્મ તાણે. - વિષયની૦ ૭

૧૯

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઇ પડતું;
[3]ગેહઉદ્યોગમાં ચિત્ત નવ આ ઠરે;
[4]વ્રેહના દુ:ખથી નિત્ય રડતું. - ટેક.
ખાન ને પાન મન ઝેર સમ લાગતાં,
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા ! - આવ૦ ૧
ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ [5]તોક આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી ! - આવ૦ ૨

---

૧. જ્ઞાનીઓ ૨. ડુક્કર ૩. ઘરધંધામાં ૪. વિયોગ ૫. બાળક.

કાષ્ઠ થઇ પાવડી પાંવની તુજ બનું,
    [1]મૃદ્ બની કેશ કાળા પખાળું !
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
    અંગ પર જો ધરે તું કૃપાળુ !! - આવ૦ ૩
મૃગ થઇ [2]વ્યાધથી દેહ વીંધાવું આ,
    અજિન[3] થઇ બેસવા કામ લાગું !
શ્વાન થઇ મંદિરે નિત્ય ચોકી કરું,
    દરસ વિણ આન નવ કાંઇ માગું !!- આવ૦ ૪
હૃદયમંચક[4] કરી સાફ રાખ્યો હરિ,
    પ્રેમજલ પાદ્યથી[5] પગ ધોઉં;
સત્યશૌચાદિપુષ્પે કરું અર્ચના,
    બાળીને કામક્રુધ ધૂપ દેઉં ! - આવ૦ ૫
દ્વૈત ભોજન ધરું પેય અઘ[6] આગળું,
    [7]રંગ તાંબૂલ મુખશુદ્ધિ સારું,
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
    તુજ વિના જીવન લાગે ખારું !! - આવ૦ ૬

**૨૦**

દરદીનું દરદ એક દરદી જાણી શકે,
    આન મન દેખીને હાંસી આવે;
વ્રેહની ઝાળ એક વિરહી પરખી શકે,
    કલ્પના આનને અલ્પ નાવે.- ટેક

---

૧. માટી ૨. શિકારી ૩. મૃગછાલા ૪. ખાટલો, બાજઠ ૫. ગંધાક્ષતાદિ યુક્ત પગ ધોવાનું પૂજાજળ ૬. પાપ ૭. વિષયાસક્તિ.

રડી રડી આંખડી સૂજી થઇ રાતડી,
રાતડી જુગ સમી લાગે કારી;
નિંદ આવે નહિ જાગ ભાવે નહિ,
ઊઠબેસે તૂટી ટંગ[1] મારી. - દરદીનું૦ ૧
આવ ને આવ અવધૂત દિગંબરા,
ક્યાં લગી અંત અનંત જોશે ?
કંથ વિણ કામિની પંથે શે લાધશે ?
માત વિણ તોકગતિ શી જ થાશે ?- દરદીનું૦ ૨
આપું શું તુજને સર્વદાતા હરે ?
વિધિ હરિ હર કરે તુજ સેવા !
ધ્રુવ ઉપમન્યુએ આપ્યું શું ભૂધરા,
જે થકી પામયા મિષ્ટ મેવા ?- દરદીનું૦ ૩
[2]શુષ્ક કાષ્ઠે હરિ પત્ર આણ્યાં ફરી,
રજકને રાજ દીધું અઘારિ[3];
સતીપતિ ઊઠવી[4] દુષ્ટ ભગ[5] ટાળિયું;
એકલો રંગ કાં દીધ વિસરી ?- દરદીનું૦ ૪
કોટિ દોષે કરી પૂર્ણ હું નરહરિ,
તુજ-તણો જગતમાં દાસ કહાઉં;
માર કે તાર તુજ દ્વાર આવી ખડો,
લાજ જાશે [6]યદિ ખાલી જાઉં ? - દરદીનું૦ ૫

---

૧. ટાંગ, પગ. ૨. મહારાષ્ટ્રમાં થઇ ગયેલ દત્તાવતાર શ્રીપાદ-શ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતીની લીલાઓનું સૂચન છે. જુઓ : શ્રી ગુરુલીલામૃત ભાગ-૨. ૩. પાપનો નાશ કરનાર ૪. સજીવન કરી ૫. પ્રારબ્ધ, નસીબ ૬. જો .

## ૨૧

ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી,
સમરી લે શ્રીહરિ ભાવભૂખ્યા;
નરતનુ આ મળી કોટિ પુણ્યે કરી,
મુક્તિ લેને વરી, કરમફૂટ્યા ! - ટેક
[1]લાલ વેચી કરી કાચ લે જયમ કપિ,[2]
વિષ્ણુ મૂકી ક્યમ વિષય ખોળે ?
ત્યાગી સુરસિંધુ[3] મૃગનીર[4] વાંસળ ભમે,
અમૃત મૂકી કાં ગરલ[5] ઘોળે ? ! - ઊઠને૦ ૧
અગ્નિ ઘૃતથી કદી શાન્ત દીઠો નથી,
વાસના ભોગથી નવ વિરામે;
[6]વિરતિવારિ થકી વાસનાદવ શમે,
શાન્તિ સુખ સંયમે આપ પામે. !- ઊઠને૦ ૨
[7]એકથી એક મૂવા મતિ જ્યાં ફરી,
પાંચથી શી ગતિ થાશે તારી ?
ચેત રે ચેત જીવ પેખ શિવ અંતરે,
ભીતિ ભવ જે હરે મન્મથારિ[8] ! ! - ઊઠને૦ ૩
વારિબુદ્‌બુદ[9] સમી કાયભંગુર[10] ઘણી,
ફૂટતાં વાર નવ અલ્પ લાગે;
કાળ ઠાડો શિરે આયુ ક્ષણક્ષણ હરે,
વાયદો વણિકનો ત્યાં ન ચાલે ! - ઊઠને૦ ૪

---

૧. રત્ન ૨. વાંદરો ૩. ગંગા ૪. ઝાંઝવાનું જળ ૫. ઝેર ૬. વૈરાગ્યરૂપી પાણી ૭. શબ્દથી મૃગ, સ્પર્શથી હાથી, એમ એક એક વિષયથી એક એક જણ ૮. કામદેવનો નાશ કરનાર ૯. પાણીનો પરપોટો ૧૦. નાશવંત.

રાય ને રંક સહુ માટી ભેળા મળ્યા,
કર્દમે જઇ કળ્યા મૂળ પ્રાણી;
જે નર જાગિયા ભક્તિપંથે પળ્યા,
રંગ શિવમાં ભળ્યા વિબુધ[1] જ્ઞાની. - ઊઠને૦ ૫

## ૨૨

મૂળ સંસારનું મૂઢ મન માંકડું,
વિષયવૃક્ષે ભમે સ્વૈર ઘેલું;
ના ઠરે એક પલ, એકથી અન્ય પર,
દોડતું દિવસ ને રાત મેલું. - ટેક
[2]અદ્રિ કર પર ધરે, [3]અબ્ધિ શોષણ કરે,
અગ્નિજ્વાળા ગળે સિદ્ધ કોઇ;
આભમંડળ ઊડે, [4]આપ અમૃત કરે,
રાખ ચિંતામણિ રત્ન સોઇ. - મૂળ૦ ૧
[5]કેસરી કંઠ કોઇ ઘંટ જઇ બાંધતું,
નાગને નાથ ઘાલે મદારી;
સ્હેલ છે ખેલ સહુ એહ બાજીગરી,
[6]મનહરિબંધને સર્વ હારી ! - મૂળ૦ ૨
મત્ત [7]ગજરાજના દંત જીવતાં સહે,
[8]મકરની દાઢથી કાઢે મોતી,
અલ્પ મન આગળે દાળ સીજે નહિ,
ભલભલાની મતિ ત્યાંહ રોતી ! - મૂળ૦ ૩

---

૧. આત્મબોધવાન ૨. પર્વત ૩. સમુદ્ર ૪. પાણી ૫. સિંહ ૬. મનરૂપી વાંદરું અથવા સિંહ અથવા ઘોડો ૭. હાથી ૮. મગર.

[1]હઠ અને રાજથી મંત્રલયસાજથી,
વ્રતજપાદિ થકી કોઇ મથતું;
તીવ્ર ઉપોષણે ઇન્દ્રિયો મથી ઘણી,
સાધના ફરી ફરી કોઇ કરતું. - મૂળ૦ ૪
ધ્યાન-અભ્યાસથી [2]વિરતિ-અસિધારથી,
નાદસંધાનથી સુરતી જોડે;
ગુરુતણી સેવથી ઇશની મ્હેરથી,
મનતણાં મૂળ તો તેહ તોડે. - મૂળ૦ ૫
[3]ઊર્મિ ઊઠે જરી બ્રહ્મસાગર મહીં
ફેલતાં ફેલતાં નષ્ટ થાએ !
વૃત્તિ ખેચરી[4] કરી નામરૂપ વિસરી,
રંગ રંગે હરિ કો સમાએ !! - મૂળ૦ ૬

**૨૩**

વેણુ વાગે અલી ! હૃદયકુંજે હરિ,
રાસ રમતા કરી વિવિધ લીલા;
બોંતેર સહસ્ર સાહેલી ટોળે કરી,
પ્રેમરસ પાઇને પીતા ઘેલા. - ટેક
દશ લટકાં કરે ત્રણ ઠમકે ઠરે,
એક સુરતીબળે કા'ન ખેંચે;
વિવિધ વસ્ત્રો સજી ચોરાશી ફેરા ફરે,
મધ્યમાં કાળિયો નાચ નાચે. - વેણુ૦ ૧

---

૧. હઠાદિ યોગના પ્રકાર ૨. વૈરાગ્યરૂપી તરવારની ધારથી ૩. તરંગ
૪. નિરાલંબ

એક નીચી નમે બીજી મધ્યે ભમે;
ત્રીજી આકાશમાં અધર ઊડતી;
એક વળી ચક્રમાં ફરી ફરી દોડતી,
એક તટસ્થ રહી હાસ્ય કરતી. - વેણુ૦ ૨
એક પ્રતિબિંબને જોઈને રાચતી,
એક આલિંગતી ખાલી છાયા,
એક વળી નાદમાં ભાન ભૂલી ભમે,
એક તેજે કરી બાળે કાયા. - વેણુ૦ ૩
[૧]સ્વાન્તવૃંદાવને વૃત્તિગોપી મળી,
કાનુડો આત્મ-નટરાજ ખેલે;
પલકમાં ખલક અનંત પેદા કરે,
મત્ત આનંદમાં **રંગ** રેલે. - વેણુ૦ ૪

**૨૪**

ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,
ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે;
ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી,
નિજ સ્વરૂપે હરિ તેજ થાશે. - ટેક
કોટિ તીર્થો કીધાં પંચગવ્યો પીધાં,
મનતણો મેલ તોયે ગયો ના;
હંસ મોતી ચરે કાક વિષ્ઠા ગળે,
દૈવને દોષ દે મૂઢ નાના. - ભેદમાં૦ ૧

---

૧. અંતઃકરણરૂપ વૃંદાવનમાં. આ આખા પ્રભાતિયામાં ટૂંકમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓની લીલાનું આધ્યાત્મિક રહસ્ય વર્ણવ્યું છે.

દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું,
મનતણો મેલ કયમ તન ટાળે ?
[1]અંધતમ કજ્જલે ના ટળે કો સમે,
દીપ પ્રગટયા વિના પ્રભ[2] ન થાએ. - ભેદમાં૦ ૨
ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે,
બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે;
સંતસેવા વિના વાટ નવ એ જડે,
[3]માન મૂકયા વિના ભાન નાવે. - ભેદમાં૦ ૩
મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ,
શાન્તિ પામે નહિ સોડ તાણ્યે;
સત્ય અસત્યની જુક્તિ જાણ્યા વિના,
રંગ ભવપીડ તે કેમ જાયે ? - ભેદમાં૦ ૪

## ૨૫

હોય દેવાંશી તે દેવને ઓળખે,
ભૂત ભક્તિ કરે ભૂત કેરી;
કાગને મોતીડાં કંઠ નવ ઊતરે,
નરક દેખી ચળે જીભ મેલી. - ટેક
પતિવ્રતા હોય તે કંથને પૂજતી,
વારવનિતા[4] વરે જાર દેખી;
ભકતને અન્ય ભગવાન વિણ નવ ગમે,
દૂર દોડે ડરી દંભ પેખી. - હોય૦ ૧

---

૧. ગાઢ અંધકાર ૨. પ્રકાશ ૩. અભિમાન ૪. વેશ્યા.

સિંહશિશુ ગર્દભીદૂધ નવ તે પીએ,
છો મરે ભૂખથી [1]નિબિડ - રાને;
દેવપ્યાસી-મને દેહદુગ્ધા નહિ,
રીઝતો નવ કદી વિષયપાને. - હોય૦ ૨

ચંદ્ર ચકોર શું પ્રીત લાગી મને,
તેહની ગત જતિ તેજ જાણે;
અન્ય મતિ મોહમાં અંધ થઈ આથડે,
કીચડે કાચબો મોજ માણે. - હોય૦ ૩

[2]દ્વિજગણો [3]અર્ક દેખી મને રીઝતા,
[4]ઉલ્લૂ ઓથે ભમે [5]તમવિહારી;
[6]સંસૃતિપૂજકો સંસૃતિમાં ભમે,
ચોરને મન ગમે રાતી કાળી. - હોય૦ ૪

કો નમે નામને કો નમે દામને,
ચામ દેખી મને કોઈ માતું !
જેહને જેહની સાથ લગની લગી,
તેહનું મન તેમાં જ રાતું !! - હોય૦ ૫

નામ ને રૂપમાં સૃષ્ટિ સારી રમે,
નામી અરૂપ છે દિવ્ય **રંગા;**
પાસ છે પ્રેમીને આઘે અધર્મીને,
હૃદયમાં દેવ જો દિલ ચંગા ! - હોય૦ ૬

---

૧. ઘોર જંગલમાં ૨. પક્ષીઓ ૩. સૂર્ય ૪. ઘુવડ ૫. અંધારે ફરનારું ૬. સંસાર.

એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે,
તે જ તું તે જ તું વેદ બોલે;
આંખ ખોલી સખે દેખ અંદર હૃદે,
શ્વાસશ્વાસે પ્રભુ કોણ બોલે ? - ટેક
શુદ્ધ તું બુદ્ધ તું મુક્ત તું પ્રાણિયા,
બંધને કાં પડે આપમેળે ?
[1]અજ અવિનાશ અક્ષય બધે વ્યાપિયો,
જળથળે આપથી આપ ખેલે. - એક૦ ૧
શરીર મન ઈંદ્રિયોથી અતિ વેગળો,
પંચભૂતો થકી ના પમાએ;
સૃષ્ટિ મુજરો કરે સૃષ્ટિકર્તા તુને
[2]હુકુન થકી તુજની મોત ધાએ. - એક૦ ૨
જન્મ ને મૃત્યુ એ કલ્પના તાહરી,
પાપપુણ્યો ડરી પાસ નાવે;
ચંદ્ર ને સૂર્ય બે ગેંદથી ખેલતો,
દિવસરાતી કરી જગ નચાવે ! - એક૦ ૩
કોટિ બ્રહ્માંડ પેદા કરી પલકમાં,
પલકમાં લય કરે આત્મમાંહે;
આદિ અંતે બધે એક નિર્મળ હરિ,
મધ્યમાં નાટકી સ્વપ્ન સોહે. - એક૦ ૪

---

૧. અજન્મા  ૨. આજ્ઞાથી

ઊઠ જાગ્રત થઇ સ્વપ્નસુખ પરિહરી,
સદ્‌ગુરુપદ ગ્રહી જાણ **રંગા;**
મોહનિદ્રા ત્યજી જ્ઞાનજાગૃતિ વરી,
આત્મધન સંગ્રહી ભવભંગા ! - એક૦ ૫

**૨૭**

છો સુખે નિંદતા નિંદકો હરિ મને,
લાજ મારી તને દેવદેવા;
ભક્તિમાં ભ્રષ્ટતા દેખશે દુરિજનો,
ઉલટ આણી કરું તુજ સેવા. - ટેક.
સ્નાન ને ધ્યાનની વાત જાણું નહિ,
પાઠ પૂજા વિષે મતિ ન ચાલે;
વેદ ને શાસ્ત્ર ગમ દોડવું શી ગતે,
સૂત્ર ખેંચે ત્યમ દેહ હાલે. - છો સુખે૦ ૧
હીન ને દીન પણ તાહરો શ્રીધરા,
દત્ત જોગીશ્વરા દાસ કહાઉં;
શ્વાન શ્રીમંતનું માન પામે ઘણું,
ત્વદ્યશોગાનથી ધન્ય થાઉં - છો સુખે૦ ૨
ત્રિશૂલ કરમાં ગ્રહી ત્રિગુણ મમ સંહરી,
'હું અને માહરું' નાખ છેદી;
જ્ઞાનજલઘૂંટડો પાઇ કરતુંબીથી,
ચક્રથી ચક્ર ભવ નાખ ભેદી. - છો સુખે૦ ૩
મંત્ર માળા ગ્રહી પ્રણવ ડમરુ સહી,
કર્મના ભૂતને દે ભગાડી;
શંખહુંકારથી ભસ્મ ભીતિ કરી,
પાપ ને પુણ્યને દે નસાડી. - છો સુખે૦ ૪

કંઇક પંથે પળ્યા, કંઇક તુજમાં ભળ્યા,
કંઇકનાં ગાન તે દેવ ગાતા;
**રંગ** ભિખારી ભારે થયો શું પ્રભો,
ક્યાં લગી અંત જોશે વિધાતા ? - છો સુખે૦ ૫

**૨૮**

શી કરું અર્ચના દત્ત દયાઘના,
તું વિના કાંઇ નવ આન ભાસે;
દેહમંદિર વિષે આત્મ થઇ તું વસે,
બુદ્ધિવૃત્તિ વિષે તુંજ કાસે[૧]. - ટેક
શૂન્યમાં શબ્દ તું વાતમાં સ્પર્શ તું,
તેજમાં રૂપ તું પ્રેમઘેલા;
વારિમાં રસ થઇ પૃથ્વી ગંધે ભરી,
રૂપરૂપે રહી કરત લીલા. - શી કરૂં૦ ૧
કોઇ નિર્ગુણ કહે સગુણ કો મન ધરે,
ગુણગુણાતીત છે રૂપ તારું;
દ્વૈત અદ્વૈતની વાતથી વેગળું,
સમરસે રૂપ તુજ દિવ્ય ન્યારૂં. - શી કરૂં૦ ૨
મોજું ચૈતન્યનું માનવી મન અણુ,
નામ રૂપે કરી નૃત્ય કરતું;
કોટિરૂપો ધરી આપથી રાચતું,
અંત અબ્ધિ[૩] વિષે શાન્ત થાતું. - શી કરૂં૦ ૩

---

૧. પ્રકાશે ૨. જળમાં ૩. સમુદ્ર.

ખેલ ખેલાડી તું ગુપ્ત રૂપે રહી,
જ્ઞાનદષ્ટિ વિષે પ્રગટ થાતો;
દેખીને સંતા-કૂકડી તાહરી,
વિધિ[1] હરિહર મને હરખ થાતો. - શી કરૂં૦ ૪

કોઇ સ્રષ્ટા કહે, કોઇ ભર્તા કહે,
કોઇ સંહારથી શરણ લેતું;
સૃષ્ટિ સ્રષ્ટાતણું ઐકય નિહાળીને,
કોઇ એકેશ્વરી ગાન ગાતું ! - શી કરૂં૦ ૫

બે નહિ એક ત્યાં શબ્દ કયમ નીસરે,
વાણી વિરામતી આત્મદેવા;
હું અને તુંતણી ગોઠડી ગુમ થઇ,
મૌનમાં રંગ મન મિષ્ટ મેવા !! - શી કરૂં૦ ૬

## ૨૯

આજ આનંદનું પૂર ઉરમાં વહે,
છોળ બ્રહ્માંડમાં ના સંમાએ;
ચિત્ત ચૈતન્યરૂપે થયું પલકમાં,
ખલકનું નામ ત્યાં ના જણાએ. - ટેક.

ચેત્ય ચૈતન્યનું નામ ના ત્યાં અણુ;
ગેય ગાનારનું વ્યર્થ ગાણું;
એક અનેક રૂપે અરૂપી થયું,
ઘટમઠે વ્યોમ જયમ ભવ્ય નાનું. - આજ૦ ૧

---

૧. બ્રહ્મા.

મોજું અર્ણવ[1] મળ્યું આપ અર્ણવ થયું,
નાચવું ના રહ્યું નામદરિયે;
તેડું જમનું ટળ્યું માન મનનું ગળ્યું,
આપ-પર પરવર્યું તેજઝડીએ - આજ૦ ૨
શૂન્યમાં સહુ મળ્યું આપ અળગું રહ્યું,
શૂન્યસાક્ષી લહ્યું આપ આપે;
બોલવું ના રહ્યું બોબડું સહુ કહ્યું,
કો લહે શું થયું મૂળ છાપે ? - આજ૦ ૩
ના થયું ના ગયું જેમનું ત્યમ રહ્યું,
**રંગ** કાંચન સમું ઘાટઘાટે;
ના લહી જાણવું આપ અંગે થવું,
કાં વૃથા દોડવું સ્વપ્ન-હાટે ? - આજ૦ ૪

**30**

(રાગ-ભૈરવી, તાલ-કહેરવા)

નથી ગમતું નથી ગમતું આ ઘેર; જાવું પેલે દ્વાર - ટેક
[2]અંધતમે આ સઘળું ભરિયું, ત્યાં તો તેજ અપાર;
ભૂખકડાકા તીખા અહિયાં, ત્યાં મિજલસ નહિ પાર - જાવું૦ ૪
પાણીના પણ સાંસાં અહિયાં, ત્યાં [3]અમૃતપાથાર;
દુ:ખદરિયો ઉછાળા મારે (ત્યાં) સુખસાગર રેલાય - જાવું૦ ૪
રાગદ્વેષનાં જુધ ઘણેરાં, (ત્યાં) શાન્તિ તણો નહિ પાર;
**રંગ**રાજ ગુરુસેવા [4]કીની, જઇ બેઠો તે ઠામ - જાવું૦ ૪

---

૧. સમુદ્ર ૨. ઘોર અંધકારથી ૩. અમૃતનું સરોવર ૪. કીધી.

## ૩૧

(રાગ-માઢ, તાલ-કહેરવા)

દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા,
અરજી કરું છું ઉરમાં ધરજો, [1]કરુણાપારાવારા. - ટેક
પાંવ પાદુકા બાજત ચટચટ, દંડકમંડલુ હસ્ત;
ભીડ પડી છે દોડો વહેલા, નિજાનંદમાં મસ્ત ! - દિ ૦ ૧
તમ દર્શનથી અમ અઘ[2] ટળશે, ઉરમાં બાંધી આશ;
ભક્તકામકલ્પદ્રુમ સ્વામી, તોડો માયાપાશ. - દિ ૦ ૨
માફ કરો અપરાધ કરોડો, પાપી હું તમ બાળ;
તમ વિણ બીજું કાંઇ ન જાણું, ભક્તતણા પ્રતિપાળ !-દિ ૦ ૩
ધ્રુવ પ્રહ્‌લાદ ઉગાર્યા પ્રભુજી, તારી ગણિકા નીચ;
હાથ ગ્રહી કાં છોડો વ્હાલા, **રંગ** રાંક અધબીચ ? - દિ ૦ ૪

## ૩૨

(રાગ-મિશ્ર માઢ, તાલ-કહેરવા)

(જય જય) ગુરુ મહારાજ ગુરુ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ;
જીવનદોરી તુજને સોંપી નિશ્ચિંત જગમાં ફરૂં; - ટેક.
કાયા વાચા મનથી તુજની, સેવા નિશદિન કરું;
પાપપુણ્ય અરપી તુજ ચરણે, અક્ષય શાન્તિ વરું.- જય૦ ૧
તેત્રીસ ક્રોડ દેવ સહુ તુજમાં, તીરથ શીદને ફરૂં;
નામનાવમાં બેસી, દારુણ ભવસાગર આ તરું.- જય૦ ૨

---

૧. દયાના સાગર ૨. પાપ

ઈંદ્રિય ઈંધન[1] મન કુસુમ[2] ને, મસ્તક શ્રીફળ ધરૂં;
સ્વાપર્ણયજ્ઞે અહં હોમીને, સ્વાનંદે સંચરૂં. - જય૦ ૩
ત્રિગુણ વટાવી ગુણાતીતમાં, નિર્ગુણ થઈને ફરૂં;
જલલહરિસમ રંગ રૂપને, બાળી જીવતાં મરૂં. - જય૦ ૪

## ૩૩

(રાગ-ભૈરવી, તાલ-કહેરવા)

દત્ત દિગંબર મન સુમરી લે, પુણ્યપંથ [3]પાથેય ભરી લે. - ટેક

પ્રેમગંગ નિત સ્નાન કરી લે,
અનાસક્તિ સુરસાજ સજી લે. - દત્ત૦ ૧
[4]શીલવર્મ સુદૃઢ કરી લે,
ક્ષમા શાન્તિ [5]અસિ ઢાલ ધરી લે. - દત્ત૦ ૨
મોત સાથ રણબાથ ભીડી લે,
મુકિત-સુંદરી શીઘ્ર વરી લે. - દત્ત૦ ૩
વનવગડાની વાટ ત્યજી લે,
રાજમાર્ગ પર રંગ રમી લે. - દત્ત૦ ૪

## ૩૪

(રાગ-પીલુ, તાલ-કહેરવા)

દત્તાજી ! મૈં તો તેરો હિ એક ગુલામ. - ધ્રુવ૦

ઔર ન જાનું ઔર ન માનું,
તેરો હિ ગાવત નામ ! - દત્તાજી૦ ૧
કાસી મથુરા કાયકો દૌરૂં,
તેરો હિ પદ પર ધામ ! - દત્તાજી૦ ૨

---

૧. બળતણ; લાકડાં ૨. ફૂલ ૩. ભાતું ૪. ચારિત્ર્યરૂપી બખ્તર
૫. તલવાર

રાખે તૂ વૈસો હિ રહું મૈં,
ઔર નહિ ઉર [1]કામ ! દત્તાજી ० ૩
**રંગ** સરન તેરો હિ ચરન હૈ,
ઔર ન ઠેરન ઠામ ! દત્તાજી ० ૪

## ૩૫

(રાગ-આશાવરી, તાલ-કહેરવા)

ઔષધિ કૌન પિલાવે ? ગુરુ બિન, ઔષધિ કૌન પિલાવે ? - ટેક.
ભવવ્યાધિ યહ બહોત સતાવે, સુધબુધ ભૂલાવે ! - ગુરુ० ૧
વિષયવિષમજ્વર અતિઘબડાવે, તૃષ્ણાપ્યાસ બઢાવે !- ગુરુ० ૨
ઐસો કૌન કૃપાલુ જગમેં, [2]આવાગમન મિટાવે ?- ગુરુ० ૩
આપ ભૂલા જગ સબ ભૂલાવે, ઐસો કામ ન આવે !- ગુરુ० ૪
હોવે કામિલ[3] નબ્ઝ[4] દિખાવું, અમૃત **રંગ** પિલાવે !- ગુરુ० ૫

## ૩૬

(રાગ-પીલુ, તાલ-ત્રિતાલ)

તીરથ કહાં જાના, મેરે ભાઇ ? (૨) - ટેક.
ઘટમેં ગંગા ઘટમેં જમુના, ઘટમેં સરસ્વતી માઇ;
બાહિર સબ જગ પથ્થર પાની, ભટકભટક ઘર આઇ.-તીરથ० ૧
દિન દિન ભટકા રાત જગાયા, તબહિ ન મીલા સાંઇ;[5]
નેક કમાઇ કરલે ભાઇ, ઇસમેં સબ કુછ આઇ. - તીરથ० ૨
મનમેં મક્કા મનમેં કાશી, મનમેં સાલેમ[6] ભાઇ;
આતમગંગા [7]મલમલ ન્હાઇ, જન્મમરણ મિટ જાઇ.-તીરથ० ૩

---

૧. કામના; ઇચ્છા ૨. જન્મમરણનો ફેરો ૩. હોશિયાર; અનુભવી
૪. નાડ ૫. સ્વામી, જગતનો નાથ; પ્રભુ ૬. જેરુસલેમ; ખ્રિસ્તી લોકોની જાત્રાનું મુખ્ય મથક ૭. ચોળીચોળીને

મનમાલા દિનરૈન ચલાઇ, સોહં સોહં એહિ;
અંત સમે બિન હરજી ભાઇ, કોઉ કામ ન આઇ-તીરથ૦૪
**રંગ** રંગકે કપડે પહેને, દાઢી મૂંછ મૂડાઇ;
જટા બઢાઇ ભભૂત લગાઇ, એ સબ જગ ઠગવાઇ-તીરથ૦૫

## ૩૭

(રાગ-આસા; તાલ-કહેરવા)

ગુરુ ઘર આવ્યા, વિઘ્નો સહુ દૂર સિધાવ્યાં- ધ્રુવ
બ્રહ્માહરિહર મૂર્તિ મનોહર, દંડકમંલુશોભિત [૧]વર કર;
કંથા કૌપીન [૨]અક્ષમાલધર, સુરવર ધાયા.-વિઘ્નો૦ ૧
આનંદાબ્ધિ ઉર છલકાએ, દુ:ખનામ ક્યાંયે ન જણાએ;
આધિ વ્યાધિ સહુ મન ગભરાએ, સુકૃત ફાલ્યાં. -વિઘ્નો ૦ ૨
વાણી [૩]સુધાસમશી મધુરી આ, જાણે કુસુમો મુખદ્રુમ[૪] ખરિયાં;
ચિંતા દૈન્ય ઉપાધિ ટળિયાં, મનસુખ પામ્યા.-વિઘ્નો ૦ ૩
સ્વાગતની શી કરું તૈયારી ? તનમનધન સહુ તુજ પર વારી !
જ્યાં દેખું ત્યાં તુજ બલિહારી **રંગ** ચઢાયા !!-વિઘ્નો ૦ ૪

## ૩૮

(રાગ-આશા માડ; તાલ-કહેરવા)

સૂન સૂન [૫]તપસી ! જ્ઞાન સૂનાવું, ફિર ફિર ધ્યાન લગાવ;
મન ચલે તો ચલન દે, પણ તન ન જાય લગાર,
ઐસી ભીતર [૬]સુરત ચલાવ. - ટેક.

---

૧. સુંદર ૨. રુદ્રાક્ષની માળા ધારણ કરનાર ૩. અમૃત જેવી ૪. વૃક્ષ
૫.પૂજ્ય મહારાજશ્રી સ્વ. મોદીજીને પ્રેમાવેશમાં કોકવાર આ નામથી સંબોધતા, એટલે એમને ઉદ્દેશીને લખાયેલાં ભજનોમાં સ્હેજે એ નામ આવી જાય છે. ૬. સજાતીય વૃત્તિનો એકધારો પ્રવાહ

ગિલ્લી દંડા ખેલ ચલાયા, ગિલ્લી ઊડે આભ;
ગિરત ગિરત ફિર દંડા મારા,
ફિર ફિર ઊડે આપ. - ઐસી० ૧
મન મરકટ નિશદિન ભટકત હૈ, ભટક ભટક સ્થિર આપ;
ગોલી સુરત બેહોશ[૧] બનાકે,
તદાકાર કર થાપ. . - ઐસી० ૨
કહાં [૨]કશ્મીર કહાં ગુજરાતા, કહાં પક્ષીકી જાત ?
ચકોર ચંદા નિત આનંદા,
એહિ સુરત સાક્ષાત્.. - ઐસી० ૩.
સીતામાઈ શોક છવાઈ, દૈતગઢ ગભડાય;
સુરત ચલાઈ સેના આઈ,
રાવણ માર્યો રામ. - ઐસી० ૪
**રંગ** રાગ સબ છોડ [૩]જહાં કે, સબ જગ અલ્લાહ પેખ;
બાહિર દેખે ગદ્ધા કુત્તા,
ભીતર રામ હિ રામ. . - ઐસી० ૫

---

૧. મૂર્છિત ૨. કાશ્મીરમાં એક જાતનાં કુંજ નામનાં શ્વેત પક્ષી થાય છે. તેઓ ત્યાં ઈંડા મૂકી જુવારો તૈયાર થઈ જાય છે તે અરસામાં દૂર દૂર ઠેઠ ગુજરાત સુધી નર્મદા અને દરિયા કિનારે ચારો ચરવા આવે છે. પરંતુ તેમની સુરત ઈંડા તરફ લાગેલી રહે છે અને કેવળ એ સુરતના બળથી એમનાં ઇ ડાં સેવાઈને તૈયાર થાય છે. એ વાતનું સૂચન છે. ૩. દુનિયાના

## ૩૯

(રાગ-ભૈરવી; તાલ-કહેરવા)

ડેરન દે દિન ચાર, સાંઇ, તેરે દ્વારપે. - ટેક.

ફિર ફિર મેરી તંગડી તૂટી, શ્વાસ ન ઉર સમાય !- ડેરન૦ ૧
તુજ કારણ મૈં ભઇ બાવરી સુધબુધ ભૂલી હાય !- ડેરન૦ ૨
રો રો મેરી અખિયાં ફૂટી, દરસ ન પાયો [૧]લાલ !- ડેરન૦ ૩
ફટી ચીંદડી નંગી નટિયા, દેખનહાર ગમાર !- ડેરન૦ ૪
દેખન દે મુખ મીઠા સાંઇ ! અમૃતવેણ પીલાવ !- ડેરન૦ ૫
તું-**રંગે** રસી અંતર બાહી, આન ન જાઉં બહાર !- ડેરન૦ ૬

## ૪૦

(રાગ-ભૈરવ; તાલ-દાદરા)

બોલ બોલ બોલ પ્રેમવેણ એક બોલ;
ખોલ ખોલ ખોલ દ્વાર, પલક એક ખોલ ! - ટેક.

દરસપ્યાસ લાગી મુને, છિપાવનાર કોણ ?
વ્રેહ અગનઝાળ આ, બૂઝાવનાર કોણ ? - બોલ૦ ૧
ભવાબ્ધિમધ્ય નાવ, પાર ઉતારનાર કોણ ?
[૨]કામ ચાંચીયા લૂટે, ભગાડનાર કોણ ? - બોલ૦ ૨
દૂર દૂર સહુ કહે, બોલાવનાર કોણ ?
તું વિના માત, અંક[૩] બેસાડનાર કોણ ? - બોલ૦ ૩
વિષયવિખ વ્યાપ્યું બધે, ઉગારનાર કોણ ?
**રંગ** પ્રેમ અમૃત આજ, પિવાડનાર કોણ ? - બોલ૦ ૪

---

૧. રત્ન (પરમાત્મારૂપી) ૨. કામના, વિવિધ ઇચ્છાઓ ૩. ખોળો.

## ૪૧

(રાગ-આશાવરી, તાલ-કહેરવા)

ચૌદ બ્રહ્માંડ મેરી ઝોલીમેં ! - ધ્રુવ૦

અમુલખ મોતી હીરા માણેક, જડીબૂટી મેરી ઝોલીમેં !
બ્રહ્મા વિષ્ણુ શિવ સનકાદિક,
રિદ્ધિ સિદ્ધિ મેરી ઝોલીમેં !- ચૌદ૦ ૧

[1]ધનપતિ તાકો પાર ન પાવે, નવોં નિધિ મેરી ઝોલીમેં !
પંચ [2]કુઇકી ઝોલી હમારી,
ખેંચત સાંઇ દોરીસે !- ચૌદ૦ ૨

તીન ગુનોંકા તાંત બનાયા, પટ ચિતર મેરી ઝોલીમેં !
રંગ રંગાયા સદ્‌ગુરુનાથે,
રંગ નિકાલ્યો ઝોલીસે ! - ચૌદ૦ ૩

## ૪૨

(રાગ-દરબારી કાનડો; તાલ-ત્રિતાલ)

મૈં તો દત્ત દિગંબર ધ્યાઉં.

છન છન પલ પલ ગુરુગુન ગાઉં,
આવાગમન મિટાઉં. - મૈં તો ૦ ૧

લોગ ખીજે આતમ રીઝે;
આતમ ખીજે કહાં જાઉં ? - મૈં તો ૦ ૨

વિષય [3]વિષારી અહિગણ[4] માનું,
દૂરહિ દૂર ભગાઉં. - મૈં તો ૦ ૩

તપસી ! દૂજું કાંઇ ન જાણું,
ભૂલ ગયો સંસારૂં ! - મૈં તો ૦ ૪

રંગ રંગકે લોગલુગાઇ,
કહાં કહાં મન ભટકાઉં ?- મૈં તો ૦ ૫

---

૧. કુબેરી ભંડારી ૨. ખાનાં ૩. ઝેરી ૪. સાપ

## ૪૩

(રાગ-મિશ્રમાડ; તાલ-કહેરવા)

કહે દિવાના મુજકો, દુનિયા, કહે દિવાના મુજકો. - ટેક.

મૈં દિવાના તું દિવાના, સબ જગ દિવાના;
કો દિવાના નાહીં જગમેં ? કહે દિવાના મુજકો - દુનિયા ૦ ૧

નામદિવાના દામદિવાના, ચામદિવાના કોઉ;
ધન ધન સો જો રામદિવાના, મૈં દિવાના સોઉ. - દુનિયા ૦ ૨

[1]ખલ્કદિવાના ખલ્ક ન પાયો, જુગ જુગ ભટકાયો;
રામદિવાના રામ સમાયો; રામરંગ રૂલાયો ! - દુનિયા ૦ ૩

નામ ન ભાયો, દામ ન ભાયો, ચામ ન ભાયો મુજકો;
રોમ રોમ અવધૂત દિગંબર, એહિ ધૂન જગાયો ! - દુનિયા ૦ ૪

ગુરુગમ મારગ, પોથાંપોથાં, કોઉ કામ ન આયો;
રંગ કૃપા [2]મુરશિદ-દિવાના, સ્વાદ [3]અનુપમ પાયો !- દુનિયા૦૫

---

૧. દુનિયા (સાંસારિક વિષયો)ની પાછળ ગાંડો ૨. ગુરુ ૩. જેની ઉપમા નથી એવો, અવર્ણનીય.

## ૪૪

(રાગ-ખમાજ, તાલ-દાદરા)

આજે સૂણી [1]ચમનમેં મોહન, તિહારી બંસી.
મીઠી અનેરી મોંઘી, મોહન, તિહારી બંસી ! - ટેક.

કોડહં વદે છે કાક, સોડહં કથે છે હંસ;
તું-હું તું-હું પુકારી, કોયલ રહી છે ધીરી ! - આજે ૦ ૧

ખીલ્યું ગુલાબ કેવું ? શું હાસ્ય એ ન તારૂં ?
એ કંટકો તું હિ તું, ખુશબો મહીં સખે તું !! - આજે ૦ ૨

વૃક્ષો નભે અડ્યાં શાં, તું-કીર્તિગાન ગાતાં;
એ પત્તિ ફૂલ વેલી, તું રૂપ આત્મદેવા ! - આજે ૦ ૩

એ કાષ્ઠજીવી તું તું, એ કાષ્ઠભેદી તું તું !
ધૂણી તપે તપસ્વી, એ રૂપ તું હિ તું તું !! - આજે ૦ ૪

વારિ નિકુંજ મત્સ્યો, એ મત્સ્યજીવી[2] તું તું !
એ [3]પદ્મ ભૃંગ[4] તું તું, નાચે મયૂર તું તું !! - આજે ૦ ૫

માળી ગુલો[5] તું હિ તું, માળા ગ્રથે ધરે તું;
તંતુ મહીં સખે તું, સિંચંત ચૂંટતો તું ! - આજે ૦ ૬

તું-રંગ સર્વ રંગ્યુ, ના રંગરાગ તુજમાં,
તું **રંગ** રંગ રાચે, નાચે સુરંગ રંગે[6] !! - આજે ૦ ૭

---

૧. બગીચામાં ૨. માછલાં મારી ગુજરાન ચલાવનાર; માછી ૩. કમળ
૪. ભમરો ૫. ફૂલો ૬. સંસારરૂપી રંગભૂમિમાં.

## ૪૫

(રાગ-માલકૌંસ, તાલ-કહેરવા)

આજ હમારી જીવનનૌકા ડૂબું ડૂબું ભર દરિયે કરે;
તું વિણ નાથ ન તારક દૂજો, જે ભવસાગર પાર કરે - ટેક.
વાદળથી નભ ઘોર છવાયું, કડડડ કડડડ શબ્દ કરે;
વાટ અંધારે લેશ ન સૂઝે, તું વિણ નાથ કો ભીતિ હરે ? આજ૦ ૧
મેરુ સમાં મોજાં ઉછળે આ, જળચર ખેચર ખાવા ધસે;
હાથ સુકાન રહે ના, નટવર ! દૂર રહી તું કેમ હસે ? આજ૦ ૨
શ્રદ્ધા-સઢ ફાટ્યો ન ઝલાયે, પ્રલયવાત સમ વાયુ વહે;
શંકાવર્તે[1] નાવ ભરાયું, તું વિણ નાથ ન **રંગ** રહે. આજ૦ ૩

## ૪૬

(રાગ-માડ; તાલ-કહેરવા)

દીનાનાથ દયાળુ તાત ! આજે શેં રુઠ્યા ગુરુનાથ ? - ટેક.
પાપી હું અપરાધી મેલો, આવ્યો શરણે નાથ;
દર્શન આપી દોષો કાપી, વેગે સ્હાઓ હાથ. આજે૦ ૧
ભવસાગર ચોગરદમ ઊછળે, વચ્ચે દીન અનાથ;
ડૂબું એકલડો હું પામર, તારક કોઉં ન સાથ. આજે૦ ૨
રમતાં કોડે બાળક દોડે, પડે કદાપિ નાથ !
શોભે રક્ષા, કેમ ઉપેક્ષા કરે દેવ સાક્ષાત્ ? આજે૦ ૩
મેઘ કને ચાતક ના માગે, ક્યાં ફેલાવે હાથ ?
કરે વિમુખ શું જલદ[2] અભાગી જા અહીંથી, કહી તાત ? આજે૦ ૪
તરછોડે જલ જો માછલડું કેમ જીવે જલજાત[3] ?
રૂઠે **રંગ** વિધાતા જગ પર મરે સૃષ્ટિ સાક્ષાત્ !! આજે૦ ૫

---

૧. શંકાવમળે ૨. મેઘ ૩. જળમાંથી ઉત્પન્ન થયેલ પ્રાણી.

## ૪૭

(રાગ-આશાવરી; તાલ-કહેરવા)

વંદું દત્તપદાંબુજ[૧] સાર. - ટેક.

ગાએ મુખ આ ત્વદ્ગુણ તારક, જુએ નેન છબી હાર;
થાય ચિત્ત ત્વદ્રૂપે તન્મય, દ્વૈતામય[૨] સંહાર ! - વંદુ૦ ૧
ના માગું બીજું ધન કાંઇ, દે સેવા ભવતાર;
તું જગમાં જગ તુજમાં નિરખું, મહિમા અપરંપાર ! - વંદુ૦ ૨
એક અનેક બધે તું વ્યાપ્યો, સચ્ચિત્સુખ સોહાય;
કર્મબંધ કાપી કાતીલ આ, દે નૈષ્કર્મ્ય સદાય ! - વંદુ૦ ૩
ભેદી ભેદ ભયાનક ભવહર, હર ભ્રાન્તિ નિઃસાર;
ના હું, ના તું, ના જગ કાંઇ; એક અનેક અસાર ! - વંદુ૦ ૪
જે છે તે છે, ના તે ના કશુ, નિરાકાર સાકાર !!
રંગ રૂપ વિણ એક દિગંબર ! જનિમૃતિસંશય ટાળ ! - વંદુ૦ ૫

## ૪૮

(રાગ મિશ્ર કાફી, તાલ-કહેરવા)

કરે નિજ દાન જો સોઇ, દિગંબર હો તો ઐસા હો !
ત્રિમૂર્તિ દત્ત હર વોહી, દિગંબર હો તો ઐસા હો ! - ધ્રુ ૦
જટા સિર કાંધ પે ઝોળી, વિભૂતિ[૩] અંગ પે ચોળી;
પિછાડી સંતજન ટોળી, -દિગંબર૦૧
ગલે રુદ્રાક્ષકી માલા, ફિરે અલમસ્ત મુનિબાલા;
કભી જડ મૂઢ મતવાલા, -દિગંબર૦૨
શ્રુતિ બન શ્વાન પદ ચાટે, દરસ મૃત્યુ જનમ કાટે;
મિલ્યા ગો-પાલ વનવાટે, -દિગંબર૦૩

---

૧. ચરણકમળ ૨. દ્વૈતરૂપી રોગ ૩. ભસ્મ

બજે કર શંખ ૐકારા, ડમરુ તત્ત્વમસિધારા;
કમંડલ માળ ભવપારા. -દિગંબર૦ ૪
ધર્યો સંયમ-લંગોટ, નિરાશી એહ અવધૂત;
બિના યહ **રંગ** સબ જૂઠ. -દિગંબર૦ ૫

## ૪૯

(રાગ-મિશ્ર ખમાજ; તાલ-કહેરવા)

ગુરુ આવો, બલિહારી તમારી છે ! - ટેક.
અનસૂયાકારણ પ્રગટયા નારાયણ,
લીલા અપરંપાર તમારી છે ! - ગુરુ૦ ૧
ભકતરાજ પ્રહ્લાદ ઉગાર્યો, તાર્યો ફણીધર પિંગલ છે ! -ગુરુ૦ ૨
સહસ્રાર્જુને સેવા કીધી, દીધો અમર યશ તેને છે ! - ગુરુ૦ ૩
દોડયો આયુ સુતને કારણ, દીધો નહુષ સુત તેને છે ! - ગુરુ૦ ૪
ગર્ભ થકી રક્ષા કીધી ને હુંડાસુર વધાવ્યો છે ! - ગુરુ૦ ૫
કંટાળ્યો યદુ રાજપાટથી; અલર્ક શરણે આવ્યો છે ! - ગુરુ૦ ૬
તત્ત્વામૃત પાઇ બંનેને, બોધે સ્થિર કરી થાપ્યા છે ! - ગુરુ૦ ૭
સાધ્યદેવ ઇંદ્રાદિક સુરવર, કંઇક અભય કરી સ્થાપ્યા છે !- ગુરુ૦૮
વિષ્ણુશર્માની દીઠી ભક્તિ; કામ અનેરાં કીધાં છે ! - ગુરુ૦ ૯
ગોરખગર્વ નિવારી ગિરિપર અક્ષય પદ નિજ સ્થાપ્યાં છે !-ગુરુ૦ ૧૦
દત્ત દિગંબર નામ કહાયો ચૌદ લોકમાં ફેરી છે ! - ગુરુ૦ ૧૧
બાલોન્મત્તપિશાચક વેષે ગુપ્ત પ્રગટ હરિ ખેલે છે ! - ગુરુ૦ ૧૨
સ્મર્તૃગામી[૧] કલિતાર વિશ્વંભર, અવધૂત નિરામય[૨] પોતે છે ! -ગુરુ૦ ૧૩
શ્રીપાદશ્રીવલ્લભ નરહરિ, વાસુદેવ ત્રિમૂર્તિ છે ! - ગુરુ૦ ૧૪
વાડી ગાણગાપુર ઔદુંબર ગરુડેશ્વરમાં સ્વારી છે ! - ગુરુ૦ ૧૫

---

૧. સ્મરણ કરતાની સાથે આવી મળનાર ૨. નિર્દોષ; આવરણરહિત

સત્‌ચિત્‌ આનંદ દેખી પ્રણવમુખ,

**રંગ** મસ્ત થઇ ડોલે છે ! - ગુરુ૦ ૧૬

ઘટઘટ હંસસ્વરૂપે બોલે, સોહં મુનિજન જાણે છે !!- ગુરુ૦ ૧૭

ગાતાં ગુણ શ્રુતિ પણ જ્યાં થાકે, કોણ મતિ ત્યાં મારી છે !-ગુરુ૦ ૧૮

## ૫૦

(રાગ-તિલક કામોદ; તાલ-દીપચંદી)

આવો આવો દયાળ, સ્વામી દત્ત કૃપાળ !

હેતે લઇએ ઓવારણાં !! -હેતે૦૧

હેમ ચાંદલીયો નભમાં જો ઊગ્યો (૨);

તારલિયા મુનિગણ સોહાય, વ્હાલા ! મુનિગણ સોહાય !-હેતે૦૧

સિરગુણ નિરગુણ એક અરૂપી (૨);

પિંડ બ્રહ્માંડનો ભેદ ન ત્યાંય, વ્હાલા ! ભેદ ન ત્યાંય !- હેતે૦ ૨

ઊડે પ્રેમ-ગુલાલ ગગનમાં (૨);

અખંડ ઓચ્છવ સઘળે આ થાય, જો જો સઘળે આ થાય ! હેતે૦૩

હદ બેહદ બે ડાંડીઓ વાગે (૨);

અનહદ વાજાં ઉરમાં ન માય, વ્હાલા ! ઉરમાં ન માય !-હેતે૦ ૪

જે તે ભૂલી ભાન વિલોકે (૨);

જામ્યો **રંગ** તે કહ્યો ન જાય, કશુ કહ્યો ન જાય ! - હેતે૦ ૫

## ૫૧

(રાગ-સારંગા; તાલ-દીપચંદી)

ગુરુ ગુરુ કરતાં આ જાઓ મારા પ્રાણ (૨);

જાઓ મારા પ્રાણ દત્તા (૨), માગું એ દે દાન ! - ટેક.

અંતરને [1]હુજડે તે ધરૂં તારાં ધ્યાન (૨);

ધરૂં તારાં ધ્યાન દત્તા (૨); ગાઉં મુખે ગાન ! - ગુરુ૦ ૧

---

૧. ઓરડામાં

શિરની સારંગી વાગે નસ તંતુ જાણ (૨);
શ્વાસા ગજ હાલે સોહં (૨), અનહદ ગાન ! - ગુરુ૦ ૨
ચંદા સૂર ડોલે, ડોલે વૃક્ષ ને પાષાણ (૨);
નીર ડોલે ગિર ડોલે (૨), ડોલે ગોપી કા'ન ! - ગુરુ૦ ૩
ગાય કોણ સૂણે કોણ ? મારે કો ત્યાં તાન (૨);
**રંગ** એક દૂજો નાહીં (૨), નહીં દ્વૈતભાન ! - ગુરુ૦ ૪

## ૫૨

(રાગ-કલ્યાણ; (ગઝલ) તાલ-કહેરવા)

અરે ઓ દીનના દાતાર ! દિગંબર દત્ત જગ કીરતાર !!
કરે ના કાં મ્હારી વ્હાર ? લપાયો ક્યાં અરે અવધૂત ? ૧
ગયો પ્રહ્લાદને કાજે ? બોલાવ્યો શું યદુરાજે ?
સહસ્રાર્જુન શિરતાજે ? લપાયો ક્યાં અરે અવધૂત ? ૨
ઊભી માહૂરની નારી, લઇ મૃત કંથ દુ:ખિયારી !
કરે કાં વાર અઘહારી[1] ? લપાયો ક્યાં અરે અવધૂત ? ૩
ત્રિવિક્રમભારતી પેલો મદોન્મત્ત વિપ્ર સહ હેલો !
જુએ જો વાટ ગુરુઘેલો ! લપાયો ક્યાં અરે અવધૂત ? ૪
નડે પ્રારબ્ધ શું મારું, દિસે ના તેથી મુખ તારું ?
જીવન તુજ વિણ ગોઝારું ! લપાયો ક્યાં અરે અવધૂત ? ૫
વિના જળ માછલું જેવું, કુણપ[2] વિણ પ્રાણ જો કેવું !
દરસ વિણ જીવવું તેવું !! લપાયો ક્યાં અરે અવધૂત ? ૬
શુભાશુભ કર્મનાં ફૂલડાં લઇ વધાવું જોગીડા;
સતાવે વ્રેહની વ્રીડા[3] ! લપાયો ક્યાં અરે અવધૂત ? ૭
ચીરી હું... તું તણો પડદો, લે [4]અંકે **રંગ** નિજ બંદો;
ભૂલાવી અન્ય સૌ ફંદો !! લપાયો ક્યાં અરે અવધૂત ? ૮

---

૧. પાપ હરનાર ૨. મડદું ૩. લજ્જા ૪. ખોળામાં

## ૫૩

(રાગ-યમન; તાલ-કહેરવા (ગઝલ))

સહુ ભેગા મળી ગાઓ દિગંબર દત્ત અવધૂતને;
ધીરી આંખે નિહાળો એ દિગંબર દત્ત અવધૂતને !...- ટેક.
ઋષિ અત્રિતણું તપ એ સગુણ રૂપે અહા પ્રગટ્યું !
વધાવો પ્રેમપુષ્પે એ દિગંબર દત્ત અવધૂતને !! - ૧
સદા ગંગાજળે ન્હાતા, વિલોકી યોગીજન માતા;
સુરાસુરધ્યેય એ ધ્યાઓ દિગંબર દત્ત અવધૂતને ! - ૨
તિલક પંઢરપુરે કરતા, અલખ ભિક્ષામિષે[1] ફરતા;
જઈ કોલ્હાપુરે ભાળો દિગંબર દત્ત અવધૂતને ! - ૩
કહાડે જઈ જુઓ વ્હાણે, પ્રભુ સંધ્યા કરે ટાણે;
ભભૂતિ ધૂતપાપેશ્વર, દિગંબર દત્ત અવધૂતને ! - ૪
જઈ પાંચાલેશ્વર જમતા, મનોવેગે બધે ફરતા;
જુઓ માહૂરગઢ સૂતા દિગંબર દત્ત અવધૂતને ! - ૫
જુઓ આ તુંગભદ્રામાં પ્રભુ જલપાન એ કરતા;
રખે કો દિન કદી ભૂલતા દિગંબર દત્ત અવધૂતને ! - ૬
બદરિનારાયણે સૂણતા કથા વેદાંતની ભાવે;
ગિરિ ગિરનાર પર ઠરતા દિગંબર દત્ત અવધૂતને ! - ૭
કદિ ઉન્મત્ત જડ બાળક, કદી રાગી વિરાગી એ,
વિવિધ વેષે નિહાળો રે, દિગંબર દત્ત અવધૂતને ! - ૮
કરી સુરતાતણી પાંખો, અડગ શ્રદ્ધાતણી આંખો;
વિલોકો રંગરંગે એ દિગંબર દત્ત અવધૂતને !! - ૯

---

૧. ભિક્ષાને બહાને

## ૫૪

(રાગ-કાલિંગડો; તાલ-કહેરવા)

ગુરુ દત્ત દિગંબર તવ શરણમ્ !
દાતા દત્ત દિગંબર તવ શરણમ્.- ટેક.
અત્રિસૂનુ[1] અનસૂયાનંદન, યોગિરાજ ગુરુ તવ શરણમ્.- ગુરુ૦ ૧
શ્રીપાદશ્રીવલ્લભ યતિવર, નૃસિંહસરસ્વતી તવ શરણમ્.- ગુરુ૦ ૨
કાર્તવીર્યભુક્તિમુક્તિપ્રદ, પિંગલપૂજિત તવ શરણમ્.- ગુરુ૦ ૩
ગોરખગર્વવિનાશકદાતા, અવધૂતનિરંજન તવ શરણમ્.- ગુરુ૦ ૪
હીનદીનતારક પુરુષોત્તમ, વાસુદેવ ગુરુ તવ શરણમ્.- ગુરુ૦ ૫
એકનાથ જનાર્દન સ્વામી, અક્કલકોટ ગુરુ તવ શરણમ્. ગુરુ૦ ૬
દાસોપંત યવનનૃપતારક, સિદ્ધ સરસ્વતી તવ શરણમ્.- ગુરુ૦ ૭
પૂર્ણપરાત્પર સગુણગુણેશ્વર, નિરાકાર ગુરુ તવ શરણમ્.- ગુરુ૦ ૮
નીલકંઠ આલમ બક નૂરી સાંઇનાથ ગુરુ તવ શરણમ્.- ગુરુ૦ ૯
નારાયણ ભૈરવ માણિક પ્રભુ, **રંગ**તાર ગુરુ તવ શરણમ્.-ગુરુ૦૧૦

## ૫૫

(રાગ-મિશ્ર દરબારી કાનડો; તાલ-કહેરવા)

મારા હૈયા કેરો હાર, દત્ત એક અવધૂત !
એક અવધૂત, દત્ત એક અવધૂત !!- ટેક.
ભક્તોનાં સંકટ જોઇ, સ્મરતાં આવે જે ધાઈ;
એવો કો બીજો દયાળ ? દત્ત એક અવધૂત !!- મારા૦ ૧
ત્યાગીના ત્યાગ ટકાવે, ભોગીના ભોગ ત્યજાવે;
અમર દાન દેનાર, દત્ત એક અવધૂત !!- મારા૦ ૨

---

૧. અત્રિપુત્ર

નિર્ગુણતા નિજની છોડી, પાસે ના રાખી કોડી;
દીઠો વિશ્વભંર તાર, દત્ત એક અવધૂત !!- મારા૦ ૩
જોતાં વેષ જોગીડાનો, દાને મે'રામણ[૧] દયાનો;
**રંગ** અલૌકિક સાર, દત્ત એક અવધૂત !!- મારા૦ ૪

## ૫૬

(રાગ-જયજયવંતી; તાલ-દાદરો)

(મથુરામાં ખેલ ખેલી આવ્યા-એ રાહ)

વગડામાં વાસો શીદ કીધો, ઓ નાથ ! કેમ રીસાયા ?
કેમ રીસાયા ? કેમ રીસાયા ?- ટેક.
રાજા મહારાજા તમને નમે છે;
માગણનો વેષ કાં ગમે છે ?- ઓ નાથ૦ ૧
ગમે ના પીતાંબર, ઓઢી લો વલ્કલ;
ફરો કેમ આમ દિગંબર ?- ઓ નાથ૦ ૨
ભલે ના મહેલાતો, બંધાવો ઝૂંપડી;
રહો ઝાડ નીચે કાં આ પડી ?- ઓ નાથ૦ ૩
રાખો ગાય, કૂતરાં શાં ? ભસી ડરાવે,
જાતાં પાસે લાગ નવ ફાવે !- ઓ નાથ૦ ૪
ઘડીમાં હ્યાં ઘડીમાં ત્યાં, કેમ ફરો છો ?
નાત જાત છોડી કાં ભમો છો ?- ઓ નાથ૦ ૫
રહો એક વેષે તો તો પિછાનું ક્ષણમાં;
બહુરૂપી **રંગ** શા નકામા ?- ઓ નાથ૦ ૬

---

૧. મહાસાગર

## ૫૭

(રાગ-મિશ્ર સારંગ; તાલ-કહેરવા)

અનસૂયા મા (૨) ના ઠરવા દે લોક મને ઘરમાંહ્ય જો;
જાઉં વનમાં (૨), સાધુ જોગ જઇ ડુંગર એકાંત જો - ટેક.
ઊભો અર્જુન જો આ દ્વારે, યદુ આયુ પિંગલ સંભારે;
પ્રહ્‌લાદ વિષ્ણુદ્વિજ પોકારે...અનસૂયા મા૦ ૧
લોકોને જ્ઞાન તણી શિક્ષા, દેવાને લીધી આ દીક્ષા;
અવધૂતતણી અદ્‌ભુત કક્ષા...અનસૂયા મા૦ ૨
નિત ગંગામાં મારે ન્હાવું, માહૂરગઢ આવીને સૂવું;
ભિક્ષા કોલ્હાપુર લઇ ખાવું...અનસૂયા મા૦ ૩
જઇ પંઢરપુર તિલક કરું, ગાંધર્વપુરે[1] જઇ ધ્યાન ધરૂં;
ગિરિ રૈવત[2] પર વિશ્રાંતિ વરું ...અનસૂયા મા૦ ૪
ના રહેવું એક સ્થાન પડી, મરવું ના તોય બધે રખડી;
અનિકેત[3] છતાં સઘળે સ્વારી ...અનસૂયા મા૦ ૫
પંચાગ્નિ જ્ઞાનતણી તાપી, સુરતાની સેજ ગગન થાપી;
પોઢું તાળી જમને આપી ...અનસૂયા મા૦ ૬
કરી દેહતણું આ જો મડદું, પ્રેતાસન પર મનડું જકડું;
સાધી સ્વર સોહં-ને પકડું...અનસૂયા મા૦ ૭
વ્યાઘાંબર-અહિંસા પર બેસી, ચોળી તન ખાખ અહં ખાસી;
સંકલ્પ-ધૂમ લઉં સહુ ગ્રાસી ...અનસૂયા મા૦ ૮
સહુ **રંગ** જગતના છે ખોટા, પાણીના જેવા પરપોટા;
ઉગર્યા નર જે ચાલ્યા ઊલટા...અનસૂયા મા૦ ૯

---

૧. ગાણગાપુર ૨. ગિરનારનો એક ભાગ ૩. નિશ્ચિત ઠામ વગરનો

## ૫૮

(રાગ-જયજયવંતી; તાલ-દાદરો)

(મથુરામાં ખેલ ખેલી આવ્યા-એ રાહ)

ભકતન કે કાજ જોગીવેષ ધર્યો રાજ, શી બલિહારી !- ટેક.

શી બલિહારી !! શી બલિહારી !!

માથે જટાનો તાજ વિરાજે,
જોઇ સ્વયં લક્ષ્મી લાજે ! ....હો રાજ૦ ૧

માલા ત્રિશૂલાદિ હાથે ધુલારો;
હિંસા-અહિંસાને ઠારો ! ....હો રાજ૦ ૨

અંગે વિભૂતિ દેહ-નશ્વરતા;
દેહે વિદેહી ભાતા ! ....હો રાજ૦ ૩

ગોકૂતરસંગે ફરો ઉમંગે;
લેપ ન તોય કો સંગે ! ....હો રાજ૦ ૪

કાષાય-અંબર, કદિ દિગંબર;
ઝોળી ખભે તોય વિશ્વંભર ! ....હો રાજ૦ ૫

પવન પાવડી પગે ખટ ખટ વાગે;
સુણતાં તે **રંગ**-ભીતિ ભાગે !! .હો રાજ૦ ૬

## ૫૯

(રાગ-મિશ્ર દરબારી કાનડો; તાલ-કહેરવા)

(નાગર વેલીઓ રોપાવ-એ રાહ)

ઘાડી ઔદુંબરની છાંય, નીચે કોણ પેલું જોને;
કોણ પેલું જોને, સખી, કોણ પેલું જોને !- ટેક.

અગ્નિની જેવી જ્વાળા, શોભે જો શિર નિમાળા;
મુખડું તેમજનો અંબાર ! સખી, કોણ પેલું જોને !! ઘાડી૦ ૧

સિદ્ધોની ઊભી ટોળી, જય જય શબ્દે જો ઘેલી;
વર્ષાવે પુષ્પસંભાર ! સખી, કોણ પેલું જોને !! ! ઘાડી૦ ૨
દર્શનથી દુ:ખડાં ટાળે, મૌને જગનાટ્ય નિહાળે;
નોધારાનો આધાર ! સખી, કોણ પેલું જોને !! ! ઘાડી૦ ૩
કરમાં કમંડલ ઝાલી, હેતે લંગોટી વાળી;
દિસે યોગીજનતાર ! સખી, કોણ પેલું જોને !! ! ઘાડી૦ ૪
દષ્ટિ લક્ષ્યે સ્થિર કેવી, [૧]પદ્મે [૨]અલિપંક્તિ જેવી;
ખસે ન **રંગ** લગાર ! સખી, કોણ પેલું જોને !! ! ઘાડી૦ ૫

## ૬૦

## નૃસિંહસરસ્વત્યષ્ટક

(રાગ : સાખી-મરાઠી)

ઠાડે ઔદુંબરતરુતલપે ગાણગાપુર સ્વામી ।
લગી ભીડ ભકતનકી જહાંપે દૌડે અકામ કામી ।
દત્ત દિગંબર સો । કલિતારક કો ઐસો ॥ ૧ ॥
ભયે પુત્ર બમ્મનકી સ્રીકે દેખ શુદ્ધ મનવા કો ।
લીલા અદ્‌ભુત કીની જગમેં સમરથ કો કહને કો ।
નૃસિંહસરસ્વતી ભો । શ્રીપાદશ્રીવલ્લભ ॥ ૨ ॥
વંધ્યાકો સુત નિર્ધનકો વિત દેત દેખ પ્રીત જોહી ।
પ્રાણ પ્રેતકો પાંવ પંગુકો જ્ઞાન મૂઢકો સોહી ।
દુર્લભ કછુ નાહીં । કૃપા કરત જબ એહી ॥ ૩ ॥
દિયો રાજ ધોબીકો દેખો એક ભક્તિકો ભૂખો ।
છિનમેં શૈલ પ્હુંચાયો તંતુક જાતપાત કબ દેખો ।
સુરનર જશ ગાવે । જો માગે સો પાવે ॥ ૪ ॥

---

૧. કમળ ૨. ભમરાઓની હાર

ધર્યો ભેખ યતિવરકો આપે અલખ જગાયો જગમેં ।
રૂપ અનેક દિખાયો એકે નિરાકાર નિર્ગુણમેં ।
માયા યહ તેરી । ટાર પીર ભવ મેરી ॥ ૫ ॥
અત્યંજમુખસે બેદ નિકાલ્યો ટાર્યો દ્વિજમદ ગહરો ।
સેર ધાનમેં ગાંવ જિમાયો ધન ધન ગુરુ ધન ચેરો ।
ધન ગાણગાપુર સો । આધિવ્યાધિહર ઐસો ॥ ૬ ॥
રત્નાઇકો કુષ્ઠ મિટાયો તીરથભેદ[૧] દિખાયો ।
કર્મોપાસન જ્ઞાન સિખાયો ધર્મધ્વજ ફહરાયો ।
મૂગો સેસ ભયો । ગુનબરનનસે હાર્યો ॥ ૭ ॥
સરન ચરનમેં **રંગ** રાંક યહ ભયો દેખ મતવાલો ।
ફિરે બાવરો તવ ગુન ગાવત સુમિરન એક તિહારો ।
જય ગુરુ અવધૂતા । કયા મુઝકો અબ ચિન્તા ॥ ૮ ॥

**૬૧**

(રાગ-ભીમપિલાસ; તાલ-ત્રિતાલ)

રહી ન સુધબુધ તનકી સખીરી ! - ધ્રુ ૦
ગઇથી મૈં માહુરગઢ પે,
દત્ત દિગંબર દેખ્યો રી ! - રહી૦ ૧
વ્યાઘાંબર આસનમંડિત છબી
દેખી ભઇ મતવારી રી ! - રહી૦ ૨
વદનકાન્તિ દેખ વિધુ[૨] લાજત,
મુખ છુપાવત બિજલી રી ! - રહી૦ ૩
જટાજૂટ જૈસી આગીકી જ્વાલા,
ભઇ રાખ તનમનકી રી ! - રહી૦ ૪
કયા દેખ્યો કછુ કહ્યો ન જાવત,
એક **રંગ** બેમૂરત[૩] રી ! - રહી૦ ૫

---

૧. રહસ્ય ૨. ચંદ્ર ૩. નિરાકાર

## ૬૨

(રાગ-યમન કલ્યાણ, તાલ-કહેરવા)

(ગઝલની રાહ)

દિગંબર દત્ત યોગીશા, મળો ના બીજી ઉર આશા;
જજો સ્મરતાં તને શ્વાસા, વિનંતી એજ મારી છે. - ટેક.
હજો ઘર મ્હેલ વા ઝુંપડી, ભલે મેદાન વન [1]રૂખડી;
ત્યજું આ દેહ પદ પકડી, વિનંતી એજ મારી છે. ૧
સદા સત્ ચિત્ આનંદ, સ્મરૂં મન માંહ્ય ગોવિંદ;
રહો ના અન્ય ઉર છંદ, વિનંતી એજ મારી છે. ૨
મળો ખાવા ન વા આખર[2] ન ભૂલું કો દિં, દિગંબર;
ન માગું અન્ય કાંઇ વર, વિનંતી એજ મારી છે. ૩
ભલે છાટી કે લંગોટી, મળો ના ભસ્મની ગોટી;
ન દોલત કીર્તિ એ ખોટી, વિનંતી એજ મારી છે. ૪
ચિતા ભળભળ બળે જ્યારે' વિલોકું જ્યોતિ તુજ ત્યારે;
ડરું ના કોઇ દિન કાળે, વિનંતી એજ મારી છે. ૫
રહી લક્ષ્યે સદા તન્મય, રટું તુજ નામ અમૃતમય;
ફરું નિર્ભય બની ત્વન્મય, વિનંતી એજ મારી છે. ૬
પડ્યો આવી શરણ તારે, ન ખોવાનું કંઇ મારે;
ભલે મારે કે તું તારે, વિનંતી એજ મારી છે. ૭
સગાં વહાલાં કુટુંબીઓ, સુહૃન્મિત્રો કે શત્રુઓ;
રહો ના ભેદ તલ આવો, વિનંતી એજ મારી છે. ૮
સહુ રંગે તને દેખું, ચિદંબર રંગ આલેખું;
મળે ના **રંગ** જ્યાં એકુ ! વિનંતી એજ મારી છે. ૯

---

૧. ઝાડવું.

## ૬૩

(રાગ-કાફી; તાલ-કહેરવા)

દત્ત દત્ત બોલો, આનંદમસ્ત ડોલો ! - ટેક.

અનસૂયાનો જાયો, એ મોરે મન ભાયો,
દેખો ઉર મતવાલો ! -આનંદમસ્ત૦ ૧
ગૈયા કુક્કુર-સંગે, ઊભો અસંગ ઉમંગે;
મુનિમન-મોહનહારો ! -આનંદમસ્ત૦ ૨
કરમાં કુંડી[૧] માળા, શોભે ઝોળી મૃગછાલા;
ચલે ન માયા-ચાળો ! -આનંદમસ્ત૦ ૩
ઘર ઘર અલખ જગાવે, બોધે [૨]તિમિર મિટાવે;
[૩]નતજન-તારણહારો ! -આનંદમસ્ત૦ ૪
આપી નિજ પર-કાજે, [૪]દ-દ-દ ગંભીર ગાજે;
વિરલો **રંગ** નિહાળો ! -આનંદમસ્ત૦ ૫

## ૬૪

(રાગ-ભીમપિલાસ; તાલ-કહેરવા)

જેના દિલમાં દીનની[૫] દાઝ નથી,- ટેક.
એવા દુરિજનનું અહીં કામ નથી.
મુખથીજ સદા સાકર ઘોળી, કાગળ પર શાહી બધી ઢોળી;
ખાધા વિશ્વાસુજનો ફોલી, એવા મ્હોં-શૂરામાં રામ નથી !જેના૦૧
ગંગાદિક તીર્થોમાં ન્હાયા, ડાઘા દિલના ના કદી ધોયા;
દુખિયાનાં આંસુ ના લોહ્યાં, તેનું હરિ-પોથીમાં નામ નથી !જેના૦૨

---

૧. કમંડળ ૨. અજ્ઞાનાંધકાર ૩. શરણે આવેલાને તારનાર ૪. દમન, દયા, દાન. ૫. (i) ધર્મની (ii) ગરીબની.

મિષ્ટાન્ન નવાં નિત ઘેર ઊડે, ભૂખ્યાંને કણ ના દ્વાર મળે;
લેવા પર વિત્ત ઉરે ઉછળે,
તેને ઠરવાનું કંઇ ઠામ નથી !-જેના૦૩
જનતા-જાદવપતિ તરછોડયા, દર્શન કાજે મંદિર દોડયા;
પછડાતાં પડછાયે રોયા,
તેને ત્રિભુવનમાં વિશ્રામ નથી ! ! - જેના૦ ૪
[1]વાણી-વર્તન-વાકયે સમતા, નિરહંકૃતિ ના જેને મમતા;
વણ માગ્યે **રંગ** મળે પ્રભુતા,
એના સુખને ક્યાંય વિરામ નથી ! !-જેના૦ ૫

**૬૫**

(રાગ-ભીમપિલાસ; તાલ-કહેરવા)

જેને જ્ઞાન નિરામય[2] બૂટી જડી, તેને પરમારથની સૂઝ પડી.ટેક
ટીલાં-ટપકાં કરી જન્મ ગયો, તૂટી માળા, ના અર્થ સર્યો;
હરિનામ ગ્રહી ચરી જો વિસર્યો, સાધનમાં તેના ભૂલ નડી !!જેને૧
મ્હેલાતો કીધી ખડી મોટી, ખાધી બોળી ઘીમાં રોટી;
પરદ્રવ્ય તકાસે પરબેટી, જીવનમાં તેના ધૂળ પડી ! ! - જેને૦ ૨
વીત્યું યૌવન ખૂટી શક્તિ; વિણભાવ કરી લૂખી ભક્તિ;
તૂટી ના જો દેહાસક્તિ આખર તેને પરિતાપ-ઘડી ! ! - જેને૦ ૩
જગવી ધૂણી ધૂપાદિ કર્યા, દિવડા અંતરના ના પ્રજળ્યા;
ક્રોધદ્વેષાદિક જો ન ગળ્યા, ગબડયા અધવચ તૂટી તંગડી ! !-જેને૦૪
મનના અભિલાષ રહ્યા મનમાં, હાર્યા બાજી ભટકયા વનમાં;
ચેત્યા વેળાસર ના ક્ષણમાં, ભૂતાવળ **રંગ** પછાડી પડી !!-જેને૦૫

---

૧. (i) વાણી-મનથી વિચારાતી વાણી; વિચાર, વાકય-ઉચ્ચારાતી; બોલાતી વાણી, વિચાર ૨. રોગ ન થાય એવી, નિર્દોષ

## ૬૬

(રાગ-ભીમપિલાસ; તાલ-કહેરવા)

ભિક્ષા ૐ દે, મા પારવતી ! જેથી આત્મામાં થાય રતિ. - ટેક

વૈરાગ્ય-કફની ધરી હું આવ્યો, નિરહં-ખપ્પર કરમાં લાવ્યો;
રસશૂન્ય અમર રસ દે, મા ઓ !
જેથી વિષયે ન રમે કુમતિ. - ભિક્ષા૦ ૧

નિત નિત્ય નવું ખાવું દા ડે, સૂવું સમશાન મહીં કોડે;
ફરવું પેદલ, ન કદી ઘોડે;
હડધૂત બધે હું અવળ જતિ ! - ભિક્ષા૦ ૨

ના વસ્ત્ર દિગંબર હું ભટકું, માગું કોરાન્ન[1] કરી ખટકું;
થાએ સ્હામો તેને પટકું,
યમરાજ કરે આવી પ્રણતિ !! - ભિક્ષા૦ ૩

તારલિયા અંતરમાં વિલસે, ચાંદો અનિમેષ તિમિર ગ્રસે;
બસ એકજ **રંગ** સુદિવ્ય દિસે,
ભાસે સઘળે કૈલાસપતિ !! - ભિક્ષા૦ ૪

## ૬૭

(રાગ-જોગીઆ; તાલ-ત્રિતાલ)

અબ ન મોહે હરિમિલન બિન આસ ! - ધ્રુ ૦

લોગ ઠગારે મોહે ફંસાવત, રહું જગબીચ ઉદાસ ! અબ૦ ૧
કોઉ તો ધનકે કોઉ જોબનકે, કોઇ કીરતકે દાસ ! અબ૦ ૨
પાપ ન જોડું પૂનકો છોડું, દૌડું ગુરુપદ પાસ ! અબ૦ ૩
હરિ ગુરુ સંતન ભેદ મિટાઉં, અંતર હોત ઉજાસ ! અબ૦ ૪
જહેં વહેં સોહં એક ભરો હૈ, **રંગ** જૂઠ સબ ભાસ !! અબ૦ ૫

---

૧. (i) કોરું અન્ન; (ii) નિર્મળ, નિરંજન, નિર્વિકાર બ્રહ્મજ્ઞાન

## ૬૮

(રાગ-કાલિંગડો; તાલ-કહેરવા)

માઇ, મોરે આનંદ ઉર ન સમાય ! - ધ્રુ૦

અખિયાં જસ[1] અંધેકો પાવે, નિર્ધન લાલ કમાય ! મા૦ ૧

ખોયા થા સો મિલા અંગન મેં, મન ઉન્મન હો જાય ! મા૦ ૨

આપ ન દેખું ઔર ન દેખું, દર્શન દશ્ય સમાય ! મા૦ ૩

જિત જિત[2] દેખું ઉત[3] આનંદા, દ્વંદ્વ-તરંગ લપાય ! મા૦ ૪

જીના ટૂટા મરના ખૂટા, જમધર **રંગ** પૂજાય !! મા૦ ૫

## ૬૯

(રાગ-જોગીઆ, તાલ-ત્રિતાલ)

સુનેરી મૈંને હરિમુરલીકી તાન ! ધ્રુ૦

ઉસ મુરલીને મોહે જગાઇ, દૌરી સુનત હૈરાન ! સુનેરી૦ ૧

ઇત ઉત બાજે અનહદ ગાજે, ભરા મુરદોમેં પ્રાન ! સુનેરી૦ ૨

બાજ બજૈયા એક હિ કાના, જાન લિયો અનજાન ! સુનેરી૦ ૩

સુના સુનાના ગાના બજાના, ભૂલ ગઇ ગુલતાન ! સુનેરી૦ ૪

સાંસા ખૂટી આસા ટૂટી, સેવત **રંગ** મસાન !! સુનેરી૦ ૫

## ૭૦

(રાગ-ભીમપિલાસ; તાલ-કહેરવા)

આ કળિજુગમાં સહુ ઠોર નઠોર થયા જન પાખંડે પૂરા;

ત્યજી ધર્મ અધર્મ વિષે રમમાણ થયા જન દુષ્કર્મે શૂરા. - ટેક.

સાખી :- પુત્ર પિતાને નવ ગણે, ગણે ન સ્ત્રી ભરથાર;

વિધવા [4]શીલ ત્યજી ભમે, થયો લુપ્ત આચાર.

બદલાયું બીજ રહી ન પતીજ કરે સહુમનગમતા ચાળા. આ૦ ૧

---

૧. જેવી રીતે ૨. જ્યાં જ્યાં ૩. ત્યાં ૪. શિયળ; ચારિત્ર્ય

સાખી :- બ્રાહ્મણ લાડુભટ થયા, ક્ષત્રિય જૂઠાબોલ;
વૈશ્યો લોભી ધનહરા, થયા શૂદ્ર શિરજોર.
અવમાને શાસ્ત્ર, ગણે નવ વેદ, પુરાણ કહે સહુ ગોટાળા. આ૦ ૨
સાખી :- દેવો ડુંગરમાં ગયા, ગયા લપાઈ સંત;
ઢોંગી ધર્મગુરુ થયા, થયા નીચ મહંત;
મર્યાદા નામ જણાય નહિ, સ્વચ્છંદતણી બોલંબાલા ! આ૦ ૩
સાખી :- નીતિ નવાણમાં ગઈ, વધી અનીતિ ઘોર;
કોયલ તો મૂંગી રહી, કરે કાગડા શોર.
રાખણ હારો **રંગ** હવે અવધૂત, ન એ વિણ નિસ્તારા. આ૦ ૪

## ૭૧

(રાગ-ભૈરવી; તાલ-કહેરવા)

જપી લે હરિનું નામ રસાળ, સ્મરી લે સુંદર રૂપ વિશાળ,
જેથી નડે ન આ કલિકાળ.... ટેક.
શ્રીરામ જય રામ જય જય રામ ! (૨)
ગોપીવલ્લભ મેઘશ્યામ ! (૨)
એની લીલા અપરંપાર, ગાતાં કદિ ન આવે પાર
સુણતાં થાશે બેડો પાર .... જપી લે૦ ૧
એક ધનુર્ધારી કહેવાયો ! (૨)
બીજો મોરલીધર મન ભાયો ! (૨)
નાચે એ જ નચાવનહાર, મોહ્યાં સ્ત્રી મર્દ ને બાળ,
જગ-વૃંદાવનનો ગોવાળ .... જપી લે૦ ૨
એકે રાવણને સંહાર્યો ! (૨)
બીજે કંસ અઘાસુર માર્યો ! (૨)
એ છે એક જ તારણહાર, દુર્વૃત્તિ-દાનવ-સંહાર,
જેનો સઘળે જયજયકાર .... જપી લે૦ ૩

એકે બોર અજીઠાં ખાધાં ! (૨)
બીજાએ માખણ મહી પીધાં ! (૨)
તાર્યાં આહિર ભિલ્લ ચમાર, પાપી દીન પતિત ગમાર;
એ વિણ કો બીજો રખવાળ !.... જપી લે૦ ૪
નામ હજારો નામી એક ! (૨)
રૂપ કરોડો રૂપી એક ! (૨)
સઘળે એહજ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર,
અંધાને રવિનો શો ખ્યાલ ?.... જપી લે૦ ૫

## ૭૨

(રાગ-સારંગ; તાલ-કહેરવા)

આવો હરિજન હેતે રામને સંભારો !
રામને સંભારો, હેતે હરિને સંભારો ! - ટેક.
વિષયમાં નથી મઝા, અંતે યમ કરે સજા;
જાશો મરી સાજાતાજા ! રામને સંભારો !!- આવો૦૧
દુનિયાનો ખેલ કાચો, ક્ષણભંગુર નહીં સાચો;
રાચો હરિપદે નાચો ! રામને સંભારો !! આવો૦૨
મનના સંકલ્પો રોકી, મારું તારું કોરે મૂકી;
વૃત્તિ સ્વરૂપે રાખી, રામને સંભારો !! આવો૦૩
ભાવે ભજો ભવભંગા, એક અનેકે **રંગા;**
છોડી દુરિજન-સંગા, રામને સંભારો !! આવો૦૪

## ૭૩

(રાગ-ભૈરવી; તાલ-કહેરવા)

તું હું તું હું કોયલડી પોકાર ! હરિ હરિ રટના રે !!
તત્ત્વમસિ તંબૂરો બજાવ ! હરિ હરિ રટના રે !!- ટેક.

તન કેરી વાડીમાં મન કેરો આંબો ! (૨)
સૂરતાની ડાળ સોહાય !! હરિ હરિ૦ ૧
વસંત જોબનિયું ચાલ્યું જો વેગે ! (૨)
ઘડપણની ધજા દેખાય !! હરિ હરિ૦ ૨
તારે તે રંગે કાનુડો ભાળું ! (૨)
મીઠી મીઠી મોરલી સુણાવ !! હરિ હરિ૦ ૩
પવનને ઘોડલે ચઢી ચઢી દોડું ! (૨)
આભ બનાવું સખી કાન !! હરિ હરિ૦ ૪
શ્વાસા કોયલનો ગેબી તે ટહુકો !!
સુણતાં ન **રંગ** ઝલાય !! હરિ હરિ૦ ૫

૭૪

(રાગ-મિશ્ર પહાડી; તાલ-કહેરવા)

સંતો વેરાગી ! ખાઓ અવધૂતી ખીચડી. - ટેક.
નિરગુણ ચોખા ને સિરગુણ[૧] દાળ જી,
માંહે અદ્વૈત ઘૃત[૨] રેડી....સંતો વેરાગી૦ ૧
કરમનો ચૂલો ને ભગતીની લકડી,
માંહે જ્ઞાન અગન પ્રજવાળી....સંતો વેરાગી૦ ૨
બુદ્ધિનું પાત્ર ને વિરાગની પોતી[૩];
માંહે પ્રેમ વિશુદ્ધ જળ મેલી....સંતો વેરાગી૦ ૩
સત્ત્વનું જીરું ને રજસની હળદી,
તમસ-નિમકે લાગે મીઠી....સંતો વેરાગી૦ ૪
શાસ્ત્રોનું દહીં ને દ્વૈતનો પાપડ,
અનુભવ-અથાણે ખૂબ કીધી !....સંતો વેરાગી૦ ૫

---

૧. સગુણ ૨. ઘી ૩. કટેવાળો

તૃપ્તિનો ઓડકાર ઉન્મની નિદ્રા,
અહં-બ્રહ્મ-સમણે વૃત્તિ ઘેરી !!....સંતો વેરાગી૦ ૬
સંતો પધાર્યા ને હરિજન આવ્યા,
અવધૂતી મિજલસ **રંગ** ઊડી !!....સંતો વેરાગી૦ ૭

## ૭૫

(રાગ-ખમાજ; તાલ-દાદરા)

ગાજે અતિશે ઘેરો, અંતરનાદ અનેરો;
સુણે કો [૧]નાથચેરો, દાસાનુદાસ તેરો. - ટેક.
કરતાલ કૈંક બાજે, પડઘમ ઢોલ ગાજે;
બિનતાર બીન બાજે, ગંધર્વરાજ લાજે.- ગાજે૦ ૧
થંભાવે સૂર્ય રથને, લહરિ અનિલ[૨] ગતને;
કલ્લોલ અબ્ધિસ્વનને તારા નિજાત્મરવને.[૩]- ગાજે૦ ૨
[૪]હાઉ હૂહૂ રામે જ્યાં, સા રે ગ મ ગમે ના;
નાદે કો ચિત્ત ઠરે ના, શ્રોતવ્ય[૫] શેષ રે' ના.- ગાજે૦ ૩
દિવાનું મન આ નાચે, શૂન્યે સમાઇ રાચે;
પારે જે **રંગ** પ્રકાશે, મનવાક્[૬] બેઉ નાસે !- ગાજે૦ ૪

## ૭૬

(રાગ-માંડ; તાલ-કહેરવા)

ક્યા ખોજે અજ્ઞાના ? અવધૂ ! ક્યા ખોજે અજ્ઞાના ? - ટેક.
ઘોર અંધેરા ખોજનહારા દીપકજ્યોત જલાયા;
ખોજ ખોજ જુગ ચારિ ગંવાયા, મૂલ ન કોઉ પાયા ! અવધૂ૦૧
બાંધી હૈ જબ ગઠરી ગહરી, છૂટી [૭]લીરા ચારાં;
મોલી[૮] બોજ ઘણેરો સિરપે, છૂટી લકડી ચારાં અવધૂ૦૨

---

૧. સમર્થ ગુરુનો ચેલો ૨. પવન ૩. અવાજ ૪. સામ ને ગંધર્વગાન
૫. સાંભળવા યોગ્ય ૬. વાણી ૭. ચીથરા ૮. ભારી

સસાસીંગકા નાવ બનાયા, મૃગતૃષ્ણાપૂર બહાયા;
વંધ્યાસૂત વેપાર ચલાયા, ગગનકુસુમ ફલ પાયા. અવધૂ૦૩
જૂઠી માયા જૂઠી કાયા, જૂઠા સબ સંસારા;
એક નિરંજન સોઇ દુખભંજન, સબમેં ખેલનહારા ! અવધૂ૦૪
ઝંદાવેસ્તા[1] કુરાન દેખા, ઢુંઢા વેદ પુરાણા;
કરાર[2] કલમા કામ ન આયા, ખાલી મગજ ખવાયા ! અવધૂ૦૫
**રંગ** કૃપા ગુરુ ગોતા[3] માર્યા, અમુલખ મોતી પાયા;
અંદર બાહિર ચમક દિખાયા, ભાન આપ ભૂલાયા ! અવધૂ૦૬

## ૭૭

(રાગ-કાલિંગડો; તાલ-કહેરવા)
(તું તો રામ સુમર-એ રાહ)

મન છોડ દે કપટ, હરિપદ ભજ રે. - ટેક.
કલિમલતારક ભવભયહારક, શ્વાસ શ્વાસ મન એહિ રટ રે ! મ૦૧
એબ પરાઇ ક્યોં દેખત હૈ ? મૈલ ભર્યો નિજ ચિત્ત હરો રે મ૦૨
ઉપર તો બક હંસ બન્યો હૈ; ભીતર કામ હરામ ભરો રે ! મ૦૩
દો દિન કર લે ચમન દિવાલી; આખર હોલી **રંગ** જલે રે !! મ૦૪

## ૭૮

(રાગ-માંડ; તાલ-કહેરવા)
(ક્યાંથી આ સંભળાય-એ રાહ)

શૂન્યશિખર[4] પર ચઢી, નિહાળ્યો વીજળીનો ચમકાર !
સખી, મેં વીજળીનો ચમકાર !! - ટેક.

---

૧. પારસીઓનો મુખ્ય ધર્મગ્રંથ ૨. બાયબલ ૩. ડુબકી ૪. મસ્તકમાં રહેલું સહસ્રદળ કમળ; બ્રહ્મરંધ્ર. શરીરનાં નવ દ્વારની અપેક્ષાએ એને દશમું દ્વાર પણ કહે છે, કેમકે એમાંથી પ્રાણોત્ક્રમણ કરી યોગી બ્રહ્મલોકને પામે છે.

[1]ચપળા ના એ વાદળ ત્યાં ના, નૂર જ અપરંપાર ! સખી૦ ૧
ચંદા સૂરજ આતશ નાહીં, દીપક કોણ જ બાપ ! સખી૦ ૨
કાળો ધોળો રાતો નાહીં, એક અમાપ જ ભાસ[2] ! સખી૦ ૩
મનડું મોહ્યું ચિતડું ચોર્યું, દિલ આનંદ અપાર ! સખી૦ ૪
રંગ કૃપા ગુરુ રંગ[3] નિહાળ્યો, નિંદ ગંવાઇ રાત ! સખી૦ ૫

## ૭૯

(રાગ-મિશ્ર પહાડી; તાલ-કહેરવા)
(જમકા અજબ તડાકા બે-એ રાહ)

ગીતા અજબ પઢાયા રે, મુજકો ત્યાગી બનાયા રે ! - ટેક.
ગુરૂપસત્તિ[4] કફની પહેની, શ્રવણ અંગ ભભૂત;
મનન મોક્ષમહામંત્ર સિખાયો, નિદિધ્યાસ સિરમુંડ ! ગીતા૦ ૧
કર્મયોગકા દિયા કટોરા, ભક્તિયોગકી ભીખ;
જ્ઞાનયોગ કર દંડ ગહાયા,[5] વાહ ગુરુકી સિખ ! ગીતા૦ ૨
મન નિર્મળ આસન બૈઠાયા, [6]યમ નિયમોંકી દીખ;[7]
હૃદયકુંડમેં અગન જલાયા, કામ ક્રોધ બલિ દીધ ! ગીતા૦ ૩
રંગ અર્જુના મોહ મિટાયા, સારથિ શ્રીવ્રજરાજ;
રથ હાંક રણજુદ્ધ કરાયા, અંત દિલાયો રાજ ! ગીતા૦ ૪

---

૧. લૌકિક ક્ષણભંગુર વીજળી ૨. પ્રકાશ ૩. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ ૪. મોક્ષેચ્છાથી સદ્ગુરુને શરણ થવું તે ૫. ગ્રહણ કરાવ્યો ૬. યમ-અહિંસા, સત્ય, અસ્તેય (અચૌર્ય) બ્રહ્મચર્ય ને અપરિગ્રહ (દેહરક્ષાને માટે જોઇએ તે કરતાં વધારે ભોગસાધનોનો અસ્વીકાર). નિયમ-શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય (નિત્યપાઠ) ને ઇશ્વરપ્રણિધાન (ઇશ્વરભક્તિ) ૭. દીક્ષા

## ૮૦

(રાગ-મિશ્ર માંડ; તાલ-કહેરવા)

(માયામાં મનડું મોહ્યું રે-એ રાહ)

ડાચું શું દર્પણ દેખે રે, મૂરખ પ્રાણી !
જાશે એક દિન જમ ફાંસી રે, મૂરખ પ્રાણી ! - ટેક.
ગોરું ગુલાબી તારું મુખડું, હા ચાંદ જેવું;
ક્ષણમાં કરમાઇ જાશે રે ! - મૂરખ૦૧
મખમલ ગાલીચા ઢોળી, ચંદનની ખાટ મેલી;
જંગલમાં વસતી થાશે રે ! - મૂરખ૦૨
કાયા આ કોમળ તારી, ચાંદનીમાંયે કરમાતી;
[1]ચિતાનળ ભડભડ બળશે રે ! - મૂરખ૦૩
અંદર દુર્ગંધી મેલી, બાહિર ફૂલેલ સુગંધી;
પવિતર શું એ દંભી રે ? - મૂરખ૦૪
મૂકી સહુ માન અંધા, પાયે પડ સદ્‌ગુરુ **રંગા** !
[2]પનોતી પૂરી થાશે રે ! - મૂરખ૦૫

## ૮૧

દુનિયા આ મનનું મટકું રે, પામર પ્રાણી !
નિદ્રાનું મોહક સ્વપ્નું રે, પામર પ્રાણી ! - ટેક.
[3]મેં મેં કરતો હા ચાલ્યો, મૂરખ મેંઢો જો કેવો !
તારે પણ એક દિન જાવું રે, - પામર૦૧
આવ્યો તું ક્યાંથી જીવડા ? જાવું કે પંથ તિહારે ?
ભૂલ્યો હા અધવચ વાટે રે ! - પામર૦૨

---

૧. ચિતાનો અગ્નિ ૨. જન્મમરણની પનોતી ૩. મારું મારું, બકરાનું બોલવું

મૃગજળ દેખી હરખાયો, દોડીને મૃગ પસ્તાયો;
પાણીનું બુંદ ન પાયો રે ! - પામર૦ ૩
એકે 'કરી ભૃંગ' હણાયો, મૃગ મીન પતંગ ઝલાયો;
પાંચે સુખસમણું શાનું રે ?- પામર૦ ૪
આકાશકુસુમની માળા, પહેરી વંધ્યાસુત વે'વા;
મ્હાલ્યો જઈ મનને ઘોડે રે !- પામર૦ ૫
સંધ્યાના રંગ જેવા, સુખદુઃખ સંસારી તેવાં;
ભાવે ભજ હરિહર **રંગા** રે !- પામર૦ ૬

## ૮૨

(રાગ-મિશ્ર ખમાજ; તાલ-કહેરવા)

(ક્યાંથી આ સંભળાય-એ રાહ)

જે જાયું તે જાય, જગતમાં, જે જાયું તે જાય;
ફૂલ્યું તે કરમાય, જગતમાં, જે જાયું તે જાય- ટેક.
ઉદય થયો રવિ પ્રાતઃકાળે, જનમન સહુ હરખાય;
અસ્ત થતાં નભ માંહી નિશાએ, [4]તિમિર ઘોર છવાય !- જે૦ ૧
ચૌદ ચોકડી રાજ દશાનન,[5] સુરવર સેવા માંહ્ય,
કાળ કોપતાં રીંછ માંકડાં-હાય, હાય રગડાય !! - જે૦ ૨
હિરણ્યકશિપુ શિવવરદાને, અમર કરે નિજ કાય;
સ્તંભ ફાટતાં થરથર કંપે, ધૂળ ચાટતો થાય !! - જે૦ ૩
વર્ષાકાળે વારિ ઉછળે, નહેર નદી ઉભરાય;
જોતજોતામાં વારિપૂર એ, કો જાણે ક્યાં જાય !! - જે૦ ૪
કુસુમાકર[6] ખીલ્યો સુમ[7] શોભે, દિવ્ય સૂર સંભળાય;
એક દિન જૂનાં ઠૂંઠાં દેખી, અંતર અતિ ગભરાય !! - જે૦ ૫

---

૧. હાથી ૨. ભમરો ૩. માછલું ૪. અંધારું ૫. રાવણ ૬. વસંતઋતુ ૭. ફૂલ

ધનજોબનઅભિમાન નકામો, કાળ સર્વને ખાય;
રાય રંક સુરનરમુનિ કિન્નર, કોથી નવ છટકાય ! - જે૦ ૬
**રંગ** જ્ઞાન વિણ મોત ટળે ના, નિર્ભય કેમ થવાય ?
[૧]મોહમૃત્યુ એ સૂત્ર સનાતન, [૨]અનુભવથી જ તરાય !- જે૦ ૭

## ૮૩

(રાગ-તિલક કામોદ; તાલ-દીપચંદી)
(જંગલ વસાવ્યું રે જોગીએ-એ રાહ)

ફટ રે ભૂંડા આ શું કર્યું ? ઓળખ્યા નહિ અવિનાશીજી;
નાશી-ને વળગી દુઃખી થયો, દોડે મથુરાં ને કાશીજી. - ફટ૦ ૧
સકળ તીરથ તારા તન વિષે, ગંગા જમુના સરસ્વતીજી;
સાતે પુરી મોક્ષદાયિની, જાણો ગુરુગમથી વાતજી. - ફટ૦ ૨
વામ ઈડા ગંગા જાણવી, [૩]દક્ષ પિંગલા કાલિંદીજી;[૪]
[૫]મેરુદંડમાં સુષુમ્ણા વહે, શાસ્ત્ર ગંડકી પ્રમાણજી. - ફટ૦ ૩
વામ કર્ણે ગાંધારી વસે, વદે કાવેરી સંતજી;
દક્ષ હસ્તિની સિંધુ વહે, જાણો જોગ વિવેકજી. - ફટ૦ ૪
જીભ મહીં મા સરસ્વતી; વામ નેત્રે તે સુષાજી;
તામ્રપર્ણી એ જાણવી, જાણી કરવું સ્નાનજી. - ફટ૦ ૫
અલંબુષા ગોમતી સતી, વસે દક્ષિણ નેત્રજી;
કુહુ ગુદા વિષે નર્મદા, પતિતપાવન ક્ષેત્રજી. - ફટ૦ ૬
લિંગ મહીં બે નદી વસે, શંખિની વીર્યસવનજી;
મૂત્રવાહિની વારુણી, તાપી તાપદહનજી. - ફટ૦ ૭
પયસ્વિની સર્વ શરીરમાં, શીલ ઊર્મિ સોહાયજી;
તટ દયા દીપે દમ થકી, ન્હાયે મુક્ત થવાયજી. - ફટ૦ ૮

---

૧. આત્મસ્વરૂપનું વિસ્મરણ ૨. આત્માનુભવ ૩. જમણી ૪. જમના
૫. બરડાની કરોડ

સંયમસ્નાન સોહામણું, કાપે કોટિજન્મપાપજી;
જન્માતીત લક્ષ્ય એ લહે, માપે આતમ અમાપજી. - ફ૮૦ ૯
સ્નાનથી મેલ શરીરનો, મનનો ધ્યાનથી જાયજી;
ઉભય મેલ નાશ પામતાં, મુક્તિ કરતલ આપજી. - ફ૮૦ ૧૦
જોગસ્નાનની વાત એ, જાણે વિરલા સંતજી;
[1]કેવળ કુંભક એને વદે, [2]તુરીય પવન વિગતજી. - ફ૮૦ ૧૧
ન્હાયા તે તો નર [3]પરવાર્યા, બીજાં દેડકાં ન્હાયજી;
કોટિ કલ્પ વીતી ગયા, તોય ન મટી હાયજી !! - ફ૮૦ ૧૨
વિરલો સદ્‌ગુરુબાલકો,[4] પૂરણ પુણ્ય પ્રતાપજી;
ન્હાય આત્મનદી સાગરે, થાય તદ્રૂપ **રંગજી**. - ફ૮૦ ૧૩

## ૮૪

(રાગ-દેશ; તાલ-દાદરો)

(કમજાત રાણી પિંગલા-એ રાહ)

શું થયું જે રૂપ તારૂં જીવ ગયું ફરી ?-
શેઠ થઈને દાસ કેમ થાય ફરી ફરી ? ટેક.
સ્વતંત્ર રાજ વનતણો તું કેસરી[5] સહી;
મેષ ગોડ[6] મે મે કરત કાં મરે અહીં ?- શું૦ ૧
અક્ષયસુખનિધાન[7] તું, રાજરાજવી !
ભીખ માગતો ફરે કાં નિત નવી નવી ?- શું૦ ૨
કાળનોએ કાળ તું વિશાળ શ્રીપતિ,
ભાળ પાછું બ્હાલ આણી સ્વાન્તધીપતિ !- શું૦ ૩

---

૧. રેચકપૂરકથી રહિત કુંભક ૨. (પૂરક, કુંભક ને રેચક, એ ત્રણેની અપેક્ષાએ) ચોથો. ૩. સ્નાનથી કાયમના પરવાર્યા, જન્મ-મરણથી મુક્ત થયા ૪. ગુરુનિષ્ઠ સાધક ૫. સિંહ ૬. પેઠે, જેમ ૭. ભંડાર ૮. બુદ્ધિના નિયંતા

મોહસુરાપાનથી તું ભાન ગયો ભૂલી;
વિપ્રવંશી હાથથી બન્યો જઇ કુલી[1] !- શું૦ ૪
કોડી માટ ક્રોડ તેં કર્યા જતા [2]કપિ;
રામ મૂકી દામમાળ કોડથી જપી !- શું૦ ૫
મૂળ તરફ આવ **રંગ** ઘૂમવું મૂકી;
માન મૂરખ વેદવચન, જાણ ગુરુ થકી !- શું૦ ૬

## ૮૫

(રાગ-માંડ; તાલ-કહેરવા)

કહાં જાના નિરબાના, સાધો, કહાં જાના નિરબાના ? - ટેક.
આના જાના દેહધરમ હૈ, તું દેહી જુગજૂના;
ક્યા મતલબ દુનિયાસે પ્યારે ? મરઘટ અલખ જગાના.-સા.૦ ૧
રાતદિવસ સબ તેરી કરામત, તું ચંદા સુર સ્યાના;
ફૂંક મારકે સૃષ્ટિ ઉડાવત, પેદા કરત પુરાના.-સા.૦ ૨
ચૌદ માળકા મહલ પિયારે, છનમેં મિટ્ટી મિલાના;
ભસ્મ લગાકે બંભોલાસે, પુનિ પુનિ નૈન મિલાના.-સા.૦ ૩
અહં ખોપડી તોડી ખપ્પર કાલા હાથ ગહાના;
શૂન્ય શહરમેં ભીખ માંગ કર, નિજાનંદ રસ પાના.-સા.૦ ૪
પર્વત સંત્રી દેખો પ્યારે, નદીયન નાચ [3]સુહાના;
તરુવરમુજરા મોજ દેખકે, સોહં ડમરુ બજાના.-સા.૦ ૫
સુરત પ્રિયાસે **રંગ** જમાના, ભેદ ભરમ મિટાના;
[5]ખુદી ખોદ કે દેહ દફ્રાના, જીવન્મુક્ત કહાના.-સા.૦ ૬

---

૧. કોળી, હીન ૨. વાંદરા ૩. હોંશથી ૪. સુંદર ૫. અહંકાર

## ૮૬

(રાગ-માંડ; તાલ-કહેરવા)

મૈં દિવાની દિવાની, [૧]હક ઘરકી પ્યાસી;
ભટક ભટક જબ સબ જગ થાકી, આ બૈઠી કાસી[૨] !- ટેક.
પંચ કિસ્મકી મિટ્ટી મિલાઇ, કુટી બની અદ્દભુત,
[૩]પંચ મહલમેં ફિર ફિર થાકી, ઊઠી ભઇ જાગ્રત ! - મૈં૦ ૧
કફની પહેની [૪]ઇશ્ક હકીકી, અંગ બિરાગ[૫] ભભૂત;
સોઽહં બીણા કાંધે પકરી, બની બડી અબધૂત !! - મૈં૦ ૨
જ્ઞાનગંગામેં મલ મલ ન્હાઇ, અહં બહાયા મૈલ;[૬]
કાયા કંચન સોહન લાગી, અલખ દિખાયો ખેલ !! - મૈં૦ ૩
કામક્રોધકી ધૂની ધિખાઇ, શીત ભગા અજ્ઞાન;
[૭]લક્કડગ્રંથી ખાખ જલાઇ, ભઇ રોશની રાન !! - મૈં૦ ૪
આતમકાસી [૮]કાસન લાગી, વિશ્વનાથ સબ ઠૌર;
મૈં બૈરાગન **રંગ**[૯] દિવાની, પતા નહિ મુજ ઔર.! - મૈં૦ ૫

## (૮૭)

(અનુષ્ટુપ્)

હા અને ના તણી વચ્ચે, હૈયું આ ઝૂલતું હતું;
ઝૂલતાં ઝૂલતાં આજે, દિવ્ય પંથ મળ્યો ખરો ! - ૧
સજાયાની તીક્ષ્ણ ધારે, ચઢવું એ કવિઓ કથે;
ભીષ્મની બાણશય્યાએ, મૃદુ એથી હશે નકી ! - ૨
મરીને જીવવું એ છે, જીવતાં મૃત્યુ લાધવું;
જાગતાં ઊંઘવું એ તો; ઊંઘતાં જાગૃતિ તિહાં ! - ૩

---

૧. પરમાત્મા ૨. કાશી (આત્મસ્વરૂપ) ૩. પાંચ કોષ ૪. ઇશ્વરી પ્રેમ (Divine love) ૫. વૈરાગ્ય ૬. મેલ ૭. ચિદચિદ્ગ્રંથિ ૮. પ્રકાશવા લાગી ૯. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ

પડીને ચઢવું એ તો, ચઢતાં પડતી તિહાં;
રડીને હસવું એ તો, હસંતા આંસુઓ ઝરે ! - ૪
મૂકનું બોલવું એ તો, બધિરો સાંભળે મુદા;[૧]
પાંગળા નાચતા હરખે, આંધળા દેખતા મઝા ! - ૫
બાપજી મહેર તો કીધી, રાંકડો **રંગ** આ તર્યો;
તર્યો ડૂબ્યો મર્યો જીવ્યો, મૃત્યુનો સ્વાદ તો લહ્યો !! - ૬

## ૮૮

(રાગ-કાફી; તાલ-દીપચંદી)

(ગઝલની રાહ)

લખવું અને બકવું નકામું, હા ! વધ્યું અવળું બધે !
લખવા અને બકવા થકી; પ્રભુ ના મળે, પ્રભુ ના મળે !! - ટેક.
વાણીતણો ના વિષય એ, હા ! શેષ કુંઠિત જ્યાં થયો;
વેદો પુકારે માન મૂકી, નેતિ નેતિ સર્વથા ! - લખવું૦ ૧
અનન્તને એ [૨]સાન્ત વાણી, રીત શી વર્ણી શકે ?
માબાપની શાદી ખુશાલી, બાળ શું જાણી શકે ? - લખવું૦ ૨
હે પંડિતો ? સાચું કહો, શું મેળવ્યું પાંડિત્યથી ?
જૂઠું વદો તો આણ છે, શ્રીરામની રહેમાનની ! - લખવું૦ ૩
[૩]પંડા વડે પંડિત વદે, ના ચીજ પંડા શી લહી !
ઠંડા દિલે મિશ્રી[૪] બધી વેચી, ન ચાખી, હા જરી !! -લખવું૦ ૪
જ્ઞાની ખપ્યો પોથાં પઢી, ખોલો[૫] વહી ચંદન મૂવો !
માંહે ખજાનો જે ભર્યો હા ! અન્યને તે [૬]સાંપડયો !!!-લખવું૦ ૪
પોથાંતણો ના વિષય એ, ના તર્કની ત્યાં તો ગતિ;
[૭]આગમ-અગોચર પંથ એ, ગુરુગમ બધી ચાવી રહી !!!-લખવું૦ ૬

---

૧. આનંદથી ૨. અંતવાળી ૩. જીવબ્રહ્મની એકતાનું જ્ઞાન ૪. ખાંડ
૫. ગધેડો ૬. જડ્યો ૭. શાસ્ત્રથી ન જાણી શકાય એવો

[1]લઘુ અને સિદ્ધાન્તથી, જો અન્ત[2] હાંસલ ના થયો;
બાળી મૂકો સિદ્ધાંતને, એ પાણિની પડતો મૂકો ! - લખવું૦૭
સુણી સુણાવી [3]રામગાથા, ગર્થ કોટિ સંઘર્યો;
એ અયન[4] જો ના રામનું, પામ્યો વૃથા બોજો વહ્યો !-લખવું૦૮
પર્વો અઢારેનાં કીધાં, પારાયણો તેં [5]ભારતી;
જો [6]ભા વિષે ના રત થયો, તો જન્મ એળે રે ગયો ! -લખવું૦૯
વેદો પઢી બ્હેદાનીઅત[7], જો ના કીધી હાંસલ બધે;
વાણી થકાવી હા વૃથા ! આયુરસી[8] ટૂંકી કીધી !! - લખવું૦૧૦
ગીતા ઉકેલી ના સમી, ત્યાગી થયો જો ના જરી !
કૂદી કૂદી મૂવા કપિ, મોતી મળ્યાં ના [9]જળનિધિ !! - લખવું૦૧૧
ઉપનિષદ્ સારાં ઓચર્યો, પાસે ન બેઠો રામની !
જળ જળ કહી પ્યાસે મર્યો, પાણી ન પીધું કાં જરી ? -લખવું૦૧૨
**રંગ** પોથાં પુસ્તકો ફેંકી બધાં દરિયાવમાં;
મૂગો થઇ ડૂબી રહે, [10]સમુંદરે એ શાહના !- લખવું૦૧૩

## ૮૯

એક અલખ નિરંજન સબ જગ, ભૂચર ખેચર એક હિ બાસા,
બમ્મન ખતરી શૂદર ભંગી, મ્લેચ્છ [11]અનારજ એક હિ શ્વાસા;
પશુ પંછી અરુ કીટ પતંગા, જળથળ સબ જગ એકહિ દેવા,
સ્વર્ગભુવન અરુ સપ્ત પતાલા, ગિરિકંદર જંગલ નદી નાલા.- ૧

---

૧. લઘુકૌમુદી ૨. ધ્યેય; મોક્ષ ૩. રામાયણ ૪. સ્થાન (અહીંયાં) સ્વરૂપ ૫. મહાભારતનાં ૬. તેજ (આત્મતેજ) ૭. જીવબ્રહ્મની એકતા ૮. દોરી ૯. સમુદ્ર ૧૦. પરમાત્માનું સર્વવ્યાપી સ્વરૂપ ૧૧. અનાર્ય.

રામ કહે રહેમાન કહે કોઇ, [1]અઉર્મઝુદ કોઇ બુદ્ધ બખાના,
કૃષ્ણ કહે કાઇષ્ટ કહે કોઉ, જીન કહે કો પારસનાથા;
મહાદેવ કોઉ ગણપતિ દેવા, શક્તિ કાલિકા કો કર સેવા,
વસ્તુ એક કિન નામ અનન્તા, રૂપ મૃત્તિકા ઘટઘટ પેખા.- ૨
ઘટઘટ રમતા રામ રમૈયા રહેમ કરે રહેમાન કહેયા,
અંતર્દુખ અઉર્મઝ્દ મિટાવે, કર્ષત દુ:ખડા કૃષ્ણ કનૈયા;
જીત-ઇન્દ્રિય સો જીન કહેલાના, પ્રેમ પિલાવે પારસનાથા,
ઇશુ ઇશ્ક[2] અંતર પૂર બહાવે, કર્મ મિટાવે કાઇસ્ટ દાતા.- ૩
બુદ્ધિપ્રકાશ બુદ્ધ કહાવે, મહાદેવ સબ દેવનરાના,
કાલનિયામક કાલિ કહાવત, જનગણદેવા ગણપતિ માના;
વ્યાપક બ્રહ્મ મિટાવત ભ્રમકો, [3]શિવ કરે શંકર કહેલાના,
સક્કર મિશ્રી [4]ખંડ કહો કોઇ, સ્વાદ અનેરા એક બખાના.- ૪
ગહના[5] ઘાટ અનેક દિખાવે, અંદર કંચન એક હિ જાના,
ઇસવિધ આતમ સબ જગ વ્યાપ્યો, સબ કોઇ કહે અપને મનભાના;
[6]પેડ અનેક ભીતર રસ એકા, [7]સાહેબ એકહિ રૂપ અનેકા,
નામરૂપ સબ છોડ નિકમ્મા, અંદર પેખત **રંગ** રમૈયા !- ૫

## ૯૦

(રાગ-પીલુ; તાલ-કહેરવા)

તપસી, છોડ દિયા સંસાર !
જૈસી [8]સૂકર વિષ્ઠા ભાઇ,
તૈસો ભવસુખ મુજ મન આઇ,
દત્તદિગંબર મન લુભાઇ !- તપસી૦ ૧

---

૧. પારસીઓ પોતાના ઇષ્ટદેવને એ નામે ઓળખે છે ૨. સર્વાત્મભાવ; પ્રેમ ૩. કલ્યાણ ૪. ખાંડ ૫. ઘરેણાં ૬. ઝાડ ૭. પરમાત્મા ૮. સૂવર.

લોકલાજ સબ છોડ પરાઇ,
તાર મંજીરા ખૂબ બજાઇ,
નંગી હોકર જગ ફિર આઇ !- તપસી૦ ૨

સગા સહોદર મન ન ભાઇ,
સાધુકી સંગત ચિત્ત ચુરાઇ,
ખાનપાન મન સબ બિસરાઇ !- તપસી૦ ૩

ધન દોલત સબ મિટ્ટી મનાઇ,
હાડચામ યહ કછુ ન ભાઇ,
નામ નિકમ્મા મોહ ત્યજાઇ !- તપસી૦ ૪

[1]સૂરતનૂરતકી ગોલી ચલાઇ,
[2]બંકનાલ ગઢ અગમ જીતાઇ,
અલખ નિરંજન તંબુ તનાઇ !- તપસી૦ ૫

મનમક્કાકી હજ કરાઇ,
સંતબચન ઝમઝમ[3] પિલાઇ,
[4]પિયા-ગલ-કાબા ખૂબ ચૂમાઇ !-તપસી૦૬

---

૧. વિજાતીય (દેહાદિવિષયક) વૃત્તિઓના તિરસ્કારપૂર્વક સજાતીય (જીવબ્રહ્મૈક્યતાવિષયક) વૃત્તિઓનો અખંડ એકધારો પ્રવાહ ૨. વાંકી નેળ; ત્રિકુટીની ઉપરનો સુષુમ્ણાનો વક્ર (વિષમ) માર્ગ જ્યાંથી સુરતી ઉપર બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે. ૩. કાશીની જ્ઞાનવાપીની માફક મુસલમાનોમાં પવિત્ર મનાતો મક્કાનો એક કૂવો; જેના જળનું આચમન કરવાથી યાત્રિકો પોતાને પાવન થયેલા માને છે. ૪. પ્રાણપતિ પરમેશ્વરના ગાલરૂપી કાબા (મક્કાની મસ્જીદનો એક પત્થર છે. જેનું યાત્રિકો પવિત્ર પ્રેમભાવથી ચુંબન કરે છે અને જે યાત્રિકોનાં પાપ હરણ કરી કરીને અત્યારે કાળો થયેલો છે.) અહીંયાં નિસર્ગમાં પ્રતિબિંબિત થયેલા પરમાત્માના સૌન્દર્યને ગાલની ઉપમા આપી છે અને તેજ જ્ઞાનીઓનો કાબા છે; અને સર્વત્ર એ સૌંદર્યનો સાક્ષાત્કાર કરવો, એજ કાબાનું ચુંબન છે.

પશુ પંછી સબ એક સમાઇ, નર નારી કછુ ભેદ ન પાઇ,
એક અલખ સબ નજરોં આઇ !- તપસી૦ ૭
**રંગ** દિવાના ફિર ફિર ગાઇ, સોઽહં સોઽહં બેણુ બજાઇ,
વૃત્તિ-ગોપીકા વ્રજ નચવાઇ !- તપસી૦ ૮

## ૯૧

(રાગ-ભૈરવ; તાલ-ત્રિતાલ)

હમારા અસ્થાન મરઘટઘાટ - ટેક.
મડાં જલે જહાં દિનરૈનાં સબ, પ્રેમઅગનમસ્તાન ! - હમારા૦ ૧
[1]ખુદીપતિકા પ્રેત જલાકર, [2]કુઇ સતી ભઇ નાર !-હમારા૦ ૨
દુઃખ દુગ્ધા સબ રોને લાગે, માતપિતા [3]અવસાન !- હમારા૦ ૩
પંચભૂતકા નાચ તમાસા, પચીસ દેખનહાર ! - હમારા૦ ૪
[4]વાસનકૂતરભસન લગે તબ, ભાગે શ્યાળ[5] તમ[6] સાથ !હમારા૦૫
રંગરંગકા ધૂમ ધડાકા, દેખત **રંગ** [7]નિવાત !-હમારા૦ ૬

## ૯૨

(રાગ-ભૈરવી; તાલ-કહેરવા)
(રામનામ તું ભજ લે પ્યારે-એ રાહ)

વાહ ફકીરી ! કૌન અમીરી ? દાસી તેરે ચરણોમેં;
રાજા રંક જમીનદાર સબ, ચાકર તેરી નઝરુંમેં !- ટેક.
કોઇ દિન ખાવે માલમલીદા, કોઇ દિન ફક્કમફક્કા હૈ;
કોઇ દિન ચાવલ ચના ચબીના, કોઇ દિન અકક ધૂતરા હૈ ! વાહ૦૧
કદિ તો પહને જરિયન જામા, કોઇદિન સિર્ફ લંગોટી હૈ;
કોઇ દિન ચોળે રાખ ભભૂતિ, કોઇ દિન કાયા નંગી હૈ ! વાહ૦૨

---

૧. અહંકારરૂપી પતિ ૨. ક્રેત ૩. મોત ૪. વિષયવાસનાઓરૂપી કૂતરાં ૫. અનાત્માકાર વૃત્તિઓરૂપી શિયાળ ૬. અજ્ઞાનરૂપી અંધકાર ૭. નિર્ભયતાથી; નિર્વિકારપણે.

કોઇ દિન બૈઠે મહુલ ઝરોખા, કોઇ દિન મરઘટ[1] સોતે હૈં;
કોઇ દિન શાહુર વજીફા વાડી, કોઇ દિન જંગલ ઝાડી હે ! વાહ૦ ૩
કોઇ દિન ઘોડા મોટરગાડી, કોઇ દિન પેદલ સ્વારી હૈ;
કોઇ દિન પાંવ દબાવત દાસી, કોઇ દિન સોજા ભારી હૈ ! વાહ૦ ૪
કોઇ દિન ઊડતા અબીલ-ગુલાલા, અત્તર ફુલેલ સુગંધી હૈ;
કોઇ દિન ધૂમાધૂળ ધડાકા, સિર પર જૂવાં ખેલત હૈ ! વાહ૦ ૫
કોઇ દિન પંડત મંડત[2] સારે, કોઇ દિન કુરિજન દંડત હૈં;
કોઇ દિન ગાવતનાચત નંગે, કોઇ દિનદુ:ખદરિયાવ ડૂબે ! વાહ૦ ૬
કોઇ દિન શાસ્તર સુખસંવાદા, કોઇ દિન મૂરખ મૂક રહે;
બાહિર **રંગ**[3] અનેક ધરે કિન,[4] અંદર દેખત એકહિ હૈ ! વાહ૦ ૭

## ૯૩

(રાગ-ભીમપિલાસ; રાગ-ત્રિતાલ)
(સબસે ઊંચી પ્રેમસગાઇ-એ રાહ)

સતસે નાહીં ચીજ પરાઇ;
જહાં દેખો વહાં આપુ સમાઇ, રૂપ અરૂપ દિખાઇ- ટેક.
એક નૂર વિધુ[5] સુર[6] પ્રકાશ્યો, મૃગજલકિરણ એહિ;
સપ્તરંગ ધનુ આપ દિખાયો, અંત આપુ સમાઇ - સતસે૦ ૧
એક બુંદ નખ શિખ તન વ્યાપ્યો, હડ્ડી ચામ સબ એહિ;
પત્તિ ફૂલ ફલ શાખનમાંહી, એક [7]પેડરસ સમાઇ- સતસે૦ ૨
જલતરંગ અરુ ફેન બુદ્દ્બુદા,[8] બરફન શીકર[9] સોઇ;
એક મૃત્તિકા ઘાટ ઘડાયો, ઘટકટોરી કહાઇ.- સતસે૦ ૩
એક તંતુ પટ સબ બિખરાયો, વિધવિધ રૂપ દિખાઇ;
અશ્વસ્વારછવિ ભિન્ન દિખાયો, [10]અંત **રંગ**[11] સમુઝાઇ.-સતસે૦ ૪

---

૧. સ્મશાન ૨. પૂજે; માન આપે ૩. વેષ, ઢંગ ૪. લેકિન, પણ ૫. ચંદ્ર ૬. સૂરજ ૭. ઝાડ ૮. પરપોટા ૯. પાણીનાં ફોરાં ૧૦. છેવટે ૧૧. રહસ્ય

## ૯૪

(રાગ-માંડ; તાલ-દાદરો)

[1]બાલમ આજો મારે દેશ મારો જોબન બીથો જાય !- ટેક.
રાત અકારી નેન ન મીંચે, પલક પલક જુગ જાય;
સુની સેજડી આંસુભીની લોક વગોવે હાય !- મારો૦ ૧
[2]કુસુમાકર કેસુડે ફૂલ્યો, ભર પીચકારી માર;
સમી સાહેલી હોરી ખેલે, એકલડી હું નાર !- મારો૦ ૨
ઘર ઘર હોળી કાષ્ઠ જલાવે, મનહોળી તન ખાખ;
પ્રેમભભૂતિ ચોળી અંગે, પિયુ પિયુ ફેરું માળ !- મારો૦ ૩
**રંગ** ગુલાબી ચિબુક[3] સૂકાયો, શિર પર જટા સુહાય;
અંગભભૂતિ દેખી પેલો, અનંગ[4] દિલ હરખાય !- મારો૦ ૪
હૃદયકમળની સેજ બિછાવી, સોહં પંખો હાથ;
વાસનવસ્ત્ર[5] ફગાવી વાલમ, વાટ જોઉં દિનરાત !- મારો૦ ૫

## ૯૫

(રાગ-સારંગ; તાલ-કહેરવા)

(સામરે અજહુ ન આયો-એ રાહ)

ઘનઘોર વ્યોમ[6] અજ છાયો,[7] નભમેં સુરધનુ[8] ખીંચવાયો. - ટેક.
નીલકંઠ[9] મન મોદ[10] ન માયો, થેઇ થેઇ નાચ નચાયો;
બનપંછી મલ્હાર ગવાયો, બિરહી મન ઘબડાયો;
પિયાસે નેહ લગાયો ! - ઘનઘોર૦ ૧

---

૧. આ ભક્તિશૃંગારરસના ભજનમાં પત્નીની પતિમિલન માટેની વ્યાકુળતાના રૂપકથી ભકતની પરમાત્મપ્રાપ્તિ માટેની વ્યાકુળતાનું વર્ણન કર્યું છે. આગળ કેટલીક ગરબીઓ અને ભજનોમાં પણ આજ રૂપક છે. ૨. વસંતઋતુ ૩. ગાલ ૪. કામદેવ ૫. વાસનાઓરૂપી વસ્ત્ર ૬. આકાશ ૭. આજે ૮. મેઘધનુષ ૯. મોર ૧૦. આનંદ

ઉલ્લે તટ ગંગા પલ્લે તટ જમુના, બીચમેં ગોકુલ આયો;
આતમ-કા`ન સંગ વૃત્તિ-ગોપીકા` મનહર રાસ રચાયો;
સુરવરગણ[1] દેખન ધાયો ! - ઘનઘોર૦ ૨
મન-બૃંદાબન મોહન નાચત રવિ વિધુ[2] રથ થંભાયો;
સોહં બંસી મધુર બજાવત, કાલીય-કામ હરાયો;
શૂન્ય સમુંદર ધાયો ! - ઘનઘોર૦ ૩
મેંડક[3] મછલી શબ્દ સુનાયો, [4]પિકમુખ મૌન ધરાયો;
અબધૂ અંગ ધૂલ ફુઇંકી પુનિપુનિ[5] ગગન ઉડાયો;
બાલક-સો મન ભાયો ! - ઘનઘોર૦ ૪
[6]મુનિ [7]ઉન્મની મોજ મન માન્યો, સુંદરશ્યામ દિખાયો;
[8]અંધપ્રકાશ પરમ જગ છાયો, **રંગ** [9]તમિસ્રા ટાર્યો;
ભવકો ભરમ મિટાયો ! - ઘનઘોર૦ ૫

૬૬

(રાગ-ભૈરવી; તાલ-ત્રિતાલ)

(દેવળ દેખ લો-એ એકતારાની ધૂન)

(સંસ્કૃત શ્લોકને આધારે)

અવધૂત દેખ લો,
જેથી જન્મમરણ મિટ જાય રે.
**અ**ક્ષર જે અવિનાશી સઘળે, જડ ચેતન ભરપૂર;
સર્વશ્રેષ્ઠ **વ**રેણ્ય કહાવે, સભર ભર્યું એક નૂર. - અ૦ ૧

---

૧. દેવસમૂહ ૨. ચંદ્ર ૩. દેડકો ૪. કોયલ ૫. ફરી ફરી ૬. જ્ઞાની; અવધૂત ૭. મનની સંકલ્પવિકલ્પ રહિત સ્થિતિ ૮. ઇન્દ્રિયોને અગોચર એવો સ્વરૂપપ્રકાશ ૯. રાત્રિ (મોહરૂપી)

ધૂત તિરસ્કૃત સંસૃતિબંધન, અલખનિરંજન દેવ;
તત્ત્વમસિ પદ લક્ષ્ય, ધરે કિન ભક્તન કારણ દેહ. - અ૦ ૨
આશાપાશ ન સ્પર્શે જેને, આદિ અંત નહિ મેલ;
નિજાનંદમાં મસ્ત ફરે જે, [૧]ચેલ કુચેલ[૨] ધરેલ. - અ૦ ૩
વાસનાનો લેશ ન જેને, વાણી સદા નિર્દોષ;
ભાવિભૂતની ચિંતા નાહીં, વર્તમાન સંતોષ. - અ૦ ૪
દેહતણું નવ ભાન જરાયે, ધૂલિધૂસર[૩] અંગ;
ધ્યાનધારણાવર્જિત નિર્મલ, નિત્ય, સમાધિ - અભંગ. - અ૦ ૫
ખાનપાનની ચિંતા નાહીં, ચિંતન તત્ત્વ અલેખ;
અહંકાર તમ ચેષ્ટા નાહીં, વિરલો જોગીભેખ. - અ૦ ૬
સુર નર મુનિજન વંદે જેને, મૂઢ કરે હડધૂત;
સ્વાર્પણથી જે દત્ત કહાવે, **રંગ** એહ અવધૂત ! - અ૦ ૭
શ્વાન સુરભિ[૪] સમદૃષ્ટિ દેખે, ઊંચનીચ નહિ ભેદ;
[૫]સ્વૈર-સમાધિ બૂઝે તેને **રંગ** રહે ક્યાં ખેદ ? - અ૦ ૮

## ૯૭

(રાગ-માંડ; તાલ-કહેરવા)

હું ભિખારી ભિખારી, ગુરુઘરની દાસી;
ચોરાશી ઘર ભિક્ષા માગી, તોયે રહી ઉપવાસી. - ટેક.
પાંચ પચીસ બત્તીસ ગલી ભટકી, લીધાં [૬]રથ્યાચીર;
નિર્ગુણ કંથા કાંધે પહેરી, બની ભિક્ષુણી ધીર ! - હું૦ ૧
[૭]અહં-ખાખ તન રાખ લગાવી, હાથ લીધો [૮]પંચપાત્ર;
કોહં કોહં કરતી ચાલી, સોહં મળિયો સાથ ! - હું૦ ૨

---

૧. સારું વસ્ત્ર ૨. ફાટ્યું તૂટ્યું વસ્ત્ર ૩. ધૂળથી ખરડાયેલું ૪. ગાય ૫. ફાવે તેવા વર્તન અથવા સ્થિતિમાં મનની અભંગ બ્રહ્માત્વભાવે સ્થિતિ ૬. રસ્તાનાં ચીથરાં ૭. અહંકાર બાળીને બનાવેલી ભભૂતિ ૮. કમંડળ અથવા ભિક્ષાપાત્ર.

પંચ પકવાને ભરી કાવડી, ફિર ફિર ખાલી આપ;
પુણ્ય પાવડી ખટખટ ચાલી, ફિર ફિર ઊડી આભ ! - હું૦ ૩
[1]કામ-કેશ શિર જટા ચઢાવી, વિરતિ[2] વરસ્સ સાર;
પાપપુણ્યની ગઠરી ગહરી[3] છોડી ગુરુદરબાર ! - હું૦ ૪
ગંગા જમુના સરસ્વતી ન્હાઇ, કીધાં અડસઠ ધામ;
અલખ ખલક સબ નજરોં આઇ, આઠોં દિશ વિશ્રામ ! - હું૦ ૫
અલખ નિરંજન ભવદુ:ખભંજન, જ્યાં દેખું ત્યાં રામ;
દર્શન પાઇ સૂરત ગંવાઇ, સઘળાં સરિયાં કામ ! - હું૦ ૬
જ્ઞાનોચ્છિષ્ટે ભરી પેટડી, શૂન્યસુધા જલપાન;
ભઇ મસ્ત મૈં **રંગ** દિવાની, ક્યા પરવાહ જગ આન ? - હું૦ ૭

## ૯૮

(રાગ-તિલક કામોદ, તાલ-દીપચંદી)

આવો જો સંતો તો વાતો બે કરીએ, દિલ દુખડાં વિસરીએ રે-ટેક.
કામાદિ બાળીને ધૂણી ધીખવીએ,
અવધૂત ધૂન ગજવીએ રે - આવો૦ ૧
જ્ઞાનગંગા નિત સ્નાન કરીને, આતમદેવ રીઝવીએ રે -આવો૦ ૨
સતનું તે ગોપીચંદન કરીએ, મૌનની માળા જપીએ રે-આવો૦ ૩
ઝેરવેરની હોળી કરીને, પ્રેમ પીચકારી રમીએ રે - આવો૦ ૪
દ્વૈતની ધૂલિ ધૂળેટી રમીએ, ફાગણ **રંગ** રેલવીએ રે !-આવો૦ ૫

## ૯૯

(રાગ-દેશ, તાલ-કહેરવા)

મન મૂરખ નાદાન અતિશે, શી રીતે સમજાવું રે !
[4]પારદ હોયે રસથી બાંધું, દ્વિરદ[5] અંકુશે ખાળું રે !- ટેક.

---

૧. કામનાઓ ૨. વૈરાગ્ય ૩. ભારે ૪. પારો ૫. હાથી

સાંઢ નાથ ખેંચી સમજાવું, મૃગ નાદે લોભાવું રે;
[1]ફણિવર મંત્રે મોહ પમાડું, [2]વૃશ્ચિક ડંખ ઉડાવું રે.- મન૦ ૧
પવન બંકગઢ કેદ કરાવું, સુરતસાંડસે બાંધુ રે;
ભૂત ભૂલો થઇ નાચ નચાવું, આખર અધવચ કાઢું રે.- મન૦ ૨
બાળક મિષ્ટ ખવાડું પ્રેમે, યુક્તિપ્રયુક્તિ લગાવું રે;
સમજે તો સોવિધ સમજાવું, આડે ગાલ સૂજાવું રે.- મન૦ ૩
ભજનકેફથી સાન ભૂલાવું, વિધવિધ **રંગ** રમાડું રે;
મારી અમર મોક્ષપદ આપું, આવાગમન મટાડું રે !- મન૦ ૪

## ૧૦૦

(રાગ-ભૈરવ: તાલ-કહેરવા)

એક અગોચર બ્રહ્મ પ્રકાશે, ઘટઘટમાં અવિનાશીજી;
સત્ય નિરંજન નિષ્ક્રિય નિર્મલ, એ વિણ સર્વ વિનાશીજી. - ટેક.
કર્ણ વિના સહુ શબ્દ સુણે જે, નેન વિના જગ ભાળેજી,
એ જાણ્યા વિણ સુખ નવ પામે, મૂરખ મન કો કાળેજી-એક૦૧
છોડી તંદુલ તુષને વળગે, તૃપ્તિ તે કેમ થાશેજી ?
ચેતન છોડી જડને ભજતાં, ભવભીતિ કયમ જાશેજી ? -એક૦ ૨
મન બુદ્ધિ છે ચાકર જેના, કરતા હરિહર સેવાજી,
તે વિશ્વંભર નયને નીરખે, આપ દિગંબર દેવાજી ! - એક૦ ૩
પઢતાં પઢતાં પંડિત પડીયા, સુખ પામ્યા સત્સંગીજી ?
અંગવસ્ત્ર **રંગે** રંગાશ, રાજ કરે દિલરંગીજી !! - એક૦ ૪
સિંચત સિંચત માળી મરતા, સુખ પામે [3]ભોરંગાજી;
ન્હાતાં ન્હાતાં મરે દેડકાં, મન ચંગા ઘટ ગંગાજી !! - એક૦ ૫
ગુરુગમ કુંચી દ્વાર બંધ છે, તાળું વિરલો ખોલેજી;
ધન દાટયું મંદિર-શિખરે, પણ હાથ ન આવે કોર્યેજી !-એક૦ ૬

---

૧. નાગ ૨. વીંછી ૩. ભોરંગ એટલે ભમરો

## ૧૦૧

(રાગ-આસા માંડ; તાલ-કહેરવા)

કક્કો કહું છું ધ્યાન દઇ સહુ સાંભળો; - ટેક.
કક્કા કર્મ તણી છે વસમી વાટડી,
વાવે તેવું પામે સહુ કો જગત જો;
કૂડાં કર્મ તણું ફળ કૂડું છે નકી,
રૂડાં કર્મ તણું ફળ રૂડું જાણજો- કક્કો૦ ૧
ખખ્ખા ખાખર ખિલ્લી સાકર શું લહે ?
ખેલાડીની લીલા બંદર [1]બાંડ જો ?
[2]ખલ્ક બિચારી [3]અલખ નિરંજન શું લહે ?
ખાળજળે ગંગાજળ માની ન્હાય જો !- કક્કો૦ ૨
ગગ્ગા, ગુરુગમ મારગ છે અતિ દોહ્યલો,
પોથાં થોથાં તર્કતણું નહિ કામ જો;
મસ્તક મૂકી પ્રેમ અગન શરૂઆત જો,
ચઢવું અવઘટ ઘાટે પંથ બિહામણો- કક્કો૦ ૩
ઘઘ્ઘા, ઘટઘટ વ્યાપ્યો આતમરામ રી,
એ વિણ નાહીં જળથળ ઠાલો ઠામ જો;
ઘાટ અનેરા ધાતુ નિર્મળ એક જો;
નામ અનેક વસ્તુ સાકર મીઠડી - કક્કો૦ ૪
ચચ્ચા, ચંચળ મનડું નિશદિન નાચતું,
રામતણે ખુંટલડે તાણી બાંધ જો;
પ્રીતિ ચંદ્રચકોર પ્રભુ શું રાખ તું,
બેડો થાશે જન્મમરણનો પાર જો.- કક્કો૦ ૫

---

૧. બાંડો, અકકલરૂપી પૂંછડીથી રહિત૨. દુનિયા ૩. લક્ષણાતીત

છછછા, છત્રીસ વાજાં વાગે સુણ જો,
નાદ ન માયે મીઠો અંતરઆભમાં;
[1]કાન ફેરવી સાંભળશે જન જેહ જો,
[2]આપો ભૂલી આપ સમાશે રામમાં.- કક્કો૦ ૬
જજ્જા, જનમ જરા ભય માથે રે ભમે,
સ્થાવર જંગમ સરવ તેહનો હાથ જો;
જાપ અજંપા જાણી જે જન રે જપે,
ભવભયદુખડાં તેનાં નાસે આપ જો- કક્કો૦ ૭
ઝઝ્ઝા, ઝભ્ભો જીર્ણ થતાં જન તે ત્યજે,
હરખઉમંગે બીજો ધારે દેહ જો,
જીર્ણ શરીરો મૂકી જીવડો અન્ય જો,
ધારે તેમાં દુઃખ શાનું તું રે કરે ?- કક્કો૦ ૮
ટટ્ટા ટટ્ટુ દેહ, આતમા સ્વાર જો;
મન માને ત્યમ ફેરવતો જગબાગમાં;
થાકી જાતાં અન્ય પલાણે અશ્વ જો,
પંથ કાપતો જાય અગમદરબારમાં.- કક્કો૦ ૯
ઠઠ્ઠા, ઠાકુર એક જગતનો રામ રી,
એ વિણ નાહીં અન્ય થળે વિશ્રામ જો;
[3]પાંચ પચીસ ઠગ લૂંટી અધવચ વાટ રી,
અંત સમે દેતા સહુને એ છેહ[4] જો.- કક્કો૦ ૧૦

---

૧. વૃત્તિ અંતર્મુખ કરી ૨. અહંકાર, દેહાત્મબુદ્ધિ ૩. પૃથ્વી, આપ, તેજ વાયુ ને આકાશ, એ પાંચ તત્ત્વો, અને તે દરેકનાં પાંચ પાંચ મળી પચ્ચીસ ગુણ, એ બધા પોતાનામાં આત્મબુદ્ધિ કરાવી જીવાત્માનું સ્વાત્મધન લૂંટી લે છે; તેથી તેમને ઠગ કહ્યા છે. ૪. દગો.

ડડ્ડા. ડાકુ કામક્રોધને માર જો,
એકા રોકી સ્વર્ગતણી એ વાટડી;
માયાડાકણ વળગી ડોકે દેખ જો,
મારગમાં [1]સેતાનતણી છે હાટડી.- કક્કો૦ ૧૧
ઢઢ્ઢા. ઢમઢમ ઢોલ ગગનમાં વાગતું,
જાગ ઊઠ ગુરુ સાથ અગમગઢ પહોંચ જો;
રાખ સત્ય તરવાર, શીલની ઢાલ તું,
મારી મનમાતંગ,[2] વેગથી દોડ જો.- કક્કો૦ ૧૨
તત્તા. ચોદિશ [3]તિમિર છવાયું અંધ હા !
સોહંભાવ પ્રજવાળ જ્ઞાનનો દીપ જો;
પ્રેમભક્તિ દીવેલ પૂરી [4]હૃદપાત્રમાં,
નિષ્કામ કર્મ મૂકુ હથ્થ[5] વાટ સંકોર જો !- કક્કો૦ ૧૩
થથ્થા. સ્થાવર જંગમ સઘળે એ હરિ,
પથ્થર પાણી પશુપંખી સહુ ઠામ જો;
લીલા એની અકળિત અપરંપાર રી,
વિણ થંભે લટકાવ્યું અધર આકાશ જો !- કક્કો૦ ૧૪
દદ્દા. દાન દયા દમ[6] દૈવી સંપદા,
પુણ્યપંથનું એહ રુચિર[7] પાથેય[8] જો;
દંભ, દ્વેષ ને દર્પ[9] દેહગુણ છે બધા,
જે રાખે તે નરકતણા અધિકારી જો.- કક્કો૦ ૧૫
ધધ્ધા. ધર્મતણો મારગ છે અતિ દોહ્યલો,
ડગલે ડગલે દુર્ગમ ડુંગર દેખ જો;

---

૧. લોભસેતાન ૨. હાથી ૩. અંધકાર ૪. અંતઃકરણરૂપી કોડિયામાં
૫. હાથ ૬. ઇન્દ્રિયનિગ્રહ ૭. સુંદર ૮. ભાતું ૯. ગુમાન.

હૈડે રાખી હામ મુખે હરિનામ લો,
ચઢવું રોકી શ્વાસ અચળગઢ આપ[1] જો.- કક્કો૦ ૧૬
નન્નાં. નામતણો આધાર ધણીના ધામમાં,
નામ [2]નામીમાં ભેદ નહિ લવલેશ જો;
નામે તરિયા પથ્થર પ્હાણા [3]આપમાં,
નર નારાયણ થાય, નહિ સંદેહ જો.- કક્કો૦ ૧૭
પપ્પા. પરદુઃખભંજનતા છે પુણ્ય રે,
પીડ પરાઇ પાપ કારમું પેખ જો;
આપપીડથી જન પરપીડા જે લહે,
ધન્ય ધન્ય અવતાર એહ જો.- કક્કો૦ ૧૮
ફફ્ફા. ફક્કડ છેલ છબીલો તું બન્યો,
ફડફડ હાલે હોઠ કાળનો પેખ જો;
ફાંકો મૂકી સંતગુરુચરણે નમો,
સંતગુરુ ભગવાનથાન દરવાન જો.- કક્કો૦ ૧૯
બબ્બા. બકબક મૂક બડાઇ આપની,
મૂગો બેસી રામ હૃદે સંભાર જો;
તુંથી નવ ઊઠે સળી તૃણઘાસની,
એની સત્તાથી ચાલે તવ શ્વાસ જો.- કક્કો૦ ૨૦
ભભ્ભા. ભાવભક્તિનું નામ ન તુજમાં, શું થશે ?
ભવદુખડું તે કેમ મટે તુજ, પેખ જો;
ભાંડ ભવૈયા ભોજન નિત નિત રે જમે,
સંતસાધુમુખ જાય ન એકે કણ જો.- કક્કો૦ ૨૧

---

૧. પોતાની જાતે ૨. તે તે નામથી ઓળખાતી વ્યક્તિ ૩.પાણીમાં.

મમ્મા, મરતાં પહેલાં મરવું જીવન એ નકી,
મમતા-મોહ-મગર મારી મસ્તાન જો;
મનકુંજર અંકુશ વિણ વશ થાએ નહિ,
શ્વાસા અંકુર દાબ પળેપળ નેમ[1] જો.- કક્કો૦ ૨૨
યય્યા, યમનિયમોનું બખ્તર છે નકી,
દેખી ભાગે દૂર થકી યમદૂત જો;
યારી [2]રબથી એક સખી દૃઢ રાખની,
જનમ ધર્યાનું સાર્થક થાશે દેખ જો.- કક્કો૦ ૨૩
રર્રા, રામસારથી દેહરથે તું થાપ જો,
દેખી દુશ્મન નાસી જાશે આપ જો;
દોરી જીવન સોંપ એહના હાથમાં,
એહ રમાડે તેમ રમે [3]ભવરંગમાં.- કક્કો૦ ૨૪
લલ્લા, લોભ લાલચો વિષયતણી વસમી ઘણી,
મૂકી લવરી છોડ નકામી આપ જો;
જન્મ માનવી કોટિપુણ્યફળ એ નકી,
કોડી મૂલે વેચ નહિ નિર્લાભ જો.- કક્કો૦ ૨૫
વવ્વા, વ્હેમ વસવસા[4] મનના સર્વે દે મૂકી,
તન ધન વાલમ[5] કર સર્વે કુરબાન જો;
શબ્દ ઓચરે વાણી જે જે હેતથી,
તે તે સર્વે વાલમ મીઠાં ગીત જો.- કક્કો૦ ૨૬

---

૧. યોગાભ્યાસના, નિયમથી ૨. પરમાત્મા ૩. સંસારરૂપી રંગભૂમિમાં
૪. ભ્રમણાઓ ૫. પતિ, પરમેશ્વર

**શ**શ્શા, દેહ શબ્દ છે આતમ માંહે અર્થ રી,
શબ્દ છોતરાં દાણો નિર્મળ અર્થ જો;
દેહ છોતરાં છોડી દેહી[1] દેખ રી,
[2]કોશ ફોતરાં ફેંકી [3]રેશમ કાઢ જો.- કક્કો૦ ૨૭
**ષ**ષ્ષા, [4]ષટ્શત્રુ જે અંતર માંહે રે વસે,
ઘેરી ગઢને મસ્ત ફરે બેદોર જો;
સંયમખડ્ગ[5] ગ્રહી કર વેગે દોડ રે,
ખાખ થયે ગૃહ, કૂપ ન લાગે કામ જો.- કક્કો૦ ૨૮
**સ**સ્સા, સાર વસ્તુ છે એક જગતમાં જો ફરી,
સહેજ સમાધિ સાધી એને પેખ જો;
એ વિણ ફાંફા વ્યર્થ નકામાં છે સખી,
સાહેબ-દરસ વિના જ્યમ બંગલો વ્યર્થ જો.-કક્કો૦ ૨૯
**હ** હા, હરિ ભજવાનું ટાણું માનુષ જન્મ જો,
ચૂકયો તે પસ્તાયો ફરી ફરી આથડયો;
હાથરતન ગૂમાવી ફાકે રાખ જો,
ખાલી હાથે હીરો જ્યમ પાછો વળ્યો !- કક્કો૦ ૩૦
**ક**ક્કો વ્યંજન સર્વતંત્ર સ્વરહાથમાં,
ઉચ્ચારણ વણ આતમ નહિ પેખ જો;
દેહવ્યંજને આતમસ્વર આવી મળ્યા,
તુંબી તંતુ બે એક મિલંતાં નાદ જો.- કક્કો૦ ૩૧
**આ**તમલીલા એહ મુખ મુરદાલ હાં,
જેમ નચાવે નાચે પૂતળી નાચ જો,
દેહ દેહી સંબંધ વિચારી વાંચતાં,
ગાતાં **રંગ** અંતરંગ[6] આનંદ જો !!- કક્કો૦ ૩૨

---

૧. આત્મા ૨. (i)કોશીટો (ii) અન્નમયાદિ પંચકોષ
૩. આત્માનુભવરૂપી રેશમ ૪. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સર
૫. તરવાર ૬. અંતઃકરણ

અંગ્રેજી કક્કો કહું છું સહુ સાંભળો.- ટેક.

**એ** એ એકં બ્રહ્મ દ્વિતીયં નાસ્તિ,
સર્વે શાસ્ત્રતણો એ નિર્ધાર જો,
એક પિયુ તમ અમ સહુનોએ જાણ રી,
એકદિલીથી સુધરે સહુ સંસાર જો-અંગ્રેજી૦ ૧

**બી** બી બ્રહ્મ સત્ય, જગ મિથ્યા એ નકી,
ચાર દિવસનું ચાંદરણું એ પેખ જો;
સહુની અંદર સહુથી ન્યારો એ હરિ,
જીવ બ્રહ્મ બે એક જાગતી જ્યોત જો-અંગ્રેજી૦ ૨

**સી** સી સત્યતણી સાડી સખીરી સજી,
શીયળ-ચણિયો અંદર ઓપે આપ જો;
સંયમ-કુંકુમ અભય લલાટે રે ધરી,
ચાલી ઠુમઠુમ અગમ બ્રહ્મ દરબાર જો-અંગ્રેજી૦ ૩

**ડી** ડી શસ્ત્ર દયાથી કુંજર[1] ક્રોધ રી,
મારી, દાને લોભરક્ષ[2] ભગાડ જો,
દમન-દોરથી કામ-આખલો નાથ રી,
ધર્મકુંડ બલિ દંભમેષનો આપ જો-અંગ્રેજી૦ ૪

**ઇ** ઇ ઇશ્ક [3]હકીકી ઝાડૂ લીધ જો,
અંતર-હુજડો[4] સાફ કરી ઊભી સખી;
ઈશ નગીના નાથ વાટડી દેખતી,
આસન નાખી દીપ જલાવી હેત જો-અંગ્રેજી૦ ૫

---

૧. હાથી ૨. રાક્ષસ ૩. ઇશ્વરી પ્રેમ ૪. અંતઃકરણરૂપી ઓરડો.

**એફ** ફના મુજ જીવન તુજમાં નાથ જી.
ફિકર નિવારો અગન બુઝાવો અંત જો;
ફરી ફરી થાકી લોકફજેતી રે સહી.
આવો આતમ અંત[1] ન દેખો આમ જો.- અંગ્રેજી૦ ૬
**જી** જી જીવન જ્યોત ભભૂકે અંતની.
આવો જાદવ જીવ હવે ગભરાય જો;
જાપ જપું છું પિયુ પિયુ જીવન ક્યારની.
ખારું લાગે જગત સહુ તુજ વિણ જો.- અંગ્રેજી૦ ૭
**એચ** કરી ચિંતા નવ થાયે કામ રી.
અંગ જલાવે અંતર બાળે ફોક જો;
સતનું ચિંતન નિશદિન કરવું રે સખી.
ચિંતા ચેષ્ટા બીજી સર્વ વિસાર જો.- અંગ્રેજી૦ ૮
**આઇ** આયનો અંતરનો ના સાફ રી.
કોટિ ઉપાયે નવ દેખાયે મુખ જો;
આશા તૃષ્ણા મેલ ઘસી કર સાફ રી.
અજવાળું થાશે ત્યાં આતમ જ્યોત જો.- અંગ્રેજી૦ ૯
**જે** જે જાપ અજંપા જપતી જાગ રી.
ઊંઘ આળસે બગડે છે સહુ કાજ જો.
જનમ ધર્યાનું સાર્થક કરવું જો નકી.
જીવન આતમ અંતર [2]દરસે પેખ જો.- અંગ્રેજી૦ ૧૦
કે કે કાલતણો ન રાખ વિશ્વાસ જો.
કાયા જાશે કાલ પડી. કો જાણતું ?
કરવાનું તે આજ અબી કરવું બધું;
કર્યું; કર્યું ના; નવ દેખે એ કાળ જો.- અંગ્રેજી૦ ૧૧

---

૧. છેડો ૨. અંતર્દષ્ટિથી

**એલ** લાલચ લોભ નઠારી છે બુરી;
સારું જગ ફસીયું છે એમાં અંધ જો;
લાભ હાનિ સહુ એને ચરણે રે ધરી;
લક્ષ લગાડી અલખ અંતરે પેખ જો.- અંગ્રેજી૦ ૧૨
**એમ** મોહ[૧] મગરમચ્છ છે મોટડો;
ખેંચે જીવડા ભરદરિયામાં વેગ જો;
[૨]મહાવાક્યમંત્રાનલ બાળી એહને,
મૌનગર્ભ ભગવંત અંતરે દેખ જો.- અંગ્રેજી૦ ૧૩
**એન** નિંદ સ્તુતિ સહુ સરખાં લેખ જો,
નર્ક પચે તો પચવા દે એ લોકને;
નામ-તીર નામી-નિશાને પીંખને,
નામ નામી બે એક 'એન' ની શીખ જો.- અંગ્રેજી૦ ૧૪
**ઓ** [૩]ઓહંગ સોહંગ બેધારું ખડ્ગ છે,
મારી માયા મારક આપ સમાય જો,
વીંધે તે ધન, વીંધાએ તે ધન્ય છે,
વીંધી વેધન વ્યંજન સ્વર સોહંગ જો.- અંગ્રેજી૦ ૧૫
**પી** પી પંથ બિકટ અતિ [૪]અસિધાર જો,
ડગલે ડગલે પ્હાડ પર્વતો પાર ના;
પૂર્વજન્મનું પુણ્ય હોય તે પામતા,
પાપી પામર પંથ દેખી ગભરાય જો.- અંગ્રેજી૦ ૧૬

---

૧. આત્મસ્વરૂપનું વિસ્મરણ ૨. મહાવાક્યરૂપી મંત્રાગ્નિથી. અહં બ્રહ્માસ્મિ વગેરે જીવબ્રહ્મની એકતા પ્રતિપાદન કરનારાં વેદવાક્ય, મહાવાક્ય કહેવાય છે. ૩. ઓમ્ ને સોહં નું અપભ્રંશ, અભણ લોકો એવો ઉચ્ચાર કરે છે ૪. તરવારની ધાર

**ક્યુ** કોહંનું મૂળ મૂળ અજ્ઞાન રી,
સોહંભાને મેટવ[1] તું સખી શીઘ્ર જો;
કોહંભાવે કાદવ ચૂંથે કામ રી,
સોહં માનસરોવર ન્હાયે હંસ જો.- અંગ્રેજી૦ ૧૭
**આર** રામ રહેમાન એક તું પેખ રી,
નામ [2]નાશિ ને નામી એક અનંત જો.
ઘટઘટ રમતા રામ-રમૈયા એક રી,
રહેમ કરે રહેમાન કહૈયા એહ જો.- અંગ્રેજી૦ ૧૮
**એસ** સાધના આત્મતણી તું સાધની,
જંતરમંતર બીજું સઘળું જૂઠ જો;
સ્હેજ સાધીને શાન્ત થઇ રહેવું સખી,
બકબક મૂકી સમરો અંતરજામ જો.- અંગ્રેજી૦ ૧૯
**ટી** ટી તે તું તત્ત્વમસિ પદ એ કથે,
ટીકા મૂકી તત્ત્વ થઇ રહેવું ઘટે;
તાપ પરાયો શાન્ત થઇ સહુ સ્હેહ જો,
ચિત્તધર્મ એ મિથ્યા સહુ કો માન જો.- અંગ્રેજી૦ ૨૦
**યૂ** યૂ યમનિયમોનું બખ્તર પહેર રી,
કાળ સંગાથે બાથ ભીડવી અંત જો;
આત્મયજ્ઞે મનવૃત્તિ, પશુ હોમ રી,
મોક્ષપ્રસાદી પ્રેમે નિશદિન ચાખ જો.- અંગ્રેજી૦ ૨૧
**વી** વી વાદવિવાદો સઘળા દે મૂકી,
વ્હેમ વસવસા વેર વધે છે દેખ જો;
[3]વાચારંભણ નામરૂપ સહુ જૂઠ રી,
વાણી મૂકી [4]વાગીશ્વરને પેખ જો.- અંગ્રેજી૦ ૨૨

---

૧. મટાડી દે ૨. નાશવંત ૩. વાણીવિલાસ ૪. વાણીનો નિયામક

**ડબલ્યુ** ડરવું લેશ નહિ મનમાં સખી;
આતમજ્ઞાને ભીતિ નાસે ભૂત જો;
મોહ શોક ડાકણ નાસે જીવે કરી,
આતમમંત્રે કામણ કરીયું દેખ જો.- અંગ્રેજી૦ ૨૩
**એક્સ** કુહાડો અસંગ કર ઝાલી સખી,
મૂળ વૃક્ષ ભવ કાપ કારમું શીઘ્ર જો;
મૂળ ઘવાતાં શાખા પલ્લવ [૧]પાર રી,
એક બાળતાં બીજાં ભૂત ભગાય જો.- અંગ્રેજી૦ ૨૪
વ્હાય કેમ ક્યાંથી પૂછવું ના ઘટે;
કારણ કાર્ય થકી પર એ એને પેખ જો;
વંધ્યાસુત વેવાહે મ્હાલે જેમ રે,
જીવ જગ્ત સહુ શોભા કથની જાણજો- અંગ્રેજી૦ ૨૫
**ઝેડ** નૂર ઝગમગતું સઘળે જો સખી,
[૨]અંધો દેખે દેખત[૩] અંધો ત્યાંય જો;
ઝાડ બીજમાં બીજ ઝાડમાં જેમ રી,
બ્રહ્મ જગ્તમાં જગ્ત બ્રહ્મમાં **રંગ** જો.- અંગ્રેજી૦ ૨૬
અંગ્રેજી કક્કો આ ગાઓ પ્રેમથી,
તૂટી જાશે કર્મપાશ સહુ શીઘ્ર જો;
કાળ કંપશે થરથર દેખી **રંગ**[૪] રી,
જનમ ધર્યાનું સાર્થક થાશે સંત જો !- અંગ્રેજી૦ ૨૭

---

૧. ખલાસ ૨. અંતર્મુખ દૃષ્ટિવાળો ૩. બહિર્મુખ દૃષ્ટિવાળો ૪. સ્વરૂપ

## ૧૦૩

(સખી પડવાની પડ પ્રીત-એ રાહ)

સખી **અલેફ** અજવાળી રાત, ગરબે રમીએ રે;
એ આદિસ્વરૂપ ઓંકાર ભાવે ભજીએ રે. - ૧
સખી **બે** દુખનું છે મૂળ, દ્વૈત નિસારો રે;
એ અલખ નિરંજન એક ઉરમાં ધારો રે. - ૨
સખી **પે** પરપીડન પાપ નિશ્ચય માનો રે;
પરદુખભંજનતા પુણ્ય એક વખાણો રે. - ૩
સખી **તે** ત્રણ ગુણ સંસાર, દુ:ખનો દરિયો રે;
છે ગુણાતીત ભરથાર, એને વરવો રે. - ૪
સખી **ટે** તડકો ને ટાઢ દ્વંદ્વો સહેવાં રે;
એ દેહ પ્રાણ મનધર્મ, દેહી અળગો રે. - ૫
સખી **સે** સોહં કર જાપ નિશ્ચલ મનથી રે;
મરતાં મન સોહંનાશ એક અગોચર રે. - ૬
સખી **જીમ** જગમાં હરિ પેખ, હરિમાં જગત વસે;
જ્યમ સાગર માંહી આપ, [1]જળમાં સાગર રે. - ૭
સખી **ચે** ચેતન ભરપૂર ઘટ મઠ વ્યાપ્યું રે;
એ ભેટ ઉપાધિ માટ, નિર્મળ આતમ રે. - ૮
સખી **હે** હૈયાનો હાર હૈયામાં જ વસે;
અંદર ખોવાઇ ચીજ, બાહિર કેમ જડે ? - ૯
સખી **ખે** ખાર સહુ ત્યાગ, પ્રેમજળે દિલ ધો;
મારું તારું સહુ મેલ; બેખુદ[2] હો ખુદ[3] ખો. - ૧૦

---

૧. પાણી ૨. નિરંહકાર ૩. અહંકાર

સખી **દાલ** દ્વૈત દિલડાઘ ફરી ફરી ધોવો રે;
ધોતાં દિલ આરસ સાફ, મુખડું ઓપે રે. - ૧૧
સખી **ડાલ** ડાકણી આશ કોટે વળગી રે;
વાળ્યું જો સત્યાનાશ, હણવી એને રે. - ૧૨
સખી **જાલ** કામના જાળ માંહી જીવ ફસે;
જયમ માછલડું રસ માટ, અંતે માંહી મરે. - ૧૩
સખી **રે** રાવણ મન માન મદમાં ફરતો રે;
ગ્રહી શસ્ત્ર વિરાગ અભ્યાસ, હણવો તેને રે. - ૧૪
સખી **ળે** જળહળતું નૂર અંતર માંહે રે;
દેખી જે થેઇ ગેઇ નાચ મનડું નાચે રે. - ૧૫
સખી **જે** જગ જીન્નત[1] છોડ બંધન મોટું રે;
એક રામ વિના સહુ આન જમડું ખોટું રે. - ૧૬
સખી **ઝે** ઝિલમિલ સંસાર ઝાકળમોતી રે;
દેખંતાં મન મોહાય, આખર ખોટી રે. - ૧૭
સખી **સીન** વર્ગ મન ચંગ[2] દોજખ[3] મેલું રે;
એ સ્વર્ગનરકથી પાર બ્રહ્મ અકેલું રે. - ૧૮
સખી **શીન** શર્કરા ખાંડ મિશ્રી એક જ રે;
ત્યમ નામ અનેકે આપ સાહેબ[4] એક વસે. - ૧૯
સખી **સ્વાદ** અમીરસ બ્રહ્મ જેણે ચાખ્યો રે;
તે સૂકરવિષ્ટા ભોગ કેમ વખાણે રે ? - ૨૦
સખી **જવાદ** ઝલક આનંદ જગમાં છાઇ રે;
કોઇ પીર પેગંબર ધીર નજરોં આઇ રે. - ૨૧

---

૧. સ્વર્ગ ૨. નિર્મળ ૩. નરક ૪. પરમાત્મા

સખી **તોય** સૂરતનું તીર ઉત્તમ જાણો રે;
વીંધો એ બ્રહ્મનિશાન, ઉપર ભાળો રે. - ૨૨
સખી **ઝોય** ઝબૂકે નૂર અંદર અદકું રે;
જે મારગ જાતા શૂર [1]અર્શ અટારી રે.- ૨૩
સખી **એન** અગોચર એક આતમ જાણો રે;
છે [2]આપાશૂન્ય અરૂપ, રૂપ નિજ પેખો રે. - ૨૪
સખી **ગેન** [3]બિંદુયુત જીવ જુગજુગ ભટકે રે;
એ વિણ સહુ શિવ સાક્ષાત્, આપ વિસારો રે. - ૨૫
સખી **ફે** ફિકર સહુ નાથ જગના ચરણે રે;
ફેંકીને ફરવું મસ્ત, દસ્ત[4] પિયુ ગહ[5] રે. - ૨૬
સખી **કૉફ** કાલનું કાજ આજે કરવું રે;
કો જાણે રહેશે કાલ, તનડું જાશે રે ? - ૨૭
સખી **કાફ** કરમનો દોષ સુખદુઃખ સ્વપ્નું રે;
કાયા છે કાચો કુંભ, શ્વાસસગાઇ રે. - ૨૮
સખી **ગાફ** ગુરુની બાંહ્ય ઝાલી જાજે રે;
તારું અધવચ દરિયે નાવ નહિ તો ડૂબશે રે. - ૨૯
સખી **લામ** લાલચો લાખ ચોર લૂંટારૂ રે;
તારું લૂંટી લેશે નાવ, અલખ ગઢ ધાજે રે. - ૩૦
સખી **મીમ** ઘૂંઘટ ખોલ માયા કેરો રે;
અહમદ[6] તું અહદ[7] સ્વરૂપ આશુક માશુક રે.- ૩૧

---

૧. સાતમા અસ્માન પર રહેલું ખુદાનું તખ્તઃ પરમાત્માનું અકળ સ્વરૂપ
૨. અહંકારરહિત ૩. દેહાત્મબુદ્ધિવાળા, સૂક્ષ્મ અજ્ઞાન ૪. હાથ
૫. પકડ ૬. જીવાત્મા ૭. પરમાત્મા

સખી **નૂન** નોબત ઢોલ અનહદ બાજે રે;
કંઇ નાચ તમાસા રંગ અંદર ગાજે રે. - ૩૨
સખી **વાવ** મૂકી દે વ્હેમ, નિશ્ચય રાખે રે;
મૂકીને વાસનવસ્ત્ર પિયુ સંગ રાચે રે.- ૩૩
સખી **હે** [1]હુસનદીદાર તનમન હોમી રે;
રહેજે જેમ મોજું આપ, આપ સમાઇ રે.- ૩૪
સખી **લામઅલેફ** નિર્લેપ આતમ રાજે રે;
ત્યાં લપ્પનછપ્પન દ્વૈત નહિ કો ચાલે રે.- ૩૫
સખી **હમજા** હાજરહજૂર વનવન કયાં ઢૂંઢે ?
જેમ ઝાડ મહીં રસ એક [2]મુંજશલાકા રે !- ૩૬
સખી **યે** દિલરુબા યાર ઘટઘટ બોલે રે;
એ વિણ સહુ શૂન્ય અસાર મડદાતોલે રે.- ૩૭
સખી યે...યાદેહક[3] રાખ નિશ્ચલ મનથી રે;
મન મરતાં મોહન આપ યાદવ જોગી રે.- ૩૮
સખી ઉર્દુ કક્કો સાર ગાઓ પ્રીતે રે;
જેથી જનમમરણભય જાય **રંગ** પ્રતીતિ રે.- ૩૯

## ૧૦૪

સખી **પડવે** લીધો પંથ પિયુ પરદેશે રે;
હું બાળા જોબનવેષ દુ:ખમાં બળતી રે. - ૧
સખી **બીજે** દ્વૈતકપાટ તોડી ચાલી રે;
મૂકી જન ધોરી વાટ અગમવન હાલી રે. - ૨

---

૧. પરમાત્માના દિવ્ય સ્વરૂપનાં દર્શન ૨. મુંજઘાસની અંદર રહેલી ઝીણી સળી ૩. પરમાત્માનું સ્વરૂપ ૪. અનુભવ

સખી **ત્રીજે** મળિયા ત્રણ ઠગ ધૂતારા રે;
લૂંટાઇ હું વન માંહ્ય, જયમ ત્યમ ભાગી રે. - ૩
સખી **ચોથે** કીધાં ધામ ચારે કોડે રે;
જન વન રઝળી ના ઠામ કયાંયે પામી રે. - ૪
સખી **પાંચમ** માર્યા પાંચ નાગ વિષારી[1] રે;
સંયમ કછ વાળી હાથ વિરતી ધારી રે. - ૫
સખી **છઠે** મળિયા દૈત છ •અતિ ભારી રે;
ઓહંગ શર મારી તાત[2] આગળ ચાલી રે. - ૬
સખી **સાતમ** સુરત-વિમાન બેસી ઊડી રે;
જળ થળ સહુ મૂકી વેગ નભપથ પહોંચી રે. - ૭
સખી **આઠમ** મૂકી આઠ[3] અદ્ધર ચાલી રે;
જયમ પંખી ઊડે આપ અંતર પેખી રે. - ૮
સખી **નવમે** રોકી દ્વાર નવ ઉપવાસી રે;
ગઢસેના સહુ ગભરાય, વ્યાકુળ ભારી રે. - ૯
સખી **દશમે** નાયક દશ શરણે આવ્યા રે;
ગઢ જીતવાની બહુ હોંશ મનમાં મારે રે. - ૧૦
સખી **અગીઆરસને** દિન ઠાકુરદ્વારા રે;
[4]સેનાની કુંચી હાથ આવી ઠાડો રે.- ૧૧
સખી **બારસ** ઊઘડયાં બાર અંદર ચાલી રે;
નવ સૂઝે મારગ હાય ! ક્ષણ ક્ષણ ઊભી રે. - ૧૨
સખી **તેરસ** તિરખુટ-હોજ ન્હાઇ પ્રીતે રે;
સજી મનગમતા શણગાર ઠુમ ઠુમ ચાલી રે. - ૧૩

---

૧. ઝેરી ૨. તાતાં, તીક્ષ્ણ ૩. ધ્યાનના આઠ પ્રકાર ૪. સેનાપતિ (એકાગ્ર મનરૂપી)

સખી **ચૌદશ** ચૌદમે માળ ઉપર[1] દીઠા રે;
ઊંચી એક દિવ્ય અગાશ પિયુજી બેઠા રે. - ૧૪
સખી **પૂનમ** પૂરણકામ હેતે મળીયા રે;
આલિંગન આપી ત્યાંય કોડે રમીયા રે. - ૧૫
સખી **અમાસ** અંધારી રાત હું તું ભૂલી રે;
કોઇ અગમ[2] અંધ પ્રકાશ પિયુસંગ ખેલી રે. - ૧૬
સખી મનદુગ્ધા સહુ આપ ભૂલી આપે રે;
લહરિ જયમ સાગર માંહ્ય [3]**રંગ** સમાઇ રે. - ૧૭

## ૧૦૫

(રઘુપતિ રામ હૃદેમાં રહેજો રે-એ રાહ)

દુખિયારી નાર, પિયુ તુજ કાજે રે- ટેક.
સખી **સોમે** તે મહાસૂન[4] જઇએ રે;
કેડ બાંધી [5]અગમ ગઢ ચઢીએ રે.
નાથ દત્ત દિગંબર[6] વરીએ - દુખિયારી૦ ૧
**મંગળ**વારે તે મનમાળા મણકા રે,
ફેરી જાપ અજંપા[7] જપીએ રે,
દિલદુખડાં સહુ વિસરીએ !- દુખિયારી૦ ૨

---

૧. દશ ઇ ન્દ્રિયો અને ચતુર્વિધ અંતઃકરણની પાર ૨. ઇંદ્રિયોને અગોચર ૩. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ ૪. ત્રિકુટીની (બે ભવાંની વચ્ચેની જગ્યા) ઉપર સુરતી ચઢવા માંડે છે ત્યારે દશ્યના વિલયરૂપ અંધકારમય પ્રદેશ આવે છે તેને યોગીઓ સુન કે શૂન્ય સંજ્ઞાથી પિછાને છે, અને એની ઉપરનો દશ્યના આત્યંતિક વિલયરૂપ અત્યંત અંધકારમય પ્રદેશ તે મહાસૂન. ૫. જેની અજ્ઞાનીઓને ગમ નથી એવો આત્મસ્વરૂપનો વિકટ અને પ્હાડી માર્ગરૂપ કિલ્લો ૬. સર્વ આવરણોથી રહિત; આકાશના પણ વસ્ત્રરૂપ; શુદ્ધ નિષ્કલંક બ્રહ્માત્મસ્વરૂપ ૭. દરેક પ્રાણીના શ્વાસોચ્છવાસ સાથે થતો સોહં નો સ્વાભાવિક જપ.

સખી **બુધે** તે બંકનાલવાટે રે;
જઇ વસીએ તે [1]અવઘટ ઘાટે રે;
જમીએ ભેગાં બેસી બેઉ પાટે !- દુખિયારી૦ ૩

**ગુરુ**વારે ગગનગઢ ગાજે રે,
વાજાં [2]અનહદ મૃદંગ બાજે રે,
સૂણી મનડું થેઇ થેઇ નાચે !- દુખિયારી૦ ૪

સખી **શુક્રે** તે [3]સુખમણ સેજે રે,
ભૂલી સુધબુધ ભેળાં થઇએ રે,
નાથ સાથે તે રંગ રેલવીએ !- દુખિયારી૦ ૫

**શનિ**વારે તે [4]સ્હેજસમાધિ રે;
ટળી આધિ ઉપાધિ ને વ્યાધિ રે;
જન્મમરણની ભીતિ તે ભાગી !- દુખિયારી૦ ૬

**રવિ**વારે તે ભ્રમણાઓ ભાગી રે;
ભાન[5] આતમ તેજ સમાઇ રે;
પિયુરૂપ હું રગરગ રાચી !- દુખિયારી૦ ૭

સાતવાર આ નિશદિન ગાઇ રે;
નાચે **'રંગ'** મુદા[6] સ્વાનંદે રે;
પોઢે પ્રેમે પિયુજીની સાથ !- દુખિયારી૦ ૮

---

૧. જેનો કોઇ પણ જાતનો ઘાટ-આકાર નથી, એવું નિરંજન આત્મસ્વરૂપ ૨. યોગીઓને ત્રણ ગ્રંથીનો ભેદ થતાં સંભળાતા અનાહત ધ્વનિ-દશવિધ નાદનું સૂચન છે. ૩. સુષુમ્ણા; બરડાની કરોડ-મેરુદંડ વચ્ચે થઇને બ્રહ્મરંધ્ર તરફ જતી નાડી ૪. સમાધિનો એક પ્રકાર, મનની સહજ, નિરાલંબ સ્થિતિ ૫. ભાનુ, સૂર્ય ૬. આનંદથી

## ૧૦૬

દિલ લાગી આગ બળતી ઉગારો રે !- ટેક.

સખી **★સન્ડે** તે સમણામાં દેખ્યા રે;
નાથ દત્ત દિગંબર પેખ્યા રે,
દોડી જાઉં ત્યાં તો ચૂકી વાટ ! દિલ૦ ૧

સખી **મન્ડે** તે મારગ લીધો રે;
સાધી મૌન મહામંત્ર સીધો રે;
મૂકી મેં તો લોકતણી લાજ ! દિલ૦ ૨

સખી **ટયુસડે** તે તિરખુટી[1] ઘાટે રે;
ભાળ્યાં કંથતણાં પદ વાટે રે;
એ તો ચડવું સજાયાની ધાર ! દિલ૦ ૩

સખી **વેનસડે** વન વન ભટકી રે;
ઘોર અંધારે કાયાને પટકી રે,
અંતર્યાળ પડી રહી લટકી ! દિલ૦ ૪

સખી **થર્સડે** તે થાણું[2] વટાવ્યું રે;
સૂન મહાસૂન હાટ હટાવ્યું રે;
દિલ ચોંકી ઊઠ્યું એકદમ ! દિલ૦ ૫

સખી **ફ્રાયડે** તે ઢેડ ફજેતી રે;
નાથ નાસી ગયા દઇ તાળી રે;
હાથ આવેલ મોતી ગુમાવ્યું ! દિલ૦ ૬

---

★ રવિવાર, અંગ્રેજીમાં વારની ગણત્રી રવિવારથી થાય છે. ૧. બે ભવાંની વચ્ચેની જગ્યા-ત્રિકુટી, ઇડા, પિંગલા ને સુષુમ્ણા ગંગા, યમુના ને સરસ્વતીનું મિલન સ્થાન, આને યોગીઓ પ્રયાગ કે ત્રિવેણી પણ કહે છે. ૨. બંકનાલનું થાણું

**સેટરડે** તે સાજન મળીયા રે;
ચાંપી હઈડે હરખથી હસીયા રે;
હું તું ભૂલી બેઉ સંગ રમીયા !! દિલ૦ ૭
વાર ગાઇ અંગ્રેજી ઉમંગે રે;
**રંગ** નાચે દિગંબર સંગે રે;
જેથી મૃત્યુતણો ભય ભંગે !! દિલ૦ ૮

**૧૦૭**

નવ સૂઝે કામ, કંથ વિદેશે રે !- ટેક.
સખી **ચૈતરે** ચટપટી લાગી રે,
ચિત ચોરી ગયા વનમાળી રે;
આ તે એકલડું કયમ રહેવાય ?- નવ સૂઝે૦ ૧
સખી **વૈશાખે** વાલમ નવ મળીયા;
મારા મનના મનોરથ નવ ફળીયા !
સૂનાં મંદિર ખાવા ધાય ! - નવ સૂઝે૦ ૨
**જેઠ** માસે [૧]જીવન કયાંય હશે ?
મુજ અબળાને દર્શન કયારે થશે ?
વાટ જોઉં જાગી આખી રાત ! - નવ સૂઝે૦ ૩
સખી **અષાઢે** આંસુની ધાર વહે;
જોઇ સ્વર્ગતણા સહુ દેવ રડે;
નાથ અંતર હા ન ભીંજાય ! - નવ સૂઝે૦ ૪
સખી **શ્રાવણે** સરવર સહુ ભરીયાં;
પશુ પંખી વનસ્પતિ સહુ ઠરીયાં;
મનની મનમાં રહી ગઇ આશ !- નવ સૂઝે૦ ૫

---

૧. પ્રાણપતિ, પરમેશ્વર

માસ **ભાદરવો** બીકથી થરથરતી,
કાયા તરુવર દેખીએ ડગમગતી;
પાછું ભાળી નવ જુએ કહાન ! - નવ સૂઝે૦ ૬
**આસો** માસે તે આશા છૂટી રે;
આંખો રોઇ રોઇ મારી ફૂટી રે;
તોયે કરમની દોરી ન તૂટી ! - નવ સૂઝે૦ ૭
સખી **કારતક** કારમો કેમ જશે ?
મુજ અબળાનું કારજ કેમ થશે ?
હાય ક્રૂર થયા કાં કંથ ? - નવ સૂઝે૦ ૮
સખી **માગશરે** મારગ નવ સૂઝે;
વ્રેહ જખમ જીગરનો નવ રૂઝે;
સુખીયા દુખીયાનું દર્દ ન બૂઝે ! - નવ સૂઝે૦ ૯
**પોષ** માસે પથારી કીધી રે;
જોવા આવ્યાં સહુ નરનારી રે;
કેમે કરી જીવ નવ જાય ! - નવ સૂઝે૦ ૧૦
**મહા** માસ મરણનો આવીયો,
જોગી વૈદ સદ્‌ગુરુ લાવીયો;
નાથમિલનની બૂટી અમોઘ ! - નવ સૂઝે૦ ૧૧
સખી **ફાગણે** ફેરા સહુ ફળીયા;
કુંજવને તે નાથજી અમ મળીયા;
મચી અબીલગુલાલની ધૂમ ! - નવ સૂઝે૦ ૧૨
માસ **અધિક** આનંદનું પૂર વહે;
દેહભાન સખી કયમ ત્યાંય રહે ?
**રંગ** બેરંગી એકજ નૂર !! - નવ સૂઝે૦ ૧૩

## ૧૦૮

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાહ)

સૂણ સહિયર, નિજ કર્મ તણી કથની કહું - ટેક.

**જાનેવારી** જગબત્રીશીએ ચઢી,
 જે તે કહે કે વંઠી પેલી રાંડ જો;
માઝા મૂકી જ્યાં ત્યાં ફરતી રાતડી,
 રાત દિવસ એને મન એકસમાન જો.- સૂણ૦ ૧

**ફેબરવારી** લીધ ફકીરી વેશ રી,
 છૂટા મૂકી કેશ ભભૂતિ અંગ જો;
કાંધે મૂકી બીન[1] મુખે પિયુગાન જો,
 ચાલી મંદિર મૂકી, ભૂલી વાટડી. - સૂણ૦ ૨

**માર્ચ** માસમાં મન મારું ગભરાય રી,
 છાતી ફાટી અશ્રુ વહે ચોધાર જો;
મારગ મૂકી જંગલ લીધી વાટડી;
 ફડફડ કંપે બીક થકી મુજ કાય જો. - સૂણ૦ ૩

**એપ્રિલ** માસે એકડંડી પગથી પડી,
 શૂળો બાવળની પગે ઘોંચાય જો;
બૂમો પાડે ઘોર પશુ બિહામણી,
 અથડાતી કૂટાતી ચાલી પંથ જો. - સૂણ૦ ૪

**મે** મહિનામાં દીઠી મહુલી એક રી,
 બેઠા તપસી શાંત ધરી મુખ મૌન જો,
[2]શીષ નમાવી લાગી ફરી ફરી પાય રી,
 સુણી શાન્તિ ચિત્ત મૌનવ્યાખ્યાન જો. - સૂણ૦ ૫

---

૧. વીણા. ૨. શીર્ષ, માથું.

**જુન** વિતાડી રાત ચાલી પૂરજોશમાં,
મારગ પૂછી આવી ત્રિવેણીઘાટ જો;
ગંગા જમુના સરસ્વતી ન્હાઇ આપમાં,
દેહકષ્ટ વિસારી ચાલી વાટ જો. - સૂણ૦ ૬
**જુલાઇ** માસે મૂકી આશ મેં જાનની
કેડ બાંધી ચાલી હું [૧]સૂક્ષમ રાહ જો;
જાપ અજંપા પિયુ પિયુ જપતી [૨]સાજની
આવી પહોંચી સૂન મહામેદાન જો. - સૂણ૦ ૭
**ઓગષ્ટ** માસે [૩]આઠ વટાવી આપમાં,
ઉપર દોડી વાયુદોટે આભ જો;
રાત અંધારી ધૂમસ વરસે વાટમાં,
થરથર કંપે કાય ઠંડની સાથ જો. - સૂણ૦ ૮
**સપ્ટેમ્બરમાં** મહાસુનમંડળ હું ઊડી,
સુરતનુરતની પાંખ [૪]વિહંગમવાટ જો;
આંખે અંધારા ને તન ખાલી ચઢી,
દેખી તેજભભૂક આવી હોંશ જો. - સૂણ૦ ૯
**અકટોબરમાં** દીઠો અગમગઢ પંથ રી,
શોભા ત્યાંની મુખ વર્ણન નવ થાય જો;
તેજ તેજ ને તેજતણો અંબાર રી;
ફૂલ કુસુમ સુગંધ અનેરી લ્હેર જો. - સૂણ૦ ૧૦

---

૧. બંકનાળને વિકટ રસ્તે ૨. સજની; સહિયર ૩. પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર ને પાંચ તન્માત્રા અથવા યોગપક્ષે, ધ્યાનના આઠ પ્રકાર ૪. વિહંગમ એટલે પક્ષી; અને વિહંગમવાટ એટલે આકાશ. અત્રે ત્રિકુટીની ઉપરનો આજ્ઞાચક્ર (દ્વિદલ પદ્મ) છોડયા પછીનો સુરતીનો ચઢવાનો નિરાલંબ માર્ગ.

**નવેમ્બરમાં** નાવલીઓ ભરથાર જો,
 દેખાડીને મુખડું ન્હાસી ક્યાં ગયો ?
લળી લળી લાગું પાય, નાથજી, શો ગુન્હો ?
 એકલડી અનાથ નથી કોઇ સાથ જો. - સૂણ૦ ૧૧
**ડીસેમ્બર** માસે તે દર્શન દીધ રી,
 બેસાડી અર્ધાંગે જામ્યો રંગ જો;
હું તું ભૂલી એક થઇ પતિસંગ જો,
 છોડી સઘળો સંગ જગતની ગંધ રી. - સૂણ૦ ૧૨
અંગ્રેજી મહિના આ પ્રીતે ગાવ રી,
 [1]પ્રીતમ દીઠો નજરોં નજરે **રંગ** જો;
માયા મોહ કરીને જગનાં ખાખ જો,
 અંગે ચોળી રાખ [2]અલખ જગાવ રી !! - સૂણ૦ ૧૩

**૧૦૯**

(ઝીણા ઝરમર વરસે મેહ-એ રાહ)

સખી અંતરમાં વ્રજરાજ, બાહેર શીદ જઇએ ?
મૂકી સહુ જનની લાજ, તે પિયુને ભજીએ. - ટેક.
સખી **મેષ** રાશિમાં કામમેષ[3] આ, ફાટ્યા અપરંપાર રે;
 સંયમ અગ્નિકુંડ જલાવી, દીધું મેં બલિદાન;
 ભડભડ બળતું રે ! સખી અંતરમાં ૦૧
સખી **વૃષભ** આખલો મસ્ત ફરે આ, અભિમાન નવ માય રે;
 પાપમૂળ સહુ સંત વખોડે, વાળ્યું સત્યાનાશ;
 જીતવો તેને રે !- સખી અંતરમાં ૦૨

---

૧. પ્રિય પતિ, પરમાત્મા ૨. ઉચ્ચ સ્વરે સ્વાનુભવથી જીવબ્રહ્મની એકતાનું ગાન ૩. બકરો

મિથુન રાશિ પિયુ કાજ સખીરી, લીધી બ્રહ્મની દીખ રે;
મન-મરકટ છૂમંતર મારી, કીધું વશ વિચાર;
વલખાં કયમ મારે ? - સખી અંતરમાં૦ ૩
**કર્ક** આયનો ધોઇ કીધ રી, અંતરનો મેં સાફ રે;
ક્રોધ કાચબો અંગ સમેટી, ડૂબ્યો હૃદસર[1] માંહ્ય;
ઠામે ઠરિયો રે !- સખી અંતરમાં૦ ૪
સખી **સિંહે** સોંહ જાપ જપાઇ, હંસ ઊડયો આભ રે;
મેરુદંડ મેદાન મૂકયું ત્યાં, દીઠો મેં નરસિંહ;
પાવન મનખો રે !- સખી અંતરમાં૦ ૫
સખી **કન્યા** રાશિ કામ ન સૂઝે, બાળા મન ગભરાય રે;
નાથ નગીના કે દિન મળશે, હૈયું ઠરશે ઠામ;
ચિંતા સહુ જાશે !- સખી અંતરમાં૦ ૬
**તુલા** ધર્મની તરત મંગાવી, તોલ્યું પુણ્ય ને પાપ રે;
સરખું થાતાં મનખો સુધર્યો, મળીયો માનવ દેહ;
વરવા કાજે રે !- સખી અંતરમાં૦ ૭
સખી **વૃશ્ચિક** ડંખે ત્રિવિધ તાપ હા ! અંતર બાળે ખાખ રે;
ડંખવિવેકે પકડી દીધો ફેંકી બાણું હાથ;
ચિતમાં [2]શાતા રે !- સખી અંતરમાં૦ ૮
**ધન** [3]જનતનમદ છોડી સખીરી, લાગી સદ્ગુરુ પાય રે;
જોયું ત્યાં તો અંદર બાહિર, ભરીયા ધનકોઠાર;
તૃષ્ણા ત્યાગી રે !- સખી અંતરમાં૦ ૯

---

૧. અંતઃકરણરૂપી સરોવર ૨. શાંતિ ૩. મહારાજશ્રીના સરખેજના નિવાસસ્થાન અવધૂત વિશ્રામના પરમભક્ત ઠાકોર મણાજી માલાજીની નોંધપોથીમાં સામે આપ્યા પ્રમાણે પાઠ છે :

સખી **મકર**[1] મોહ અતિ મોટો હેલો, પહાડસમી શી કાય રે;
શાનજાળ બિછાવી ગહરી, પકડી ફેંકયો બહાર;
જોવા સહુ દોડે ! - સખી અંતરમાં. ૧૦
**કુંભ** કાય કાચો અતિ પોચો, ફૂટતાં ન લાગે વાર રે;
લાખવિરાગે છિદ્ર પૂરાતાં થાશે સઘળું કાજ;
ઢીલ ન ચાલે રે ! - સખી અંતરમાં. ૧૧
સખી **મીન** માછલી જળમાં પ્યાસી, અચરજ મુજને થાય રે;
સુખસાગર તું સુખ સુખ કરતી ફરતી બહાર બજાર !
કહેવું શું તુજને ? - સખી અંતરમાં૦ ૧૨
બાર રાશિ સખી [2]બારબાર આ, ગાતી મનની માંહ્ય રે;
**રંગ** દિવાની મસ્ત થઇને, ફરતી પિયુ સંગાથ !
ભવભય નવ તેને !! - સખી અંતરમાં૦ ૧૩

૧૧૦

સખી ઝાડ ગળે ફળ આપ, દુખડાં કયાં રડીએ ?
માતા વિષ દેતાં હાય, શી રીત તે જીવીએ ? - ટેક.
સખી **વસંતઋતુ** વસમી અતિ આવી, મનમાં કંઇકંઇ થાય રે.
વાલમ તો વિદેશે વસીયા, મંદિર ખાવા ધાય !- દુખડાં૦ ૧

---

ધનુષ ધ્યાનનું ધરી હાથમાં, કર વનમાં સંચાર રે;
નિશ્ચય-બાણે મારી વનપશુ, ફર નિર્ભય જગ માંહ્ય;
ચિંતા શાની રે ? સખી અંતરમાં ૦ ૯
શુદ્ધ-શબ્દ ધનુષ્ છે, તેને અનુસરીને આ પાઠ હોવો જોઇએ ત્યાં વનમાં=અંતઃકરણરૂપી વનમાં; નિશ્ચયબાણે= અહંબ્રહ્મના નિઃશંક અનુભવરૂપી બાણથી; વનપશુ=અંતઃકરણના દોષો ૧. મગર ૨. વારંવાર

**ગ્રીષ્મઋતુ** ઉકળાટ અતિશે, મન મારું ગભરાય રે;
કોયલડી આ ટુહુટુહુ બોલી, [1]કાળજ કોરી ખાય ! - દુખડાં૦ ૨
સખી **વર્ષાઋતુ** વાદળ ચઢી આવ્યાં, ઝરમર ઝરમર મેહ રે;
[2]ભોમ આભ ઉમંગે મળીયાં, [3]બ્રેહ વધ્યો મન માંહ્ય !-દુખડાં૦ ૩
**શરદઋતુ** નિર્મળ નભ કેવું ? ચાંદલિયો સોહાય રે,
શ્વાસ રુંધાયો આખર આવી, નાથ હશે, હા ! ક્યાંય ? -દુખડાં૦ ૪
સખી **હેમંતે** હરિ હરખે મળીયા, [4]દિલહુજડાની માંહ્ય રે;
પ્રેમે ભેટી સાથે રમીયા, ખરખર આંસુ જાય ! -દુખડાં૦ ૬
**શિશિરઋતુ** શરદી સહુ નાઠી, આગ બુઝાઇ અંત રે;
[5]આપો મૂકી આપ[6] સમાઇ, જય જય પિયુ ભગવંત !-દુખડાં૦ ૭
છએ ઋતુ ગાઇ સખી ગરબે, પિયુ પિયુ ફેરો માળ રે;
**રંગ** લાગતાં સંગ ત્યજાશે, થાશે મન [7]નિ:સંગ ! -દુખડાં૦ ૮

## ૧૧૧

સખી શરદ પૂનમની રાત, ગરબે રમીએ રે;
નમીએ સહુ જગની માત, આદ્યભવાની રે !- ટેક.

**અશ્વિની** આળસ પરિહરી સઘળું, ઉદ્યમ અદકો કરવો રે;
અશુભ વાસના અળગી મૂકી, સમરો અંતરજામ;
ભવભય તે હરશે ! - સખી શરદ૦ ૧
**ભરણી** ભક્તિ સાધન મોટું, કલિયુગ માંહી સાર રે;
[8]પરાનુરક્તિ શાસ્ત્ર કથે છે, તન મન કર કુરબાન;
મનખો સુધરે રે ! - સખી શરદ૦ ૨

---

૧. કાળજું ૨. પૃથ્વી ૩. વિરહ ૪. અંત:કરણરૂપી ઓરડો ૫. અહંકાર ૬. નિજસ્વરૂપ ૭. નિર્લેપ ૮. સર્વોત્કૃષ્ટ પ્રેમ.

કર્મ કૃત્તિકા અટળ કાયદો, વાવે તેવું લણવું રે;
બાવળ વાવ્યે કંટક પામે, આંબે કેરી સાખ;
સહુ નિજ હસ્તક રે ! - સખી શરદ૦ ૩
રોહિણી હૃદયે રામ સમરવા મૂકી જનની લાજ રે;
રોમાંચિત તનુ કંઠ ગદ્‌ગદે, કરવું હરિગુણગાન,
આવાગમન મટે ! - સખી શરદ૦ ૪
**મૃગ** મીનાદિ એકએકમાં, ક્ષણમાં પામ્યા નાશ રે;
પાંચે સુખ માની કયમ દોડે ? મન મૂરખ તું ચેત;
[૧]વ્યાળ [૨]વિષારી એ ! - સખી શરદ૦ ૫
**આર્દ્રા** સખી આતમ કેવી, ખોજ અંતરે કરવી રે;
બાહિર ફાંફાં મિથ્યા મેલી, અંતરદીપ ઉજાળ;
અજવાળું થાશે ! - સખી શરદ૦ ૬
**પુનર્વસુ** વસુ[૩] આતમ મોટું, અવિનાશી અવઘટ વાટ રે;
કોડી પથ્થર નાશવંત સહુ, જગધન માટી ઢેપ,
મૂરખ કયમ દોડે ? - સખી શરદ૦ ૭
**પુષ્ય** દેવ પુરુષારથ મોટો, કરવી નિશદિન સેવ રે;
પરસન થાતાં રિદ્ધિસિદ્ધિ સહુ, આવી મળશે આપ;
દુખડાં સહુ જાશે ! - સખી શરદ૦ ૮
**આશ્લેષા** અવતાર માનવી, ફરી ફરી નહિ આ આવે રે,
દેહપ્રીતડી છોડ સખીરી, દેવપ્રીતડી જોડ;
અવસર નહીં આવે ! - સખી શરદ૦ ૯

---

૧. સર્પ ૨. ઝેરી ૩. ધન

**મઘા** દેહ મંદિર છે મોટું, માંહે દેવ વિરાજે રે;
દર્શન થાતાં સહુ દુ:ખ જાશે, બેડો થાશે પાર,
દર્શન કરીએ રે ! - સખી શરદ૦ ૧૦
**પૂર્વા-ફાલ્ગુના** ફિકર કાલની, હરિચરણે સહુ ત્યજવી રે;
રાખે ત્યમ આનંદે રહેવું, બાળક પેર નિશ્ચિંત;
જય જય થાશે રે ! - સખી શરદ૦ ૧૧
**ઉત્તરા-ફાલ્ગુના** ફળની ઇચ્છા, રાખે તે નર કાયર રે;
માગે તેથી આઘે નાસે, અટલ કાયદો એહ;
ગીતા સાખ પૂરે ! - સખી શરદ૦ ૧૨
**હસ્ત** હાથ ઓપે શુભ દાને, કંકણની શી શોભા રે ?
શ્રવણ[1] શ્રવણથી હરિગુણ કેરા, ગાન થકી મુખભાન;[2]
સંત વખાણે રે ! - સખી શરદ૦ ૧૩
**ચિત્રા** રંગ અનેક દિસે પણ, ચિત્ર એક પટ વાંસે રે;
એક દેવ અનેકે વિલસે જ્ઞાની બૂઝે એહ;
મૂરખ શું સમજે ? - સખી શરદ૦ ૧૪
**સ્વાતિ** બૂંદ નિપજાવે મોતી, ચાતકઅગન બૂઝાવે રે;
ગુરુમુખ પીયૂખ[3] મોત મિટાવે, મુક્તિ દિલાવે[4] સાર,
હરિજન સેવો રે ! - સખી શરદ૦ ૧૫
**વિશાખા** ગુરુ વિણ કોણ મટાડે રોગ સંસૃતિ ઝેરી રે ?
નાડ સોંપી ગુરુહાથ જીવડા, પથ્ય નેક તું પાળ;
[5]યાતાયાત મટે ! - સખી શરદ૦ ૧૬

---

૧. કાન ૨. મુખસૂર્ય ૩. પીયૂષ, અમૃત ૪. અપાવે ૫. જન્મમરણ

**અનુરાધા** મન કર્મ વચનથી રીઝવવો હરિ સઘળે રે;
જડચેતનમાં એહ વિરાજે, નામરૂપમાં ફેર;
ભૂલી કયમ ભટકે ?- સખી શરદ૦ ૧૭
**જયેષ્ઠા** ગંગા [1]વામનાસિકા, [2]દક્ષિણ જમુના જાણો રે,
મધ્યા સુખમણ સરસ્વતી માઇ, ઘટમાં કાશી પ્રયાગ,
અંતર ખોજો રે ! - સખી શરદ૦ ૧૮
**મૂળ** મૂળ મન સંસૃતિ કેરૂં, કામજળે નભ વધતું રે !
[3]અસંગ-અનલથી બાળે તે તો, પામે તત્પદ[4] સાર,
ઊંઘ ન ચાલે રે ! - સખી શરદ૦ ૧૯
**પૂર્વાષાઢા** ષડ્રિપુ[5] મોટા, કામ, ક્રોધ, મદ, મત્સર રે;
મોહ લોભ ઘટપુર[6] વણસાડે, નિશ્ચય કરવા ઠાર;
જ્ઞાનકુઠારે[7] રે ! - સખી શરદ૦ ૨૦
ઉત્તરાષાઢા વેદ શાસ્ત્ર સહુ, નેતિ નેતિ પુકારે રે;
ગુરુ વિણ મારગ લેશ ન સૂઝે, ઘોર અંધારી રાત;
ભૂત ભમે છે રે ! - સખી શરદ૦ ૨૧
**શ્રવણ** શ્રવણ ગુરુમુખ ફળ આપે, તર્કબુદ્ધિ નવ ચાલે રે;
આપબુદ્ધિ કોરાણે મૂકી, સદ્ગુરુચરણ તળાંસ;
મસ્તક નામી[8] રે ! - સખી શરદ૦ ૨૨
**ધનિષ્ઠા** સદ્ગુરુ ધન મેરો, અક્ષય અવિચળ આપ રે,
બીજું ધન સહુ જાણ મૃત્તિકા, ક્ષણમાં [9]વણસી જાય;
આપ વિચારો રે ! - સખી શરદ૦ ૨૩

---

૧. ડાબું ૨. જમણું ૩. નિર્લેપતારૂપી અગ્નિ ૪. પરમાત્મસ્વરૂપ ૫. શત્રુ ૬. શરીરરૂપી નગર ૭. જ્ઞાનરૂપી કુહાડાથી ૮. નમાવી ૯. હતું ન હતું થઇ જાય

**શતતારકા** વિદ્યુત, સૂરજ, વિધુ[1], કિંકર જેના દીન રે,
નૂર હકીકી આતમ રાજે, આન વિનાશી ભાસ,
સતગુરુ દેવા રે ! - સખી શરદ૦ ૨૪
**પૂર્વાભાદ્રપદા** વશ થાએ, ભાવભક્તિથી દેવ રે,
લૂખી ભક્તિ કામ ન આવે, દેવ ન મૂઢ ગમાર,
અંતર [2]પ્રીછે રે ! - સખી શરદ૦ ૨૫
**ઉત્તરાભાદ્રપદા** ગુરુદેવે એક ભક્તિ પર[3] જેની રે,
તે સમજે, નર આન ન બૂઝે, ચૂંથે શાસ્ત્ર હજાર,
પંડિત નવ પામે !! - સખી શરદ૦ ૨૬
**રેવતી** રામ જહાં વિલસે ત્યાં કામ ન નજરે આવે રે,
કામરાજ ત્યાં રામ ન દીસે, સાથ ન તમ[4] પરકાશ,
નિશ્ચે જાણો રે. - સખી શરદ૦ ૨૭
સત્તાવીશ નક્ષત્ર[5] તણી આ માળા ગૂંથી [6]**રંગે** રે,
ધારો સહિયર કંઠ ઉમંગે, આભૂષણ[7] એ સાર,
જય જય જય ગાશે !! - સખી શરદ૦ ૨૮

## ૧૧૨

(સહિયર આવો રે-એ રાહ)

આખર ખોટી રે, માનવી, ભજી લે જગકરતાર,
કરુણા [8]નાવે રે, જમને, મારે અતિશે માર. - આખર૦ ૧
ધન સુત દારા રે, બંગલા, રહે સહુ ત્યાંનું ત્યાંય,
જાવું એકલ રે, જીવડા, બેલી કોઉ ન થાય.- આખર૦ ૨

---

૧. ચંદ્ર ૨. જાણે; પિછાનો ૩. સર્વશ્રેષ્ઠ ૪. અંધકાર ૫. નક્ષત્ર (૧) નક્ષત્રો (૨) મોતી ૬. ઇશ્વરી પ્રેમરૂપ રંગથી ૭. ઘરેણાં ૮. ન આવે

સગપણ સાચું રે, સંતનું જેથી સુધરે કાજ;
ભાન સ્વરૂપનું થાય જો, જીવતાં કરી લે રાજ- આખર૦ ૩
દેહ ધરીને રે, ના ભજ્યા, પ્રીતમ પ્રાણાધાર;
અંત અંધારું રે, પ્રાણિયા, ચોદિશ કાં ભટકાય ?- આખર૦ ૪
પોથાં થોથાં રે, પંડિતો, કામ ન આવે લગાર;
ભણતર ખોટું રે, માટીનું, માને મોટું ગમાર.- આખર૦ ૫
હું હું કરતો રે, કાં ભમે ? હુંનું મૂળ વિચાર;
શબ્દાતીત રે, શામળિયો, શાસ્ત્રે [1]નાવે પાર- આખર૦ ૬
લક્ષ લહીને રે, જે રહે સમજે સઘળો સાર;
સદ્ગુરુ સાને રે, જે ગ્રહે, જામે **રંગ** અપાર - આ૦ ૭

**૧૧૩**

હરિગુણ ગાઓ રે, પ્રીતથી, થાશે બેડો પાર;
નહિ તો રોશો રે, આખરે, પડશે જમનો માર. - હરિ૦ ૧
ચાર દિવસનું રે, ચાંદરણું, ધન જોબન અધિકાર;
મૂળ વિચારો રે, મૂળથી, નાહક થાશો ખ્વાર.- હરિ૦ ૨
પોથાં મૂકી રે, પંડિતો, કરો પંડવિચાર;
અક્ષર આઘો રે, એ વસે, ખોલો અંતરદ્વાર.- હરિ૦ ૩
ચરણ તળાંસો રે, સંતનાં, દેશે સાને જ્ઞાન;
આપ ભૂલાતાં રે, આત્મનાં, થાશે હૃદયે ભાન. - હરિ૦ ૪

---

૧. ન આવે

[1]રામા મૂકી રે, રામનું, લેવું નિશદિન નામ;
અક્ષર ફોડી રે, અંતરે, જોવું અક્ષર[2] ધામ. - હરિ૦ ૫
નિશ્ચય-નાવે રે, જો ચઢે, શ્રદ્ધાશઢ ફેલાય;
સુરતસુકાને રે, કોક દિ, ભવસાગર તરાય. - હરિ૦ ૬
દેહ ભૂલીને રે, દેવને; ભજતાં દેવ થવાય;
દેહે દેવ રે દેખતાં; આપ વિદેહી થાય. - હરિ૦ ૭
ગુણગુણ કરતાં રે, ભૃંગ જો, થાય અગુણ અવાજ;
પર રસ પેખી રે, ત્યાં ઠરે, ભૂલે સઘળો થાક. - હરિ૦ ૮
જુગ્તે જાણે રે, જોગીઓ, વિરલો પામે પાર;
અંદર ભાળે રે, આપથી, જામે **રંગ** અપાર. - હરિ૦ ૯

**૧૧૪**

'પ્રભુનો મારગ છે, શૂરાનો કાયરનું નહિ કામ;'
દેખી ભાગે રે, ભીરુઓ,[3] અધવચ હારે હામ.[4] - પ્રભુ૦ ૧
ભક્તિ ભભૂકે રે, અંતરે, ભવભીતિ સહુ જાય;
અર્ક ઉદિતાં રે, અંતમાં, તમ તે કયમ દેખાય ? - પ્રભુ૦ ૨

---

૧. સ્ત્રી. ભજન પુરુષને ઉદ્દેશી લખાયેલું છે એટલે સ્ત્રીચિંતનના ત્યાગની વાત છે; બાકી પુરુષસાધકને સ્ત્રીવિષયનું ચિંતન અકલ્યાણકારક ને સાધનામાં વિઘ્ન લાવનાર હોવાથી ત્યાજ્ય છે, તેવી જ રીતે સ્ત્રીસાધકને માટે પુરુષવિષયનું ચિંતન પણ સર્વથા ત્યાજ્ય છે. અહીંયા સ્ત્રી શબ્દ કામવાસનાનો નિર્દેશક છે; એમાં માત્ર સ્ત્રીજાતિ પ્રત્યે કટાક્ષ જેવું નથી.
૨. પરમાત્માનું અવિનાશી સ્વરૂપ ૩. કાયર માણસો ૪. હિંમત

મસ્તક મૂકી રે, માનવી, લેવું હરિનું નામ;
[1]સ્વાંગ સતીનો રે, જે સજે, ત્યજે જીવનના [2]કામ - પ્રભુ૦ ૩
ડગલે ડગલે રે, ડુંગરા, ચઢવા મેરુપ્રાય[3];
કંટક શૂળો રે, દેહમાં, ક્ષણ ક્ષણ ત્યાં ભોંકાય ! - પ્રભુ૦ ૪
ભૂત ભમે છે રે, ચોદિશે, ડાકુ ચોર અપાર;
વનવગડાની રે, વાટડી, વનચર ખાવા ધાય ! - પ્રભુ૦ ૫
પાણી મૂક્યું રે, કુલશીલે, છોડી લાજ ને માઝ;
નાચ્યું ઉમંગે રે, માંડવે, પહેરી અમૃત-તાજ !! - પ્રભુ૦ ૬
દુર્જન દાઝે રે, દેખતાં, કરડે પોચાં હામ;
અંત બળીને રે, થાકતાં, છેડે આડી વાત ! - પ્રભુ૦ ૭
અવળી વાતે રે, ના મૂકે, વીર ટેક લવમાત્ર;[4]
તૃણ નવ ભક્ષે રે, કેસરી, ભલે તૂટતાં ગાત્ર. - પ્રભુ૦ ૮
નિશ્ચય-નાવે રે, જે ચઢે, થાએ બેડો પાર;
અધવધરાનું રે, ના ચલે, ઉભયભ્રષ્ટ થઇ જાય. - પ્રભુ૦ ૯
કુલટાશાપે રે, ના તજે, પ્રમદા પતિનો સાથ;
જ્યોતિ જાગે રે, પ્રેમની, બાળે પાપસંઘાત.[5] - પ્રભુ૦ ૧૦
આ પરાયું રે, જ્યાં શમે, ઝેરવેરની જાત;
વાતો ટાઢી રે, કાલની, અર્કે[6] ક્યાંથી રાત ? - પ્રભુ૦ ૧૧
તેજ તેજ રે, એકરસે, દુઃખ અંધારું જાય;
જેને વીતે રે, તે જ લહે, **રંગ** કેમ શું થાય !! - પ્રભુ૦ ૧૨

---

૧. પોષાક; શણગાર ૨. જીવ બચાવવાની ક્ષુદ્ર ઇચ્છા ૩. મોટા મેરુ પહાડ જેવા ૪. જરાએ ૫. પાપસમૂહ ૬. સૂર્યમાં.

## ૧૧૫

સગપણ સાચું રે, શીલનું, જેથી રીઝે શ્યામ;
અવર ઉપાસન રે, મેલનું, જેથી ખીજે રામ. - સગ૦ ૧
વિષયકથાએ રે, કા'નુડો, કદીએ નાવે હાથ;
બાવળ વાગ્યે રે, કારમા, કંટક વાગે હાથ. - સગ૦ ૨
[૧]શમદમ સાથે રે, પ્રીતડી, કરીએ ચતુર સુજાણ;
પર ઉપકારે રે, દેહડી, પાથરીએ નિશદિન પ્રાણ. - સગ૦ ૩
નરકતણાં છે રે, બારણાં, કામ, ક્રોધ ને લોભ;
દાન દયાથી રે, દમમાં, દમીએ મનનો ક્ષોભ. - સગ૦ ૪
ચોરી ચાડી રે, ના કરે, ઢાંકે દોષ જે આન;
નિંદા ત્યાગે રે, નારકી, પોષે સદ્‌ગુણ ખાણ. - સગ૦ ૫
હિંસા મનથી રે, ના કરે, દેહવેણથી અન્ય;
બૂરું ભાખે રે, ના કદી, જીવતર તેનું ધન્ય. - સગ૦ ૬
તપસંતોષે રે, જે રહે, મુખમાં હરિનું નામ;
નિદ્રાસ્વપ્ને રે, ના શમે, ચિંતે હરિનું [૨]ધામ. - સગ૦ ૭
પ્રભુની લીલા રે, સાંભળે, ગાએ હરિજશગાન;
સજ્જન સેવે રે ભાવથી, ઉર નાણે[૩] અભિમાન. - સગ૦ ૮
જન્મમરણની રે, ચક્કીમાં, પીસે નિશદિન કાળ;
કોક કરોડે રે, ઊગરે, વિરલો સદ્‌ગુરુબાળ.[૪] - સગ૦ ૯

---

૧. મનોનિગ્રહ તે શમ, અને ઇન્દ્રિયનિગ્રહ તે દમ ૨. સ્વરૂપ ૩. ન આણે ૪. જેના ઉપર સદ્‌ગુરુનો પંજો પડેલો છે તેવો

મનને મારી રે, જે મરે, ફરી ફરી મરવું જાય;
એ વિણ મુક્તિ રે, ના મળે, છો કર કોટિ ઉપાય !- સગ૦ ૧૦
જ્ઞાનવિરાગે રે, જે લહે, વીંધે નામનિશાન,
નામી માંહે રે, દેવ દિસે, ભૂલે દેહનું ભાન !! - સગ૦ ૧૧
અક્ષર અળગો રે, **રંગ** એ, અંતરમાં નિ:સંગ;
જાણી જાગે રે, જોગીઓ, ભવભય થાએ ભંગ !! ! - સગ૦ ૧૨

**૧૧૬**

હરિજન આવો રે, હેતથી, ધરીએ હરિનું ધ્યાન;
ગુણીજન ગાઓ રે, પ્રીતથી, હરિજશ નિર્મળ ગાન. - હરિ૦ ૧
ચાર દિવસનું રે, ચાંદણું, જીવન ક્ષણભંગુર;
વીજળી ઝબૂકે રે, આભમાં, જોબન વારિપૂર. - હરિ૦ ૨
ધનપદ માટી રે, માનવી, ખરતાં ન લાગે વાર;
ક્ષણ ક્ષણ ભક્ષે રે, જીંદગી, ઓથે રહીને કાળ. - હરિ૦ ૩
મનની મનમાં રે, રહી જશે, જીવતાં ન જાણ્યા મહેશ;
આખર અંધારું રે, થઇ જશે, કાળ ઝાલશે કેશ. - હરિ૦ ૪
ભજન કરી લે રે, ભાવથી, જ્યાં લગી શ્વાસોચ્છ્શ્વાસ;
જીવ મુસાફર રે, જગતમાં, આખર કોઉ ન પાસ ! - હરિ૦ ૫
કર્મ સંગાતે રે, જીવડા, જાવું જમદરબાર;
લાડી વાડી રે, ગાડીઓ, કામ ન આવે લગાર. - હરિ૦ ૬
જીવતાં જાણી લે, તે તરે, બીજા ખત્તા ખાય;
મરણસમોએ રે, માનવી, દુષ્કૃત ખાવા ધાય. - હરિ૦ ૭

સંતસમાગમ રે, જો કરે, સૂઝે સવળો પંથ;
કર્માતીત રે, તો લહે, લક્ષે આવે કંથ. - હરિ૦ ૮
વ્રત જપ તીરથ રે, તે સમે, કોઉ ન ઝાલે બાંહ્ય;
કાયા ધોઇ રે, અમૃતે, અંતર્મેલ કયમ જાય ? - હરિ૦ ૯
જ્ઞાનસરિતા રે, નિર્મલા, સ્નાને મુક્તિ થાય;
શમદમઘાટે રે, જો ચઢે, **રંગ** નાથ દરસાય. - હરિ૦ ૧૦

## ૧૧૭

પશ્ચિમ વાની રે, વાદળી, ઝેરી બરખા થાય;
સદ્ગુણ ખેત રે, ખેરવી, વેલો ખાવા ધાય ! - પશ્ચિમ૦ ૧
ચાર ચક્ષુએ રે, ના જડે, જગજીવન અમાપ;
અંદર ઓપે રે, આતમા, થાય અજંપા જાપ. - પશ્ચિમ૦ ૨
એમાં શું શું રે, એમ વદે, નાસ્તિક એ બકવાદ;
કંઠે પ્રાણ રે, આવતાં, કોણ સૂણશે સાદ ? - પશ્ચિમ૦ ૩
માન મૂકીને રે, માનવી, સંતચરણ પ્રણામ;
સેવા અદકી રે, જો કરે, આવે આપની ફામ[1] - પશ્ચિમ૦ ૪
ભાગે ભીતિ રે, મોતની, જમડાં નાસી જાય;
જાગે જ્યોતિ રે, અંતરે, મુક્તિમેવા ખાય. - પશ્ચિમ૦ ૫
શ્રદ્ધાસીડી રે, જો ચઢે, શૂન્ય માનસર ન્હાય;
મુક્તા ભાખે રે, હંસલા, વાયસ વિષ્ઠા ખાય !! - પશ્ચિમ૦ ૬
પરની પડતી રે, મેલીને, આપ હિસાબ તપાસ;
દેવું ચૂકે રે, દાનથી, લક્ષ્મી આવે પાસ ! - પશ્ચિમ૦ ૭

---

૧. સ્મરણ, યાદ

આધો દિસે રે, અજ્ઞને, પાસે પુણ્યપ્રકાશ;
દૃષ્ટે નાવે રે, અંધને, અટવાએ ચારે પાસ ! - પશ્ચિમ૦ ૮
લાખ અનુભવ રે, અંધના, એ સહુ આખર રાખ;
ક્ષણમાં દેખે રે, દેખતો, બીજો થાશે ખાખ !! - પશ્ચિમ૦ ૯
રાખ લંગોટી રે, લાખ છે, લાખો રાખ સમાન;
બંદર નાચે રે, બંદરે, મૂઠી ચણક પ્રમાણ ! - પશ્ચિમ૦ ૧૦
ઉપર ટોપી રે, તંગડી, માંહે જૂની ખાણ;
ગાલ બજાવે રે, ગોરીલો, સમજે ચતુર સુજાણ ! - પશ્ચિમ૦ ૧૧
મસ્તક મૂકી રે, મારુતે, સેવ્યા રામ [૧]રહીમ;
ઘર ઘર પૂજે રે, **રંગ** એ હનુમાન બલભીમ. - પશ્ચિમ૦ ૧૨

## ૧૧૮

(હું તો વરી છું નકલંકી નાથ રે-એ રાહ)

[૨]હું તો નમું છું અનસૂયાસુતને રે;
નાથ દત્ત દિગંબર અવધૂતને રે:- ટેક.
ઘટઘટમાં તે દેવ બિરાજે રે;
અત્રિ ઋષિનું તપ એ તો રાજે રે. - હું તો૦ ૧
પ્રેમરંગે તે વસ્તર રંગે રે;
ભગવો ભેખ માયાનટી સંગે રે. - હું તો૦ ૨
વ્હાલે સહ્યાદ્રિશિખરે વાસો રે;
કીધો ઔદુંબર તળે ખાસો રે. - હું તો૦ ૩

---

૧. દયાળુ ૨. આમાં ભગવાનના દત્તાત્રેયાવતારની નિત્યચર્યા વગેરેનું વર્ણન છે. આમાં અને આ પછીની ગરબીમાં વર્ણવેલી લીલા વિષે વિશેષ જાણવાની ઇચ્છા થાય તેમણે શ્રી ગુરુલીલામૃત ગ્રંથ જોવો.

પાસે ઊભી કપિલા ધેનુ રે;
  શ્વાન ભસે, વગાડે સોહં વેણુ રે. - હું તો૦ ૪
માલા કમંડલુ કર સોહે રે;
  શૂલ ડમરુ વગાડી જગ મોહે રે. - હું તો૦ ૫
ભૂરી ભૂરી શિર જટા દીપે રે;
  દેખી આંખતણી પ્યાસ છીપે રે. - હું તો૦ ૬
વ્હાલો માહૂરગઢમાં સૂતો રે;
  વ્હાણે ગંગાજળે નિત ન્હાતો રે. - હું તો૦ ૭
સાથે સંતમંડળનું ટોળું રે;
  નાસે પવનગતે કયમ ખોળું રે ? - હું તો૦ ૮
કુરુક્ષેત્રે તે આચમન કરતો રે,
  [1]ગાંધર્વનગરે તે હરિધ્યાન ધરતો રે. - હું તો૦ ૯
ધૂતપાપેશ્વરે ભસ્મી ધારે રે,
  કરહાટે પ્રાતઃસંધ્યા કરે રે. - હું તો૦ ૧૦
ભિક્ષાઝોળી ખભે, શ્રુતિ ગાવે રે,
  કોહ્લાપુરે અલખ જગાવે રે. - હું તો૦ ૧૧
પંઢરપુરે તે તિલક લગાડે રે,
  પાંચાલપુરે ભોજન કરે કોડે રે. - હું તો૦ ૧૨
તુંગભદ્રામાં જળપાન કરતો રે,
  બદરીનારાયણે કથા સૂણતો રે. - હું તો૦ ૧૩
રૈવતગિરિ[2] પર વિશ્રાંતિ રે;
  સાયંસંધ્યા પશ્ચિમાબ્ધિ થાતી રે. - હું તો૦ ૧૪

---

૧. (i) ગાણગાપુર (ii) ગિરનાર ૨. ગિરનાર

વ્હાલો બાળકની ગોડે ખેલે રે;
નિજાનંદમાં મસ્ત થઇ ડોલે રે.- હું તો૦ ૧૫
વ્હાલે જોગની તે દીક્ષા લીધી રે;
સહસ્રાર્જુનને મુક્તિ દીધી રે.- હું તો૦ ૧૬
વ્હાલે પ્રહ્લાદને જ્ઞાન તે દીધું રે,
રાજ અલર્કનું કામ કીધું રે.- હું તો૦ ૧૭
વ્હાલે ઈંદ્રતણી લાજ રાખી રે,
ગુણ ગાતાં શેષજીભ થાકી રે.- હું તો૦ ૧૮
વ્હાલો ભાવ તણો એક ભૂખ્યો રે,
**રંગ**-પ્રેમ જોઇ તૂર્ત ઝૂક્યો રે !!- હું તો૦ ૧૯

## ૧૧૯

હું તો વરી છું શ્રીપાદયતિને રે,
નાથ નૃસિંહસરસ્વતી પતિને રે !- ટેક.
વ્હાલે વિધવિધ લીલા કીધી રે,
હીનદીનોને મુક્તિ દીધી રે. - હું તો વરી૦ ૧
વ્હાલો ધોબીનો ભાવ જોઇ રીઝ્યો રે,
રાજ આપીને ખુશ કરી ભેજ્યો રે.- હું તો વરી૦ ૨
બાધા રાખીને શેઠ એક નિસર્યો રે,
ધન ચોગણું પામી નવ વિસર્યો રે.- હું તો વરી૦ ૩
વાટે ચોરોએ વધતાં, પ્રગટ્યા રે,
મારી ચોરોને ભક્ત ઊઠાવિયો રે.- હું તો વરી૦ ૪
શૂળ થકી દ્વિજ એક તડફડતો રે;
અન્નગ્રાસ ન એકેય ખાઇ શકતો રે. - હું તો વરી૦ ૫

મ્હેર કીધી અન્નદવા દીધી રે,
દર્દ નાહું એવી સુધ[1] લીધી રે. - હું તો વરી૦ ૬
અન્નપૂર્ણા પરે દયા કીધી રે,
વ્હાલે ઝાલરની શીંગો પ્રીતે ખાધી રે. - હું તો વરી૦ ૭
વેલ કાપીને ચરુદાન દીધું રે,
દળદર જન્મોજન્મનું હરી લીધું રે. - હું તો વરી૦ ૮
શિરોળગામની તે ભાવિક નારી રે;
મૃત પુત્ર જીવાડી વ્હાલે તારી રે. - હું તો વરી૦ ૯
વંધ્યા ભેંસતણું દૂધ પીધું રે;
મૂઢ બાળકને જ્ઞાન દીધું રે. - હું તો વરી૦ ૧૦
દ્વિજ વિદ્યામદે બહુ માત્યા રે;
દેશોદેશ કરી વાદ જીત્યા રે. - હું તો વરી૦ ૧૧
વ્હાલે હીનમુખે એ હરાવ્યા રે;
વેદવાદ કરાવી મદ ઉતાર્યા રે. - હું તો વરી૦ ૧૨
વિશ્વરૂપ બતાવી યતિ તાર્યો રે;
દાસ બન્યો ત્રિવિક્રમ હાર્યો રે. - હું તો વરી૦ ૧૩
માહૂરગઢની તે સતી એક નિસરી રે;
રોગી પતિ લઇ ઘર વિસરી રે. - હું તો વરી૦ ૧૪
વાટે મોત. થતાં વ્હાલો ધાયો રે,
પતિ ઉઠાડી ભક્તમન ભાયો રે. - હું તો વરી૦ ૧૫
ત્રણ જણાની રસોઇ વિપ્રે કીધી રે,
પ્રેમ દેખી વ્હાલે ભિક્ષા લીધી રે. - હું તો વરી૦ ૧૬
વસ્ત્ર ઢાંકી હજારો જમાડ્યા રે,
લીલા કરીને નિંદક લજાવ્યા રે. - હું તો વરી૦ ૧૭

---

૧. સંભાળ

અહા ! વંધ્યાતણો ભાવ કેવો રે ?
સાઠ વર્ષે કન્યાસુત લ્હાવો રે !- હું તો વરી૦ ૧૮
આવી લીલા કંઇ કંઇ કીધી રે;
કોઢ મટાડી વિપ્રસુધ લીધી રે.- હું તો વરી૦ ૧૯
શુષ્ક કાષ્ટે તે પલ્લવ આણ્યાં રે;
ભાવભૂખ્યા તે સદ્‌ગુરુ જાણ્યા રે. - હું તો વરી૦ ૨૦
નિમેષ માંહી તંતુકને રે;
શ્રીશૈલ્ય બતાવી હર્યું દુ:ખને રે.- હું તો વરી૦ ૨૧
દિવાળીએ લીલા કીધી રે;
આઠ રૂપ ધરી ભિક્ષા લીધી રે.- હું તો વરી૦ ૨૨
ગાણગાપુરનો તે ખેડૂત તાર્યો રે;
પાક હજારો મણ ઉતાર્યો રે.- હું તો વરી૦ ૨૩
ઉચ્ચનીચનો ભેદ ન જાણ્યો રે;
એક મનનો તે ભાવ વખાણ્યો રે.- હું તો વરી૦ ૨૪
ચાર અઢાર ને છએ થાકે રે;
દેવ દાનવ કંપે ધાકે રે.- હું તો વરી૦ ૨૫
એક સેવાતણી હું તો ભૂખી રે;
સ્વર્ગસંપત્તિ એ વિણ લૂખી રે.- હું તો વરી૦ ૨૬
દયા કરીને દીન ઉદ્ધારો રે;
મારા દોષ હજારો વિસારો રે.- હું તો વરી૦ ૨૭
તાલ બેતાલ કંઇ નવ જાણું રે;
વાંકુચૂકું સ્વીકારો આ ગાણું રે.- હું તો વરી૦ ૨૮
મન થાક્યું ને વાણી વિરામી રે;
**રંગ** રંગે તું ગુરુ લય પામી રે. - હું તો વરી૦ ૨૯

## ૧૨૦

તું તો દત્ત દિગંબર ભજને રે;
　　　કૂડકપટ મનનાં સહુ ત્યજને રે.- ટેક.
અવળી વાતે તે અવળું સૂઝે રે;
　　　નામરસાયણે ઘા રૂઝે રે. - તું તો૦ ૧
[1]મિત ખાવું પીવું ને મિત સૂવું રે;
　　　સૂર સાધીને હરિનામ લેવું રે.- તું તો૦ ૨
ઘટઘટમાં તે હંસલો બોલે રે;
　　　મળે સાચા ગુરુ તો સાન ખોલે રે.- તું તો૦ ૩
ઊલટી સેર ગગનમાં ઊડતી રે;
　　　મારી સર્વેને આપ વિરમતી રે.- તું તો૦ ૪
સૂતાં સૂતાં તે નિશદિન જાગે રે;
　　　ઊંઘે જાગૃતિમાં નિંદ ભાગે રે.- તું તો૦ ૫
એક અખંડ વીજળી ઝબૂકે રે;
　　　નેનનેમ સહુ ત્યાં ચૂકે રે.- તું તો૦ ૬
એવો **રંગ** અલૌકિક જામે રે;
　　　વણ જોયે ન પાર કો પામે રે !- તું તો૦ ૭
મૂકી આળસ સાધન કરવું રે;
　　　મૂઆ પહેલાં તે જીવતાં મરવું રે !!- તું તો૦ ૮

## ૧૨૧

હું તો માગણ ગુરુઘર દાસી રે;
　　　એક સેવાતણી ઉપવાસી રે.- ટેક.
એંઠો ટૂકડો તે ગુરુ તમ આપો રે;
　　　મારી જન્મોજન્મની ભૂખ કાપો રે. - હું તો૦ ૧

---

૧. પ્રમાણસર

વ્હાલા વરી છું તમારા નામને રે;
શું કરું આ દામ ને ચામને રે. - હું તો૦ ૨
ખાનપાનમાં ચિત્ત નવ ઠરતું રે;
છાનુંમાનું એ નિશદિન રડતું રે. - હું તો૦ ૩
પ્રેમજળે તે પગ તમ ધોઉં રે;
મેલ અંતરનો નિજ ખોઉં રે. - હું તો૦ ૪
કાયા બાળીને દીપ જલાવું રે;
તેજે તેજ થઇ નિત રહેવું રે. - હું તો૦ ૫
ભોગ રમકડાં નવ ગમતાં રે;
દેખી વિષયીજનો મન હસતાં રે. - હું તો૦ ૬
નામરૂપપસારો ત્યાગી રે;
ગુરુશબ્દ થકી હું તો જાગી રે. - હું તો૦ ૭
એકવીતી ન બીજો જાણે રે;
**રંગ** મૌન ગ્રહી મોજ માણે રે ! - હું તો૦ ૮

## ૧૨૨

(નર તું શીદને ચિંતા કરે-એ રાહ)

(રાગ-મિશ્ર દરબારી; તાલ-કહેરવા)

સૂતો શું તાણીને સોડ ? આખર ઊડશે સઘળા કોડ !- ટેક.
ભાવ થકી ભગવાન ભજ્યા ના, ભોજનભક્તિ કીધી;
દેહ-દેવ પૂજ્યા બહુ કોડે, ભ્રાંતિ-શુક્તિ[1] કર લીધી. -સૂતો૦ ૧
'યદ્દષ્ટં તન્નષ્ટં' શ્રુતિનો ના સૂણ્યો ટંકાર;
અહંકાર આડે ઊભો જ્યાં આખર પડશે માર. - સૂતો૦ ૨

---

૧. છીપોલી

પાંચ કોટની અંદર ઓપે, આત્મરાજદરબાર,
ચૌદ માળની ઉપર બેઠો; શૂન્યતણો સરદાર ! - સૂતો૦ ૩
વચમાં [૧]ગહરાં પાણી, જળચર ફાડી ખાવા ધાય,
[૨]તારો અંદર અતિ ગભરાએ, આન ગતિ શી થાય ? - સૂતો૦ ૪
બૂડતાની બાંહે વળગીને, બૂડે મૂઢ ગમાર;
ભેદુ મરમી પાર ઉતારે, પલક ન લાગે વાર. - સૂતો૦ ૫
નીતિનાવડે ચઢજે પ્રાણી, સદ્‌ગુરુ નાવિક[૩] સાર;
પ્રેમભરતીમાં વહેતું મૂકી, થા **રંગ** ભવપાર !! - સૂતો૦ ૬

## ૧૨૩

ધાર્યું ધરણીધરનું થાય; મૂરખ, કાં મન તું પસ્તાય ? - ટેક.
એક શ્વાસથી જગ નિપજાવે, અંતે સહુ લય થાય;
અણુ [૪]રેણુમાં વ્યાપી સઘળે, સચ્ચિત્સુખ સોહાય. - ધાર્યું૦ ૧
ચંદા સૂરજ પહેરો ભરતા, રાતદિવસ નિર્માન;[૫]
ધરતીમાતા દુઝે વિધવિધ, ઋતુકાળસમ જાણ. - ધાર્યું૦ ૨
મેઘ વરસતો અમૃતવૃષ્ટિ, ચાતક મન હરખાય;
[૬]સ્વાતીઋક્ષે મોતી પાકે, કામ અનેરાં થાય - ધાર્યું૦ ૩
ધાર્યું થાએ તુજથી જીવડા, કાં ન કરે તું રાજ ?
અભિમાન રાખી મૂરખ મન, કાં વણસાડે કાજ ? - ધાર્યું૦ ૪
એક સળી ના ઊડે તુજથી, વૃથા કરે ગુમાન;
શરણ ગહે[૭] સાહેબનું મનથી, તો દુઃખ થાશે હાન[૮] - ધાર્યું૦ ૫

---

૧. ઊંડા ૨. સારો તરનાર ૩. ખલાસી ૪. રજકણ ૫. નિરભિમાન
૬. સ્વાતી નક્ષત્રમાં ૭. ગ્રહે, પકડે ૮. નષ્ટ

તુજને તુજનો પંડ પ્રાણિયા, એ સહુ જગનો બાપ;
અકળ કળા કર્તાની; કાઢે કોણ એહનું માપ ? - ધાર્યું૦ ૬
યોગ્ય સમે સહુ આવી મળતું, જેહ જેહને ભાગ;
વણમાગ્યે દુઃખ સુખ પણ પામે, હંસ મોતી વિટ[1] કાગ-ધાર્યું૦ ૭
દેહભરોંસો છોડી પ્રાણી, દેવભરોંસો રાખ;
અવિચળ આતમઓળખ હૈડે, **રંગ** અમીરસ ચાખ ! - ધાર્યું૦ ૮

## ૧૨૪

ભજો શું મૂરખ ભૂત અનેક ? ઇશ્વર છે સઘળે એ એક.- ટેક.
પાણી અંબુ જલ વારિ આપમાં, નામ વિના નહિ ભેદ;
[2]બાષ્પ બરફ રૂપે જુદાં પણ; અંત વારિ સહુ એક. - ભજો૦ ૧
શ્યામ કોલસો મેલો દિસે, હીરો ઝગમગ તેજ;
રાગદ્વેષથી જગત નચાવે; તત્ત્વ એહનું એ જ !- ભજો૦ ૨
સ્ત્રી પુમાન નપુંસક કહાવે, દેવી દેવ પરબ્રહ્મ;
[3]લિંગ થકી લિંગી જુદો એ, સચ્ચિદ્રૂપે ઓમ્- ભજો૦ ૩
નામરૂપનો સકલ પસારો, માયાનો દરબાર;
માયી દરબારી ન્યારો છે, ખેલે અંદર બહાર.-ભજો૦ ૪
આદિઅંતમાં [4]અર્ક બિરાજે, મધ્યે મૃગજલ તૂત;
દેખી મૃગલાં દોડે અંધાં, જ્ઞાની પરખે ભૂત !- ભજો૦ ૫
ખેલ સમેટે આપ ખેલાડી, ખેલે ઇચ્છાસાર;
**રંગ** નાટકી નટવર ખેલે, નામ રૂપ મોઝાર !!- ભજો૦ ૬

---

૧. વિષ્ટા ૨. વરાળ ૩. (i) જાતિ; (ii) ચિહ્ન ૪. સૂર્ય

## ૧૨૫

(ઓ મન ભમરા-એ રાહ)

(રાગ-સારંગ, તાલ-કહેરવા)

મન મૂઢ અજાણ ! ફાંફાં કાં મારે છે અમથાં આભમાં ?
વળ મૂળ નિશાન, જેણે રે સંરક્ષણ કીધું ગાભમાં ?- ટેક.
પળપળમાં જાય કહાં દોડી, શરણું ભગવંતતણું છોડી ?
આખર નાવે ફૂટી કોડી. - મન મૂઢ૦ ૧
અમૃત કીધું દેવો કાજે, સ્તનદૂધ ભર્યું બાળક કાજે;
ફળ ફૂલ અન્ન પૃથ્વી રાજે[1] - મન મૂઢ૦ ૨
ખડતૃણથી પશુને સંતોષે, કીડી કણ મણ હાથી પોષે;
ભજશે ના તે આખર રોશે. - મન મૂઢ૦ ૩
દિવસે પ્રગટે ભાનુદેવા, રાતે શશીતારકની સેવા;
ઋતુઓ અરપે વિધવિધ મેવા. - મન મૂઢ૦ ૪
સાગરમાં ભરતી લાવે છે; વાદળથી જળ વરસાવે છે;
આકાશે ચાપ[2] ચઢાવે છે. - મન મૂઢ૦ ૫
લખ ચોરાશી જાતિ કીધી, કાળ કર્મતણે હસ્તક દીધી,
વિધવિધતામાં ન કમી કીધી. - મન મૂઢ૦ ૬
જે ઘટ ઘટ માંહી બોલે છે, બાજીગર અળગો ખેલે છે,
જે જાણે તે **રંગ**[3] રેલે છે. - મન મૂઢ૦ ૭

## ૧૨૬

મન મર્કટ રે ! કેમ ભમે છે નિત નિત નૂતન[4] ડાળીએ ?
સુખ સમણું રે, લેશ ન એમાં, કળથી અંદર ભાળીએ. - ટેક.
જેમ જેમ રમાડું હું તુજને, તેમ તેમ પછાડે તું મુજને,
ફટ ફટ રે ન-ગણા[5] ફટ તુજને ! - મન મર્કટ૦ ૧

---

૧. શોભે ૨. ધનુષ ૩. આનંદ લૂટે છે. ૪. નવી ૫. ગુણ ભૂલી જનાર; કૃતઘ્ન

વિશ્વતણી આ વાડી રૂપાળી, ફળપુષ્પોથી સભર નિહાળી,
ભાન ગયો તું છેક જ ભૂલી; - મન મર્કટ૦ ૨
ઉપરથી અમૃતસમ ઓપે, માંહે ઝેર હલાહલ દીપે;
હાથે કંટકબીજ કયમ રોપે ? - મન મર્કટ૦ ૩
વન છોડી વનમાળી ઢૂંઢે, જે માગે તે આપે મોઢે;
ચઢ નિષ્કામતણે વરઘોડે. - મન મર્કટ૦ ૪
કામકિરાતે[1] જાળ બિછાવી, મૂઢ તને એ અતિ મન ભાવી;
કાં હાથે હીરાકણી ખાવી ? - મન મર્કટ૦ ૫
શી રીતે તુજને સમજાવું ? વિષય કેફ હા ! કેમ ભૂલાવું ?
દિવ્ય ઔષધિ કયાંથી લાવું ? - મન મર્કટ૦ ૬
જ્ઞાનસુધારસ બૂંદ પીએ જો, મોહ-ધૂંધ[2] ક્ષણમાં નિસરે તો;
મર્કટ [3]મોહન **રંગ** બને તો !! - મન મર્કટ૦ ૭

## ૧૨૭

મન [4]મરજીવા ! છે મોતી અમૂલખ એક અંતર-સાગરે;
એ રસ પીવા, ગહ સદ્‌ગુરુની બાંહ્ય આ ભવસાગરે. - ટેક.
જ્યાં આપતણું બળ નવ ચાલે; એ વિણ પત્તું તૃણ નવ હાલે;
આખર જમ કેશ સહી ઝાલે ! - મન મરજીવા૦ ૧
ગુરુજ્ઞાનઘટા ગહરી છાઇ, [5]આંધી અજ્ઞાનતણી ધાઇ;
ધર્મામૃતમેઘઝડી આઇ. - મન મરજીવા૦ ૨
મન-છીપ મહીં બિંદુ પડીયું, સત્ત્વામૃત સ્વાતિ જઇ ઠરીયું;
પાણી અમુલખ ત્યાં તો ચઢીયું ! - મન મરજીવા૦ ૩
સહુ દ્વાર જુક્તિથી બંધ કરી, દશમે જઇ પ્રાણ વસેજ ઠરી;
મારે ડૂબકી હરિનામ સ્મરી ! - મન મરજીવા૦ ૪

---

૧. પારધી ૨. ઝાંખ ૩. પરમાત્માસ્વરૂપ ૪. જીવને જોખમે મોતી કાઢનાર ૫. ધૂમસ ૬. સમાધિકાળમાં ચાલતો આત્માકાર વૃત્તિનો અખંડ પ્રવાહ

ત્યાં કાયરનું નવ કામ જરી; નુગરા જાએ ક્ષણમાં જ મરી;
કોઇ એક કરોડે જાય તરી !! - મન મરજીવા૦ ૫
તનુ [૧]વર્મ શીલનું દઢ ધરી, [૨]ઊર્મિની હેઠે જાય ફરી;
દેખે એ [૩]મુક્તા **રંગ** હરિ ! - મન મરજીવા૦ ૬

## ૧૨૮

સૂણ ચતુર સુજાણ ! વાતલડી કહું છું રે તુજને મીઠડી;
ઉર ઉદિયો ભાણ, તેજ ન માએ અંતર સ્વરની વાટડી. - ટેક.
જે આંખ મીંચીને દેખે છે, તે ઝગમગ જ્યોત વિલોકે છે;
દગ્ દૂરબીન ત્યાં તો થાકે છે ! - સૂણ૦ ૧
ત્યાં વિદ્યુત લેશ ઝબૂકે ના, સુર તારક ચંદ્ર પ્રકાશે ના;
અગ્નિ અણુ મારગ કાપે ના !! - સૂણ૦ ૨
અજ્ઞાની ઉલ્લૂની પેરે, પરણે જઇને [૪]તમની વેરે,
અટવાએ [૫]અટવીને ફેરે !! - સૂણ૦ ૩
જે દેહ મૂકીને દોડે છે, અભ્યંતર મુખને [૬]મોડે છે;
ભવબંધન તે નર તોડે છે !! - સૂણ૦ ૪
છોડી ગુણ આકૃતિ જઇ મળીયું, અગ્નિમાં કાષ્ટ જઇ ભળીયું;
તેજે જઇ તેજ થઇ રહીયું !! - સૂણ૦ ૫
[૭]સાતે જઇ [૮]સવિતામાં મળતા, સહુ **રંગ** એકમાં જઇ ભળતા;
જ્યાં એક અનેક સૂરો રમતા !!! - સૂણ૦ ૬

---

૧. બખ્તર ૨. (i)પાણીનાં મોજાં (ii)મનના સંકલ્પવિકલ્પાત્મક તરંગો ૩. મોતી ૪. અંધકાર ૫. (જન્મમરણરૂપી) જંગલ ૬. ફેરવે છે ૭. મેઘધનુષના સાત રંગો ૮. સૂર્યમાં

## ૧૨૯

(બોલ મા બોલ મા બોલ મા રે-એ રાહ)

(રાગ-પીલુ; તાલ-હીંચ (દાદરા))

છેડ મા છેડ મા છેડ મા રે, વાત બ્રહ્મ વિના બીજી છેડ મા- ટેક.
મેવા મિઠાઇ મીઠાં ત્યજીને, ગંધાતી વિષ્ટા હેડ[1] મા રે - વાત૦ ૧
દરાખ દાડમ કેળ ત્યજીને, કડવાં તે કેરાં વેડ[2] મા રે. - વાત૦ ૨
ચંદન કલ્પદ્રુમ ઉખેડી, કાંટાને પાણી રેડ મા રે.. - વાત૦ ૩
**રંગ** બજારે ફાંફાં નકામાં, બાળમુકુંદ તારી કેડમાં રે.. - વાત૦ ૪

## ૧૩૦

ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો અસલી ઘરની.- ટેક.
સ્વપ્નાની માયા સઘળે વિસ્તારી, જૂઠીબાજી બાજીગરની રે.મૂ૦૧
ચૌદ બ્રહ્માંડની વાતો કરે પણ, ખબર નહિ નિજ ઘરની રે.મૂ૦૨
જો જો આંગણીયે ઐરાવત બાંધ્યો, કરે પંચાત કાં [3]ખરની રે.મૂ૦૩
રાજાની રાણી ભીખ સહે કાં ? તું તો રાણી વિશ્વંભરની રે.મૂ૦૪
જ્યાં દેખે ત્યાં રાજ તિહારું, વાત પછી ક્યાં **રંગ** ડરની રે.મૂ૦૫

## ૧૩૧

(વૈષ્ણવ જન તો તેને કહીએ-એ રાગ)

(રાગ-ઝીંઝોટી, તાલ-કહેરવા)

નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે;
સૂરજનું અજવાળું થાતાં, ઝટ અંધારું નાસે રે.- ટેક.
ખટરસ સેવી ખટને પોષે અંતે રડી રડી મરતા રે;
ભજનસુધારસ આનંદ આપે, સહુ દુઃખ એ છે હરતા રે.- ના૦ ૧
સંતમહંતનું જીવન એ છે, દુખિયાનો વિસામો રે;
ભવરોગીનું ઓસડ મોંઘું, કિમીયો કીમતી જાણો રે.- ના૦ ૨

---

૧. ઉઠાવવું (નિમાડી શબ્દ છે) ૨. વીણવું ૩. ગધેડો

જે પીએ તે ફરી નવ આવે, બીજું કંઇ નવ ભાવે રે;
દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે નવ આવે રે. - ના૦ ૩
શોક મોહ સંતાઇ જાતાં, આનંદ અર્ણવ રેલે રે;
આપ મહીં સમરસ થઇ સાધુ, આપ વિષે નિત ખેલે રે. -ના૦ ૪
એ લજ્જત સનકાદિક જાણે, જાણે નારદ જોગી રે;
શુક ઉદ્ધવ તુંબર ઋષિ જાણે, શિવ કૈલાસે ભોગી રે. - ના૦ ૫
[1]વ્રજવનિતા વર[2] રસ એ જાણે, [3]રસવંતી કો જોગણ રે;
**રંગ** અભાગી મટકાં મારે, દ્વારે પ્રભુ તુજ માગણ રે ! - ના૦ ૬

## ૧૩૨

જ્ઞાનઘટા ઝુકી આઇ, ચિદાકાશે, સંતો ઝુકી આઇ રે;
મત્તમયૂર નાચે મનડું હા ! આનંદની ઝડી ધાઇ રે.- ટેક.
વિણ દીપક અજવાળું ઘટમાં, રવિ શશી કોટ પ્રકાશ્યા રે;
રાતદિવસનો ભેદ મટ્યો જ્યાં, અગણિત તેજ ઉજાસ્યા રે.-જ્ઞાન૦૧
વીજળી ચમકે ધડધડ વાગે, અનહદ વાજાં ગાજે રે;
નાદ ઊઠે અંબરમાં અદકો, અનુપમ શોભા રાજે રે.- જ્ઞાન૦ ૨
સહુ સખી ટોળે રાસ રમતી, ભૂલી ભાન વિલોકે રે;
સુરવર મુનિ જોવા સહુ ધાયા, આંખલડી ત્યાં થાકે રે.- જ્ઞાન૦ ૩
બિન પદ નાચે વ્રજની નારી, બિન કર તાલ બજાવે રે;
સાત સૂરથી અદકો અષ્ટમ, બિન મુખ મોહન ગાવે રે.-જ્ઞાન ૦ ૪
સૂર્ય સૂણે થંભાવી રથને, મંદ અનિલ સુખ આપે રે;
[4]સ્વર્ગંધર્વ વિલોકે નીચું, સુરસુંદરી[5] પગ ચાંપે રે.- જ્ઞાન ૦ ૫

---

૧. ગોપીયો ૨. શ્રેષ્ઠ ૩. પ્રભુપ્રેમમાં મસ્ત ૪. સ્વર્ગના ગાનારા
૫. અપ્સરાઓ

ફૂલ સુગંધી દિવ્ય પ્રસારી, કલ્પતરુ કંઇ ડોલે રે;
અમૃતસરિતા અંદર વહેતી, જન્મમરણ તૃણ તોલે રે.- જ્ઞા ૦ ૬
ખેલ અલૌકિક **રંગ** નિહાળી, ન્યારો રહીને ખેલે રે;
અંદર બાહિર એ જ ખેલાડી, એક અગોચર રેલે રે.- જ્ઞા ૦ ૭

## ૧૩૩

વનવડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે;
હસતો ગાતો કો દિન રોતો, કો સાથે નવ ભખતો રે.- ટેક.
દિન ગાળે સૂરજને તાપે, રાતે તારક ગોષ્ઠી રે;
વનપંખી સમ ગેલ કરંતો, કોઇ દિન નવ એ કષ્ટી રે. - વન૦ ૧
વૃક્ષો સાથે વાતો કરતો, [1]વ્યાલવ્યાઘ્ર રમાડે રે;
કૌપીનકંથા ઝોળી-ઝંડા, સંગ્રહ ન કરે કોડે રે.- વન૦ ૨
અહં ખાખ લગાવી તનમાં, મદમત્સરને બાળે રે;
પરનારી પરધન નવ ભાળે, નવ ડરતો કો કાળે રે.- વન૦ ૩
નિર્ઝરવારિ પાન કરે ને, ફળટૂકડો કો માગે રે;
વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે.- વન૦ ૪
સદ્‌ગુરુ સેવા સંતસમાગમ, પળપળ હરિની ચર્ચા રે;
ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી, કરતો હરિજન [2]અર્ચા રે.- વન૦ ૫
તૃણશય્યા મખમલ મન માની, આતમરાજ બિરાજે રે;
[3]પ્રાપ્તાપ્રાપ્તે સમબુદ્ધિ ને, સંયમ ઉરમાં રાજે રે.- વન૦ ૬
શાંતિ શીતળ અંદર ઓપે, દીનતણાં દુઃખ કાપે રે;
ત્યાગવિરાગે રાજ કરે ને, શ્વાસ શ્વાસ હરિ જાપે રે.- વન૦ ૭

---

૧. સાપ  ૨. પૂજન  ૩. લાભાલાભ.

મનભમણા સહુ ભાગે પળમાં, દુઃખદરિયો સહુ [1]આટે રે;
હરિરસમાં સમરસ થઇ જાતાં, મુક્તિ પદતલ ચાટે રે..- વન૦ ૮
જોતાં અંતર અન્ય ઠરે ને, **રંગ** ભજનનો જામે રે;
તત્ત્વમસિ તંબુરો વાગે, લક્ષ્યપ્રસાદી પામે રે !.- વન૦ ૯

## ૧૩૪

(રાગ-આશાવરી; તાલ-ત્રિતાલ)

ભણતર મોટું ભૂત, તપસી !- ટેક.
ગર્વ વધારે વિનય સંહારે, દેવ કહે સબ તૂત;
સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત ! - તપસી૦ ૧
તર્ક કુતર્ક ઉઠાવે કંઇ કંઇ, સ્વચ્છંદ માને પૂત;
સ્થિર ઠરે ના એક ઠેકાણે, કરે કૂદાકૂદ ! - તપસી૦ ૨
અહં અહંની કરે ગર્જના, અન્ય કહે તે જૂઠ;
આપબુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે, બકે શાસ્ત્ર અખૂટ ! - તપસી૦ ૩
કા-કા-શબ્દે હંસ હઠાવે, કરે મિથ્યા કૂટ;
જ્ઞાન લઇને ભાન જો આવે, [2]**રંગ** લહે અવધૂત ! - તપસી૦ ૪

## ૧૩૫

(રાગ-દેશ; તાલ-કહેરવા)

દેહમંદિરમાં દેવ બિરાજે, અનહદ વાજાં વાગેજી;
નોબત ભેરી મૃદંગ તાસાં, શંખ શરણાઇ ગાજેજી.- ટેક.
આસન વાળી સુરતા સાધી, ભાળે અંદર જોગીજી;
કાન બંધ કરી સૂણે વિરલો, તે સચ્ચિત્સુખ ભોગીજી !-દેહ૦ ૧

---

૧. સૂકાઇ જાય. ૨. અવધૂતનું સ્વરૂપ જાણે.

કોટિ ચંદ્રસૂરજની શોભા, મેઘ વિના ઘન ગાજેજી;
અમૃતબરખા ઝરે આભમાં, જન્મમરણ દૂર ભાગેજી ! - દેહ૦ ૨
નાભિકમળસે હંસા બોલે, સોહં સોહં શ્વાસાજી;
જાપ અજંપા જપે જોગીડા, જેના સવળા પાસાજી. - દેહ૦ ૩
ઇંડાપિંગલા છાશ વલોવે, મેરુદંડ રવૈયોજી;
સુખમણ સુરતી માખણ કાઢે, ચોરે ચિત્ત કનૈયોજી. - દેહ૦ ૪
મૂલાધારે વસે મૂળમાં, ગણપતિદાદા દેવાજી;
ચતુર્દલે પૃથ્વી રંગ પીળો, કરે જોગીજન સેવાજી. - દેહ૦ ૫
વંશંષંસં બીજ પાંખડી, એક એક વિચારોજી;
ખટ્શત અર્પણ કરો [1]મોરયા, વિઘ્નબીજ નીવારોજી. - દેહ૦ ૬
ખટ્દલ બીજુ ઉપસ્થ[2] ઉપર, શ્વેતરંગ જલ જાણોજી;
બંભંમંયંરંલં બીજે, ચતુરાનન[3] પરમાણોજી. - દેહ૦ ૭
સૃષ્ટિતાત ખટ્ સહસ્ર એને, ભાવે અર્પી શ્વાસાજી;
કમલજાત લક્ષ્યે લક્ષીને, તોડો ભવભયપાસાજી. - દેહ૦ ૮
નાભિસરોજે[4] વિષ્ણુ બિરાજે, દશદલમાં સુખકારીજી;
તેજ તત્ત્વ [5]રક્તાભ શું રાજે, લક્ષ્મી દે છે તાળીજી. - દેહ૦ ૯
ડંઢંણંતંથંદંધં ત્યાં નંપંફં ઉર ધારોજી;
સહસ્રખટ્ અર્પણ કરી ભાવે, આપ આપમાં ભાળોજી.- દેહ૦ ૧૦
હૃદયકમળ દ્વાદશદલ દીપે, નીલરંગ શિવ જોગીજી;
મારુત તત્ત્વે કરે કેલિ[6] ચિત્શક્તિ સાથ વર ભોગીજી. -દેહ૦ ૧૧
કંખંગંઘંઙં ચંછંજંઝંઞંટંઠં વિલોકેજી;
અર્પણ કરી ખટ્ સહસ્ર પ્રાણી પાશ કર્મના કાપેજી.- દેહ૦ ૧૨

---

૧. ગણપતિ ૨. જનનેંદ્રિય ૩. બ્રહ્મા ૪. કમળ ૫. લાલ ૬. ક્રીડા

કંઠે કંજ[1] ષોડશદલ રાજે, શ્યામરંગ રૂપાળુંજી;
વ્યોમતત્ત્વે ધ્યાન ધરે જીવ, જ્યોતિ કેરું રસાળુંજી. - દેહ૦ ૧૩
અં આં ઈં ઈં ઉં ઊં ઋં ૠં લૃં એં ઐં ન્યારાજી;
ઓં ઔં અં અઃ બીજ સહઅજપ ભવભયહારક સારાંજી.-દેહ૦ ૧૪
ભ્રૂમધ્યે દ્વિદલ ચક્રે હંક્ષં અક્ષર રઢિયાળાજી;
નિર્મલ રંગે વસે નિરંતર ચિત્શક્તિ મહામાયાજી. - દેહ૦ ૧૫
સહસ્ર અર્પણ કરી પ્રીતથી, તુરિય પદે વિશ્રામાજી;
સોહં સોહં કરે ગર્જના, સુધાપાન સુખધામાજી. - દેહ૦ ૧૬
ઉપર વાટ અતિશય વસમી, બ્રહ્મરંધ્ર ગઢ ઘેરાજી;
સહસ્રદલ અનુપમ ઓપે, પરમ જ્યોતકા ડેરાજી. - દેહ૦ ૧૭
સહસ્રજોગી જપે જુક્તિથી; કોટ ભાણ ઉજીયારાજી;
અક્ષર અવ્યક્ત અનંત જેમાં, નાદ મેઘ થડાડાજી ! - દેહ૦ ૧૮
જીવ શિવ ત્યાં એક હો જાવે, કરે અગોચર કેલિજી;
તુરિયાતીત અગમગઢ જીતી, ભેદે દશમ વિચારીજી. - દેહ૦ ૧૯
લક્ષ્ય લહે ગુરુકૃપા હોય તો, આગળ નાવે વાણીજી;
મનબુદ્ધિનું મૂળ નહિ ત્યાં, કેમ તોડવું તાણીજી ?- દેહ૦ ૨૦
દેવ અગોચર વિરલો દેખે, દ્રષ્ટા દશ્ય વિરામેજી;
[2]સદ્‌ગુરુસાન સમજતાં, અંદર **રંગ** અનુપમ જામેજી ! - દેહ૦ ૨૧

---

૧. કમળ ૨. આખા ભજનમાં ટૂંકમાં અજપાજાપનો વિધિ અને તેથી થતા ષટ્ચક્રભેદ અને દિવ્ય નાદ (અનાહત) શ્રવણાદિનું વર્ણન કર્યું છે. વિષય ગૂઢ અને કેવળ ગુરુગમ્ય હોવાથી વિશેષ સમજૂતી માટે કોઈ અનુભવીની સલાહ લેવી જ ઉચિત છે.

## ૧૩૬

(રાગ-ઝિંઝોટી; તાલ-દીપચંદી)

અવિવેકે ભરિયું રે, જગ બધું ઊંધું જુએ;
નથી તેને માની રે, સ્વાધીન હાથે ખુએ !- ટેક.
સુરાસુર નર કિન્નર સર્વે, આશ મહીં અથડાય;
સ્ત્રીપુત્રાદિક સ્નેહે તણાઇ, હાથે કરી બંધાય,
જોવા છતાં અંધા રે, પડે જઇ ઊંડે કૂવે ! - અવિવેકે૦ ૧
હું-તું પણું ના જેને જરીએ, તેને માની મોહે તેમ;
છોડી સુધા જઇ છાણને ચૂંથે, ઇચ્છે અમૃત એમ;
તૃષ્ણા નવ છૂટે રે, પછડાતાં છાનું રુએ ! - અવિવેકે૦ ૨
સર્વ જગતનાં સ્ત્રીધનપશુઓ મળે એકને જાણ,
તોએ તૃપ્તિ ન પામે કદીએ સ્વપ્નસુખે એ માન,
તૃષ્ણાત્યાગે શૂન્યે રે, અઢળક લક્ષ્મી જુએ ! - અવિવેકે૦ ૩
સ્વાત્મસુખ એ સ્વાધીન છોડી, બાહ્યસુખે ભમે જેહ;
કલ્પો સુધી અજ્ઞાને અથડાએ, છૂટે ન તોએ તેહ;
કોલસા તે કાળા રે, કેમ થાએ ધોળા ધૂએ ? - અવિવેકે૦ ૪
મૂકે યુક્તિથી જ્ઞાનચિનગારી, શોધ્યો જડે ના ડાઘ,
થતાં કૃપા ગુરુદેવની, વનમાં ઘેટું મારે વાઘ,
**રંગ** એકજ ભરિયો રે, દેખે નર જીવતાં મૂએ ! - અવિવેકે૦ ૫

## ૧૩૭

(રાગ-તિલક-કામોદ; તાલ-કહેરવા)

રુદિયામાં દીવા, તોએ અકર્મી અથડાતી !- ટેક.
હૃદયનું કોડિયું, ભગતીનું ઘી હેરી,
કર્મ-દીવેટે જ્ઞાનજ્યોતિ ! .... રુદિયામાં૦ ૧

ઘણઘણ ઘંટા ને ઢમઢમ ઢોલ રી,
સુણે તોએ ના સુણંતી !! .... રુદિયામાં૦ ૨
મંદિર મૂકીને મસજીદ જાતી,
પ્હાણાગોખલિયે ભટકાતી !! .... રુદિયામાં૦ ૩
તીરથ ધ્યાતી ને તરવેણી ન્હાતી,
બલા વળગેલી નવ જાતી !! .... રુદિયામાં૦ ૪
પરણેલો મૂકીને રંડેલો ધ્યાતી,
કુંવારે કુંવારે કોલ લેતી !! .... રુદિયામાં૦ ૫
થૂંકીને સત્ત્વ એ છોતરાં ખાતી !
શ્વાસા મૂકી લેતી પોથી !! .... રુદિયામાં૦ ૬
બીજાને જોતાં પોતે ખોવાતી;
રંગ આખરે પસતાતી !! .... રુદિયામાં૦ ૭

## ૧૩૮

(રાગ-ગઝલ; તાલ-કહેરવા)

ના દોસ્ત દુશ્મન કોઇ હમારા, હમ સદા નિઃસંગી હૈ,
સચ્ચિદાનંદ હમ હી પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ. - ૧
સાતવેં આસ્માન પર હૈ, તખ્ત નિર્ગુણ હમહીકા;
બિન તાર તંબૂર ૐ બજાકે, હમ હમહીમેં મસ્ત હૈ. - ૨
ના રાત હૈ ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની;
ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાન્તિ એક સનાતની. - ૩
હિન્દુ મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમ હી હૈં,
ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહાં હમ હી હૈં. - ૪

ના જન્મ હૈ ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ,
જો હૈ સો હમ હૈં ના જુદા હૈ, આદમ ખુદાકી જાત હૈં. - ૫
જૂઠે જહાંકે **રંગ** હૈં, ના મૈં ન તૂ, સબ હૈં ફના,
હૈં જ્યોં કા ત્યોં સોહં સદા, ના એક મિટ દુસરા બના ! - ૬

## ૧૩૯

(રાગ-ગઝલ: તાલ-દાદરા)

તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે,
મળ્યા વચ્ચે પડ્યા છૂટા, નદીના કાષ્ટસમ પૂરે ! - ૧
રમ્યા કંઇ દિન ભલે ભેગા, બધી એ સ્થૂળની લીલા;
પળ્યા પંથે વિવિધ તોએ, બધા છે બ્રહ્મના ચીલા ! - ૨
ઉતારી સ્થૂળના વાઘા, મળીશું કો દિ એકાંતે;
હસીશું રાચી અન્યોન્યે, નિહાળી ફૂલ દગ્-દ્વૈતે !! - ૩
બરફ-ટૂકડો વહ્યો જળમાં, જનારાને જૂદો ભાસે;
કઠણ મૃદુ-ભેદ દષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે ! - ૪
પરસ્પર શા બખેડા આ, અહં-ની ગર્જના ઘેલી !
અહં-ત્વં-થી નિરાળી છે, સનાતન સ્વાત્મની કેડી ! - ૫
બધા મન-દષ્ટિ-ના વાંધા, અનંતે સાન્તતા ન્હોયે;
દિસે તે ના તથા અંતે, ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે ! - ૬
મળે માટી મહીં માટી, ચિતે ચૈતન્ય ના જુદું !
વિલોકી ઐક્ય સદ્-**રંગે** રમે અવધૂત એકાદું ! - ૭
દિસે કીકી મહીં કાળું, ન તોએ એહ અંધારૂં,
જુઓ નીળું બધે તોએ, સદા છે વ્યોમ એ ન્યારૂં ! - ૮
રહો હરદમ હકીકીમાં, મિજાઝી મોત બહુરંગી !
સખુન છેલ્લો, ન બસ આગળ ! રહેવું મૌન એકાંગી ! - ૯

## ૧૪૦

હમો મનમોજી ફરનારા ! હમોને બાંધનારૂં કુણ ?
સદા નિ:સંગી ને ન્યારા, જગતને માનનારા તૃણ ! - ૧
સ્વયં-અભિષિક્ત સ્વારાજ્યે, બન્યા સમ્રાટ સ્વાનંદી !
ચઢયા જઇ તખ્ત પર અદ્ધર, રવિ શશી તારલા હુંડી !! - ૨
કરે મુજરો સુરાધિપ જો, થનન નાચે હૂરી સત્ત્વસ્થ !
વિવિધ રાગે અલાપે હા ! ઝનન વાદ્યે ફિરસ્તા મસ્ત !! - ૩
દિવસ કે રાત ના ઠરીયે, નિરખીયે નિત્ય નાટારંગ !
બજે સોહંતણો ડંકો ન થાએ તોય નિદ્રાભંગ ! - ૪
સ્તુતિ-નિંદા બની કુત્તા, કરે ચોકી નિજ-દ્વારે !
નથી ભય શોક કે ચિંતા, ફટકતાં કોઇ દિ ભૂલે ! - ૫
વિધિ-પ્રતિષેધ-કિંકરતા, અગમ-આગ-તણી સત્તા !
છતાં નૈનાં ન દેખંતા, કરમ સાથે કરી કટ્ટા ! - ૬
સૂતા નિત સોડ તાણીને, ન લેવું-દેવું કો સાથે !
મૂઆ જીવતા હમો નિશ્ચે, ન ઝૂરીયે દ્વેષ કે પ્રીતે !! - ૭
કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ના સીધા !
અવળપંથી અટૂલા **રંગ** દેખે કોઇ હક-બંદા !! - ૮

## ૧૪૧

હું-મારું દુ:ખ-મૂળ છે, તું-તારું સુખ-મૂળ;
હું ભૂલી તું-હરિ ભજે, રંગ સનાતન નૂર ! - ૧
નૂર-નૂરીમાં ભેદ ના, બ્રહ્મ-બ્રહ્મવિદ્ એક;
તું-માં હું ઓગાળતાં, રહ્યો રંગ તું દેખ ! - ૨
દેખ દેખન-હાર એ, દશ્ય દષ્ટિમાં માય;
બીજાને જોવા જતાં, **રંગ** આપ ખોવાય ! - ૩

વાય વાયરો, રવિ તપે, વર્ષે મેઘ અમાપ,
જેની સત્તાથી બધે, રંગ તેજ તું બાપ ! - ૪
બાપ મરે સુત વિરમતાં, સુતનો છોરુ બાપ;
બેઉ મરતાં એક તું, કરે રંગ કાં તાપ ? - ૫
તાપ-મૂળ દેહાત્મતા, રજ્જુ-સર્પની વાત;
જ્ઞાન-દીવડો પ્રગટતાં, રંગ સાપ અજાત ! - ૬
અજાત ન્હોતો ના હશે, મધ્યે કેવળ ભાસ;
આદિ અંતમાં એક તું, રંગ સ્વયંપ્રકાશ ! - ૭
પ્રકાશ વિધવિધ કાચથી, ભાસે વિધવિધ રંગ;
કાચ ફૂટતાં મૂળ તું **રંગ** એક અભંગ !! - ૮

## ૧૪૨

(દોહરા)

ના હું ત્યાં શું માહરું ? તારું સઘળું નાથ !
તું જ એક બધે રહ્યો, અહં-રંગ અનાથ. - ૧
તું હીણો બહુ આથડ્યો, ખાધો જ્યાં ત્યાં માર;
હું ભૂલી તુજમાં ભળ્યો, તર્યો રંગ ગમાર. - ૨
અહંભાવ તે જીવ છે, નાહં શિવ સાક્ષાત્;
અહં-બ્રહ્મ મિથ્યા સ્મૃતિ, મૂળ રંગ અજાત. - ૩
રેરા સત્-પદ જાણ તું ગગ્ગા ચિત્-પદ કંદ;
અનુસ્વાર આનંદમય, રંગ સચ્ચિદાનંદ. - ૪
ના જાણી બકતો ફર્યો, થતાં ભાન મુખ બંધ;
લખવુ બકવું એ બધા રંગ નકામા ફંદ. - ૫
ડૂબી રે વું અંતરે, આત્મસમુંદર માંહ્ય;
ઉપર તરંગ છો રમે, રંગ ન જલ ભેદાય. - ૬

આવે તે કરવું સુખે, રે' વું સદાય નચિંત;
જૂનું ઋણ દેવું ઘટે, કરવું રંગ ન નૂત્ન. - ૭
સુખદુ:ખ મનમાં સોણલાં, જન્મમરણ તન-ગંધ;
બની રમકડું ઇશનું, ખેલ **રંગ** નિર્દ્વંદ્વ. - ૮

## ૧૪૩

(દોહરા)

રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાઘન એજ;
હિંદુ મુસલમીન કાં લડો ! રંગ નૂર તે તેજ ! - ૧
માતા મારી ચિત્કળા, પિતા બોધસ્વરૂપ;
સુત અનુભવ હું તેમનો, રંગ અરંગ અરૂપ ! - ૨
પાંડુ શુભ્ર કલંક ના, રંગ સ્વરૂપ અલેખ;
પાંડુ ર ચિન્મય બ્રહ્મ છે, ગ તન્મય થા દેખ ! - ૩
રરેરા તત્પદ જાણ તું, ગગ્ગા ત્વંપદ દેખ;
અનુસ્વાર અસિપદ લહ્યું, રંગ તત્ત્વમસિ એક ! - ૪
'રંગ' 'રંગ' જન સહુ કહે, રંગ સંતપદધૂળ !
ભાવે સદ્‌ગુરુ સેવતાં, ચાટે જગ પદધૂળ ! - ૫
થયો હડધૂત જીવતાં, મૂએ બન્યો અવધૂત;
પૂજે કપૂત જીવડાં, મડદાં રંગ સપૂત ! - ૬
ઝંખું પરધન સર્વદા, પરસ્ત્રી અળગી ન થાય;
કરૂં સ્વજનવધ ખંતથી, **રંગ** પાર કો પાય ? - ૭
ગાંડોતૂર ફરૂં બધે, સદા મદ્યચકચૂર;
લાગ્યો રંગ ન છૂટશે, રહો સંગથી દૂર !! - ૮

## ૧૪૪

(રાગ-મિશ્ર કાફી ગઝલ; તાલ-દીપચંદી)

ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત !
નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત !!- ટેક.
ખૂનીના ખંજરોમાં તું પ્રિયાના ચુંબનોમાં તું;
હરે ! [1]હરિગર્જનામાં તું, રહ્યો [2]પિકકૂજને અવધૂત ! -ભર્યું૦ ૧
ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો;
બધે નિર્દ્વંદ્વ તું રમતો નિજાનંદે અહા અવધૂત ! -ભર્યું૦ ૨
વને યોગી થઇ વસતો, જગે ભોગીસમો ભમતો;
કદી રોગીસમો રડતો, અગમ લીલા કરી અવધૂત ! -ભર્યું૦ ૩
સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો;
સહુ રંગે અરંગી તું, લહે તુજ **રંગ** કો અવધૂત ! -ભર્યું૦ ૪

## ૧૪૫

(રાગ-બિહાગ; તાલ-ત્રિતાલ)

અનુપમ હીરલો પાયો, બાબા ! અનુપમ હીરલો પાયો;
એક અનામી અંતરજામી વણદીઠે ભટકાયો !! - બાબા૦ ૧
રાતે ચમકે દહાડે ચમકે, ચમકે જુગજુગ ન્યારો;
સૂરજ ચાંદો એથી ઝગઝગે, અસલી એક ઝગારો ! -બાબા૦ ૨
જપતપ-તીરથ જોગ જુગતથી એ છે સાવ નિરાળો;
નેતિ નેતિ કહી નિગમ ઓચરે, બાવનથી બ્હારો !! - બાબા૦ ૩
સર્વશેષ અશેષ આતમ, ચેતન હીર છબીલો;
ચારથી પાર નિહાળો મૂગે, મોહન એ રઢિયાળો !!- બાબા૦ ૪
હું-તું-તે-માં બોલણહારો, વાણી મૂળ હુંકારો;
જ્યાં ત્યાં સઘળે એહજ સળગે દેખ **રંગ** મતવાલો !!-બાબા૦૫

---

૧. સિંહગર્જનામાં, ૨. કોયલ

## ૧૪૬

જ્યાં ત્યાં ભરિયો એક જ [1]સાંઇ ! જ્યાં ત્યાં ભરિયો એક:
બીજો જોતાં આપ ખોવાણો, જેમ નાટકી ભેખ ! - સાંઇ૦ ૧
દીપ દેવતા ચાંદો સૂરજ, એક જ નૂર અલેખ;
લખ્યો ન જાયે અગમ અગોચર નૂર નૂરનું દેખ ! - સાંઇ૦ ૨
અસ્તિ ભાતિ પ્રિય નામરૂપનો જગત પસારો છેક;
નામરૂપનું સમણું શમતાં, સત્ ચિદ્ આનંદ નેક ! - સાંઇ૦ ૩
પોતે પોતામાં વિલસે વિધવિધ રૂપે અરૂપી [2]અશેખ;
આંખની આંખ સ્વયં દૃષ્ટિ એ, મારી અનુભવે મેખ !- સાંઇ૦ ૪
સ્વપદે સર્વ દિસે મહાશૂન્યે, સર્વે સ્વપદ એક;
[3]અનભે સાક્ષી પૂરણ આનંદ, **રંગ** નાટકી દેખ ! - સાંઇ૦ ૫

## ૧૪૭

(રાગ-તિલક-કામોદ; તાલ-ત્રિતાલ)

મનુવા હરિ ભજ ઝટ નાદાન !
મળશે તુજને અક્ષય સુખખાણ............ ટેક.
ઘટથી પટ પર પટથી ગાડે, તું આમ નિરંતર કાં દોડે ?
આખર તુજને વિખ એ બાળે;
કંઇ થોભ, વિચાર, સમજ મસ્તાન !- મનુવા૦ ૧
માત્યો માતંગ[4] સમો દોડે, પડતાં બેહાલ થશે ખાડે !
ફર પાછો અંતર-અજવાળે;
સાંભળ ગેબી અનહદ એ ગાન !!... મનુવા૦ ૨

---

૧. સ્વામી, જગતનો નાથ, પરમાત્મા
૨. અશેષ, પૂર્ણ ૩. નિર્ભય ૪. હાથી.

સોઽહં સોઽહં એ કોણ વદે ? બોલણહારો ભીતર શબ્દે !
'સરિતાએ સાગર મૂળ જડે,
દુ:ખનું ન પછી રે' નામનિશાન !
જ્યાં ત્યાં આનંદ ભર્યો સઘળે, અવિનાશી અનાદિ અનંત અરે !
જાણી ડૂબી રે' વું સ્વબળે;
જામે જો કેવો **રંગ** સુજાણ !!

## ૧૪૮

(રાગ-ઝિંઝોરી; તાલ-દાદરા)

વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના;
વાંચવું ન અન[૧] રહે, મિટે સમૂળ વાંછના !...- ટેક.
સુણ સુણ ગેબી ગાન, સુણવા જો દિલ ચહે;
વ્યોમ[૨] માંહ્ય તારલા જે ગૂંજી આત્મમાં રહે ! ....વાંચ૦ ૧
ઘૂ ઘૂ ઘૂઘવે [૩]પયોધિ, [૪]નિર્ઝરો અરણ્યનાં;
વાત પંછી વનતણાં જે ગાય ગીત [૫]ધીશનાં !! ....વાંચ૦ ૨
દિવ્ય સ્પર્શ, દિવ્ય ગંધ, દિવ્ય રૂપ અંતરે;
દિવ્ય નાદ, રસ સુદિવ્ય ચાખતાં ન મન ચળે ! ....વાંચ૦ ૩
મોર નૃત્ય મત્ત ચિત્ત મોદથી કરંત હા !
વેલી-વૃક્ષ જીવ-શિવ, [૬]લિંગને ભળે અહા ! ....વાંચ૦ ૪
દષ્ટિ ફેરવી વિલોક **રંગ** એહ અવનવા;
મેઘધનુષ સસમૂળ એક, રૂપ જૂજવાં !! ....વાંચ૦ ૫

---

૧. અન્ય, બીજું ૨. આકાશ ૩. સમુદ્ર ૪. ઝરણાં ૫. બુદ્ધિના પ્રેરક પરમાત્મા ૬. આલિંગન.

## ૧૪૯

(રાગ-ભૈરવી; તાલ-દાદરા)

કરવું તો નિષ્કામ કર્મ હો સાધો ! કરવું તો નિષ્કામ કર્મ.- ટેક.

સોંપી ફળ પ્રભુને, કરવું જે [૧]આવે;

સ્મરવું હરિપદ [૨]દમ-બ-દમ ! ૦ ૧

કર્તાપણાને વિસારી મૂળે, રહેવું અસંગ ધરખમ ! હો ૦ ૨

આશાને ત્યાગી થાવું સંન્યાસી, સચ્ચિદાનંદ બ્રહ્મ ! હો ૦ ૩

કરવું નકરવું આગ્રહ ખોટો; લાભહાનિ ચિત્તભ્રમ ! હો ૦ ૪

ભૂલી દેહાત્મા ધ્યાવો પરમાત્મા, રહેવું રાખે રામ જ્યમ ! હો૦ ૫

કરી અકર્તા સમત્વ-યોગે, પામે નિજાનંદ [૩]શર્મ ! હો ૦ ૬

ફળાફળે સમાન ઉદાસી, **રંગ** રંગે નિર્મમ ! હો૦ ૭

## ૧૫૦

ભક્તિની મુક્તિ છે દાસી,

ઓ લાલ ! ભક્તિની મુક્તિ છે દાસી.... ટેક.

કર્મે અધિકારનો પાર ન આવે; યોગે પ્રાણા પાન-ફાંસી ! ૧

જ્ઞાને સત્-અસત્-વિવેક સત્તા; હરિ વિણસત્ ન પ્રકાશી ! ૨

ભક્તિથી ચિતડું ખેંચતાં હરિગમ, [૪]વિષયૈષણા જાય નાસી ! ૩

વાસના વામતાં આપે હરિ ભાસે; મરે મનદ્વૈત વિલાસી ! ૪

બાંધેય મનડું ને છોડેય મનડું; શાસ્ત્રે આ વાત ઉપદેશી ! ૫

રુદિયામાં ગંગા ને રુદિયામાં જમુના; રુદિયામાં મોક્ષદા કાશી ! ૬

આત્મા એ વિશ્વનાથ વિશ્વંભર; અજરઅમર અવિનાશી ! ૭

ભક્તિ [૫]વિભક્તિ-નારિની સ્હેજે; શોધે એ **રંગ** [૬]ઉદાસી ! ૮

---

૧. કર્તવ્યપ્રવાહમાં સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય તે ૨. શ્વાસે શ્વાસે
૩. કલ્યાણ ૪. ધન, પુત્ર, કીર્તિ વગેરેની વાસના ૫. જુદાપણું
૬. સુખદુઃખ, જન્મમરણ વગેરે દ્વંદ્વોથી મુક્ત

## ૧૫૧

ભક્તિ હરિ-પ્રેમ અજોડ; હો પંથી ! ભક્તિ હરિ-પ્રેમ અજોડ.-ટેક.

હરિ વિણ દિલને બીજું ન ભાવે,
હરિગમ સઘળી દોડ ! ...... હો પંથી !૦ ૧
ધન સુત દારા માનાદિક સહુ,
હરિ પર ન્યૌછાવર !...... હો પંથી !૦ ૨
હરિબિરહે[1] સ્વર્ગેય નરકસમ,
હરિથી નરકેય ઔર !...... હો પંથી !૦ ૩
કામીને સ્ત્રી જયમ, લોભીને ધન જયમ,
ભક્તને હરિ સબ ઠૌર !...... હો પંથી !૦ ૪
મુખ હરિગુણ ગાતાં નવ થાકે,
હરિશ્રવણે [2]શ્રુતિ ચોર !...... હો પંથી !૦ ૫
પ્રેમ-ઘને[3] ઘનશ્યામ બિરાજે,
નાચે જોઇ **રંગ**-મોર !...... હો પંથી !૦ ૬

## ૧૫૨

પીવું જ્ઞાનામૃત પૂર્ણ, હો પિપાસુ ! પીવું જ્ઞાનામૃત પૂર્ણ !- ટેક.
અપૂરૂં પીતાં અહં છલકાયે, થાએ અધ:પતન ! હો ૦૧
ભાવૈક્ય ભૂલી ક્રિયૈક્ય ઝાલે, ન એ જ્ઞાન શ્વાનપણ ! હો ૦૨
ના હું તન પ્રાણ મન ચિત્ત બુદ્ધિ, ન વિકારી ત્રિગુણ ! હો ૦૩
દેહાહં ગળતાં બ્રહ્માહં જાગે, તેનું યે વિસ્મરણ ! હો ૦૪
સ્મરણાસ્મરણાતીત એક શિવોઽહં દ્વૈતાદ્વૈત વિણ મૌન ! હો ૦૫
ન જન્મે ન મરે સદા સનાતન, આનંદ-મે'રામણ[4] ! હો ૦૬
બૂઝાતાં દિવડા આપ પ્રકાશે, સ્વયં-**રંગ** ચિદ્દ્યન ! હો ૦૭

---

૧. વિરહથી; વિયોગથી ૨. કાન ૩.(i)નક્કર સ્વાર્થ કે દેહવાસનાની ગંધથી રહિત (ii) વાદળ ૪. મહાસાગર

## ૧૫૩

(મનજી મુસાફર રે...એ રાગ)

(રાગ-ધાની; તાલ-કહેરવા)

સમજ મન મારા રે, જાવું એક દિન વહી;
સૂનાં મંદિર મેડી રે, સોવું જંગલમાં સહી ! - ટેક.

હું હું કરતા તો ચાલ્યા ગયા ને, તારે પણ જાવું એક દન;
મારું મારું કરી કેમ મરે છે ? તારું નહિ તુજ તન !
ભૂલીને ભટક્યો રે, જાશે જમ કેશ ગ્રહી !! - સ૦ ૧

[1]ચરક સુશ્રુત ચાલ્યા ગયા ને, ભીમ બાણાવળી પાર્થ;[2]
કાળદંડી રાવણ હણાયો, રામ કૃષ્ણ રહ્યું નામ !
પરણીને પસ્તાયો રે, બાજી નવ હાથ રહી !! -સમજ૦૨

કાલ ગયું કોઇ આજ જતું કોઇ, કોઇ જાશે વળી કાલ;
મૂછ મરોડી કેમ ફરે છે ? હોઠ પાનબીડી લાલ !
તમાચે ગાલ રાતો રે, મોતી મૂકી માટી ચહી !-સમજ૦૩

દિન ગુમાવ્યો ગામગપોડે, પોઢી રહ્યો આખી રાત;
કોડી કોડી [3]ગર્થ ભેળું કીધું ને આખર ખાલી હાથ !
બાજી હારી બેઠો રે, દીઠું ના દૂધ કે [4]મહી ! -સમજ૦૪

ચેતવું હોય તો ચેતજે **રંગા** ! ક્ષણ ક્ષણ આયુ જાય;
પાણી આવ્યું પાળ બાંધવા લાગ્યો, લોકોમાં હાંસી થાય.
સાઠી બુદ્ધિ નાઠી રે, મનમાંની મનમાં રહી !!-સમજ૦૫

---

૧. બે જૂના ધુરંધર વૈદ્યો ૨. અર્જુન ૩. ધન ૪. છાશ.

## ૧૫૩

ઊંઘતાનો પાડો રે, જાગે તે તો પાડી હરે;
ઊંઘતાનું ઊંઘે રે, ઉદ્યમે દૈવ ફરે !- ટેક.
દેવ દૈત બે સાથે મળીયા, સમુદ્રમંથન કાજ;
ઝેર હળાહળથી નવ બીધા, અંતે પામ્યા રાજ;
અમૃત મોંઘું રે, હોય દેવ તેને [૧]જરે ! - ઊંઘતાનો૦ ૧
ક્ષણ ક્ષણ ખાએ કાળ જીંદગી, જોબ્બન ઝટ પલટાય;
ઘડપણ દૂતી ખડી કાળની, કંપે થરથર કાય;
આળસ છોડો રે, વદો હરે રામ હરે ! - ઊંઘતાનો૦ ૨
ભોગ ભોગવે મૂઢ તુજને, ખાલી આખર થાય;
ભોગ તેટલા રોગ સમજ મન, ચેત જ્યાં લગી હાય;
આખર ખોટી રે, જમડાં ના દયા કરે ! - ઊંઘતાનો૦ ૩
જર જોબ્બન જોરુ નવ આવે, જોજન અલ્પ સંગાત;
કર્મ ધર્મ સાથે જીવ અંધા,[૨] જાશે રાતોરાત;
ફૂંકી દેશે ખોખું રે, મીજલસ ભારે કરે ! - ઊંઘતાનો૦ ૪
સતને મારગ જાજે શૂરા, સંતસમાગમ નિત્ય;
કરજે હાથે તે સંગાથે, દુખિયાં કેરી પ્રીત્ય;
[૩]સરજનહારો રે, જેથી **રંગ** મ્હેર કરે ! - ઊંઘતાનો૦ ૫

## ૧૫૫

હોય કોઇ પ્યાસા રે, આવો અમીરસ પીવા;
અંધારે અથડાતા રે, આવો અહીં છે અક્ષય દીવા.- ટેક.
પાણી પાણી જપ કર્યે રે, પ્યાસ ન બૂઝે ક્યાંય;

---

૧. પચે ૨. જ્ઞાનરૂપી નેત્રથી રહિત. ૩. પેદા કરનાર પરમાત્મા.

દીપ જપે તમ નવ ટળે રે, કલ્પકાળ અથડાય;
અમરફળ સેવો રે; અમૃત દેહ થવા. - હોય૦ ૧
પ્યાસાં પશુ પેલાં મૃગજળ દેખી, અંતર અતિ હરખાય;
દોડી દોડીને તંગ તૂટે ને, આખર મન પસ્તાય;
નેન ખોલી દેખો રે, સેવે સદ્દ્જ્ઞાન દવા. - હોય૦ ૨
ધોળા તેટલા હંસ નહિ રે, કાળા સર્વે નહિ કાક;
મીઠું તેટલું માખણ ના રે, કડવું ન ઝેર કુપાક;
સાચા સંત સેવો રે, જેથી મળે મુક્ત હવા. - હોય૦ ૩
હાથ જોડીને નહિ નમે રે, ડોક નમાવી હોય;
અહં મૂકીને આપ પિછાને, લાખમાં વિરલો કોય;
લોકલાજ છાંડો રે, ખાંતે ખાઓ મિષ્ટ મેવા. - હોય૦ ૪
ધારામાં ધાય તે અંતે જઇ મરતો ઊંડા સમુંદર માંહ્ય;
મૂળ તો પૂરવ પશ્ચિમ દોડે, ભ્રમ મહીં સપડાય;
સામે પાણી ધાઓ રે, **રંગ** અહીં તો અક્ષય ઝરા. - હોય૦ ૫

**૧૫૬**

નીતિ નેવે મૂકી રે, અનીતિ કાં કોટે ધરી ?
પદમણી મેલી રે, ગુણકા તે શીદ વરી ? - ટેક.
[૧]શ્રેય પ્રેય[૨] બે એક ન માનો શ્રુતિએ કહ્યો વિવેક;
[૩]ઉલૂકને ભાવે રે; દિવસથી રાત્રિ ભલી. - નીતિ૦ ૧
મિષ્ટ મેવા પણ ખરને નકામા, વિષ્ઠા જોઇ દોડે એહ;
પામર નર પરમેશ્વર મૂકી, [૪]પ્રમદાને પૂજે તેહ;
ફરી ફરી નાવે રે, મનખા આ દેહ હરિ ! - નીતિ૦ ૨

---

૧. જેમાં સાચું કલ્યાણ રહેલું છે તે, મોક્ષ ૨. જે પ્રિય લાગે, છતાં જેમાં પારમાર્થિક કલ્યાણ ન હોય; સાંસારિક સુખ ૩. ઘુવડ ૪. સ્ત્રી.

ઉપર કેવાં સુંદર રસિયાં, માંહે હળાહળ ઝેર;
ઈંદ્રવરણાંનાં ફલ સમ જાણો, વિષય [1]વિખારની પેર;
મણિ જોઈ મોહ્યો રે, પડ્યા તે તો મોતદરી[2] ! - નીતિ૦ ૩
સ્વાત્મમાં રમતા સુર કહેવાએ, અસુર ઇંદ્રિયદાસ;
ચાર દિવસ રાજ કરીને, આખર પામે ત્રાસ;
શાણા કેમ ભૂલો રે ? પાછું વળી જુઓ જરી ! - નીતિ૦ ૪
ક્યાંથી આવ્યા તે કેયે જવાના, મારગ જાય છે ક્યાંય ?
આંખ છતાં આંધળા થાઓ, આખર રડશો હાય !
વેળા છતે ચેતો રે, કહું છું હું ફરી ફરી !! - નીતિ૦ ૫
યમનિયમનું બખ્તર પહેરી, ધર્મધનુષ સુહસ્ત;
સોહંબાણે લક્ષ્ય વીંધતાં, **રંગ** બ્રહ્માનંદમસ્ત;
અસંગને શસ્ત્રે રે, [3]સંસૃતિ જાય મરી !! - નીતિ૦ ૬

**૧૫૭**

હરિજન આવો રે, હેતે હરિરસ પીવા;
ગુણીજન ધાઓ રે, ખાંતે હરિગુણ ગાવા. - ટેક.
જનમધર્યાનો એજ લ્હાવો છે, બીજું સઘળું ફોક;
ચેત્યા તે નર છૂટ્યા ભવથી, બીજા મૂકે પોક;
સુરિજન સેવો રે, રુદિયામાં થાય દીવા. - હરિજન૦ ૧
[4]સુર પીએ સુધારસ સ્વર્ગે મદ્યપી મદ્યમાં મસ્ત;
પ્રેમની લહેજત પ્રેમી જાણે, પીએ કો પ્રેમી ભક્ત;
સમુંદર મોતી રે, લેતા તે તો મરજીવા. - હરિજન૦ ૨

---

૧. સાપ ૨. મોતની ખાણ ૩. જન્મમરણના પ્રવાહરૂપ સંસાર ૪. દેવ.

[1]ભંગુર ભોગની ભીખ ન માગે, સ્વાનંદરત[2] સમ્રાટ;[3]
ભાંડભવાઈથી [4]ભટ ન રીઝે, રીઝે નટવો ભાટ;
આંખ ખોલી દેખો રે, માંહે છે દેવ નવા. - હરિજન૦ ૩
હરિ હરિ સહુ કોઈ કહે રે, શઠ સાધુ શાહુકાર;
ભવભયહારક તે હરિ જુદો, રંગહૈયાનો હાર;
સોહં સોહં બોલે રે, જાણે કોઈ ભેદુ દવા.- હરિજન૦ ૪
ચઢતાં ચઢતાં **રંગ** ચઢે રે, આવરણ થાએ ભંગ;
ધ્યાતાં ધ્યાતાં ધ્યેય થવાએ, દેહનો છૂટે સંગ;
દેહે દેવ દીઠો રે, જીવ શિવ એક થયા !- હરિજન૦ ૫

**૧૫૮**

હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા;
નિર્ગુણ ધ્યાતાં રે; ગુણાતીત પોતે થયા.- ટેક.
કિશોર[5] વયની બાળા નિશદિન માત થવા તલસાય;
ઢીંગલાઢીંગલી રમતાં કોડે, અંતે માતા થાય;
જેવી જેની બુદ્ધિ રે, તેવા નર તેહ થયા. - હરિ૦ ૧
કીટ ભમરીનું ધ્યાન ધરે છે, જાત વિજાતીય[6] એહ;
ભયથી ધ્યાતાં ભમરી થાએ, કેમ ખાલી જશે નેહ[7] ?
ધ્યાતાં ધ્યેય નિશ્ચે રે, જીવ તે તો શિવ થયા. - હરિ૦ ૨
સંગ દુ:ખનું મૂળ તજીને, અસંગ આતમ ધ્યાય;
અંદર રહીને અળગો ખેલે, ચિદાનંદરૂપ થાય;
નર કરણી કરી રે, નારાયણ પોતે થયા. - હરિ૦ ૩

---

૧. નાશવંત ૨. નિજાનંદમાં મસ્ત ૩. બાદશાહ
૪. જોદ્ધો ૫. નાની ઉંમરની ૬. બીજી જાતની ૭. પ્રેમ

દૂધ દારૂ બે સાથે ટકે ના, વિકૃતિ બમણી થાય;
દેવદાનવનું સખ્ય[1] ટકે ના, રુધિર **ત્યાં** રેલાય;
વિષયની વાટે રે, વિશ્વંભર વિમુખ થયા. - હરિ૦ ૪
ઊઠતાં બેસતાં એની જ વાતો, હરતાં ફરતાં ધ્યાન;
સુરતાનો તાર તૂટે નહિ ને, નાશ પામે અજ્ઞાન;
ભ્રમ જાતાં આપે રે, જ્ઞાની તે તો બ્રહ્મ થયા. - હરિ૦ ૫

**૧૫૯**

વાણી માંહી શૂરા રે વળો નિજ મૂળ ભણી;
પાખંડમાં પૂરા રે, પળો સત્પંથ ભણી - ટેક.
કા કા કરે રે કાક અતિશે, સોહં હંસ અવાક્;
ખાલી ગર્જે મેઘ શરદમાં, નિઃસ્વન[2] વર્ષે દ્રાક્[3];
જાણ્યું કહે ના જાણે રે, ન્યારી રીત જ્ઞાનતણી. - વાણી૦ ૧
ભરાયે મોઢું બંધ જ થાએ, અધૂરો કરે અવાજ;
ચિત્રની સેનાથી જુદ્ધ ન થાએ, એ તો જોવા માતર સાજ;
[4]ચલચિત્ર જેવાં રે, જોવા થાએ ગિરદી ઘણી. - વાણી૦ ૨
ખોટા જગતમાં ખોટું પૂજાએ, સત્ય ભગવંતને ત્યાંય;
વેશ્યાવાડામાં જો સતી જાયે તો, ખત્તા બાવન ખાય;
સાનમાં સમજાવે રે, રીતિ એ તો સંતતણી. - વાણી૦ ૩
નાટકી રાજા જો રણે ચઢે તો, ખેલ અનેરો થાય;
પાખંડી પ્રસંગ આવી પડતાં, આપ ઉઘાડો થાય;
સૂરજ કેમ છીપે રે, છાયા મહીં વાદળની ? - વાણી૦ ૪

---

૧. મિત્રતા ૨. નિઃશબ્દ ૩. જલદીથી ૪. સિનેમા.

કામાદિ શત્રુને નિ:શેષ મારે, તેજ પામે પરિબ્રહ્મ;
રાજા કહાવે ને પેટ નચાવે, એવો અજ્ઞાનીનો ભ્રમ;
**રંગ** જો રાચે રે, દોડે જગ ભાંડ ભણી ! - વાણી૰ ૫

**૧૬૦**

અજબ ખેલ જોયો રે, જોયો તે તો જોવું ભૂલ્યો;
બીજો દેખી રોયો રે, રોતાં રોતાં ભેદ ખૂલ્યો !- ટેક.
નિર્દય તરે દયાવંત ડૂબે આ ભવસાગર માંહ્ય;
સાચો હારે વિજયી જૂઠો માલમલીદા ખાય !
મૂષક મીંદડી મારે રે, અજા દેખી સિંહ ડર્યો !! - અજબ ૧
કુંવારી જણે વિવાહિત વંધ્યા, કરે ન કુળની વાત;
દેખી નપુંસક દોડે રંભા, કરે દિવસની રાત !!
પાણી માંહે દાઝ્યો રે, જીવ તે તો આગે ઠર્યો !! - અજબ ૨
નેવનાં પાણી મોભે ચઢયાં, ને ઠર્યાં અદ્ધર આકાશ;
વિના સરોવર [1]કુંજ ખીલ્યું, તે તો મ્હેંકે અજબ સુવાસ !
[2]કુણપ કાને સૂંઘે રે, ચાંદે આખો રાહુ ગળ્યો !! - અજબ ૩
ફૂટ્યાં નેન તે જુએ તમાશો, સૂએ ન દિન કે રાત,
દેખનહારો પડે ખાડમાં, કુલટા મારે લાત !
જોતાં મનડું લાજે રે, **રંગ** પોતે સભર ભર્યો !! - અજબ ૪

**૧૬૧**

વડલા હેઠે બાવો રે, ટાઢી ટાઢી ધૂણી તપે;
મૂગો મૂગો બોલે રે, શ્વાસા સાથે સોહં જપે.- ટેક.
[3]વનિતા તેની છેક જ ઘેલી, જાય ન પતિની પાસ;
ઇચ્છામાત્રે ઓધાન રહ્યું ને, પ્રસવે બે ને પચાસ !
બાવાની બલિહારી રે, દેખી બાવી બાળ [4]છપે ! - વડલા ૧

---

૧. કમળ ૨. મડદું ૩. સ્ત્રી ૪. છુપાઇ જાય, અદૃશ્ય થાય

કોઇ આશ્ચર્ય માની વિલોકે[1], કોઇ સૂણે સાશ્ચર્ય;
વિરલો જાણી રાચે મનમાં, કરે ન વાણીવ્યય !
લોકો કહે મૂરખ રે, બાવો આ તે શું રે લપે[2] ? - વડલા ૨
બાવો કહે ન પરણ્યો કદિએ, મુને ન ઘર કે બાર;
નાર ન દીઠી નજરે તોએ, સહુ એ મુજ પરિવાર !
ભૂખ્યો શું સંહારે રે, અંતે સહુ મુજમાં ખપે !! - વડલા ૩
પાપ ન લાગે મુજને એનું, પુણ્ય ન આવે પાસ;
હર્ષશોક ન સ્પર્શે મુજને, હું તો સદા ઉદાસ[3] !
દેવ દેવી તિર્યક્[4] રે, નર પશુ મુજને જપે !! - વડલા ૪
જામ્યો **રંગ** અલૌકિક વનમાં, જોવા જન ઊભરાય;
ગયું તે પાછું ન આવે, આગ મહીં ઝડપાય;
લીલું સૂકું બાળે રે, કોને વદે કોને [5]શપે ? - વડલા ૫

## ૧૬૨

બેઠો બેઠો ભાળે રે, જોગી બીજું કાંઇ ના કરે;
અટંપટં બોલે રે, વાતો એની ચિત્ત હરે.- ટેક.

શિયાળે થરથર તનુ કંપે, ટાઢ અતિશે વાય;
કાચબાનાં ફૂંવાડાં કેરી, ગોદડીએ શીત જાય;
ઓઢી તે હરખાયો રે; બીજાં પ્રાણી ટાઢે મરે ! - બેઠો. ૧
ભૂખ્યો ખાએ માંસ પોતાનું, પ્યાસો કરે મધુપાન;
જાગતો બોલાવ્યો ન બોલે, ઊંઘમાં કરે બૂમરાણ;
ઉજાગરે મારે રે, અન્ય પાપી પોતે મરે ! - બેઠો. ૨

---

૧. જુએ. ૨. બકે. ૩. દ્વંદ્વાતીત ૪. હલકાં પ્રાણી ૫. શાપ આપે, નિંદે

મીન[1] તરફડે મહાસાગરમાં, રણમાં પામે સુખ;
ખાધે પેટ ન કો દિ ભરાયે, ઉપવાસે ટળે ભૂખ;
ભણેલો ત્યાં ભૂલે રે, અભણ તો મોજ કરે ! - બેઠો ૦ ૩
પશુપાળ તો પડે નરકમાં, ખાટકી વૈકુંઠ જાય,
લખપતિ તો ભૂખે મરે, માલ ભિખારી ખાય;
અણસારે સમજાવ્યું રે, અનુભવી અર્થ કરે ! - બેઠો ૦ ૪
ડગલે ડગલે બાવળ કૈરાં[2], ચંદન વિરલું કોય,
કલ્પદ્રુમ તો કોક કરોડે; પુણ્યે દર્શન હોય,
જનમોજનમનાં રે દળદર **રંગ** હરે !! - બેઠો ૦ ૫

## ૧૬૩

અવળુંસવળું બોલું રે, સંતો મારા ક્ષમા કરે,
ઓસડીયું અજાણ્યું રે, આપ્યું વૈદે રોગ હરે.- ટેક.
મૂળ મૂકીને ડાળાંઓ કાપ્યે, વૃક્ષ વધે ચોપાસ;
ઘર છોડીને જંગલમાં દોડ્યે, મરે ન મેલી આશ;
ભૂખે પાપ સૂઝે રે, રોટલો તે કેમ મળે ? - અવળું૦ ૧
જન્મમરણની રો રો જે ટાળે, રોટલો તેજ પ્રમાણ;
આપે સદ્‌ગુરુભઠિયારો, ઠરે મન ને પ્રાણ;
સંયમની આગે રે, શેકી એને મિષ્ટ કરે ! - અવળું૦ ૨
પ્હાણાઓ તરે પલકમાં, ને ડૂબે તુંબાં ખાસ;
એવું ભજવળ ચોગમ ભરીયું, દીસે દૂર ઉજાસ;
હાંકણનારો ઉલ્લુ રે, ડૂબું ડૂબું હોડું કરે ! - અવળું૦ ૩

---

૧. માછલું ૨. કેરડાં; કરીર

દક્ષિણનો વા નિસર્યો, ને આવી સુગંધની લ્હેર;
હર હર ઓમ્ કરતું ચાલ્યું, હોડું પવનની પેર;
[1]હરિને ધામ પહોંચ્યું રે, **રંગ** કોથી કેમ ડરે ? - અવળું૦ ૪

### ૧૬૪

(રાગ-મિશ્ર કાફી ગઝલ; તાલ-દીપચંદી)

પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને ?
પીધું [2]આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને ?- ટેક.

મળી વટવૃક્ષની છાયા, [3]નિદાઘે તાડ કાં ઢૂંઢે ?
ભર્યા કોઠાર રત્નોના ગૃહે, કાં પથ્થરો ફોડે ? - પ્રભુ૦ ૧
ગૃહે સુરધેનુ[4] કાં દોડે ગૃહોગૃહ તક્રને માટે ?
વહે ગંગા નિજાંગણમાં, ભમે કૂવે એ શા માટે ? - પ્રભુ૦ ૨
શરદપૂનમતણી રાતે, અકર્મી આગીઓ ખોળે;
થવા ઉજાસ આંગણમાં, બપોરે દીપ પ્રજ્વાળે ! - પ્રભુ૦ ૩
ન શોધે મોર ચિતારો, કદિ પિક[5] **રંગ** તંબૂરો;
કૃતાકૃતથી પરે બેસી નિહાળે ખલકની રો રો ! - પ્રભુ૦ ૪
ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી !
નિજાનંદે ફરે અવધૂત દઇને મોતને તાળી !! - પ્રભુ૦ ૫

---

૧. નર્મદાપરિક્રમામાં દક્ષિણતટથી સાગરસંગમ ઓળંગીને ઉત્તરતટ પર પરિક્રમાવાસીઓ જે જગ્યાએ ઊતરે છે તે સ્થાનને પણ હરિનું ધામ કહે છે; આમાં અણઘડ પરિક્રમાવાસીઓને તો ગર્ભિત સંબોધન નહિ હોય ? ૨. ઠેઠ કંઠ સુધી ૩. ઉનાળે ૪. કામદુધા, ગાય ૫. કોયલ

## ૧૬૫

(રાગ-માંડ; તાલ-કહેરવા)

મરી તો ગયું રે મૃત્યુ, મરી તો ગયું !
હાય હાય જમડા ! મૃત્યુ મરી તો ગયું !!- ટેક.

પાંચે સરિયારું કીધું, વેચ્યું, લીધું, વળી દીધું;
જૂદારું અંતે કીધું, તેમાં મારું શું ગયું ? - હાય૦ ૧
મોજાં દેખી લલચાયો, ખોબો ભરી લેવા ધાયો;
મોજું મૂકી પાણી પાયો, તેમાં વ્યર્થ કાં રડું ? - હાય૦ ૨
કારીગર કોડે આવ્યો, મીઠલડે મીન[1] બનાવ્યો;
સિંધુ[2] જઈ અંત સમાયો, તેમાં કોનું શું ગયું ? - હાય૦ ૩
વાયુ થઈ થિર[3] ભરાયો, વેગે ચંચળ થઈ ધાયો;
આંસુનું નભદગ્[4] તેથી, ટીપું શું ખર્યું ? - હાય૦ ૪
સૂરજ ધનુરંગ દિખાયો, ક્ષણક્ષણ જનમન નચવાયો;
રંગે જઈ **રંગ** સમાયો, તેમાં ખોટું શું થયું ? - હાય૦ ૫

## ૧૬૬

વસમી છે વાટ, એ તો વસમી છે વાટ;
ચઢવાનો નહિ ઘાટ, એ તો વસમી છે વાટ.- ટેક.

કોઈ કહે શ્વાસા રોકો, કોઈ કહે સામું તાકો;
કોઈ કહે થોડું ભાખો, રાખો, નાટકી હાટ ! - વ૦ ૧
સજાયાની ધારે ચઢવું, સતીનું છે એ તો મરવું;
સામે નીરે તરવું, એ તો, કંટકખાટ ! - વસમી૦ ૨

---

૧. માછલી ૨. સમુદ્ર ૩. સ્થિર ૪. આકાશનાં નેત્ર

વાંચી વાંચી પંડિત મુવા, ખોદી ખોદી મુવા ચુવા;[1]
બાપ, એ તો પડવાના કૂવા, ચઢયો બુદ્ધિએ કાટ. - વ૦ ૩
ગયો જે કો સદ્ગુરુશરણે, દેખ્યો પહાડ ઢાંકયો પર્ણે;[2]
જીવ્યો એ તો મૂકયો મરણે, થયો અમર સમ્રાટ્ - વ૦ ૪
આંખ મીંચી પાછું ભાળો, ત્યાગો ધોળો પીળો કાળો;
મળી રહેશે ખંતે તાળો, મૂકો **રંગ** ઘોંઘાટ ! - વ૦ ૫

**૧૬૭**

સાનમાં સમજાવ્યું, શાણે સાનમાં સમજાવ્યું;
ભણેલું ભૂલાવ્યું શાણે, સાનમાં સમજાવ્યું.- ટેક.
અવળો સવળો સોહં ચાલે, વચમાં પ્યારો અળગો ન્યાળે;
બ્રહ્મા વિષ્ણુ તરણે તોલે એવું, અચરજ બતાવ્યું ! - સા૦ ૧
રણકો એક અંદર ઊઠ્યો પન સ્વપ્ન જાગર રૂક્યો;
નિદ્રાનો તાર તૂટ્યો ત્યારે, અખંડ જગાયું !- સા૦ ૨
ગૈયા નીચી દોણી ઊંચી છલાછલ દુધડે સીંચી;
દોહ્યું આંખો મીંચી, દોણું ફૂટયું તોએ દૂધ ના ઢળ્યું !- સા૦ ૩
**રંગ**રંગી સાડી પહેરી, તોએ હું ઉઘાડી ભોળી;
થાકયા સહુ ખોળી ખોળી તોએ, કાંઇ ના જડ્યું !! - સા૦ ૪

**૧૬૮**

જુવાની દિવાની, પ્રાણી, જુવાની દિવાની;
અંતે જવાની જવાની, પ્રાણી, જુવાની દિવાની !- ટેક.
કાયા આ પથ્થર કંપે, તોએ ના મનડું જંપે;
આખર જમ આવી ઝડપે ત્યારે, વલે શી થવાની ?-જુવાની૦ ૧

---

૧. ઉંદર ૨. પાંદડે

કાગળની નાવ બનાવી, ભરદરિયે છૂટી મેલી;
ઉપર બારિસની[1] હેલી, એ તે કેયે જવાની ? - જુવાની૦ ૨
સદ્દ્ગુણ ના સ્વપ્ને પોષ્યા, હરિજન કદી ના સંતોષ્યા;
નિશદિન રમાડી યોષા,[2] એ તો નાતરે જવાની !. - જુવાની૦ ૩
નાણાંની નૌતમ થેલી, આખર ના થાશે બેલી;
જ્યાંની ત્યાં અર્શીહવેલી[3] **રંગા** રાખ થવાની ! - જુવાની૦ ૪
સગપણ એક હરિનું સાચું, બીજું સઘળુંએ કાચું,
વાંકું થઇ જાશે ડાચું, અંતે ફજેતી થવાની ! - જુવાની૦ ૫

## ૧૬૯

(રાગ-કાલિંગડો; તાલ-કહેરવા જલદ)

ગુરુએ બતાવ્યું અચરજ આજ, ગુરુએ બતાવ્યું અચરજ આજ- ટેક.
ઈંદ્રતણો ઐરાવત મોટો [4]સર્ષપખૂણે ભરાએ;
સસાસિંગથી થર થર કંપે, રુદન કરે સુરવરનો રાજ ! - ગુ૦ ૧
વંધ્યા સુત ત્યાં આવી પહોંચ્યો, શૂન્ય-સિપાઇ સાથે;
ગાંધર્વ નગરે રણે ચઢયા બે ખપુષ્પ[5] ડોલે શિરનો તાજ !-ગુ૦ ૨
બિન વાદળ ત્યાં વીજળી ચમકે, અમૃતવરખા થાયે;
અમરવેલે પલ્લવ ફૂટે, પુષ્પતણો કો વર્ણે સાજ ? - ગુ૦ ૩
તુડડડ તુડડડ પડઘમ બાજે, ભેરી મૃદંગ અપાર;
[6]દિવ્ય સુંદરી થેઇ થેઇ નાચે, બંસી વગાડે નટવર રાજ !-ગ૦ુ ૪
દિવા કોટ રવિ શશી પ્રકાશ્યા, અંતર થાય ઉજાસ;
ઘુવડ કાળાં ખૂણે ભરાયાં, સરિયાં જનમતણાં સહુ કાજ !-ગુ૦૫

---

૧. વરસાદથી ૨. સ્ત્રી ૩. આરસની, ઊંચી ને ફરસંબંધી
૪. રાઈ ૫. આકાશપુષ્પ ૬. દિવસે

પાણી વિના હા ! તરસ છિપાઇ, અન્ન વિના ક્ષુધ શાંત;
જાગ નિંદા જ્યાં બેઉ ગંવાઇ, સુખદુઃખ ટળિયાં બંને આજ !-ગુ૦૬
ભેખ ભીખ જ્યાં બંને શમીયાં, સુખ શે વર્ણ્યું જાય ?
ગુરુશિષ્યનું નામ રહ્યું ના, એક અગોચર **રંગ** સુસાજ[૧] !!-ગુ૦ ૭

## ૧૭૦

દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન, દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન.- ટેક.
ભણતરની ના ચાલે બડાઇ, તર્કવડાઇ થાકે;
પોથાંપોથાં કામ ન આવે, ગુરુગમ મારગ ચતુરસુજાણ !-દુ૦ ૧
પાસ ખડું નજરે નવ આવે, નાટક એનું અપાર;
કલીબ સુંદરી માયા નચાવે, જગત શિશુ[૨] પ્રસવે શું જાણ !-દુ૦ ૨
જોગીજતિ જંગલમાં ખોળે, ભોગી ભામિની[૩] માંહ્ય
પંડિત શાસ્ત્રો ચૂંથી મરે છે, મૂઢ ભમે કહી એ અજ્ઞાન !-દુ૦ ૩
કાન કટાવે મુંડ મુંડાવે, ધૂણી ધીખાવે કોઇ;
ઊર્ધ્વપાદ આસન લગાવે, નિશદિન હરિહરિ મુખથી ગાન !-દુ૦ ૪
મનબુદ્ધિની દોડ ન ચાલે, વાણીતણું નહિ કામ;
અજ અક્ષય અવિનાશી પરાત્પર, જાણી થાવું સ્વયં નિર્વાણ ! દુ૦ ૫
શૂળી પરની પૂરી એ તો, વિરલો જોગી ખાયે;
માન અહંતા મૂકી સઘળી, સદ્દગુરુચરણે **રંગ** પ્રમાણ !!- દુ૦ ૬

## ૧૭૧

(રાગ-માડ; તાલ-કહેરવા)

સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહિ કોઇ અપના.- ધ્રુ૦
નાતે ગોતે સબ સ્વારથકે, નિઃસ્વારથ ગુરુરાના;
આપ સમાન કરે શિષ્યનકો, દેવે પદ [૪]નિરબાના. - ગુરૂ૦ ૧

---

૧. સુંદર શણગારવાળો ૨. બાળક ૩. સ્ત્રી ૪. નિર્વાણ.

કરે લોહકા પારસ સોના, નહિ પારસ કર જાના;
નહિ ઉપમા ગુરુકી ત્રિભુવનમેં, સાક્ષાત્ દેવ પિછાના. - ગુરૂ૦ ૨
પૂછો પંડિત પોથી દિખાવે, કાઝી કિતાબ કહેના;
બોલે અંધા 'દૌડો પીછે.' સબ મતલબમેં સ્યાના ! - ગુરૂ૦ ૩
કચે જ્ઞાન અરુ ક્રિયા સિખાવે, પકડ દસ્ત[1] સલુના;
ઘાટ અગમપે આપ ચઢાવે, જહાં સાંઇકા થાના. - ગુરૂ૦ ૪
બિના તેલ જલે જહાં જ્યોતિ, ઝગમગ દિવસાં રૈનાં;[2]
આઠોં જામ[3] બજે સુરબાજા, **રંગ** અરંગી જાના ! - ગુરૂ૦ ૫

**૧૭૨**

બન જા અબ હુશિયાર, કાલકા નહિ ઠિકાનાજી.
ખડી મૌત શિર [4]ઘેર, આલસુ ક્યોં બન તૂ સોતા ?
નિકલ જાયગા શ્વાસ, રહેગા અંત હાથ ઘિસતા ! - કાલ૦ ૧
ગયે રાજ મહારાજ હકીમો, પંડિત અરુ કાઝી;
ગયે પીર પૈગંબર, ગાફિલ પડા તું ક્યોં પાજી !- કાલ૦ ૨
લે સાહેબકા નામ, દીલસે બન જા પક્કા;
જા હજકો અબિનાસ, દેહ કર કાસી મક્કા !- કાલ૦ ૩
લે આતમ પહિચાન, ખુદા શિવ શંકર ભોલા;
મારેગી ઝખ મૌત, **રંગ** છૂટે ભવ-ઝૂલા !!- કાલ૦ ૪

**૧૭૨**

(રાગ-બ્રિંદાવની સારંગ; તાલ-ધુમાળી)

છોડું ન મૈં દિલસે અબ [5]સાંઇ !
ભટકત ભટકત સહજ મિલા હૈ, છટકત છટકત થિર રહા હૈ;
જાને ન દૂં અબ પ્રાણ હિ જાઇ ! .... છોડું૦ ૧

---

૧. હાથ ૨. રાત ૩. આઠે પ્રહર ૪. ઘેરીને ૫. સ્વામી, જગતનો નાથ, પરમાત્મા.

ભાવ ભજનસે મોલ મૈં લીના, તનતપસ્યા તોલ હૈ કીના;

મન મંદર અબ બિઠા લૂં ભાઈ ! .... છોડું૦ ૨

ધન દોલતસે કભુ ન પાવે, માન મગરૂબી પાસ ન જાવે;

દીનપનોંસે બશ હો જાઇ ! .... છોડું૦ ૩

વો માલિક મૈં ઉસકા બંદા, મૈં હૂં ચકોરા વો હૈ ચંદા;

પ્રેમ પિયાલા ભર ભર પાઇ ! .... છોડું૦ ૪

આપ ન દેખું, પર ન દેખું, જહાં તહાં એકહિ રંગ વિલોકું;

દેખત દૃષ્ટિ દરય હો જાઇ !! .... છોડું૦ ૫

## ૧૭૪

દેખ લિયો મોહન મૈં માઇ !

વો કાલા તો બહુ મતવાલા, દરય દર્શનસે હૈ વો નિરાલા;

દેખત દેખત ઝટ છીપ જાઇ ....... દેખ૦ ૧

કોઉ કહે રૂપી કોઉ અરૂપી, મૈં જાનું વો હૈ બહુરૂપી;

રૂપરૂપમેં વોહિ દિખાઇ ....... દેખ૦ ૨

તન બૃંદાબન હિરદા કુંજા, ઠાડો દેખો વહાં વો ખંજા;

ઠાડો ઠાડો બંસી બજાઇ......... દેખ૦ ૩

દેખત દેખત મુંદી[1] નૈનાં, મોહ મિટા નિકસે ના [2]બૈનાં;

ના હમ ના તુમ જગત ન તાંઇ ....... દેખ૦ ૪

પીલા પીતાંબર જરિયન જામા, મોરપિચ્છ અરુ ઝગમગ ધામા;

રંગ રૂપ બિનુ એક ગુંસાઇ ! ....... દેખ૦ ૫

---

૧. મીંચાઇ ૨. વેણ, વાણી.

## ૧૭૫

બોલ રહી કોકીલ કાનનમેં !

ક્યા જાને વો ક્યોં અસ બોલે ! સૂનત બિરહી તનરા જાલે !

નીંદ નહિ કભુકી નૈનનમેં ! .... બોલ૦ ૧

તૂ..હું..તૂ..હું શબ્દ સુનાવે, આપ પરાયો ભેદ મિટાવે;

ઝૂલ રહી આતમ-ઝૂલનમેં ! .... બોલ૦ ૨

ચારોં પર પંચમ સૂર છેરા, બુઝે કોઇ બિરલા ચેરા;

ભૂલત ક્યોં કાગન બાતનમેં ? .... બોલ૦ ૩

બીતા બસંતા બરખા આઇ, ઠૌર ઠૌર મેંડક[૧] દિખ પાઇ;

**રંગ** મૌજ માને મૌનનમેં ! .... બોલ૦ ૪

## ૧૭૬

હમસે મત મીલો, મત મીલો !

રાહ હમારા ન્યારા, બચ્ચે ! ખાના કચ્ચા પારા !!- ધ્રુ૦

ગગનમંડલ પર હમારી મઢિયા, નહીં પાયા નહીં છપરા;

ધૂની ખુદીકી જલે અખંડા, નહીં લકરી નહીં ચૂલા. - હ૦ ૧

સોલા સહસ્ર રાનિયાં નંગી, બીચ નટ નંગડ કાલા,

હરદમ હોત તડીંગ ધીંધીંધીન, નહીં બીસ્તર નહીં કપરા..- હ૦ ૨

નહીં નીંદર નહીં સુપના જાગર, જાગ જાગ અખંડા;

શ્રીપૂત ખાના ખાકે સોલે, મત કલકા બન બંદા.. - હ૦ ૩

[૨]જુગલરકી જો બાલી ભોલી, તાસે સુરત લગાના;

અધરામૃત પીકે મૃત હોકર, **રંગ** અજર હો જાના.. - હ૦ ૪

---

૧. દેડકા ૨. નિર્દોષ આત્માનુભૂતિ

## ૧૭૭

હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે, ખેલ અખેલા ખેલેંગે. - ધ્રુ૦

એક અનેક બના આપહિસે, ખેલત નંદદુલારા;

જૂઠે જગમેં જૂઠા ખેલા, જૈસા [1]મકરીજાલા. - હમ૦ ૧

આપહિ કૃષ્ણા આપ હિ રાધા, આપ હિ રાસપસારા;

આપહિ કૌરવ આપહિ પાંડવ, આપહિ જુધ બીસ્તારા. -હમ૦ ૨

આપ હિ કાલયવનસે હારા, દ્વારામતી બસાયા;

આપ હિ જાદવકુલ સંહારા, બ્યાધ હાથ મરાયા. - હમ૦ ૩

સબમેં સબસે આપ હિ ન્યારા, ખેલ ખેલારી અસંગા;

**રંગ** રંગ કે ભેરું બનાકે, ખેલત આપ અભંગા. - હમ૦ ૪

## ૧૭૮

હમારા ભેખ ભિખારીકા, અલખઘર ટૂકડે માગનકા. - ધ્રુ૦

તરુતલ બાસા નિત ઉપવાસા, ખાના આપ અપનકા;

ન્હાના તરવેણી સંગમમેં, પીના જલ અદ્ધરકા. - હમારા૦ ૧

ગાના યક સાહેબ ગુનગનકા, ચઢના ઘાટ અગમકા;

ત્યજના ત્યાગ-ભોગ-સુમિરનકા, સોના સુન મરઘટકા. -હમારા૦ ૨

આટા બીન ચક્કીકા પીસા ફકના સૂકા સલૂના;

ગુરુશબદકા પાન ચબાના, અંતરરંગ રંગાના. - હમારા૦ ૩

ફટી ગુધડિયાં કાલી કમલિયાં, ભેખ અસલ જુગજૂના;

જય જગદીશ અરસપરસમેં, દેખ **રંગ** ભૂલ જાના. - હમારા૦ ૪

---

૧. કરોળિયાનું જાળું

## ૧૭૯

છોડ દિયા માઇ સંસારા !- ધ્રુ૦

કાહે શોક કરે તૂ ખાલી ? દેખ ભરા સબ જગ બનમાલી !

ઉસ કાલેકા સબહિ પસારા ! ... છોડ૦ ૧

જહાં દેખો વહાં એકહિ સાંઇ, ઘટઘટ બોલે વોહિ ગુસાંઇ,

સબમેં સબસે હૈ વો નિરાલા !... છોડ૦ ૨

દધિ બેચન આઇ મહિયારી, ફૂટી ગગરિયા ફટ ગઇ સારી;

ભૂલી આપ તબ મિલા ગોવારા !... છોડ૦ ૩

હાથમેં લકરી કાંધે કમરિયા, બજે અનાહત પાંવ ઘુઘરિયાં;

સૂનત મનરા યહ મતવાલા !... છોડ૦ ૪

આપ ન જાને ઔર ન જાને, સુખદુઃખ દોનું કૌન પિછાને;

**રંગ** દૂઇકા ખેલ બિસારા !!... છોડ૦ ૫

## ૧૮૦

(રાગ-પિલુ; તાલ-કહેરવા)

ભયી મતવાલી, પિયા કે દીદાર પાયે !- ધ્રુ૦

અંગ ભભૂતિ કટિ લંગોટી, બને બડે અબધૂતા;

શિરપે સોહે જટાલટૂરી;

જ્ઞાનકે નશેમેં ભોલે બન અલમસ્ત ધાયે ! - ભઇ૦ ૧

જંગલ છોડા બસ્તી છોડા, કિયા મસાણ નિવાસા;

ગૈયા કૂત્તે ખેલેં ચંગે;

માંગ લાન ટુકડે બાબા શૌકસે ખિલાયે ! - ભઇ૦ ૨

ઝગમગ જ્યોતિ બહે નૈનસે, ફીકા સૂરજ ચંદા;
ઝોલી ઝંડા કછુ નહિ ફંદા,
નિરંજન નિર્ભે સાધો અલખ કહાયે ! - ભઈ૦ ૩
ધરતીકા તો બના સિંહાસન, છત બાદલ તરુ ફૈલા;
મારુત મંદા ચમર ડુલાવે,
બૈઠે બાદશાહા **રંગ** અજબ દિખાવે ! - ભઈ૦ ૪

## ૧૮૧

(રાગ-ખમાજ; તાલ-કહેરવા)

ચલો મોરી આલી ગુરુકી મઢૈયા !
તૃષ્ણાનીર બહે બીચ ગહરા, પલ્લે તીર પ્રકાશા,
ધગધગ ધૂની જલે અખંડા,
નિરંજન નાગા બૈઠે પરો આલી પૈયા[1] ! .... ચલો૦ ૧
શ્વાસાકી તો કર લે [2]સાંગડ, કામન કચ્છ સમ્હાલા,
નેત્ર ફેરકે તર લે તિરખૂટ,
નિશદિન બાજે નૌબત સૂન લે બધૈયા ! .... ચલો૦ ૨
યે મઢિયાકા આપહિ કડિયા, આપહિ ઈંટાં ચૂના,
આપહિ દેવલ આપહિ મૂરત;
પૂજે આપ આપે દેવા ગુરુ શિષ કહૈયા ! .... ચલો૦ ૩
મૈં મઢિયા ગુરુ રહનેવાલા, આપહિ આપ નિહારા;
ખિલકત સારી મેરી કરામત,
ભેદ ખેદ ભૂલી ભાઈ **રંગ** રમૈયા ! .... ચલો૦ ૪

---

૧. હે સખી પગે લાગો ૨. તૂંબડાનો તરાપો

## ૧૮૨

(રાગ-તિલક કામોદ; તાલ-કહેરવા)

આન પડા નાથ ! દરપે શરણમેં લીજિયેજી !!- ધ્રુ

નામ પતિતપાવન સુન તુમરો, આયા દરસ-ભિકારી !
અબ તો નાથ ! દેર ન કીજે;
બીત ગઈ ઉમરી[1] સારી, દયા અબ કીજિયેજી !! - આન૦ ૧

બાલપનોમેં કૂદા ખેલા, બીતી જવાની સારી;
મન માતંગા[2] કરે તુફાના;
જરા[3] મૌત-દૂતી આયી, કાલસે બચાયિયેજી !! - આન૦ ૨

જ્ઞાન ન સીખા ધ્યાન ન સીખા બના પેટપૂજારી !
તેરી મેરી કર કર ફૂલા;
કરની ન દેખો સાંઇ, દાસ અપનાયિયેજી !! - આન૦ ૩

દેખા દેસા દેખા ભેસા,[4] પાયા કલેશા ખાલી !
અબ તો આર્ત પૂકારું નામા;
દોડ ખોલ ખિડકી સ્વામી, પ્રેમકો નિભાયિયેજી !! - આન૦ ૪

કૌન કરે બિસ્વાસ ન જો તુમ સૂનો ટેર[5] હમારી !
તુમરી તુમ જાનો ગોવિંદા;
તુમ બિન કોઉ નાહીં, લાજ **રંગ** રાખિયેજી !! - આન૦ ૫

## ૧૮૩

(રાગ-કેદાર; તાલ-ત્રિતાલ)

રે મન ! મસ્ત સદા દિલ રહના.
આન પડે સો સહના., ધ્રુ૦

કોઇ દિન કંબલ કોઇ દિન અંબર, કભુ દિગંબર સોના;
આત્મનશેમેં દેહ ભૂલાકે, સાક્ષી હોકર રહના.- રે મન૦ ૧

---

૧. ઉમર ૨. હાથી ૩. ઘડપણ ૪. વેષ, ભેખ ૫. ટહેલ

કોઇ દિન ઘીગુડ મૌજ ઉડાના, કોઇ દિન [1]ભૂક સહાના;
કોઇ દિન વાડી કોઇ દિન ગાડી, કભુ મસાણ જગાના. -રે મન૦ ૨
કોઇ દિન ખાટ પલંગ સજાના, કોઇ દિન ધૂલ બિછીના;
કોઇ દિન શાહ બને શાહોં કે, કભુ ફકીરા દીના. - રે મન૦ ૩
કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના;
સમજ દુ:ખસુખ નભબાદલ સમ, **રંગ** સંગ છૂડાના. -રે મન૦ ૪

## ૧૮૪

પ્યારે ! ભજ લે રામ દિન રૈનાં;
કાહે ફિરત અચૈના !

તનકા તંબૂર મનકી માલા, શ્વાસા બીન સુહાના;
સાંજ સબેર સુમર લે સાંઇ, રહે ન જીના મરના. - પ્યારે૦ ૧
યહિ સુમિરનસે તરે બાલ્મીકિ, શંકર નારદ દાના;[2]
મીરાં નામા[3] ભયે અમર સબ, સાધન સુમિરન માના. -પ્યારે૦ ૨
નામી એક અરુ નામ અનંતા, સચ્ચિત્સુખમય જાના;
રામ કૃષ્ણ ગોવિંદ મુરારે ! એહિ ધૂન ગજાના. - પ્યારે૦ ૩
દેહ અવધપુર[4] આતમ રામા, એહિ દ્વારિકા સ્થાના;
નવ દ્વાર પર દશમ બિરાજે, વહાં કિસનકા થાના !! - પ્યારે૦ ૪
ઔર નિકમ્મા ઝઘડા સારા, ખાલી વખ્ત ગંવાના;
દ્વૈતાદ્વૈત પરે હો પ્યારે, **રંગ** સંગ ભૂલ જાના !! - પ્યારે૦ ૫

## ૧૮૫

આતમ જાન લિયો મૂલ હિ સે;
આયા અંધેરા કહીંસે !- ધ્રુ૦

દશ્ય ન થા તબ કહાંકા દષ્ટા, સબ કરતૂત મનહિ સે !
કોરા કાગજ ચિત્ર બિચિત્રા, સબ લીટા[5] સ્યાહીસે. - આતમ૦ ૧

---

૧. ભૂખ ૨. ઉદાર; વિશાલહૃદયી ૩. નામદેવ ૪. અયોધ્યા ૫. લકીર

મનમેં મંદિર મનમેં મૂરત, મન પૂજા એક હિ સે;
મનમેં કાબા મનમેં કાશી, ભેદ દૂહી[1] મન હિ સે !!- આતમ૦ ૨
ઊંચ નીચ સબ મનકી કરની, આતમ દૂર યહીંસે;
સંગવિહીના સદા નિ:સંગા, દિખે ભાસ ભાવ હિ સે !-આતમ૦ ૩
મનવૃત્તિકા બાદલ છાયા, અંધે નૈન વહીંસે;
દેવ છિપાયા દાનવ આયા, કાંપે આપ નહીંસે !!- આતમ૦ ૪
આંખ બંધ કર કરે તમાસા, ભૂલા આપ આપહી સે;
ખૂલા નૈન હુઆ સત્સંગા, **રંગ** ન અહીં-તહીં સે !- આતમ૦ ૫

## ૧૮૬

(રાગ-મિશ્ર દેશ; તાલ-દાદરા)

તનકી સુધી[2] ન જિસકો, જનકી કહાંસે પ્યારે !- ધ્રુ૦
મિલા જો રાજ તો કયા ? ખોયા મકાન તો કયા ?
હુઆ હૈરાન તો કયા ? માલૂમ કિસકો પ્યારે ? - તનકી૦ ૧
કોઇ ફૂલોં ઉછાલે, વા જુતિયોંસે મારે;
નિંદા સ્તુતિ સહા લે, બૈઠે હૈં મસ્ત પ્યારે ! - તનકી૦ ૨
જબ લૌ[3] ખુદાસે લાગી, અંતર દૃષ્ટિ જાગી;
દૂહી સમૂલ ભાગી, ખૂદ મેં ખુદા નિહારે ! - તનકી૦ ૩
દુનિયાકી મ્હોબત જૂઠી, સહબત[4] સબ દૂટી;
નિ:સંગ ભંગ[5] ઘૂંટી, પીકે પડે હૈં પ્યારે ! - તનકી૦ ૪
ના મંદિરોમેં જાતે, ના મસ્જિદોં મનાતે;
સુરતી મેં [6]મૂર્તિ ધ્યાતે, ઝગડે મિટાકે સારે ! - તનકી૦ ૫
સબ પાપ પૂન છોરા, નિજ **રંગ** સબ નિહારા;
કર્તેપના[7] બિસારા, અબ મોહ શોક કયા રે !! - તનકી૦ ૬

---

૧. દ્વૈત ૨. ભાન ૩. લગની ૪. સોબત, સંગ ૫. ભાંગ ૬. સ્વરૂપ, હુસ્ન ૭. કર્તૃત્વ

## ૧૮૭

(રાગ-મિશ્ર કલ્યાણ, ગઝલ; તાલ-કહેરવા)

સૂનો પુકારે મજહબ સારે, ખુદા ખુદહીસે જુદા ન પ્યારા !- ધ્રુ૦

ન થી જહાં અસ્માઁ કહાં યે તારે,
ન થા કુતુબ વહાં કહાં મિનારે ?
સબહી તેરે મનકે ફૂઆરે,
તૂ આદમ સબસે રહા હૈ ન્યારા ! - સૂનો૦ ૧

નહીં થા મંદર ન મૂરત પૂજા !
કહાં થા કાબા વો કબ્ર સજદા[1] ?
ભૂલા કે ખુદકો લડને બૈઠા,
તૂ આતમ સબમેં રહા નિરાલા ! - સૂનો૦ ૨

તૂહિ તો સુન્ના[2] તૂહિ તો ગહના,[3]
ઘાટ બના ફિર નામ સુહાના.
ભૂલા જ્યોં સૂરત આ ગઇ મૂરત,
જાત ભૂલાકે જગત નિકાલા ! - સૂનો૦ ૩

માના જ્યોં દેહ હુઆ સંદેહા,
ભૂત ભજા ભૂલ ગયા ભગવાના;
જાગ ગઇ વહાં આ ગયા સપના,
રાજ કહે મૈં જનમભિકારા ! - સૂનો૦ ૪

નહિ થા કુછ તબ તૂહિ થા બાલા,
તૂહિ હૈ અબ સબ ખુદહીકા જાલા;
ન હોગા કુછ તો ભી તૂ આલા,
**રંગ** અરંગા હોગા અકેલા !! - સૂનો૦ ૫

---

૧. પૂજા ૨. સોનું ૩. ઘરેણું.

## ૧૮૮

જહાંપે દેખું વહાંપે સાહેબ વો નંગાચંગા છિપા રહા હૈ ! - ધ્રુ ૦

કિસીને ઉસકો ખંભેમેં માના, કિસીને મંદર મસ્જિદમેં જાના;

હૈ ઇશ્ક ઇસકા અચૂક ઠિકાના,

જહાં જિસને માના મના રહા હૈ ! -જહાંપે૦ ૧

ન કિસને ઉસકો નજરસે દેખા, ન કિસને ઉસકા કિયા હૈ લેખા;
હ્રદેકા પરદા ઊઠા જો નેકા, મૈદાનમેં વો ખડા રહા હૈ !-જહાંપે૦ ૨

કિસીકો લેલૂં કિસીકો છોડું, કહાંપે ઢૂંઢૂં કિધરકો મૂંડું ?
જહાંપે દૌડું વહાં વો યારુ, અનાદિ હાજરહજુર રહા હૈ !-જહાંપે૦ ૩

વો પાસ દૂરા વો અંદર [1]બ્હારા, ગગનમંડલમેં વો ખેલનહારા;
અચેતન ચેતન વો નૂર આલા, સદા સભીમેં ચમક રહા હૈ !જહાંપે૦ ૪

ન નામ ઉસકા ન રૂપ ઉસકા, સભી ઉસીકે ન વો કિસીકા;
અનંતરૂપી વો રૂપ એકા, બેરૂપ **રંગા** સમા રહા હૈ ! -જહાંપે૦ ૫

## ૧૮૯

ચલો સખીરી પિયા મિલનકો, વો નાથ હમકો બુલા રહા હૈ !ધ્રુ૦

યે તટ ગંગા વો તટ જમુના, બીચમેં ગોકુલ લુભા રહા હૈ;
શ્વાસાકી બંસી બજાબજાકે, વો નાથ તાના લગા રહા હૈ !- ચલો૦ ૧

અગલી છોડો પિછલી છોડો, બિચલી ગલીસે ચલો રી આલી;
નહિ અંધેરા નહિ ઉજેરા, સુનેરી સંધ્યા સુહા રહી હૈ !- ચલો૦ ૨

દેહકી નૈયા મન હલૈયા, સૂરત સઢિયા શ્રદ્ધા ભરૈયા;
જલ ગહરિયા તૃષ્ણા તરૈયા, વો રામભૈયા રમા રહા હૈ !- ચલો૦ ૩

---

૧. બ્હાર

કાહેકો બાતે કાહેકો નાતે, કહાં લજાતે, કૈસે હો જાતે ?
દુઇકા પરદા હટાકે સારા, **રંગ** અકેલા જમા રહા હે !!- ચલો૦૪
નીંદ ગઁવાઇ જાગ હરાઇ, અખંડ આંખે મિલા રહા હે;
નૈનોંકા તારા શ્યામ છબીલા, મૈંતૂ-પને કો ભૂલા રહા હે !!-ચલો૦૫

## ૧૯૦

(રાગ-દરબારી; તાલ-દાદરા)

જો આપકો દેખે ન ઉસકો દૂસરા દિખતા કહીં;
જો દૂસરા નજરોં ભરા, ના આતમા દિખતા વહીં !!- ધ્રુ૦
હૈ બ્હાર ભીતર આપહિ, ના દેખ કર ડરતા રહા;
અંધિયારમેં; રસ્સી પડી ડર સાંપ કહ ભગતા રહા ! - જો૦ ૧
હૈ રૂપમેં બેરૂપ વો, અખિયાં અનુભવ કી ચીન્હેં;
ઉમરી બિતાવે બાતમેં, ક્યા જાતકા અનુભવ ઉન્હેં ! - જો૦ ૨
અંધા બિલોકિ જ્યોતકો, બહિરા સૂને ઝનકારકો;
સોવે ન દિનરૈનાં કભુ, જાને ન સ્વપ્ન સુષુપ્તકો ! - જો૦ ૩
કપરા દુઇકા ફેંક કર, ફીરે દીવાના બાવરા;
રોતા કભુ હઁસતા કભુ, અલમસ્ત ખુદ મસ્તીભરા ! - જો૦ ૪
આઝાદ આત્મારામ હૈ, આનંદસાગર અટપટા;
નુગરા પિછાને ક્યા ઉસે ? **રંગ** દેખ વહીં ડટા !! - જો૦ ૫

## ૧૯૧

(રાગ૦ભૈરવી, ગઝલ)

હુઆ ક્યા યે મુઝે સાંઇ, ન મૈં જાનૂં ન તૂં જાનૂં !
ફટી દિલસે દૂઇ સારી, ન મૈં જાનૂં ન તૂ જાનૂં !!- ધ્રુ૦
અગર જિંદા ન હાલું મૈં, મરા ચેતન ભરા ભરપૂર;
મરે જીતે પરે બૈઠા, ન મૈં જાનૂં ન તૂં જાનૂં ! - હુઆ૦ ૧

બના આશક બિના માશુક, હકીકી ઇશ્કકા દરિયા,
બિના ખિલકત[1] બના ખાલિક,[2] ન મૈં જાનૂં ન તૂં જાનૂં !-હુઆ૦ ૨
ન દેખું પૂન ના પાપા, કહાં સૈતાન વો આપા ?
બિના બેટા કહાં બાપા ? ન મૈં જાનૂં ન તૂં જાનૂં !! - હુઆ૦ ૩
બના માલિક બિના દોલત, બના રાજા બિના રૈયત;
કરૂં બાતાં બિના મૈયત, ન મૈં જાનૂં ન તૂં જાનૂં !! - હુઆ૦ ૪
વૃથા હૈ ઔર સબ બકના, વૃથા લિખના વૃથા પઢના;
ચૂપાચૂપ મૌજ હૈ લૂંટના, અકેલા **રંગ** યહ જાનૂં !! - હુઆ૦ ૫

## ૧૯૨

(રાગ-ભીમપિલાસ; તાલ-ત્રિતાલ)

અવધૂતોંકી ગત ન્યારી હૈં; ન્યારી હૈ સબ આલી હૈ !- ધ્રુ ૦
કોઉ તો બનઠન ચંગે દિખાવે, વો તો નંગે ખાલી હૈ ! - અવ૦ ૧
કોઉકો ગાડી કોઉકો ઘોડા, ઉનકો પૈર સવારી હૈ !! - અવ૦ ૨
કોઉ તો પૂજત મંદર મૂરત, વો તો સૂરત પૂજારી હૈ !! - અવ૦ ૩
કોઉકો રામા કોઉકો દામા, વો તો અકામ અપારી હૈ !-અવ૦ ૪
ઇતઉત દૌડે દુનિયા સારી, ઉનકો શાંતિ ભારી હૈ !! - અવ૦ ૫
આત્મનશેમેં મસ્ત હી ડોલે, **રંગ** અસંગ નિહારી હૈ !!!-અવ૦ ૬

## ૧૯૩

(રાગ-ખમાજ; તાલ-લાવણી)

(હર ભજ હર ભજ હીરા પરખ લે-આ રાહ)

કાહેકો મન સોચ કરત હૈ ? રામભજન કર દિનરાતી (૨);
બિના ભજન બિરથા જિંદગાની,
યહ બિનુ કહીં નહીં સુખ પાતી. - ધ્રુ ૦

---

૧. સૃષ્ટિ ૨. સૃષ્ટિના કર્તા

કિયા ઈકઠ્ઠા ધન ગલ ઘોટા,[1] આવત તોર[2] ન સંગાતી (૨)
રહ જાવે બંગલા બંગલોરી, મારે જમ આખર જૂતી. -કાહેકો૦ ૧
નાતી ગોતી સગાં સંબંધી, યે સબ ચલતી કે સાથી (૨)
અંતકાલ કોઉ કામ ન આવે, હોવેગા યહ તન માતી[3] -કાહેકો૦ ૨
સુખ સુખ કરત ઢંઢોલા સારા, જંગલ બસ્તી દિનરાતી; (૨)
બિષયપાશમેં જકડા બહુરા, ચલા શ્વાસ જબ રહ રોતી !-કાહેકો૦ ૩
ગયા બાલપન ખેલકૂદમેં, જવાની તિરિયા[4] સંગ કાટી; (૨)
બૂઢેપનમેં પડા ખાટ પર, હઁસે લોગ જબ પછતાતી. -કાહેકો૦ ૪
રામભજન કર રામભજન કર, કહે સંત સબ [5]નિજબીતી; (૨)
છોડ સંગ ભજ રામ પિયારે, દુઃખમૂલ ભવકી પ્રીતિ ! ક- હેકો૦ ૫
જબલગ શ્વાસા તબલગ સાધન કર ભજન ગુરુગમ પાતી; (૨)
ઊડા હંસ જબ હાથ ઘિસેગા, ગયા રતન ફિર ક્યા બાતી !- કાહેકો૦ ૬
**રંગ** રાગ સબ દો દિનકે યહ, ઠંડ અંધેરી ફિર રાતી; (૨)
ઊઠ પકડ કર જા મસ્તોંકા, ઊડા મૌજ પા નિજ જ્યોતિ !!- કાહેકો૦ ૭

### ૧૯૪

કરની બીન કથનીકી કિંમત કૌડી જાન બજારોં હૈ (૨)
બિન કથની કરની કર બંદે ! ઊધરે[6] સંત હજારોં હૈ.- ધ્રુ ૦
બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ (૨)
માનલોભ છૂટા ના મનસે, કરત બોધ પરભારો હૈ.- કરની૦ ૧
બ્રહ્મજ્ઞાન મૂગોંકી બાતાં, સુને સાધુ[7] કો બિરલો હૈ (૨);
પતિવ્રતા નિજ કંથમિલનકી સુનત બાત શિશુ ભોલો હૈ !-કરની૦ ૨

---

૧. ગળું દબાવીને ૨. તારી ૩. માટી ૪. સ્ત્રી ૫. પોતાનો અનુભવ
૬. ઉદ્ધાર પામેલા ૭. સાધુવૃત્તિવાળો; શમદમાદિ સાધનસંપન્ન

બૃત્તિ બિન રૂખો [1]કથવારો, દેહાધ્યાસ ભા રો હૈ ! (૨);
મ્યાંઉ મીંઠડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ !- કરની૦ ૩
કર સત્સંગત સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ (૨);
રાગદ્વેષ ન છૂટે તબહૂ જ્ઞાન પેટગુજારો હૈ !!- કરની૦ ૪
ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમ **રંગ** અકેલો હૈ (૨);
ચીન્હે સો કહને ના પાવે, દેખત જિયરો[2] ઠારો હૈ !!-કરની૦૫

## ૧૯૫

કર સત્સંગ અભીસે પ્યારે ! નહિ તો આખર રોના હૈ (૨);
અંતકાલ કોઉ કામ ન આવત, વૃથા જગત રિઝવાના હૈ ! ધ્રુ૦
બડે બડે તો ગયે મિજાસી, ઉનકા કહાં ઠિકાના હૈ ? (૨)
કર અબહૂસે કુછ તૈયારી, નહીં તો ફિર પછતાના હૈ ! - કર૦ ૧
પડા રહેગા મહલ ખજાના, છોડ ત્રિયા સુત જાના હૈ (૨)
ખિલાપિલાકે દેહ બઢાયા, વો ભી અગન જલાના હૈ !- કર૦ ૨
બિષય કાંચ દેખત લલચાયા, દૌડત પીછે પડના હૈ (૨)
મિલે અસલ આતમ હીરા તો, આપ અપન પર હંસના હૈ !કર૦૩
માયા મૃગજલ મિથ્યા ભાસે, ઉસે હંસ છુડવાના હૈ (૨)
કર સેવા સદ્ગુરુકી પ્યારે, ઉસે રાહ મિલ જાતા હૈ !- કર૦ ૪
મરે પોથી સુનવવાવ પંડિત, ખાલી ડૌલ[3] દિખાના હૈ (૨)
લગા આપમેં આપહિ ગોતા, આપા[4] સબ [5]ઘુલવાના હૈ ! કર૦૫
અંદર બાહર એકહિ આતમ, રંગ બિરંગા હોતા હૈ (૨)
તૂં જગમેં જગ તુઝમેં સાધો, દેખ મૌજ ઉડાના હૈ !- કર૦ ૬
જો જો દિખતા વોહિ બિગડતા નિર્વિકાર દિખૈયા[6] હૈ (૨)
અજર અમર ઇંક વો અબિનાસી; **રંગ** નૈનકો નૈનાં હૈ !!-કર૦ ૭

---

૧. બકવાદ ૨. જીવડો ૩. ડોળ; દંભ ૪. અહંકાર ૫. ગાળી નાંખવાનો, નરમ કરવાનો ૬. દેખનાર.

१९६

(રાગ-ભીમપિલાસ; તાલ-ત્રિતાલ)

અંદર ગોતા લગાવ, પ્યારે !- ધ્રુ૦

બાહેર ઢૂંઢત જનમ ગંવાયા, હાથમેં કછુ ના આય;
ફિરફિર ડૂબત ફિરફિર નિકસત, મગર મોત ફિર ખાય !-પ્યારે૦ ૧
ઇસ ભવસાગરમેં ઇક બંગલા, તીન ખંભ[1] દસ દ્વાર;
સૂક્ષ્મ દસમ નિત બંદ રહે વો, ખોલે બિરલા યાર !-પ્યારે૦ ૨
બિના તેલ વહાં હાંડી જલત હૈ, કોટ સૂરજ ઉજિયાર;
દિન રૈનાં કભુ બૂઝત નાહીં, બૈઠા વહાં કરતાર !-પ્યારે૦ ૩
અષ્ટ નાયિકા નિરત[2] કરે વહાં, બાજત નેપૂર[3] તાર;
કાન ફેર કર સુને સુભાગી, ધનન તાલ ઘડયાલ !-પ્યારે૦ ૪
પચ્છિમ રાહ પકડ કર સીધા, હો પવન પર સ્વાર;
ઊડે અધર અકાસા પર જો, પાવે ઝટ ગુરુદ્વાર !-પ્યારે૦ ૫
પહોંચતહીમેં હુઆ નિરાલા;, જનમમરણ [4]નિયાર;
રંગ ન દેખે બિન પહિચાને બાતનમેં કયા સાર ?-પ્યારે૦ ૬
ફિર તો છૂટા ભટક અટકના, મિલા ઉસીમેં ધાર,
બિંદુ સિંધુમેં જ્યોત જ્યોતમેં, **રંગ** એક દરસાય !! -પ્યારે૦ ૭

१९७

(રાગ-ભૈરવી; તાલ-ત્રિતાલ)

(નિરંજન પદ તો સાધુ કોઇ પાતા હૈ...એ રાહ)

નિરંજન પદ તો મુખસે ન બર્ણ્યો જાય !- ધ્રુ૦

નહીં ઉજિયારા નહીં વો કાલા, નૂરહી નૂર અપાર,
બિન દેખત દિખ પડે સહજહી, દેખત અંધા યાર !-નિરંજન૦ ૧

---

૧. સ્થંભ ૨. નૃત્ય, નાચ ૩. ઝાંઝર ૪. ન્યારો, પર

નહીં વો અંદર નહીં વો બાહિર, દોનોં સે પર પાર;
અંદર બ્હાર સમાયે ઉસમેં, વો સબ ગોલંકાર ! - નિરંજન૦ ૨
ઊંચા નીચા સમ ચોખૂણ ના, નહીં બર્ણ આકાર;
નિરગુરસિરગુણ ઉસકે બાંધે, બીન જગ જગકિરતાર !-નિરંજન૦ ૩
દેખે સો તો કહન ન પાવે, કહે ન દેખ્યા સાર;
સબકે અંદર સબસે ન્યારા; **રંગ** અરૂપ અધાર !!-નિરંજન૦ ૪

## ૧૯૮

તમન્ના[1] દિલમેં યહી એક સાંઇ હૈ !- ધ્રુ૦
તેરો નામહી ગાવત જાઉં, ધ્યાઉં રૂપ બિશાલ;
કાનોંમે તેરીહી ચર્ચા, ઔર ન શબ્દ બિચાર ! - તમન્ના૦ ૧
મુર્દા બનકે ફિરું જગતમેં, સાર ખરાબ નિહાર;
નિર્વિકાર સદા નિ:સંગી, ડરું ન દેખત કાલ ! ! - તમન્ના૦ ૨
પરનિંદામેં ગૂંગા બહિરા, પરસ્ત્રી પંઢા બાલ;
હાથકટા પરધન લેનેમેં, મૂક દીનદુ:ખહાર !! ! - તમન્ના૦ ૩
તેરા તુઝમેંહી મિલ જાઉં, દિખે ન દ્વૈત અસાર;
**રંગ** રંગૈયા એક કહૈયા, ઔર ન માગું દયાલ !! ! - તમન્ના૦ ૪

## ૧૯૯

લાખોમેં કોઇ બિરલો હિ ઐસો હૈ !-ધ્રુ૦
નિરાલંબમેં કરે નિવાસા, છોડ દેહ-અધ્યાસ;
જગત તમાસા દેખે ઉદાસા, સદા સ્વયં પ્રકાશ ! - લા૦ ૧
નીંદ જાગ બિન અખંડ જાગે, કરે મૌતસે કુસ્તી;
આઠોં પાશ[2] ન સુપને સ્પર્શે, બાંધે સંયમ કિસ્તી ! - લા૦ ૨

---

૧. તીવ્ર ઇચ્છા, તાલાવેલી ૨. દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુલ, શીલ અને જાતિ અભિમાન એ આઠ પાશ (બંધન) કહેલા છે.

ખેલે આપહિ આપ અકેલા, આત્માનંદ ઉજાસ;
ડાધા દુઇકા રહા ન દિલમેં, નિર્ભય વો અવિનાશ ! - લા૦ ૩
કરમ ધરમ ન બાંધે ઉસકો, નિર્મલ નિત્ય અસંગ;
આત્મતૃપ્ત અકામ અદુ:ખા, સુખસાગર નિજ**રંગ** !- લા૦ ૪

## ૨૦૦

(રાગ-કાફી; તાલ-દીપચંદ)

(રટ રામનામ પલપલમેં, મિલ જા લૌકી બાદલમેં-એ રાહ)

મનકો બિન મારે [1]ગોસાંઇ ઐસો મિલે ન કબહુ ભાઇ !- ધ્રુ૦
તન રંગાયા મન ન ધોયા, ધરા ગેરુઆ કપરા;
માન મિજાસ ગયા ન મનસે, આખર જમને પકરા.- મનકો૦ ૧
ઉપરસે [2]બક ધ્યાન લગાયા, ચૂન ચૂન મછલી ખાયા;
પરસ્ત્રી પરધન હટા ન મનસે, કીચડ નાવ ફંસાયા.- મનકો૦ ૨
કરે કથા અરુ પુરાન બાંચે, લોગ જ્ઞાન બકવાયા;
કરનીકા તો મિલે ન [3]લીટા, ખાલી પેટ બઢાયા !- મનકો૦ ૩
બકે યોગ અરુ ભોગ બઢાવે, ચેલાચેલી લૂટા;
અહં-બ્રહ્મ મુખસેહી કૂટે, અહંકાર ના છૂટા !- મનકો૦ ૪
દેહતરંગ ન ઊઠે દિલમેં, હિલે ન આતમજ્યોતિ;
મન મારુત મિલ જાય મૂલમેં, ગ્રહે **રંગ** જમચોટી !!- મનકો૦ ૫

## ૨૦૧

અબ તો લહર મરનકી આઇ, સાધો કયા જીનેસે નવાઇ !!- ધ્રુ૦
આજ તલક જીયે ન જીયે, ખાયે ખત્તે ભાઇ;
આશાપાસ સબ ટૂટે અબહૂ, સુરતા ગોલી ચલાઇ ! - અબ૦ ૧

---

૧. ઇન્દ્રિયોના સ્વામી, પરમેશ્વર ૨. બગલો ૩. જરાપણ

ગયા બાલપન ગઇ જવાની, બુરા બૂઢાપા લાઇ;
જોશહોશ સબ ઊડ ગયે અબ, નફર નિરાશ છવાઇ !-અબ૦ ૨
નાચત દેખા જમરા નંગા, દૂરસે મસ્તી ચલાઇ;
છોડ આશા તન ભયા ઉદાસા, સુસ્તી ઉસકી ઉડાઇ ! -અબ૦ ૩
લગી ભૂખ તબ ખાયા દર્દા, શ્વાસા નીર પિલાઇ;
જાગ સ્વપ્ન નિદ્રા તજ દીની, શાશ્વત શાંતિ મિલાઇ ! -અબ૦ ૪
માયાકા તો કિયા બિછૌના, સોહં ચદ્દર છાઇ;
શ્વાસકાસ દબા કર સીધા, નૈનાં દ્વૈત મીંચાઇ ! - અબ૦ ૫
જ્ઞાનજહર આપે પી લીના, જગ ઝંઝટ ભૂલાઇ !
બનકે મુરદા પડે ચૌકમેં, **રંગ** જીવ ઊડ જાઇ ! - અબ૦ ૬

## ૨૦૨

(રાગ-આશાવરી; તાલ-ત્રિતાલ)

આ ગયા મુકામ અસલી, બાબા ! આ ગયા મુકામ અસલી.ધ્રુ૦
આવન જાવન મિટા અંધેરા, ગયા ઉજેરા[૧] નકલી;
કરમધરમકા મિટા ભરમ સબ, પૂરી ફકીરી પા લી.- બાબા૦ ૧
ફિકર કિધરકી રહી ન આખર, આતમજ્યોત દિખાઇ;
જીવ પતંગા રહા ન જુદા, જલ કર શિવતા પાઇ !- બાબા૦ ૨
બ્રહ્મનગરમેં કિયા નિવાસા, ચરખે આઠ ચલાઇ;
ઓહં સોહં તાના બાના નિર્ગુણ શાલ બુનાઇ !!- બાબા૦ ૩
જીનામરના સુખદુઃખ ભોના,[૨] ગરમીસરદી ભગાઇ;
પાર પરાકે બૈઠે અબ તો, મુરદા હો કર ભાઇ !- બાબા૦ ૪
બિના નૈન સબ દિખે તમાસા, ખિલકત[૩] ખાખ રમાઇ;
માયા કુત્તી પૂંછ હિલાવે, આપમેં આપ સમાઇ !- બાબા૦ ૫

---

૧. અજવાળું ૨. ભોગવવાનું ૩. સૃષ્ટિ.

નાચરંગ હોતા હૈ હરદમ, બાજે કંઇક બજાઇ;
નાચત નાચત થકી ગોપિયાં, જોગનીંદ છવાઇ !!- બાબા૦ ૬
દિ નૈનાંકા રહા ન ભાસા, નૂરહિ નૂર ન્હલાઇ;
દેખે બિરલા **રંગ**-લારકા, મુખસે કહા ન જાઇ !!- બાબા૦ ૭

## ૨૦૩

(રાગ-જોગીઆ; તાલ-દીપચંદી)

(માઝા દત્ત પાહિલા કાય-એ મરાઠી રાહ)

મોહે દત્તદરસકી આસ, કોઇ મિલાવો રે !-ધ્રુ૦
ઓઢે વ્યાઘાંબર કૌપીન, કાંધે ઝોલી દયાધન લીન્હ;
હાથમેં માલ ત્રિશૂલ ધર દીન્હ, ભક્તઉદ્ધારક જો.- મોહે૦ ૧
જંગલ બસ્તી જાકો સમાન, બૈઠે કભી તો જાકે સ્મશાન;
ખેલે સંગ ગૌવા અરુ શ્વાન, પ્રેમસમુંદર જો !- મોહે૦૨
સોહે અંગ ભભૂત સુધૌત, પહેને પાંવ ખડાવ[1] સુપૂત;[2]
સિરપે કેસ જટિલ અબધૂત, જ્ઞાન પિલાવત જો !!- મોહે૦ ૩
જડ ઉન્મત્ત પિશાચક બાલ, જિસકો દેખત કાંપે કાલ;
માયા મમત હોત બેહાલ, **રંગ** સુમંગલ જો !! - મોહે૦ ૪

## ૨૦૪

મૈં તો બૈઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે !- ધ્રુ૦
દત્ત દિગંબર તારક એક, પતિતોદ્ધારક જોગી ભેખ;
ચૌદોં લોક જગાવત અલેખ, મોહે મન ભાયો !!- મૈં તો૦ ૧
જાકો તેજ ન વિશ્વ સમાય, ઋષિમુનિ સુરકિન્નર જશ ગાય;
લાગે પાંવ રંક અરુ રાય, આનંદ ઉર ન્હાયો !!- મૈં તો૦ ૨
કીનો બન ઔદુંબર બાસ, ખેલે આપહી આપે ખાસ;
દેખે જગલીલા ઉદાસ, અમૃત રસ પાયો !!- મૈં તો૦ ૩

---

૧. પાદુકા, ૨. અતિ પવિત્ર.

બરનન[1] કર કર થાકે બેદ, [2]સરન ચરન શ્વાન બન લેત;
ભાગે દરસનસે સબ ખેદ, **રંગ** સુદંગ ભયો !!- મૈં તો૦ ૪

## ૨૦૫

(રાગ-ભીમપિલાસી; તાલ-ધુમાળી)
(જેના મુખમાં રામનું નામ નથી...એ રાહ)

અબ ખૂબ હઁસો અબ ખૂબ હઁસો, રોતે હો ઇસવિધ ક્યોં પ્યારે !
હઁસતે કે સાથ હઁસે દુનિયા, રોતેકો કૌન બુલાવે રે !-ધ્રુ૦
જો હોના હૈ સો હોના હૈ, જો ખોના હૈ સો ખોના હૈ;
સબ સૂત્ર પ્રભુકે હાથોં હૈ, ફિર ચિંતા કાહે કરો પ્યારે ! - અ૦ ૧
ધન માલ ખજાના ઢેર લગા; ગર ખાલી ઘર કંગાલ હુઆ
જગ માન દિયા અપમાન કિયા, બસ ખુશ રહો હરદમ પ્યારે !-અ૦ ૨
સુત દાર પિતા મિત[3] ચલતી કે, પડતી મેં સાથ ન કોઉ ચલે;
અસુવન[4] મોતી કબહૂ ન બને, ફિર રોને સેં ફલ કયા પ્યારે !અ૦ ૩
સબ હાલતમેં સબ રંગતમેં, જનમેં બનમેં એકાંતહીમેં;
સમરાગનમેં બેરાગનમેં, આનંદમગન ડુલના પ્યારે ! - અ૦ ૪
પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઇકતાર નિહાર ફિરો મનુવા;
દિન સૂરજ રાત શશી તારે, સબ **રંગ** બિરંગ વહી પ્યારે !-અ૦ ૫

## ૨૦૬

(રાગ-દેશ; તાલ-દાદરા)
(અબ તો મેરે રામનામ-એ રાહ)

અબ મૈં કહાં જાઉં શરણ છોડ ચરણ તોરે - ટેક.
ઘર દ્વાર કોઉ નાહીં, ભ્રાત બિરાદર નાહીં;
નાતગોત સર્વ તુંહી માઇ બાપ મોરે. - અબ૦ ૧

---

૧. વર્ણન ૨. શરણ ૩. મિત્ર ૪. આંસુ.

નામ સૂન દૌડ આયો, પતિતપાવન મન ભાયો;
સાંવરી સૂરત[1] દેખ ધાયો, દોઉ કર જોરે. - અબ૦ ૨
તૂ પિયા[2] મૈં તેરી દુલહન[3] અશરણશરણ મનમોહન;
લજ્જા તોકુ ભવભંજન, માર તાર ઓ રે ! - અબ૦ ૩
દિવસ રૈન[4] ચૈન નહીં, સ્વપ્નછબી તૂહી સહી;
છટક છટક જાય કહીં ? [5]કબ લૌં દિલ ચોરે ? - અબ૦ ૪
છોડ છાંડ લોકલાજ, મત્ત ભઇ મિલનકાજ:
ધૂલ પડી જગતતાજ, દરસ પાય તોરે ! - અબ૦ ૫
કોઉ કહે નફટ ભઇ, લાજ માઝ અટક ગઇ;
મૈં પિયા તેરી ભઇ, ભેદભાવ [6]છોરે ! - અબ૦ ૬
ઘૂંઘટ દૂર ફેંક દિયો; હાથમેં હાથ લીયો;
**રંગ** રૂપ એક ભયો; કોઉ કાંહી બોલે !! - અબ૦ ૭

**૨૦૭**

અબ મૈં ભઇ મસ્ત પિયા, પકડ દસ્ત તેરો ?- ટેક.
ચર અચર ભૂલ ગઇ, બન નદી નગર સહી;
નારી નર સર્વ તૂહી, પ્રાણનાથ મેરો.- અબ૦ ૧
દિવસ રૈન ભેદ ગયો, કાલ કર્મ એક ભયો;
દેશ પરદેશ ટર્યો, મૂલ રૂપ હેરો[7] - અબ૦ ૨
નાતગોત છોડ દિયો, માગનકો વેષ લિયો;
તાલ નૃત્ય [8]ભોર ભયો, લાજ માઝ ગેરો.[9] - અબ૦ ૩
સ્વપ્ન જાગ નીંદ નહીં, હર્ષ શોક કોઉ નહીં;
ભોક્તૃ ભોગ્ય ભોગ સહી, એક રૂપ મેરો ! - અબ૦ ૪

---

૧. ચહેરો, સ્વરૂપ ૨. પ્રિયપતિ ૩. સુહાગણ, પ્રિયા, સ્ત્રી ૪. રાત
૫. ક્યાં સુધી ૬. છોડી દીધો ૭. દેખ્યું ૮. સ્હવાર ૯. ફેંકી દીધાં

વેદવેદ્યરૂપ ભઇ, શાસ્ત્ર શીખ ભૂલ ગઇ;
રટન પઠન ભ્રમ સહી; કો ગુરુ કો ચેરો ? - અબ૦ ૫
પૂર્ણાનંદ ગગર લિયો, પનુઘટકો પંથ ધરો;
**રંગ** [૧]ચુનરી ફેંક ભયો, સોહં ગગન ઘેરો !! - અબ૦ ૬

## ૨૦૮

(રાગ-તિલક કામોદ; તાલ-ત્રિતાલ)
(બન જા હરિદાસા હરિદાસા - એ રાહ)

યહ ઘર નહીં તેરા નહીં તેરા; સમજ સમજ મન મેરા.- ટેક.
[૨]ચીંટી કહે ઘર મેરા મેરા, [૩]મુસા કહે ઘર મેરા;
[૪]ખટમલ કહે ઘર મેરા મેરા, ઈ ટમિટ્ટિકા ઢેરા.[૫] - યહ૦ ૧
જટા બઢાયા મુંડ મુંડાયા, કહે મઠ મેરા મેરા;
ચેલાચાટી [૬]ગંજ જમાયા, સબ અંધેરે ઘેરા. - યહ૦ ૨
તેરા તો ક્યોં જાત અકેલા ? કહાં સુત બાંધવ ચેરા ?
દો દિન જગમેં કરત બસેરા, આખિર મરઘટ ડેરા ! - યહ૦ ૩
[૭]ચિડીયા ખેત ચુગાયા[૮] સારા, મર મર કષ્ટ ઉઠાયા;
દિવસ રૈન સબ ખેલ ગુમાયા, **રંગ** અંત પસ્તાયા ! - યહ૦ ૪

## ૨૦૯

બન જા અવધૂતા અવધૂતા, શોકમોહઅતીતા.- ટેક.
કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મૂરખ મન રોતા ?
દેહભરોંસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા ? - બન૦ ૧
પાંચ તત્ત્વકા બના પીંજરા, ભીતર ચેતન તોતા;
આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હઁસતા. - બન૦ ૨

---

૧. સંસારાસક્તિ રૂપી ચૂંદડી ૨. કીડી ૩. ઉંદર ૪. માંકણ ૫. ઢગલો
૬. ખૂબ ૭. ચકલાં ૮. ચરી ગયાં.

દૂર દેશ હૈ તેરા પ્યારે, ક્યોં ગાફિલ જગ ફિરતા ?
ઔર ફૈસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હર સ્મરતાં. - બન૦ ૩
ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા;
રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા. - બન૦ ૪
કામ ક્રોધ સંગત દુર્જનકી, માનામાનઅતીતા;
ચોરી ચાડી નિંદા જારી છોડ, મુડ[1] ભગવંતા. - બન૦ ૫
[2]આપ મારકે આતમ પાલે, બન જા હક ઘરકા બંદા;
ફંદ છોડ દે અન્ય ફકીરા, **રંગ** ધૂલકા ધંધા ! - બન૦ ૬

## ૨૧૦

મનુવા, હરિ ભજના, હરિ ભજના, કૂડકપટ સબ ત્યજના.- ટેક.
ક્ષણભંગુર યહ દેહ સમજ કર, [3]દેહી મનમેં લાના;
ઘર ઘર જાકે [4]અલખ જગાના; કૂકર[5] ભૂત ભગાના.- મનુવા૦ ૧
સબસે હિલમિલ જગમેં રહના, મનકા સંગ છુડાના;
'મૈં-મેરા' યહ દ્વૈત ભુલાના, અદ્વૈતાતમ ધ્યાના.- મનુવા૦ ૨
ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના;
શીતલ વચનામૃતધારાસે, દુઃખિયન દુઃખ મિટાના.- મનુવા૦ ૩
મર કે અમૃત હોના સાંઈ, જીવત્ સમાધિ લેના;
અનહદ બંસી મધુર બજાના, અનલહક્ક મુખ ગાના !-મનુવા૦ ૪
અહં જલાકે ભસ્મી ધરના, જમધર અડંગ લગાના !
ત્રિગુણભેદ ત્રિશૂલ પકડકે **રંગા**ગમન[6] મિટાના !!- મનુવા૦ ૫

---

૧. ભગવાન તરફ પાછો વળ ૨. અહંકાર ૩. આત્મા ૪. પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનો બોધ કરવો ૫. નાસ્તિકતા; ઈશ્વર વિષે અવળા ખ્યાલો ૬. આવાગમન.

## ૨૧૧

બન જા દિવાના દિવાના, અસલ ફકીરી બાના. - ટેક.
ઝંઝટ દુનિયા છોડ ઠગારી, કર [1]બીયાંબાં થાના;
કંથા કોપીન ઝોલી ઝંડા સૂટ,[2] દિગંબર[3] ધ્યાના. - બન૦ ૧
ઔર કેફ કછુ કામ ન આવે, જ્ઞાનધતુરા ખાના;
[4]શૌકશરાબે પીકર સાધો, સાંસ સાંસ હર ગાના. - બન૦ ૨
સબસે હાં હાં કરના સાધો, કર અપને મન ભાના;
ચંદા સૂરજ તાલ બજા કર, જોગન નાચ નચાના. - બન૦ ૩
કર્મ [5]કિતાબાં કીચડ સાધો, કાંચન રામ સુહાના;
હાર ગલેમેં ખોજત બનમેં, કયાં મૂરખ કયા સ્યાના ! - બન૦ ૪
કયોં રોના કહાં જાના ફક્કડ, કયા લેના કયા દેના ?
[6]મુડ અસલ ઘર અલખ જગાના, આવાગમન મિટાના !-બન૦૫
**રંગ** બિરંગી લોગ [7]જહાં કે, કાહે કોઉકો કહના ?
શૂન્ય સમજ કર મસ્ત નશેમેં, સાક્ષી હોકર રહેના ! - બન૦ ૬

## ૨૧૨

જો ચાહે સો કહેના, પ્યારે, જો ચાહે સો કહેના. - ટેક.
ના મૈં ન્હાતા ના મૈં ધોતા, ના મૈં તિલક લગાતા;
ના પઢતા ના જપતા સાધો, સ્વૈર મૌજ મેં ફિરતા ! - પ્યારે૦ ૧
કાલી કંબલ ભગવી ચાદર, ઝોલી શ્વેત દિગાતા;
પંથ ભેખકી બાત ન જાનું, નિજાનંદમેં રહેતા !- પ્યારે૦ ૨

---

૧. જંગલ ૨. ફેંકી દઈને ૩. નિરાવરણ ૪. નિરંજન ૫. ઈશ્વરી આનંદનો શરાબ ૬. વળવું ૭. દુનિયાના.

નિતનિત નૂતન ભોગ ભોગ કે [1]બ્રહ્મચારી કહેલાતા;
નારીનરકે વસ્ત્ર[2] ખીંચકે, દિવ્ય [3]તનુ દિખલાતા !- પ્યારે૦ ૩
મુડદા જમકા કબર [4]દુઇસે, કાઢ છાતીપે ચઢતા;
જંગલ બસ્તી દોનું છોડકે, જાકે મરઘટ સોતા !- પ્યારે૦ ૪
ઇશ્ક હકીકી પીકે પ્યારે, ઘોર અઘોરી બનતા;
ખાખ ખુદીકી દિલપે ચોળી, સોહં શંખ બજાતા !- પ્યારે૦ ૫
કોઇ દિન બમ્મન હોકે ફિરતા, બેદબચન સુનવાતા;
દાઢીમૂછ મુંડાકે કોઇ દિન, સુધ સંન્યાસી ભાતા !- પ્યારે૦ ૬
અનલહક્ક અહાલેક નિરંજન, કોઇ દિન બંદગી ગાતા;
ફતેહ ગુરુકી **રંગ** રંગકે, આતમ રૂપ દિખાતા !- પ્યારે૦ ૭
સબસે ન્યારા સબમેં પ્યારા, એક અનેક ભગાતા;
આખર જીવશિવકો પીકે, નિરાલંબમેં સોતા !- પ્યારે૦ ૮

## ૨૧૩

જીવન કો દિનકા દો દિનકા, નહીં ભરોંસા જમકા.- ટેક.
સાંસ સાંસ સુમર લે [5]સાંઇ, ચઢ લે ઘાટ અગમકા;
ગુરુગમ મારગ સ્હેજ સાધ લે, સુન લે ઘંટ નિગમકા.- જીવન૦ ૧
ધન જન દારા અરુ પરિવારા, સાથ ન કો પરઘરકા;
કરમ ધરમ દો સંગ ચલેંગે, મત બાવર[6] રખ તનકા.- જીવન૦ ૨

---

૧. ઔપાધિક દષ્ટિએ અંતઃકરણની અનેકવિધ વૃત્તિઓરૂપી સ્ત્રીઓ સાથે નાના પ્રકારના ખેલ ખેલવા છતાં, આત્માના નિરુપાધિક અખંડ બ્રહ્મભાવમાં સાત્ત્વિક દષ્ટિએ જરાએ વિકાર કે ભંગ થતો નથી, તેથી એને નિત્ય બ્રહ્મચારી (બ્રહ્મમાં ફરનાર) કહ્યો છે. ૨. વાસનાઓ રૂપી આવરણ ૩. સ્વરૂપ ૪. દ્વૈત ૫. સ્વામી; જગતનો પ્રભુ, પરમાત્મા ૬. વિશ્વાસ

ઇંગલા પિંગલા સુખમણ સંગમ, સ્થાન ત્રિવેણી ઘટકા;
બંકનાલ સો વ્રજવૃન્દાવન, ધોલે મેલ સબ મનકા.- જીવન૦ ૩
સંકલપ વિકલપ દોનું બીચમેં, અલખ ધામ નિર્ગુણકા;
નેત્ર ફેર કે રંગ દેખ લે, વૃથા વાદ તીન ગુણકા.- જીવન૦ ૪
શૂન્યસમુંદર સુરતનાવસે, ધ્યાન ધરે જબ ધ્રુવકા;
સાતોં પાર [૧]પળે જબ પંથા, લગે પાર ભવજલકા.- જીવન૦ ૫
અટપટ દેશ અતિશે સાધો, બજે અનાહદ ડંકા;
સદ્‌ગુરુશરણ બિના નવ જાને, હો રાજા હો રંકા.- જીવન૦ ૬
જ્યોં કા ત્યોં સબ સભર ભરા હૈ, આદિ અંત નહીં જાકા;
દેખનહારા સુધ બુધ ભૂલે, **રંગ** કહે કો તાકા ?- જીવન૦ ૭

## ૨૧૪

(રાગ-તાલ-દીપચંદી)

અક્કલસે ખુદાકો પહેચાનો રે !
વહ નહીં અક્કલકા બંદા ! અક્કલમંદ છોડો ફંદા !
શ્રદ્ધાસે ખુદાકો પહેચાનો રે !
મુરશીદ કે સખુન[૨] બિચારો રે !! - ધ્રુવ૦
ઘટ ઘટ જો બોલે હંસા, સોહં શ્વાસા ખોજો દાસા;
આતમકાસી મુખ [૩]મોડો રે !
રામ રહીમ દોનું નેડે[૪] રે !! - અક્કલસે૦ ૧
ચંદા સૂરજ દોનું હંડા, મંથા બના મેરૂદંડા;
મુક્તાનંદ મખ્ખન ઘોળો રે !
પકડ દસ્ત મસ્ત ડોલો રે ! - અક્કલસે૦ ૨

---

૧. પાર જાય ૨. વચન ૩. ફેરવો ૪. પાસે

[1]તસબીહ માલા ઔર છાલા,[2] છોડ જાલા દૌરે કાલા;[3]
બન જા ભોલા બાલા [4]કાલા રે !
સબસે ન્યારા સબકો પ્યારા રે !!- અક્કલસે૦ ૩
બાર બાર ગોતા માર, નૈન ઠાર પીછું ભાળ;
લાલ **રંગ** રતન દેખો રે
ઔર કાંચ બિષય છોડો રે !! - અક્કલસે૦ ૪

## ૨૧૫

### એ સુખ કેવું ?

(રાગ-દરબારી કાનુડો; તાલ-કહેરવા)

સુખ થયું, દુ:ખ ગયું; કેવું ? મન ન જાણે !
વાણી ઉચારે શી રીતે એ ?- ટેક.
આધિ ઉપાધિ વ્યાધિ ન ત્યાંહી;
ભૂત દૈવ આધ્યાત્મિક નાહીં;
[5]મુદ પ્રમોદ આનંદ સદા હી ! - સુખ૦ ૧
જાગ્રત સુપ્તિ[6] સ્વપ્ન ન ત્યાંહી;
વિશ્વ પ્રાજ્ઞ તૈજસ, ન દિખાઇ;
એક નૂર સબ રોમ રુલાઇ ! - સુખ૦ ૨
દિન રાત સંધ્યા નવ ત્યાંહી;
શીત ઉષ્ણ વર્ષા ન દિખાઇ;
પ્રેમઝલક ચક સબ જગ છાઇ ! - સુખ૦ ૩

---

૧. જપમાળા ૨. મૃગચર્મ ૩. કાળ, મૃત્યુ ૪. કાલો, નિર્દોષ ૫. વસ્તુના સ્મરણમાત્રથી જે સુખ થાય તે મુદ, દર્શનથી જે સુખ થાય તે પ્રમોદ, અને ઉપભોગથી જે સુખ થાય તે આનંદ ૬. ઊંઘ ૭. જાગ્રદવસ્થાનો અભિમાની જીવ તે વિશ્વ, સ્વપ્નવસ્થાનો તે તૈજસ અને સુષુપ્તાવસ્થાનો તે પ્રાજ્ઞ.

સૂરજ ચંદા તારક નાહીં, અગન દીપ બિજલી નવ કાંઇ;
એક અગોચર[1] નૂર દિખાઇ ! - સુખ૦ ૪
શત્રુ મિત્ર મધ્યમ નવ ત્યાંહી, આપ પરાયો ભેદ સમાઇ;
એક અલખ જબ નજરોં આઇ ! - સુખ૦ ૫
સ્ત્રી પુરુષ નપુંસક નાહીં, નામ રૂપ કછુ કામ ન આઇ;
એક અનામી સબ જગ ભાઇ ! - સુખ૦ ૬
હિંદુ મુસલમીન પારસી નાહીં, બમ્મન ખત્રી શૂદર નાહીં;
સબ [2]રબ રસિયું અંતર બાહી ! - સુખ૦ ૭
રામ રાવણ જુદ્ધ ન ત્યાંહી; કૃષ્ણકંસનું નામ ન કયાંઇ;
અલક રંગ સબ ત્રીશ[3] રુલાઇ ? - સુખ૦ ૮
હદ બેહદ કછુ દેખ ન આઇ, શાન્તિ શોર કછુ કાન ન આઇ;
મૂક ગાન યક સબ જગ ગાઇ ! - સુખ૦ ૯
સ્વર્ગ મૃત્યુ પાતાલ ન ત્યાંહી, જન્મમૃત્યુની ધાક ન કયાંઇ;
[4]અનલહક્ક યક બાંગ સુનાઇ ! - સુખ૦ ૧૦
**રંગ** કૃપા સદ્દગુરુ બલિહારી; હાડ ચામ સબ ઉન પર વારી;
ઐસી ભઇ કછુ કહી ન જાઇ ! - સુખ૦ ૧૧

## ૨૧૬

હમો ચંગા હમો ચંગા, ખુદાના નામ પર નંગા !
વહે દિલ પ્રેમની ગંગા, અગર ન્હાયા ન વા તો શું ? ૧
ન પોતાનું કશું રાખ્યું, અહં ચિદ્દવહ્નિમાં નાખ્યું !
સુધામૃત શૂન્યનું ચાખ્યું, અગર [5]દીધું ન વા તો શું ? ૨

---

૧. ઇંદ્રિયોનો અવિષય ૨. પરમેશ્વર ૩. ત્રણે લોકના ઇશ પરમાત્મા
૪. અહં બ્રહ્માસ્મિ-હું બ્રહ્મ છું. ૫. દાન આપ્યું.

રખડવાની ન ઉર ઊર્મિ, સભી ગોપાલકી ભૂમિ !
જહાં દેખો તિહાં સ્વામી ! કરી યાત્રા ન વા તો શું ? ૩
જઇ બેઠા પ્રભુ પાસે, સદા સંતૃપ્ત ઉપવાસે !
બુભુક્ષા[૧] ના દહે વાંસે ! રખ્યા રોજા ન વા તો શું ? ૪
શબ્દ - સૂરતા સહજ સાધી, નિરાલંબે નજર બાંધી !
વરી સ્વાનંદ-શાહજાદી ! ગ્રહી માળા ન વા તો શું ? ૫
સહજ સાધન સુલભ છોડી, ન મર **રંગે** વૃથા દોડી !
કરી લય વૃત્તિ રે [૨] પોઢી ! પઢ્યો પોથાં ન વા તો શું ? ૬

## ૨૧૭

રામ કહો કે શ્યામ, સઘળે એક જ એ ભગવાન;
ઇશ્વર અલ્લાહ નામ, સઘળે એક જ એ ભગવાન. - ટેક.
[૩]વારિ કહો કે [૪]વોટર બોલો, [૫]આબ કહો કે [૬]એકવા ચારો !
વસ્તુ એક બહુ નામ, અનુભવ સંતો શાસ્ત્ર પ્રમાણ ! - રામ૦ ૧
ઘાટ ઘણેરા માટી એક, આદિ અંત મધ્યે એ પેખ !
એક અનેકે [૭]ધામ, સમજો સમજો ચતુર સુજાણ. - રામ૦ ૨
વસ્તુ નામથી ના પલટાયે, અન્ય વદે અમૃત વિખ ન્હોયે;
ઝઘડા વ્યર્થ તમામ મૂકો ગોઝારો અભિમાન ! - રામ૦ ૩
ગળપણ સાકર એક જ જાણો, નિરાકાર સાકાર પ્રમાણો;
**રંગ** અરૂપ અનામ, સચ્ચિત્સુખમય એ રહમાન[૮] ! - રામ૦ ૪

---

૧. વિષયોપભોગની ઇચ્છા, વાસના ૨. પાછળથી, અણદેખી, ગુપ્ત રીતે ૩. (સંસ્કૃત) પાણી ૪. (અંગ્રેજી) પાણી ૫. (ફારસી) પાણી ૬. (ગ્રીક) પાણી ૭. તેજ ૮. દયાળુ ભગવાન.

દેહ તે ડાકોર, આત્મા શ્રીરણછોડ ।
ધર્મે મતિ સ્થિર, ગોમતી એ ॥ ૐ ॥
બોડાણો અનલ્પ, મન નિ:સંકલ્પ ।
સમાધિ સકલ્પ, ગંગાબાઇ ॥ શ્રીં ॥
સત્કર્મને કુંડે, તુલસીમાંજર ।
જ્ઞાનનિષ્ઠાંકુર, ભક્તિપુષ્ટ ॥ હ્રીં ॥
સ્વર્ણવાળી દાન, સર્વસમર્પણ ।
અન્યવિસ્મરણ, નિશદિન ॥ ક્લીં ॥
શ્વાસે શ્વાસે સ્વાત્મ-સ્મરણ નિષ્કામ ।
સેવા હરિનામ, સંતસંગ ॥ ગ્લીં ॥
દ્વારકા પરોક્ષ, ડાકોર પ્રત્યક્ષ ।
શરત્પૂર્ણપક્ષ, **રંગ** દિવ્ય ॥ દ્રાં ॥

**૨૧૯**

એવો દિ દેખાડ, વ્હાલા ! એવો દિ દેખાડ !!
દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ !!- ટેક.
ભૂલાવી હું-મારું હું ને તારામાં ડૂબાડ;
વ્હાલા, તારામાં ડૂબાડ !
તું-તારાંમાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ !!- એવો૦ ૧
જુગજૂનાં બંધ નૈનાં, કાંઇ તો સૂઝાડ !
વ્હાલા, કાંઇ તો સૂઝાડ !
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ દેખાડ !!- એવો૦ ૨
આપ્યું તેં તારાંને આપી,રાચું મન મોઝાર;
વ્હાલા, રાચું મન મોઝાર !
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ !! - એવો૦ ૩

ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ ?
વ્હાલા, વ્યર્થ કાં પછાડ ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ !!- એવો૦ ૪
રૂપરૂપે તું અરૂપી **રંગ** એ નિર્ધાર ! વ્હાલા, રંગ એ નિર્ધાર !
ગોત્યું જડે ન હું કયાંયે, એવો દિ દેખાડ !!- એવો૦ ૫

## ૨૨૦

(રાગ-મિશ્ર પિલુ; તાલ-કહેરવા) (ગઝલની રાહમાં ગવાશે)
તોડી દિવાલો મહેલની, બેઠા જઇ મેદાનમાં;
ઉપર કડાડે આભ તૂટું, તેથી તમારું શું ગયું ?- ટેક.
ફાડી દુશાલા ભરજરી, શતખંડ કંથા શિર ધરી;
ઊભા દિગંબર ચોકમાં, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૧
દિનરાત મિજલસમાં ગઇ, મિષ્ટાન સેવ્યાં પ્રીતથી;
ભૂખે કડાકા જો કીધા, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૨
[1]પીયૂષ પીધું સ્વપ્નમાં, વારિ મળ્યું ના જાગરે;
કાતીલ હલાહલ ગટગટાવ્યું, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૩
કસ્તૂરી છોડી [2]કર્દમે, રંગી [3]તનુ ઉમંગથી;
ધૂળી ઉડાડી મોજથી, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૪
અક્કલ ગઇ આસ્માનમાં, યારો ! સતાવો કાં મુને ?
પાગલ ભલે પાગલ રહ્યો, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૫
જે કર્યું તે ભોગવ્યું, જો શેષ ભોગવવું રહ્યું;
નિ:શેષ સંચિત લય થયું, તેથી તમારું શું ગયું ? - તોડી૦ ૬
જો હું કરું હું ભોગવું, ના મેં કર્યું મેં ભોગવ્યું;
બસ **રંગ** કોનું શું ગયું ? જેનું જઇ તેને મળ્યું !! - તોડી૦ ૭

---

૧. અમૃત ૨. કાદવથી ૩. શરીર

## ૨૨૧

(દેવળ દેખ લો-એ એકતારાની ધૂન)

મનુવા, ધરી લે ધરથી, પ્રભુનું પ્યારું ધ્યાન.-ટેક.

મનુષ્યદેહ આ નિર્મળ મળીઓ, દશ ઈંદ્રિય સોહાય;
પડે નહિ ત્યાં લગી પરણી લે, કાં ખાલી રંડાય ? - મનુવા૦ ૧
દામ દીકરા [1]દાર ન આવે, અંત સમે કો કામ;
વાડીવજીફા બંગલા મેડી, આખર ખાલી હરામ. - મનુવા૦ ૨
કોણ જીવડા ક્યાંથી આવ્યો, આખર જાવું ક્યાંય ?
જીવતાં પ્રાણી શોધ કરી લે, અંતર ઊજળું થાય. - મનુવા૦ ૩
ચાર દિવસની શ્વાસસગાઇ, મોત સાથ છે બાથ;
જાગ જીવડા મોહનિંદથી, નહિ તો ઘસશે હાથ. - મનુવા૦ ૪
સંતચરણમાં મસ્તક મૂકી, નિત હરિનું ધર ધ્યાન;
જાણ નિરામય[2] આતમ ઓથે, સદ્‌ગુરુ ખોલે સાન !-મનુવા૦ ૫
જાણે તે નાચે આનંદે, બીજા ખત્તા ખાય;
હોલામાંથી ચૂલે પેસી, **રંગ** રાખ થઇ જાય ! - મનુવા૦ ૬

## ૨૨૨

(રાગ-માંડ, તાલ - કહેરવા)

વસમી વાટડી માંહે કંટક શૂળ અપાર.- ટેક.
સુવાવડીનો શીરો એ તો, જે જાણે તે ખાય;
વંધ્યા દેખી બાળે જીવને, મન પરણી રંડાય. - વસમી૦ ૧
ભવાટવીમાં ભૂલા પડીયા, વાટ ન સૂઝે ક્યાંય;
કામકંકરી ખૂંચે પગમાં, વનચર ખાવા ધાય. - વસમી૦ ૨
તરુવર ફાલ્યાં ગીચ આકાશે, ઊંચાં મૂળ અપાર;
ડાળ પાંખડાં નીચે ધસીયાં, ફોડયાં સપ્ત પતાળ. - વસમી૦ ૩

---

૧. સ્ત્રી ૨. (જન્મમરણના) રોગથી રહિત

રંગબેરંગી પંખી બેઠાં, શોર કરે કલ્લોલ;
ફલપુષ્પમાં રડતાં હસતાં, જીવન જાય અમોલ. - વસમી૦ ૪
ધીરજ ધરથી ધારી હરિજન, ધરી શસ્ત્ર અસંગ;
કાપે કરવત મૂકી કળથી, તે દેખે પર **રંગ** - વસમી૦ ૫

## ૨૨૩

હરિના નામનો, સૌથી મોટો છે આધાર.- ટેક.
હરિરસ પીધો તે નર જીત્યો, બીજા એળે જાય;
ખાંડ જલેબી મૂકી પામર, [૧]કૂકરવિષ્ઠા ખાય ! - હરિના૦ ૧
નામમંત્ર મોટો છે જગમાં, જનમમરણ ભૂત જાય;
મુક્તિસુંદરી આવે દોડી, આકર્ષણ એવું થાય ! - હરિના૦ ૨
નામરસાયણ લીધું જેણે, નેન વેણ પલટાય;
કાયા કંચન સોહન લાગે, ક્રિયા[૨] ફરે તત્કાળ. - હરિના૦ ૩
પાપ જનમનાં પળે પલકમાં, કર્મબંધ તૂટ જાય;
શોક મોહ નાસે મૂઠી દઇ, સુખ વર્ણ્યું નવ જાય. - હરિના૦ ૪
નામ નાવ ભવસાગર માંહી, સદ્‌ગુરુ નૌકાધાર;
શ્રદ્ધા શઢ ફેલાયો [૩]અંબર, ક્ષણમાં થાયે પાર. - હરિના૦ ૫
નામનામીનો ભેદ મટે ને, નામી[૪] આપ હો જાય !
ગાન ગેય ગાનાર ત્રિપુટી, **રંગ** એક થઇ જાય !! - હરિના૦ ૬

## ૨૨૪

જીવતાં દેખ લો, માંહે જીવન જ્યોત અલખ.- ટેક.
મૂવા પછીનો વાયદો નકામો, કો જાણે છે કાલ ?
આજ અત્યારે જોઇ લો રે સંતો, નગદી રોકડ માલ !-જીવતાં૦૧

---

૧. કુકકુર, કૂતરું ૨. આચરણ, કર્મ ૩. આકાશ ૪. નામથી લક્ષિત વસ્તુ, પરમાત્મા.

ઇંગલા ને પિંગલા સુખમણ ત્રીજી, અમૃતનીર અગાધ;
[1]તરવેણીમાં ભેગાં રે મળીયાં, સ્નાન કરો સહુ [2]સાધ !!-જીવતાં૦ ૨
ઝિમિ ઝિમિ ઝિમિ ઝિમિ બરખા બરસે, બિન બાદલ ચમકાર;
ઘડુડડુ ઘડુડડુ નોબત બાજે, દેવ સજે શણગાર !! -જીવતાં૦ ૩
દેહમંદિરમાં દેવ બિરાજે, પચરંગી નિશાન;
ઘણણણ ઘણણણ ઘંટા બાજે, સુણે દિવ્ય[3] જો કાન !!-જીવતાં૦ ૪
પંચધૂપકી સતત સુગંધી, સૂંઘે વિરલો જન;
દશ નારી નિત આરતી કરતી, થેઇ થેઇ નાચે મન !!-જીવતાં૦ ૫
સુરવર દેખી ડોક ધૂણાવે, શોભા વર્ણી ન જાય !
જો દેખે સો મૂક હો જાવે, ગૂંગા ગૂડ જ્યોં ખાય !!-જીવતાં૦ ૬
**રંગ** રાગ સહુ ભૂલી ભજ લો, આતમ એ અવધૂત;
માયા મેલી નષ્ટ હો જાવે, ભગે જીવશિવ-ભૂત !!!-જીવતાં૦ ૭

૨૨૫

(રાગ-સોહની; તાલ-દાદર)

[4]ગેંદ ખેલું રે હું તો સાહેલી સંગ.- ટેક.
જ્યાં જ્યાં દાબુ ત્યાં ત્યાં ઊડે, થાય વ્યોમ માંહે પ્રયત્નભંગ - ગેંદ૦ ૧
એક પડે એક ઊડે, મચ્યો અલૌકિક રુદિયામાં જંગ - ગેંદ૦ ૨
ધોળો ઊંચે કાળો નીચે, પીળો ખેંચે મનડું વચમાં સુચંગ. -ગેંદ૦ ૩
બેને દાબી ત્રીજો ઊડે, દેખી સુરાસુર થાએ દંગ. -ગેંદ૦ ૪
આ તટ જમુના ઓલે તટ ગંગા, વચમાં ખેલે કાંનુડો **રંગ**-ગેંદ૦ ૫

---

૧. ત્રિવેણી, ત્રિકુટી ૨. સાધુ, સંત ૩. સામાન્ય કાનથી જુદી જાતના, યોગાભ્યાસથી અંતર્મુખ થવાને કેળવાએલા ૪. ત્રિગુણાત્મક વૃત્તિઓરૂપી દડાની રમતનું વર્ણન છે.

## ૨૨૬

(એક શબ્દની કટારી રે-એ એકતારાની ધૂન)

ઓચિંતો હું તો જાગ્યો રે, સદ્‌ગુરુસાને, નિંદથી;
જોઉં ત્યાં તો ન મળે નિંદ કે જાગ- ટેક.
એક સમણાની સહુ માયા રે, જૂઠી જાણી જગતની;
જેવો બાજીગરનો જૂઠો ખેલ. - ઓચિંતો૦ ૧
એક અગમ અગોચર ભરિયું રે, નાના[1] ભાસે,
માંહે નામી છે અકળ અનંત. - ઓચિંતો૦ ૨
પાસે પણ દષ્ટે ન આવે રે, બાંધી નજરો, મોહથી;
એની નાટકી લીલા અપાર. - ઓચિંતો૦ ૩
રૂપે રૂપે એક રાચે રે, અરૂપી ઘેલો, બહુરૂપી;
એનું રૂપ કે રંગ ન ક્યાંય - ઓચિંતો૦ ૪
ખોળી ખોળી સહુ થાક્યા રે, બેઠા હેઠા, હામથી;
જોયું **રંગ** તો કંઠમાં હાર. - ઓચિંતો૦ ૫

## ૨૨૭

અધવચ વગડે લૂંટાઇ રે, દોલત મારી, લાખની;
લાગે ક્યાંએ ન એની ભાળ.- ટેક.
જે આવે લાંચો માગે રે, મ્હોંની માગી, મૂળમાં;
મળ્યો લોભીધૂતારાનો સાથ. - અધવચ૦ ૧
કોઇ કહે બાધા રાખો રે, અંબામાની, ગોળ ઘી;
આપો જોશીડાને રૂપિયા બાર.- અધવચ૦ ૨
કોઇ કહે કલ્પ બનાવું રે, અંજન મોંઘું, આંજતાં;
જાવું પડશે ન બીજે દ્વાર.- અધવચ૦ ૩

---

૧. અનેક.

રવડી રવડી હું તો થાકી રે, મારગ ભૂલી, ઘરનો;
થઇ બેઉ બાજુથી ખુવાર.- અધવચ૦ ૪
આખર આવી એક મળીઓ રે, જોગી જૂનો, વાટમાં;
બોલ્યો કાંઇ ના, કીધી સાન.- અધવચ૦ ૫
આપે મેં જાણ્યું, ઘરમાં રે, દોલત મારી, આંગણે;
ખોળું તોએ કયાંથી જડે એ બહાર ?- અધવચ૦ ૬
સીધેસીધી હું તો ચાલી રે, મળીઓ મારગ, મૂળનો;
પડી ભૂલી એ જૂઠી વાત.- અધવચ૦ ૭
સમણાની ભ્રમણા ભાગી રે, દોલત દીઠી, દ્વારમાં;
હવે છોડું ન એ **રંગ**-દ્વાર.- અધવચ૦ ૮

## ૨૨૮

જાગીને મેં તો જોયું રે, અચરજ મોટું, શૂન્યમાં;
રહ્યું જોવાનું બીજું ન કાંઇ -ટેક.
જોનારે જૂઠો જાણ્યો રે, જાણી ભૂલ્યો આપથી;
દોડે જોવાને આપે આપ ! - જાગીને૦ ૧
અગ્નિનો તણખો ઊડયો રે, બાળે વનને, ક્ષણમાં;
કેમ બાળે એ આગને આગ ? - જાગીને૦ ૨
પાણીનો વહેળો ચાલ્યો રે, ભીંજી ધરતી, ધારથી;
કેમ ભીંજાવે આપને આપ ? - જાગીને૦ ૩
જોઇને અંતે થાકી રે, આંખલડી ઘેલી, ચોદિશે;
કેમ જુએ પોતાનું એ રૂપ ? - જાગીને૦ ૪
ચાટલડે છાયા જોઇ રે, સદ્‌ગુરુસાને, ઓળખી;
રહ્યો મૂંગો વિલોકી તૂત ! - જાગીને૦ ૫

બોલું તો મુખડું લાજે રે, ખોટા શબ્દે, કાલના;
બધું ધોળા પર કાળું હરામ ! - જાગીને૦ ૬
અંધારે લોક ન દેખે રે, તોએ ઊભો, આપથી;
આદિઅંતમાં **રંગ** અભંગ !! - જાગીને૦ ૭

## ૨૨૯

(રામરસ ઐસો હૈ-એ એકતારાની ધૂન)
વહાંકી બાત ન્યારી હૈ મેરે ભાઇ;
જો જાને હો મૂક સો જાવે !- ટેક.
બોલે જો કદિ ઐસોહિ સમજે, અવર ન બૂઝે કાંઇ;
ગૂંગાને જ્યોં ઘેબર ખાઇ, [1]ડકારમાત્ર દિખાઇ. - વ૦ ૧
[2]વીચિ સમુંદર ઊઠે પલમેં, આપ સમુંદર હોઇ;
કૌન કહે જો બીતી વાકો ? હોનેસે સમુઝાઇ. - વ૦ ૨
ઘાયલકી ગત ભીરુ ન જાને ? જાને ઘાયલ કોઇ;
[3]વંઝા પ્રસવગતિ ક્યા જાને ? બોલત હાંસી આઇ !! - વ૦ ૩
રુપૈયામેં કઇ પૈસા પાઇ, પાઇ રુપૈયા ન હોઇ;
સાત રંગ સુરધનુ ચમકાઇ, **રંગ** ધનુષ ન ભાઇ ! - વ૦ ૪

## ૨૩૦

(રાગ-કાલિંગડા; તાલ-દાદરા)
(રામ રામ રે ગયા જીવને રડતા નથી-એ એકતારાની ધૂન)
તં...તનનન વાગે અજાયબ તંબૂરો - ટેક.
સૂર લાગે અતિશે એનો મીઠો;
જોટો ક્યાંએ ન એનો મેં દીઠો રે. - તં.....તનનન૦ ૧
જાણે કોયલ ટહૂકી અકાળે;
સુણી ચૌદ બ્રહ્માંડો ડોલે રે. - તં.....તનનન૦ ૨

---

૧. ઓડકાર ૨. તરંગ; મોજું ૩. વંધ્યા

તાંબા રૂપાના બેઉ તાર રાજે;
વચ્ચે સોનાનો ઘમઘમ ગાજે રે.- તં......તનનન૦ ૩
છએ ખૂંટી સોહામણી શોભે;
દેખી સક્ષમ અક્કલ થોભે રે.- તં......તનનન૦ ૪
દાંડો નીચો ને તુંબી એની ઉપર;
ગુરુકૃપાથી હાથ લાગે કળ રે.- તં......તનનન૦ ૫
કાન ફોડીને જે કો સુણે છે;
**રંગ** નાદ અનાહત ધૂણે છે રે !- તં......તનનન૦ ૬

## ૨૩૧

વાહ વાહ રે, આજે આનંદની હેલી ! - ટેક.
બિન બાદલ ત્યાં બરખા થાએ;
નદીનાળાં તે ક્ષણમાં સૂકાએ રે ! - વાહ૦ ૧
વાયુ વનમાં અલૌકિક વાયે;
મેરુપ્હાડ પલકમાં તણાયો રે ! - વાહ૦ ૨
[1]રૂખ સમૂળ ઉખડ્યાં આપે;
પંખી ઊડી નિરાલંબ કાપે રે ! - વાહ૦ ૩
વીજળી ઝબૂક ઝબૂક થાએ,
[2]તમ જ્યોતિ ન બેઉ જણાએ રે ! - વાહ૦ ૪
કોયલ ટહૂકે ના, મૂંગી પ્રમોદે;
દેડકાં ડરૂરાંવ ડરૂરાંવ કરી કૂદે રે ! - વાહ૦ ૫
[3]હાલી મૂકી હળ, ઘરમાં ભરાણો;
અનુભવી ઉકેલે ઉખાણો રે ! - વાહ૦ ૬
અવળે મ્હોંએ તે ચાતક પીએ,
દેખી **રંગ** મહું કાળ બ્હીએ રે !! - વાહ૦ ૭

---

૧. ઝાડ ૨. અંધારું ૩. ખેડૂત

## ૨૩૨

કુમ, કુમકુમ ચાલી અગમ ગઢ, ગુરુજી !
મારી બાંહ્ય ધરો અવિનાશી,
મારે જાવું ન મથુરા કાશી રે. - કુમ૦ ૧
ભારે તરે ને હલકું ડૂબે;
એવું ભવજલ અતિશે દુભે[૧] રે ! - કુમ૦ ૨
વાહ વાહ રે, અગમગઢશોભા !
જોગીજંડા બન્યા સહુ આભા રે. - કુમ૦ ૩
બાવળીએ તે કેળાંની લૂમો !
દેવદેવીઓ પાડે દેખી બૂમો રે !! - કુમ૦ ૪
નીચે ડાળાં ને ઉપર મૂળીયાં;
લાખો જીવો એ ઉપર લટકીયા રે ! - કુમ૦ ૫
ઊંધે માથે તે જે કો ચઢે છે;
**રંગ** અમૃતરસ પીએ છે રે !! - કુમ૦ ૬

## ૨૩૩

ગાઓ ગાઓ રે, આજે ગુરુજીનો ગરબો.- ટેક.
એણે માંડી છે જ્ઞાનની પરબો;
પીતાં, જન્મમરણ ટળે ખોબો રે. - ગાઓ૦ ૧
રામે પીધો ને વસિષ્ઠે પાયો;
આપપરમાં તે રામ દિખાયો રે. - ગાઓ૦ ૨

---

૧. દુઃખ દે.

બ્રહ્મા વિષ્ણુ ને મહેશ દેવા;
કરે ગુરુજીની નિશદિન સેવા રે. - ગાઓ૦ ૩
સીધી વળાવી સંયમ-લંગોટી;
કાપે સમૂળ અજ્ઞાન-ચોટી રે. - ગાઓ૦ ૪
કરી મડદું ને પછી જીવાડે;
જીવશિવના તે ભૂત એ કાઢે રે ! - ગાઓ૦ ૫
અવળી વાણીથી હંસ ઉચ્ચારે;
ગુરુશિષ્યનો ભેદ એ બાળે રે ! - ગાઓ૦ ૬
લાખ પથ્થરે રત્ન લપાયું;
લાખો રતનમાં પારસ [1]પાયું રે. - ગાઓ૦ ૭
ગુરુમંત્રનો ડંકો જ્યાં વાગ્યો;
**રંગ** જુગજૂની ઊંઘથી જાગ્યો રે ! - ગાઓ૦ ૮

**૨૩૪**

નહિ જાઉં રે નેહાળે, મહેતાજી મારે ! - ટેક.
એની સોટી છે લાખો મોટી મોટી;
કંઈક સારી ને કંઈ તો સાવ ખોટી. - નહિ૦ ૧
ફરતો નેહાળને એક મોટો કોટ;
કરી મૂકે છોરાં દોટંદોટ રે. - નહિ૦ ૨
ભૂલભૂલામણી ને ઊંડી ખાડો;
વચ્ચે વચ્ચે છે કાંટાની વાડો રે. - નહિ૦ ૩
વર્ગે વર્ગે તે પાઠ અનેરો;
મારી મારી ઉતારે એ [2]ખાલો રે. - નહિ૦ ૪

---

૧. મળ્યું, જડયું  ૨. ચામડી

ઘડીએ ઘડીએ ઘંટ વગાડે;
પહેલો છેલ્લો, છેલ્લો પહેલો કાઢે રે. - નહિં૦ ૫
છૂટાબારી છે એક જ કોટે;
પામે પુણ્યે પનોતી જો ખૂટે રે. - નહિં૦ ૬
દ્વારપાળ છે **રંગ** દયાળુ;
કૂંચી આપીને ખોલે એ તાળું રે.- નહિં૦ ૭

## ૨૩૫

(રાગ-આસા; તાલ-કહેરવા)
(ગુરુ ઘર આવ્યા-એ રાહ)

જોયો આજે, યતિવર ત્રિભુવનમાં રાજે !- ટેક.
ભક્તસુભાગ્યોદયકર સવિતા, મહીતલે નિજ ભક્તત્રાતા;
નૃસિંહસરસ્વતી [1]જનિમૃતિહર્તા, કીર્તિ ગાજે ! - યતિવર૦ ૧
દીઠો આજે નજરે એવો; [2]યત્પદકંજસુવાસે દેવો
દોડે; સ્મરતાં [3]અઘહર તેવો, સુખદ વિરાજે ! - યતિવર૦ ૨
દીનબંધુ ભક્તેષ્ટદ સદ્ધર, સગુણ બ્રહ્મ પ્રત્યક્ષ મૂર્તિધર;
દંડકમંડલુશોભિત વરકર, ભક્તને કાજે ! - યતિવર૦ ૩
યત્પદસ્પર્શે ગાણગાપુર આ, થયું કૈલાસ સમું ભૂ પર હા!
વસે ભક્તપ્રિય જ્યાં નરહરિ આ ! વૈખરી લાજે !! -યતિવર૦ ૪

## ૨૩૬

(રાગ-સારંગ; તાલ-દીપચંદી)
(સુખ દુ:ખ મનમાં ન આણીએ...એ રાહ)

જય જય સ્વામી સદ્‌ગુરુ વંદું વારંવાર;
જગદુદ્ધારે તેં ધર્યું નરરૂપ આ સાર ! - ટેક.

---

૧. જન્મમરણ હરનાર ૨. જેના ચરણકમળની સુવાસથી ૩. પાપ હરનાર

કૃપાનિધે કીર્તિ તાહરી, ગાતાં આવે ના પાર;
દયા કરી દોષ વિસરી, બાળ તારું આ તાર ! - જય૦ ૧
વિશ્વ વ્યાપીને તું, વધ્યો સચ્ચિદાનંદપૂર્ણ;
જય ત્રિમૂર્તિ નમું તને ! દોડ વ્હારે તું પૂર્ણ ! - જય૦ ૨
માયા [૧]દુરત્યય તાહરી નકી [૨]ત્વદુક્તિ પ્રમાણ;
ઘેરાયો હું એ થકી; શરણ કોઇ ન આન ! - જય૦ ૩
તારક નામ તારું ભજું, માયાદુર્ગ ભેદાય;
કર કૃપા એવી પ્રભો, લાગું ફરી ફરી પાય ! - જય૦ ૪
આપ ભક્તિસુખ તાહરું, તેમ સત્સંગ તદર્થ;
દોડ હવે નૃસિંહસરસ્વતી, જાય જન્મ આ વ્યર્થ !! - જય૦ ૫

## ૨૩૭

(રાગ-રાગેશ્રી; તાલ-ત્રિતાલ)

(સદ્ગુરુ સ્વામી મારે મંદિર પધારો-એ એકતારાની ધૂન)

દરશન દીજો દાડી[૩] સદ્ગુરુ મારા; બીજું ન માગું હું કાંઇ. - ટેક.
તમ દરશનથી જનમોજનમનાં, ટળશે હમારાં પાપ. - દરશન૦ ૧
હૃદયકમળની સેજ બિછાવી; જોઉં હું નિશદિન વાટ. -દરશન૦ ૨
ઊંચી થાઉં નીચી થાઉં, અગાસીએ ચઢી જોઉં;
તોય ન લાગે ભાળ.- દરશન૦ ૩
શિર પર જટા સોહે, કાંધે કામળી; પાવડી ખટખટ થાય.-દરશન૦૪
મદનમનોહર મૂર્તિ નિહાળી; ભૂલી હું તનનુંએ ભાન.-દરશન૦ ૫
**રંગ** દિવાની ભઇ બાવરી; રાખો ચરણની માંહ્ય ! - દરશન૦ ૬

---

૧. ઓળંગવાને મુશ્કેલ ૨. તારું (ભગવાનનું) વચન ૩. હંમેશાં.

## ૨૩૮

બલિહારી તારી ગુરુજી, શેં મુખ ગાઉં ?
પામે મન વાણી વિરામ ! - ટેક.
ભક્તપ્રતિપાળ વ્હાલો અસુરનો કાળ;
સાધુ-હૈયાનો હાર ! - બલિહારી૦ ૧
બ્રહ્મા આવીને માગે આજ્ઞા ઉમંગે,
સર્જું ક્યારે કોને કેમ ? - બલિહારી૦ ૨
પૂછે વિષ્ણુ કર જોડી, સ્થિતિ કફોડી !
આપું ખાવા કોને કેમ ? - બલિહારી૦ ૩
શંકર સંહારે પ્રાણી આજ્ઞા વખાણી;
તું તો નિર્લેપ સદાય ! - બલિહારી૦ ૪
જોઇ સતીભાવ રીઝ્યો, અંતર ભીંજ્યો;
આપ્યું સ્વયં આત્મદાન ! - બલિહારી૦ ૫
દત્ત દિગંબર ભાવ્યો મન લુભાયો;
**રંગ** ! અરંગી સુહાય ! - બલિહારી૦ ૬

## ૨૩૯

(રાગ-આસા; તાલ-કહેરવા)

(ગુરુ ઘર આવ્યા-એ રાહ)

થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ !- ટેક.
પાપતાપ પળમાં સંતાયાં, મોહશોક મનમાં ગભરાયાં;
દુ:ખ દૈન્ય ક્યાંએ ન જણાયાં, માયાફંદ ! - દીઠો૦ ૧

જ્ઞાનસૂર્ય અંતરમાં ઉદિયો, અજ્ઞાનાંધકાર સંહરિયો;
પ્રિયતમ ઓચે નજર પડિયો, ધન્ય અનન્ત ! - દીઠો૦ ૨
દર્શનથી ભૂખ ભાગી ક્ષણમાં, આધિ ઉપાધિ નાઠી પળમાં;
દેખી આ મંગલ જંગલમાં, નમું ભગવંત ! - દીઠો૦ ૩
સૂણી નામ દોડીને આવ્યો, દેખી પદકંજે લપટાયો;
દિવ્ય સુગંધે મન લલચાયો; સેવે સદ્‌વૃંદ ! - દીઠો૦ ૪
જન્મોજન્મે માગું સેવા, પ્રેમામૃત તુજ અક્ષય મેવા;
ચાખે તે નર ન રહે કહેવા; **રંગ** નિસ્પંદ !! - દીઠો૦ ૫

## ૨૪૦

(રાગ-દરબારી; તાલ-કહેરવા)

મારા મન મંદિરિયા માંહ્ય, આજે આનંદ આનંદ !- ટેક.
ભેટ્યા દેવ જાતાં વાટે, લીધા રાખી મેં શિરસાટે;
હવે કાં દોડું જગહાટે ? - આજે૦ ૧
શાણે સ્હેજ સામે જોયું, જોતાં મેં મારાપણ ખોયું;
કો કેમ કે' શું જોયું ? - આજે૦ ૨
રહ્યો જોનારો ના આન, રહ્યું જોવાનું ના જાણ;
જોવું જોયું ન એ ભાન ! - આજે૦ ૩
શોધ્યું ન જડે હું ક્યાંય, જ્યાં ત્યાં દેવ જ એ દેખાય;
ગળ્યો દેવે મુજને હાય ! - આજે૦ ૪
તુંમાં હુંનું મોત નિહાળ, હુંમાં તુંની ક્યાંય ન ભાળ;
**રંગ** ક્યાં છે કાયા કાળ ? - આજે૦ ૫

## ૨૪૧

લહિયાનો પાર નાહીં, અલખ નિહાળો !
અલખ નિહાળો રામા, અક્ષર-બહારો !!- ટેક.

દેખાએ તે દેખ્યે ખોટું ! અદરય સમણું જૂઠું;
અવશેષ એ અજોટું ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૧

સૂરતની કીધી શય્યા, નૂરત ઓઢી ચદરિયા;
સૂતો સ્હેજતણી ખટિયા ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૨

વાગે અખંડ ચોઘડિયાં, વગાડે સુખમણ સુંદરિયા;
ચંદાસૂર બળે હંડિયાં ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૩

[1]સુમન-સંકલ્પ માળા, પ્હેરી ઊભી વૃત્તિબાળા;
કરે ઊલટા સુલટા ચાળા ! અલખ નિહાળો ! - લહિયાનો૦ ૪

ફૂલમાં દોરો છૂપાયો, **રંગે** અરંગી લપાયો;
જોતાં જોવું ભૂલી ગયો ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૫

## ૨૪૨

### દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ !
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાન્તિ કમંડલ કર સોહાય;
કયાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬
આવ્યો શરણે બાળ અજાણ; ઊઠ દિગંબર, ચાલ્યા પ્રાણ !
સુણી [2]અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત્;

---

૧. ફૂલ ૨. સહસ્રાર્જુન

દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના [1]આલંબ !
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા, [2]દિતિસુત ઈંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ [3]શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ ? ૧૪
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ?
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !!
જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિ:સંદેહ,
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર. ૨૦
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો [4]ક્ષિપ્ર;
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !!
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ?
જર્જર[5] વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં [6]કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ. ૨૫
ઝાલર ખાઇ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ.
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર !
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર.
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત ! ૩૦

---

૧. આશરો ૨. દૈત્ય ૩. શિવસ્વરૂપ ૪. ઝટ ૫. અતિ વૃદ્ધ ૬. બધાં.

નિમેષમાત્રે તંતુક એક પ્હોંચાડયો શ્રીશૈલે દેખ !
એકી સાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુરૂપ અરૂપ.
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્,
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪
રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઇ તેમ,
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ ! પશુપંખી પણ તુજને [1]સાધ !!
અધમઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ ?
આધિવ્યાધિઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી [2]શર્વ ! ૩૮
મૂઠ ચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઇને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ, 'દત્તબાવની' આ સપ્રેમ;
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક !
દાસી સિદ્ધિ તેની થાય, દુ:ખ દારિદ્ર તેનાં જાય ! ૪૪
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ ભજતાં નડે ન માયા-**રંગ** !
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! ૪૮
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર !
થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ ?
અનુભવતૃપ્તિનો ઉદ્‌ગાર,[3] સૂણી હસે તે ખાશે માર ?
'તપસી' તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રીગુરુદેવ ! ૫૨

---

૧. સાધુવૃત્તિવાળાં, સારાં ૨. શિવ ૩. (i) ઓડકાર (ii) વેણ

# દત્તરક્ષાસ્તોત્ર

દત્તરક્ષાસ્તોત્રનો આ ઋષિ અવ્યક્ત છે સુધી ।
અનુષ્ટુપ છંદ છે તેનો દેવતા દત્ત યોગિરાટ્ ॥ ૧ ॥
બીજ દ્રાં શક્તિ હ્રીં ક્લીં છે કીલક વજ્ર શું મહાન્ ।
ધર્મઅર્થકામમોક્ષે વિનિયોગ કહ્યો તિહાં ॥ ૨ ॥
ધ્યાનઃમાળા કમંડલુ લસે[1] કર નીચલામાં
ડમરુ ત્રિશૂળ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત ॥ ૩ ॥
એવું ધ્યાન ધરી પ્રીતે વંદી સાત્ત્વિક ભાવથી ।
માનસપૂજને હેતે રીઝવું ગુરુદેવને ॥ ૪ ॥
પૃથ્વીતત્ત્વે કરું ટીલું લં-બીજે હરખે તિહાં ।
હં-બીજે વ્યોમતત્ત્વે ત્યાં અર્પું પુષ્પો યથામતિ ॥ ૫ ॥
યં-બીજે ધૂપ વાતાત્મા અગ્ન્યાત્મા દીપ-રં વળી ।
નૈવેદ્યાર્થે અમૃતાત્મા વં-બીજે સાદર કર્યો ॥ ૬ ॥
સર્વાત્મા સં થકી કલ્પ્યા રહ્યા અન્યોપચાર જે ।
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા ॥ ૭ ॥
રક્ષે દત્તાત્રેય માથું ભાલ અત્રિસુતર્ષભ[2] ।
નાસિકા યોગિરાડ્ રક્ષે રક્ષે નેત્ર અનંતદૃક્[3] ॥ ૮ ॥
રક્ષે મોઢું સર્વભક્ષી હોઠ રક્ષે જનાર્દન ।
રક્ષે જિહ્વા શારદાત્મા રક્ષે દંત દયાનિધિ ॥ ૯ ॥

---

૧. શોભે ૨. શ્રેષ્ઠપુત્ર ૩. જેની આંખોનો પાર નથી તેવા.

વનસ્પતીશ કેશોને વાતાશ્વારૂઢ[1] કર્ણને ।
રક્ષે હડપચી શૂલી[2] રક્ષે કંઠ કલાનિધિ ॥ ૧૦ ॥
ખભા ખં બ્રહ્મરૂપી જે કાંડા કૃપાંબુધિ તથા ।
હાથ હારી[3] અંગુલીઓ રક્ષે આરણ્યવાસી જે ॥ ૧૧ ॥
રક્ષે છાતી સોમભ્રાતા[4] કલેજું કર્મસાક્ષી એ ।
હરિ હૃદયરક્ષા એ હૃદયસ્થ કરો સદા ॥ ૧૨ ॥
વિશ્વંભર વિશ્વરૂપી રક્ષે પેટ સનાતન ।
રક્ષે કટિ કામરૂપી જંઘા આજાનુબાહુ એ ॥ ૧૩ ॥
ઢીંચણો અત્રિસૂનુ ને ઘૂંટણો ઘનનીલ જે ।
નખો નાનારૂપધારી[5] વામનાત્મા તથા પદ ॥ ૧૪ ॥
યમરૂપી ગુદા રક્ષે રક્ષે લિંગ પ્રજાપતિ ।
કર્મેન્દ્રિયો કર્મશૂન્ય જ્ઞાની જ્ઞાનેન્દ્રિયો વળી ॥ ૧૫ ॥
રક્ષે મજ્જા મહામાયી મેદ ત્રૈલોક્યમોહન ।
માંસ મેધાનિધિ[6] રક્ષે રક્ત લોહિતલોચન[7] ॥ ૧૬ ॥
અસ્થિ આનંદમૂર્તિ એ ત્વચા તારુણ્યમૂર્તિમત્ ।
રક્ષે વીર્ય ચિરંજીવી લાળ લાવણ્યનો નિધિ ॥ ૧૭ ॥
ષડ્ભુજ ચક્રષડ્[8] રક્ષે સહસ્રારનિવાસી[9] એ ।
આપાદશીર્ષ[10] અદ્વૈત નાડ્યાદિ નરરૂપધૃક્ ॥ ૧૮ ॥

---

૧. પવનરૂપી ઘોડા પર બેઠેલા ૨. જેના હાથમાં ત્રિશૂળ છે એવા ૩. (કંઠમાં) હારવાળા ૪. ચંદ્રના ભાઈ ૫. ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર ૬. અક્કલનો ભંડાર ૭. (રક્ત કમળ જેવી) લાલ આંખોવાળા ૮. મૂલાધારાદિ છ ચક્રો ૯. સહસ્ર કમળમાં વસનાર ૧૦. પગથી માથા સુધી

કામાદિ દુર્વિકારોથી રક્ષે નૃસિંહ નાટકી ।
આધિવ્યાધિઉપાધિથી વાસુદેવ યતીન્દ્ર[1] તથા ॥ ૧૯ ॥
ભૂતપ્રેતાદિથી રક્ષે શ્રીપાદવલ્લભ બધે ।
કાલકાલ દુર્ગ્રહોથી જન્મમૃત્યુ થકી હર ॥ ૨૦ ॥
પૂર્વે પવનભક્ષી એ પશ્ચિમે પાવકોપમ[2] ।
ઉત્તરે વ્યોમકેશી[3] ને રક્ષે દૈત્યારિ દક્ષિણે ॥ ૨૧ ॥
ચારે ખૂણે કામચારી[4] ઊંચે અવ્યક્ત આતિથિ ।
નીચે સચ્ચિત્સુખાત્મા જે શેષછત્ર સ્થળે સ્થળે ॥ ૨૨ ॥
મધ્યે મૃત્યુતણો મૃત્યુ મૃત્યુંજય તથા બધે ।
જને જાત્યનવચ્છિન્ન[5] સહ્યવાસી વને તથા ॥ ૨૩ ॥
જલશાયી જળે રક્ષે સ્થાણુરૂપી[6] સ્થળે વળી ।
અગ્નિમર્દી અનંતાત્મા રક્ષે શસ્ત્રાસ્ત્રથી [7]બળી ॥ ૨૪ ॥
રક્ષે દુષ્ટો થકી દાતા ખેચરોથી[8] ખલાન્તક[9] ।
વ્યાલાદિથી[10] જગન્નાથ ભૂચરોથી[11] ભયાન્તક ॥ ૨૫ ॥
જલે જળચરાદિથી રક્ષે પન્નગભૂષણ[12] ।
જટાધારી બધે રક્ષે સંકટે વિષમે[13] તથા ॥ ૨૬ ॥

---

૧. સંન્યાસીઓના રાજા (શ્રેષ્ઠ) ૨. અગ્નિ જેવો તેજસ્વી ૩. આકાશ જેના વાળ છે એવા, એટલે સર્વ વ્યાપી ૪. સ્વેચ્છાએ ફરનાર ૫. જાતિથી પર ૬. અચલ, શિવસ્વરૂપ ૭. બળવાન ૮. આકાશમાં ઉડનારાં પક્ષીઓ, ભૂતપ્રેતાદિ વગેરે ૯. દુષ્ટોનો નાશ કરનાર ૧૦. સર્પવ્યાઘ્રાદિથી ૧૧. જમીન પર વસનારાં ૧૨. સર્પ એ જ જેનું ઘરેણું છે એવા ૧૩. આફતમાં

જાગતાં સ્મર્તૃગામી એ સૂત્રાત્મા સ્વપ્નમાં વળી ।
મૂર્છાદિમાં અમેયાત્મા[1] ઊંઘમાં અનઘાપ્રિય[2] ॥ ૨૭ ॥
રક્ષે રોગે રોગશૂન્ય ભોગે ભોગદ સર્વથા ।
સ્વાસ્થ્યે શર્મદ[3] શાન્તાત્મા સદા બ્રહ્મ દિગંબર ॥ ૨૮ ॥
દુર્ભિક્ષે અન્નપૂર્ણેશ સુભિક્ષે સકલાર્તિહા[4] ।
સૂતકે શરણત્રાતા મંગલે મોદદાયક[5] ॥ ૨૯ ॥
રક્ષે સદા સિદ્ધરાજ સર્વત્ર સર્વથા સુધી ।
દોષો બધા કરી માફ થયા માતા સ્તનંધય[6] ॥ ૩૦ ॥
દત્તરક્ષા પઢે જે કો સ્તોત્ર ભોગાપવર્ગદ[7] ।
ત્રિકાળે એક કાળે વા ભય તેને નહીં નહીં ॥ ૩૧ ॥
ઔદુંબર તળે બેસી પ્રાતઃકાળે પઢે નર ।
સ્હાંજે ગૃહાંગણે બેસી અથવા શયનસ્થળે ॥ ૩૨ ॥
બપોરે દેવમંદિરે શુચિર્ભૂત થઇ બધે ।
પઢંતાં ભાવથી રક્ષે અત્રિવરપ્રદ સદા ॥ ૩૩ ॥

શ્રીદત્ત દત્ત કુલતારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત રિપુમારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત ભયહારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત મુદદાયક દત્ત દત્ત ॥ ૩૪ ॥

દત્ત દત્ત સ્મરતાં રે નિર્જને દેહ આ પડો ।
પામે તૃપ્તિ પશુ પક્ષી મિષ્ટાન્ને દેહના યથા[8] ॥ ૩૫ ॥

---

૧. અમાપ. સ્વરૂપ ૨. માયાપતિ ૩. કલ્યાણ કરનાર ૪. બધાં દુઃખો હરનાર ૫. આનંદ આપનાર ૬. ધાવણું બાળક ૭. ભુક્તિમુક્તિ આપનાર ૮. જેથી

જે જે સ્થળે આ મન જાય મારું;
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું !
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે;
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે !! ૩૬ !!

## ૨૪૪ દત્તદશક

(દોહરા)

ભવભયહારક શ્રીહરિ પ્રણમું વારંવાર;
જનમમરણ ટાળી વિભો, કરો શીઘ્ર ભવપાર. - ૧

રેવાવાતટવાસી નમું વાસુદેવ યતિરાય;
મદનમનોહર મૂર્તિ શી ! લાગું પુનિ પુનિ પાય ! - ૨

નાના[1] રૂપે તું વસે નાના નામે એક;
ભક્તજનોને કારણે ધારે વિધવિધ ભેખ. - ૩

જન્મ્યું ન્હોતું આ કશું, હતો ત્યાહરે તું જ;
રે'શે ના આ તોય તું હોઈશ સચ્ચિત્‌પુંજ. - ૪

મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ;
''નાના નેહ ''[2] કથે શ્રુતિ, એક અનેકે [3]શર્વ. - ૫

દત્ત કહે કોઈ તને, રામકૃષ્ણ વળી કોક;
દિનમણિ[4] શિવ શક્ત્યાદિ તું ! નામ રૂપ સહુ ફોક ! - ૬

---

૧. જુદાં જુદાં, વિવિધ ૨. અહીં અનેકત્વ જેવું કશું નથી ૩. શિવ, બ્રહ્મ ૪. સૂર્ય

ગંગા જમુના સરસ્વતી ભિન્ન નામ જે છેક;
બહુરૂપી બહુનામમાં જળરૂપે સહુ એક. - ૭
રસના[1] નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય;
ભવે[2] ભાવથી ભવ[3] મળે, ભક્ત સ્વયં ભવ હોય. - ૮
જન્મમરણ તેને નહિ, સ્વયં જનાર્દન એહ;
રેવા સાગરમાં ભળ્યે, રહે ભિન્ન કયાં તેહ ? - ૯
મહાતપસ્વી યોગીઓ ભેદે ગોથાં ખાય;
નાનાત્મૈક્યજ્ઞાનથી[4] **રંગ** પાર થઇ જાય. - ૧૦
'દત્તદશક' આ જે પઢે રાખી લક્ષ્યમાં ધ્યાન;
દત્તકૃપા એ પર થઇ, પામે નર [5]'નિર્વાણ' !! - ૧૧

**૨૪૫**

પહેરી લીધા વીંટલા, તારા હો અંબે, માડી, તારા હો અંબે;
કોણ કાઢે આંખ સામે, કાળ જયાં કંપે ?- ટેક.
શુંભ નિશુંભો કામાદિક સૌ જોઇને ત્રાસે, માડી જોઇને ત્રાસે;
મહિસાસુર અજ્ઞાન બાપડું, મુઠ્ઠી દઇ નાસે. પહેરી૦ ૧
જોઇ તારું મુખડું હૈયું આનંદે નાચે, માડી, આનંદે રાચે;
રિદ્ધિ સિદ્ધિ હાથ જોડી, બારણે યાચે. પહેરી૦ ૨
નિત નૂતન શું રૂપ તારું કોટિ રવિ રાજે, માડી, કોટિ શશિ રાજે;
દોડે સિંહે વીજળી વેગે, ભક્તોને કાજે. પહેરી૦૩
રાખ **રંગ** આ કટોકટીમાં, સંકટ નિવારી, માડી, સંકટ વિદારી;
શક્તિપાત કરી ભારતમાં, રિપુદલ સંહારી.પહેરી૦ ૪

---

૧. જીભ ૨. સંસારમાં ૩. ભગવાન ૪. અનેકે એકાત્માના જ્ઞાનથી
૫. મોક્ષ; જન્મમરણમાંથી મુક્તિ

## ૨૪૬ વંદના

(ગઝલની રાહમાં) (હરિગીત છંદ)

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી, વંદના તુજને હજો;
વિક્ષેપ દૂર થઇ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો ! - ૧
અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિહરિહરતણા થઇ એકરૂપ જગે સ્ફૂર્યો. - ૨
કંઇ એકમુખ, કંઇ ત્રિમુખ તું, નિર્ગુણ છતાં સાકાર હા !
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા !! - ૩
દ્વિભુજ કંઇ કંઇ ચાર ભુજ, કંઇ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિધિધાયુધે અવધૂત હે ! તુજ રૂપ ચિદ્રસ રેડતું. - ૪
લીલા તહારી કો લહે ? જ્યાં વેદ પણ મૂગા રહ્યા !
થઇ શ્વાન નિત પાસે ખડા, આભા બની જોઇ રહ્યા !! - ૫
કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દિસે,
પ્રવૃત્તિ નિવૃત્તિ પદો એ ભુક્તિમુક્તિમય લસે ! - ૬
યોગભૂમિ સ્મશાન એ, ભક્તોતણું નિજ ચિત્ત હા !
કામક્રોધ મડાં બળે, બેઠો દિગંબર તું તિહાં !! - ૭
પંખીસ્વરૂપે શાસ્ત્રગણ, કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી-પુરાણો ગણગણે ગુણગુણ કરી નિર્ગુણતણું. - ૮
સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઇ ઔદુંબરે એ, ના તુને અણુએ [1]ઇહા. - ૯
જ્ઞાનાગ્નિની જ્વાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે, આનંદમૂર્તિ એ નરી ! - ૧૦

---

૧. કામના.

કનકગેરુ સંયમે રંગી ધર્યાં ભગવાં અહો !
ઐશ્વર્યષડ્ ભુજષડ્[1] થઇ શોભે નિરાકારી અહો !! - ૧૧
રુદ્રાક્ષમાળા કંઠમાં બ્રહ્માંડમાળા શું ન એ ?
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ હે ! - ૧૨
બાળી અહં [2]ભભૂતિ એ ચોળી [3]તને જગમાં ભમે;
કંઇ ગુપ્ત કંઇ થઇ પ્રગટ તું અવ્યક્તચિહ્ન સદા રમે. - ૧૩
અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઇ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને. - ૧૪
અન્નપૂર્ણા ઝોળી એ શોભે ખભે વિશ્વંભરી;
પદ્મા[4] કરે [5]પદ્મે વસે, ગાયત્રી ગૌ પડખે ખડી. - ૧૫
ગીરનારના દાતાર હે ગોરક્ષગર્વનિવારણા !
કલિતાર નૃસિંહસરસ્વતી નિજ ભક્તમાનસરંજના. - ૧૬
ઢૂંઢૂં કુરવપુરમાં તને શ્રીપાદવલ્લભરૂપ હે ?
વા વાડી ઔદુંબર વિષે વા ગાણગાપુરમાં કહે ? - ૧૭
જાઉં અક્કલકોટમાં, શું સ્વામિરાજ હશો તિહાં ?
માણિકપુરે પ્રભુ પાસ વા, માહૂરગઢે વા કે' કહાં ? - ૧૮
યતિવર કને ગરુડેશ્વરે વા જાઉં વાસુદેવની ?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે ? કે' હે મુનિ ! - ૧૯
પણ શું લવું આ ? ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે !
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહોણો **રંગ** એ !! - ૨૦
જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે, તુજને નમું;
મૌને વિરામી [6]વૈખરી, જોઇ તને સઘળે રમું !! - ૨૧

---

૧. છ હાથ ૨. ભસ્મ ૩. શરીરે ૪. લક્ષ્મી ૫. કમળમાં ૬. વાણી

## ૨૪૭

દત્તગુરુ અવધૂત ભજી લે પ્રાણી, દત્તગુરુ અવધૂત. - ટેક.
કાષાયાંબર ચરણ પાદુકા (૨) અંગ સુરંગ ભભૂત. - ભજી૦ ૧
માલા કમંડલુ ડમરુ બિરાજે (૨) હાથ ધર્યો હૈ ત્રિશૂલ. - ભજી૦ ૨
સ્નાન સંધ્યા અરુ ધ્યાન સમાધિ (૨) છોડ હજારો તૂત. - ભજી૦ ૩
**રંગ** કહે સૂણસૂણ રતનજી (૨) એ વિણ સબ કુછ જૂઠ. - ભ૦ ૪

## ૨૪૮

(રામભજનકું દિયા કમલમુખ)

મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી, મુખસે હરિ હરિ બોલ. ધ્રુ૦

ધન જોબન કછુ કામ ન આવે (૨)
રામ રતન તું તોલ - પાપીડા૦ ૧
બાહિર દષ્ટિ બંધ કરી તું (૨)
અંતરદષ્ટિ ખોલ. - પાપીડા૦ ૨
વિષય વિષમ રસ ઢોળ જમીં પે (૨)
રામ અમીરસ ઘોળ. - પાપીડા૦ ૩
**રંગ** કહે સૂણ સૂણ રતનજી (૨)
એ વિણ જીવન ફોલ. - પાપીડા૦ ૪

## ૨૪૯

દત્ત દિગંબર દેવ, ભજી લે પ્રાણી દત્ત દિગંબર દેવ. - ટેક.
ભકતન કારન દેહ ધર્યો હૈ (૨) અલખનિરંજન એહ. - ભજી૦ ૧
ચૌદ લોક ચાકર જાકે (૨) જગત જગાવત અલેખ. - ભજી૦ ૨
ગોકૂતર પશુ પંખી સમાના (૨) નરનારાયણ પેખ. - ભજી૦ ૩
**રંગ** કહે સૂણ સૂણ રતનજી (૨) એ વિણ ફોગટ ભેખ - ભજી૦ ૪

---

નોંધ : મહારાજશ્રીના પરમસ્નેહી શ્રી રતનલાલ ત્રિપાઠીને ઉદ્દેશીને લખાયેલાં ત્રણ ભજન.

## ૨૫૦

(રાગ-તિલંગ; તાલ-કહેરવા) (ગઝલની રાહમાં ગવાશે)

દિલરૂબા દિલકી સુનાઉં; સૂનનેવાલા કૌન હૈ ?
[1]જામેહક ભર ભર પિલાઉં; પીનેવાલા કૌન હૈ ?- ધ્રુ૦
[2]એશોઇસરતમસ્ત દુનિયા, આકબત[3] સુખ ના ચાહે;
ચાહે તો હાજર દિખાઉં; ચાહનેવાલા કૌન હૈ ? - દિલરૂબા૦ ૧
આંખમેં દેખે જો સૂને, કાનમેં બિનુકાન[4] હૈ;
સોહં જપે પ્રતિશ્વાસ હંસા, એહિ અલ્લાહ કૌન હૈ ?-દિલરૂબા૦ ૨
ઘટમેં બસે પ્યારા પિયા, ભૂલા ફિરે ક્યોં બન વિષે ?
જલમેં પિયાસી હાય શફરી,[5] તૃષ્ણા બુઝાવે કૌન હૈ ?- દિલરૂબા૦૩
**રંગ** રંગે સુર[6] કાસે,[7] પીલા હરા[8] સબ ઝૂઠ હૈ !
તું મૈં પિયા[9] મૈં તું પિયા, બસ સૂર બંસી એક હૈ !-દિલરૂબા૦૪

## ૨૫૧ આરતી શ્રીગણપતિજીની

જય જય જય હેરંબ !
**ગં**ગાધરસુત મૂષકવાહન વિઘ્નહના ।
**નગ**દુહિતાનંદન વિભુ જય સિંદૂરવદના ॥ જય જય૦ ॥૧॥
સ્વપ્ર**ણ**ત પ્રતિપાલ પાશાંકુશહસ્તા ।
વિદ્યાધિ**પ** વિબુધેશા લંબોદર તાતા ॥ જય જય૦ ॥૨॥
વ્યાપલોવી**ત** નાથ મંગલમુદદાતા ।
વંદન કરી**યે** ભાવે જયજય જગભર્તા ॥ જય જય૦ ॥૩॥
અગ્રપૂજાનું **મા**ન દે સહુ કો તુજને
કરીએ કેવળ **નમ: રંગ**નાથચરણે ॥ જય જય૦ ॥૪॥

---

૧. ઇશ્વરી આનંદનો પ્યાલો ૨. વિષયોભોગમાં ચકચુર ૩. પરલોક; મોક્ષ ૪. કાન વગરનો ૫. માછલી ૬. સૂર્ય ૭. પ્રકાશી રહ્યા છે ૮. લીલો ૯. પ્રિયા પતિ; પરમેશ્વર

## ૨૫૨ મંગલ આરતી

(રાગ-મિશ્ર કલ્યાણ: તાલ-ધુમાડી)

આનંદવાજાં વાગે ગગનમાં, ઘણણણ ઘંટા ભેરી (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદહેલી (૨) !!- ટેક.
બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨), કરે અગમગઢ કેલિ (૨) !
શૂન્યશિખર પર શબ્દ સુણાએ (૨)
ચાલ દોડ અલબેલી (૨) !!
પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨), ધડુડુડુ નોબત ઘેરી (૨) !
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી (૨) !!
થેઈથેઈ થનથન્ ધડુડુડુ ધમ્ ધમ્ (૨), ખમાખમા રંગ રેલી (૨)
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી (૨) !!
આપહી ગાવત આપ બજાવત (૨.) ફિરે આપ ફેરી (૨)
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨),
એહી દેવ યહ ડેરી (૨) !!
બં બં ભોલા ગુરુ ગીરનારી (૨) દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨),
દેખે **રંગ** ગુરુચેરી (૨) !!

## ૨૫૩
## આરતી શ્રી નૃસિંહસરસ્વતી ભગવાનની

જય જય મુનિવર દત્ત દિગંબર શ્રીપાદ સ્વામી,
નૃસિંહસરસ્વતી જય ગુરુમૂર્તિ (૨) જય સ્મર્તૃગામી !! - ટેક.

જોઇ દ્વિજસ્ત્રી કેરી પ્રીતિ, થયો તું તદ્દ્બાળ;
સ્મરતાં તુજને ભક્તજનોને ન નડે કળિકાળ;
લીલા તારી અવર્ણ્ય કેવળ એ અપરંપાર;
રહી મૂગી નેતિ કહી જ્યાં શ્રુતિ (૨); કો મર્ત્યબાળ !-જય૦ ૧
બોધ્યા યદુ પિંગલ નૃપ અર્જુન દઇ આત્મજ્ઞાન;
તાર્યાં ધોબી તંતુક દ્વિજસ્ત્રી કરી કૃપેક્ષણ;
ભક્ત ચતુર્વિધ તાર્યા બહુવિધ બોધી સાધન;
ભેદાભેદ સગુણનિર્ગુણનો (૨) ટાળી ચિદ્દ્ઘન !!-જય૦ ૨
વસ્ત્રહીન દિગંબર તુજને કહે ભાવિક લોક;
વેષ્ટી દિશાઓ અંબરરૂપે રહ્યો તું જ એક;
પૂર્ણ બાહ્ય અભ્યંતર સઘળે એમ તું નિ:શંક;
**રંગ** અરંગી તું નિ:સંગી (૨), હે પુણ્યશ્લોક !!-જય૦ ૩
બાલોન્મત્તપિશાચકવેષે ક્રીડે અવધૂત;
વર્ણી અવર્ણી જાણે જ્ઞાની એ અંતર્નિષ્ઠ;
કર્માકર્મ થકી છે ન્યારો એ તુજનો પંથ;
ભેદે ગોથાં ખાય વિમૂઢો (૨) માની સત્ તૃત !!-જય૦ ૪

## ૨૫૪

## પ.પૂ. શ્રી વાસુદેવાનંદસરસ્વતીસ્વામી મહારાજની

(રાગ-કાલિંગડા (કેદાર); તાલ-કહેરવા)

દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભ દિગંબરા;
આરતી કરું છું પ્રેમે પ્રભુજી, વાસુદેવ ગુરુવરા !- ધ્રુ૦
પંચધાત દીવી અતિસુંદર, ભક્તિ ઘૃતે ભરપૂર;
પંચપ્રાણ પ્રગટાવી અંદર, સોહંજ્યોતિ નૂર !- દિગંબરા૦ ૧

સત્યચંદને કીધી પૂજા, સંયમ અક્ષત સાર;
મનફૂલડાં અરપી રઢિયાળાં, નિસ્વન[1] જયજયકાર !!-દિગંબરા૦ ૨
સંકલ્પવિકલ્પ બજાવી તાળી, અનહદ ઘંટાનાદ;
કામક્રોધ ભૂતો સહુ ભાગ્યાં, પ્રગટ થતાં શ્રુતિતાત !!-દિગંબરા૦ ૩
આપ ફેરવે આપ વિલોકે, ટળ્યો અહં અંધકાર;
કાળોધોળો નાથ થતાં ત્યાં, વરત્યો એકાકાર !!- દિગંબરા ૦ ૪
રંગરાગ સહુ શમીયાં પળમાં, મચ્યો અલૌકિક રંગ;
**રંગ** રહ્યો ના ધન્ય ગુરવરા, ભલો તજાવ્યો સંગ !!-દિગંબરા૦ ૫

## ૨૫૫ આરતી હનુમાનજીની

જય જય જય બજરંગ,
જય જય વાયુકુમાર, અંજનીસુત ધીરા; (૨)
રાક્ષસદલસંહારા, જય વાનરવીરા. - જય૦ ૧
અવતરતાં જ ક્ષુધા-પીડિત તું ઊઠ્યો;(૨)
માની રવિફલ ખાવા, સુરગણ રગદોળ્યો. - જય૦ ૨
રામદૂત હનુમાન, બુદ્ધિનો ભંડાર; (૨)
સીતાશુદ્ધિ કાજે કૂદ્યો સાગરપાર.- જય૦ ૩
અહિ-મહિ-રાવણગર્વ ક્ષણમાં ઉતાર્યો; (૨)
દાસ્યભક્તિનો મહિમા, જગમાં વિસ્તાર્યો.- જય૦ ૪
સંજીવનીનો પ્હાડ, આણ્યો ઉપાડી; (૨)
સુરનરચિંતા ટાળી, લછિમન જીવાડી.- જય૦ ૫
સુગ્રીવ મંત્રી અજોડ, નૈષ્ઠિક બ્રહ્મચારી; (૨)
ચિરંજીવ નિજ **રંગ** રાખ વિપદહારી.- જય૦ ૬

---

૧. નિઃશબ્દ વણખૂટા તા. ઝઘડિયા (જિ. ભરૂચ)ના હનુમાનમાં હનુમાન જયંતી (સં. ૨૦૨૪) ના દિવસે જ લખેલી આરતી જ્યાં તે જ દિવસથી લોકમેળાની શરૂઆત થઇ છે.

## ૨૫૬

# શરણગમન

(ઓંવી)

વાંચ્યા **સ** મગ્ર બંને પત્ર ॥ જેથી સુખ અત્ર પરત્ર ॥
કરવું તત્કર્મ સર્વત્ર ॥ અન્યત્ર ધ્યાન ન દેવું ॥૧॥
જે [1]શ **ર્વ** વિધિ હરિરૂપ ॥ દત્તાત્રેય દેવ અનુપ ॥
ધ્યાવું ચિત્તે તત્સ્વરૂપ ॥ ભવકૂપશોષક ॥૨॥
જે અ **ધ** મ છોડી એને ॥ ચિંતે લંપટ વિષયોને ॥
અંતે યમ દંડે તેને ॥ અભાગીને કોણ તારે ? ॥૩॥
અધ **ર્મા** ત્મા ઉભયભ્રષ્ટ ॥ થઇ પામે નાના કષ્ટ ॥
થાય દેવ એ પર રુષ્ટ ॥ અસંતુષ્ટ ચરાચર ॥૪॥
ધર્મા **ન્** ન પ્રમદિતવ્યં ॥ એવું કથે શ્રુતિ અવ્યય ॥
ભજતાં સદા સદ્દ્વય ॥ ભક્ત અવ્યય થાય પોતે ॥૫॥
વાણી **પ** રા પશ્યંત્યાદિ ॥ જાણી ન શકે એ અનાદિ ॥
આધી નાસે મન ઉપાધિ ॥ તનવ્યાધિ સ્પર્શે ના ॥૬॥
જે પ **રિ** ચર્યા[2] કરે ભાવે ॥ પ્રમાદાલસ્ય મૂકી નેવે ॥
ગુરુચરણ પ્રીતે સેવે ॥ નામનાવે ચઢે જે ॥૭॥
ભજે **ત્ય** જી અન્ય વિચાર ॥ તેજ પામે કવચિત્ પાર ॥
બીજું સર્વ જાણ નિઃસાર ॥ ભવતારી[3] ભજન એક ॥૮॥
વાણિ **જ્ય** ન ચાલે તપસી ॥ કેટલાએ ગયા લપસી ॥
માયાફન્દે વચ્ચે ફસકી ॥ ચસકી ડાગળી નાઠા એ ॥૯॥
ફાંફાં **મા** રે કાં એ વ્યર્થ ॥ એથી સરે શો રે અર્થ ॥
ગુમાવીને આત્મગર્થ[4] ॥ [5]વિષયગર્તે કાં પડે ? ॥૧૦॥

---

૧. શર્વ...=શિવ, બ્રહ્મા ને વિષ્ણુસ્વરૂપ ૨. સેવા ૩. સંસારમાંથી તારનાર ૪. ધન ૫. વિષયના ખાડામાં

ચિંતા **મો** લી કોરે સર્વ ॥ સદા ધ્યાવા અંતઃ શર્વ ॥
સાધી સંધિકાલ પર્વ ॥ અગર્વ સર્વથા ॥૧૧॥

ચૈલ[1] **કં** બલ કુશોત્તર ॥ બેસી આસને સુસ્થિર ॥
સમ કાય ગ્રીવા શિરા ॥ દષ્ટિ સ્થિર નાસિકાગ્રે ॥૧૨॥

સુવ **શ** કરી યત્ને અક્ષ[2] ॥ ત્યજવો સર્વ માયિક પક્ષ ॥
બ્રહ્માત્મભાવે પૂર્ણ દક્ષ ॥ થાવું લક્ષ્ય દષ્ટિએ ॥૧૩॥

અહ **ર** હઃ[3] અખંડિત ॥ બ્રહ્મ સત્ય મિથ્યા જગત્ ॥
આત્માભ્યાસ એ નિશ્ચિત ॥ કરવો ઉચિત સાધકે ॥૧૪॥

સ્મર **ણં** સ્વસ્વરૂપસ્ય હ્યખણ્ડૈકામત્મના તુ યત્ ॥
તદેકં ભજનં પ્રોક્તં જન્મમૃત્યુજરાપહમ્ ★ ॥૧૫॥

જેમ **વ્ર** જ ભામિની[4] પ્રેમે ॥ કૃષ્ણ સ્મરતાં કૃષ્ણપૈમે ॥
થઇ કૃષ્ણ કૃષ્ણે રમે ॥ તેમ ક્રમે જીવ બ્રહ્મ ॥૧૬॥

જે અ **જ** અક્ષય પૂર્ણ ॥ તેને ક્યાંથી જન્મ મરણ ॥
સ્વવિસ્મરણ થતાં તૂર્ણ ॥ અન્યસ્મરણે રડે એ ॥૧૭॥

કહે **અ** રે રે કાઢો મુજને ॥ પડયો હું આ કાળવદને ॥
કહે કોણ કાઢે તુજને ॥ જાગતાને કો જગાડે ॥૧૮॥

દુર **હં** કાર દેહાત્મા ॥ કોટિ વળગી એને મમતા ॥
ન ચાલે એ પામરતા ॥ અજ્ઞાતા કો નસાડે ॥૧૯॥

અલ્પ **ત્વા** દિ સવિનાશ ॥ આપે ઉપાધિભેદે ત્રાસ ॥
મૂળે આત્મા સ્વપ્રકાશ ॥ સુખવાસ સંપૂર્ણ ॥૨૦॥

એની **સ** કળ એ છે માયા ॥ કાયાશ્રયે દોડે છાયા ॥
એની વાંસે જે જે ધાયા ॥ રોયા તે તે પામર ॥૨૧॥

---

૧. સુતરાઉ વસ્ત્ર ૨. ઇંદ્રિયો ૩. પ્રતિદિન ★૧૫. ભાવાર્થ :- અખંડ એક ચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે; અને એ જ એક જન્મ, મૃત્યુ ને જરાનો નાશ કરનાર છે. ૪. ગોપીઓ

નિખ **ર્વ** ખર્વ એક જાણ ॥ મીડાં માયા વ્યર્થ પ્રમાણ ॥
એક સચ્ચિદાનંદઘન ॥ એ વિણ શૂન્ય સર્વ ॥૨૨॥
હત[૧] પા પ્મા એક અદ્વય ॥ એને ક્યાંથી હોય ભય ॥
અવિનાશી અવિક્રિય ॥ જગન્નિલય સ્વયં પૂર્ણ ॥૨૩॥
અપા **પે** જે પાપવાત ॥ કરે તેને મારો લાત ॥
સૂર્યે ક્યાંથી દિવસરાત ॥ માયાજાત સર્વ એ ॥૨૪॥
યદ્દ્ **ભ્યો**ઽત્ર સમુત્પન્નં ભાતં ફેનાદિકં ચ યત્ ॥
નામરૂપાત્મકં વિદ્ધિ મિથ્યા બુદ્‌બુદવિચય: ★ ॥૨૫॥
ગ્રાહ[૨] મોહ[૩] મોટો જાણ ॥ તેણે ગ્રસ્યા અલ્પ મહાન ॥
કોણ છોડાવે દયાઘન ॥ સદ્‌ગુરુ વિણ તપસી ॥૨૬॥
ક્યાં મોક્ષ જ્યાં ન બંધન ॥ તું જ સઘળે સચ્ચિદ્‌ઘન ॥
સકળ સૌખ્યનિધાન ॥ પ્રાણ પંચપ્રાણોનો ॥૨૭॥
તું નાયિકા તું જ નાયક ॥ તુંથી ઉપન્યું દશ્ય માયિક ॥
ન બાધે તુને [૪]અઘ [૫]અક ॥ નિ:સંકલ્પ થા સુખે ॥૨૮॥
હવિ**ષ્યાન્ન**[૬] તુંજ પોતે ॥ તુંજ [૭]અન્નાદ પ્રાણપતે ॥
થા[૮] સ્વાન્તે સ્વસ્થ સુમતે ॥ સુરીતે વિચારી આ ॥૨૯॥
આગા**મિ**[૯] વ્યર્થ ચિંતન ॥ ભૂત-શોક વૃથા જાણ ॥
અઘપ્રારબ્ધ નિ:સ્વન[૧૦] ॥ અદીન ભોગવવું ઘટે ॥૩૦॥

---

૧. નિષ્પાપ ★૨૫. ભાવાર્થ :- અહીંયા જે કાંઇ પાણીમાંથી પેદા થયું છે અને ફીણ વગેરે જે કાંઇ દેખાય છે, તે સર્વ નામરૂપાત્મક (માયિક) જાણ-પરપોટા મોજાં બધું મિથ્યા છે. ૨. મગર ૩. આત્મવિસ્મરણ ૪. પાપ ૫. દુ:ખ ૬. હોમી શકાય એવું; અનુષ્ઠાનાદિમાં ખાઇ શકાય એવું પવિત્ર અન્ન, ભોગ્ય ૭. અન્ન ખાનાર, ભોક્તા ૮. અંત:કરણમાં ૯.ભાવિ, ભવિષ્યનું ૧૦. બબડાટ કર્યા વિના.

મ્લાન **મા** રે થા અમૃત ॥ કર્માકર્મથી ન્યારો પંથ ॥
ગાઇ ગવાડી થાકયા સંત ॥ અવધૂત શું કહે ॥૩૧॥
નિત્ય **શુદ્ધ** આપે લહે ॥ જાણી અળગો અંદર રહે ॥
ઉદાસીન દેહગેહે ॥ જ્ઞાનચેહે સર્વ બાળી ॥૩૨॥
સુવ **ચ:** શૃણુ મે હ્યેતન્નાસ્તિ જ્ઞાનમતઃ પરમ્ ॥
તત્પરો ભવ તન્નિષ્ઠસ્તેન શાંતિમવાપ્સ્યસિ ★ ॥૩૩॥
ગુરુ **દ**યાળ સમર્થ જેણે બોધ્યો પરમાર્થ ॥
તચ્ચરણે થાવું વિનત ॥ [1]અર્થચિંત છોડીને ॥૩૪॥
ઉન્મ**ત્ત** તત્સંગે **રંગ** ॥ રહે એકલો નિ:સંગ ॥
તત્સંગે [2]આવૃત્તિભંગ ॥ થાશે સાંગ નિશ્ચયે ★ ॥૩૫॥

---

★૩૩. ભાવાર્થ :- મારું આ સુવચન સાંભળ. આથી શ્રેષ્ઠ બીજું જ્ઞાન નથી. તત્પરાયણ અને તન્નિષ્ઠ થા, એથી તું શાંતિ પામીશ.

૧. વિષયચિંતન ૨. (i) માયાનું આવરણ (ii) જન્મમરણનો ફેરો

★ મૂળ આત્મચિંતનમાં આપેલી ઓંવીઓ પણ આ ભજનસંગ્રહમાં મનનસાર વગેરે આપ્યાં છે તેમ આપી છે. મૂળ મરાઠી ભાષાનો આ છંદ પૂ. શ્રીએ ગુજરાતીમાં પણ ઉતાર્યો છે.

- પ્રકાશક

## ૨૫૭ આત્મવિચાર

સો વાતોની એક જ વાત, તપસી ! સાંભળ સુજાત;
દેહમંદિરમાં દેવ બિરાજે, જેની આણ સરવ દિશ ગાજે;
પાંચથી પર પચીસથી પાર, જેનો ન લગે અંત કે પાર
ત્રિગુણાતીત ત્રિગુણાધાર ત્રણે પાર મનમાં ધાર.
નિજ સ્વરૂપ એ સોહંકાર, આનંદ અર્ણવ ડૂબકી માર;
[1]તત્ત્વમસિ પદ ગાવે સાર, શ્રુતિસ્મૃતિનો એહજ સાર.
પંચભૂત માટીનું મડું, ઉપર સુંદર સોને મઢ્યું;
અંદર દુર્ગંધનો નહિ પાર, એણે કામણ કર્યું અપાર.
ભૂલી દેવ દેહને ભજે, કંચન મૂકી કાદવ સજે;
ભૂલ્યા ભૂલ્યા વાંસે ધાય, જનમમરણના ખત્તા ખાય.

મુનિ કિન્નર દાનવ નર દેવ, સર્વે કરતા નિશદિન સેવ;
જાગે વિરલો જોગીબાળ, સદ્ગુરુકૃપથી લાગે ભાળ.
જાયું તેનો નિશ્ચે નાશ, તે ક્યાંથી થાએ અવિનાશ ?
પંચભૂત ઉપન્યાં સહુ જેમ, પ્રલય થાય અંતે સહુ તેમ.
તેનો દેવ ક્યાંથી અવિનાશ ? ધાત મૃતિકા કાર્ય વિનાશ;
પૂજે નર પાખંડી થાય; પાખંડે ક્યમ પાપ પળાય ?
તરણા હેઠળ ડુંગર વસે, તરણું ખસતાં આપે દિસે;
ચિત્તવિકાર તરણું એ જાણ, માયા મોહ બિંદુ પરમાણ.
તે હેઠળ સિંધુ છે જાણ, ચિત્ત ઠરે પ્રગટે સુર ભાણ;
પુસ્તક વાંચી પંડિત હોય, અહં ગ્રહીને અંતે રોય.

અક્ષરઅગળો એ અવિનાશ, જે જાણે તે પરખે પાસ;
તે તુંરૂપ ન ભેદ લગાર, ઘટ ઘટ બોલે એ ઓંકાર.

---

૧. તે બ્રહ્મ તું છું

નાશી ત્યાગી અવિનાશી ગ્રહે, અંતર સમજી અળગો રહે;
દેહ ભૂત વિનાશી જાણ, અન્નવિકાર એ પરમાણ.
રક્તરેત અમંગળ જેહ, તેનો બનીયો નિશ્ચે દેહ;
અન્ને રહે અન્નમાં જાય, તે આતમ કયમ મંગલ થાય ?
વધે ઘટે ને થાએ ક્ષીણ, સ્વપ્નાદિમાં થાએ લીન;
એથી અળગો દેહી જાણ, તે નિશ્ચય તુજ રૂપ પ્રમાણ.
મન બુદ્ધિ ને પ્રાણાધાર, અહં ચિત્ત નવ ત્યાંહ લગાર.
થાય જાય, ચંચળ સહુ એહ, એની સાથે શો રે નેહ ?

આંખ વિના દેખે સહુ વસ્ત, નિજાનંદમાં રહે જે મસ્ત,
કાન વિના સુણે સહુ શબ્દ, સચ્ચિત્સુખનો એ છે [1]અબ્ધ.
મન બુદ્ધિ ને ચિત્તપ્રકાશ, બ્રહ્મા હરિ હર જેના દાસ;
તે જ રૂપ તુજ તપસી જાણ, સત્ય વાકય મુજ નિશ્ચય માન.
જે જાણ્યે સર્વજ્ઞ થવાય, શેષ જાણવું રહે ન ત્યાંય;
એક મૃતિકા રૂપ અનેક, નામપસારો મિથ્યા ભેખ.
વસ્ત્ર અનેકે તંતુ એક, એક તાંતણે કુસુમ[2] અનેક;
ભાળી ચિત્ર તણી સેનાય, બાળક ન્હાનું ભલે ઠગાય,
દીસે ભાસે જે જે ભાત, તે સર્વે માયાની જાત;
પૂરણ કૃપા પ્રભુની હોય, તો માયાથી મુક્તિ હોય.

કરે ભાવથી સદ્‌ગુરુસેવ, તે પામે પૂરણ તતખેવ;
પ્રાપ્ય પ્રાપક એક થઇ જાય, સંશય સઘળા શાંત તો થાય.
મન મારીને રહે મુકુંદ, સત્‌ ચિદ્‌ આતમ આનંદકંદ;
જીવશિવનું ભાગે ભૂત; માયાડંબેર કયાં રહે તૂત ?

---

૧. સમુદ્ર   ૨. ફૂલ.

ઊર્મિ અર્ણવ[1] માંહે રમે, અંતે અર્ણવ માંહે શમે;
નામરૂપથી ભાસે ભિન્ન, ઓથે અદકું નીર અભિન્ન.
ઊર્મિ અર્ણવની કહેવાય, અર્ણવ ઊર્મિ નવ લેખાય;
નામ હેઠળ નામી નીર, ભેદ પારખે વિરલો ધીર !
જીવ શિવ ચૈતન્યની છાંય, અજ્ઞ પોતપોતાનું ગાય;
ભેદ ટળે તો ભીતિ જાય, પિંડ ગ્રહે બ્રહ્માંડ ઝલાય.
પિંડ સૂત્રથી ત્વંપદ એહ, તત્પદ બ્રહ્માંડે છે તેહ;
નામરૂપમાં ભેદ અનેક, અધિકારભેદે કરી દેખ.
રાજ ચાકર સત્તા એક, અક્ષય અવ્યય નિર્મલ છેક;
જીવ ચાકર રાજા દેવ, સત્તા ચૈતન પરિબ્રહ્મ તેહ.
સુણતાં સુણતાં થાએ જ્ઞાન, આવે નિજ સ્વરૂપનું ભાન;
વાચાપંડિત વ્યર્થ પ્રમાણ, સંગ ત્યજે પામે નિર્વાણ.
એ સુખ પામે મૂગો હોય, **રંગ** કરોડે વિરલો કોય !
બિન બાદળ બરખા ત્યાં થાય, બિના બીજ થાએ ચમકાર !!
પંગુ નાચે કુંઠા તાલ, ઝાંઝ બજાવે શ્રીગોપાળ;
નાદ મૃદંગતણો સોહાય, સોહં સોહં રણકો થાય.
સુરતરાધિકા નાચે કા' ન, મન-વૃંદાવન સત્ય પ્રમાણ;
જે દેખે તે ગાંડો થાય, દેહભાન ભૂલી સહુ જાય !
તપસી ! ફરી ફરી કથવું ક્યાંય ? મનવાણી મૂંગી થઇ જાય !
વિદ્યાવંતરી આધી પળે, શાણા સાન ભૂલી ટળવળે,
જે જાણે તે જૂઠા હોય, કા કા શબ્દે કોયલ ન્હોય;
માગે ભીખ ને રાજ કહેવાય, એથી ઊંધું આન ન ક્યાંય !
[2]**રંગે** નાચે નાટકી રાજ, શિર પર પ્હેરે ખોટો તાજ;

---

૧. સમુદ્ર      ૨. રંગભૂમિ ઉપર

દેખી જોવા બાળક ધાય, મિથ્યા દેખી મન હરખાય !
[1]અવની કેરો સાચો રાજ, તે કાં કરશે નીચાં કાજ ?
ભિક્ષુક ભીખ માગતો ફરે, રાજા આન[2] ભિક્ષુકતા હરે !
રણમાં ગાજે તે શૂરવીર, ચૂલા પાસે [3]બહ્લવ વીર !
મુખથી ભાખ્યે ભય નવ ટળે, માગ્યાં મોતી તે કયમ મળે ?
મસ્તક મૂકી ડૂબકાં ખાય, [4]મુક્તાલાભ મોટો તો થાય;
સુખશય્યાની છોડે આશ, તેને ન નડે માયાપાશ.
ઘેરથી ન ગમે જાવું બહાર, પાલવ પત્ની નવ છોડાય;
આખર જમથી અતિ દંડાય, ફરી પરણે ફરી ફરી રંડાય !
તપસી ! એક કહ્યું તું માન, આળસ સઘળી મૂકી જાણ;
સદાચાર પુષ્પોથી કરી, પ્રભુનું પૂજન ઉરથી કરી;
સેવા સદ્ગુરુ કરવી જાણ, તનમનધન એ પર કુરબાન;
ઇશ્વર ગુરુમાં ભેદ લગાર, ના માને તે સમજે સાર.
ગુરુ શિષ્ય એ નામ જ માત્ર, રૂપ એક ને જુદાં ગાત્ર;
સ્વપ્નરોગનું ઔષધ જાણ, આપે સ્વપ્નવૈદ્ય પરમાણ.
જાગ્યે સઘળું અચરજ થાય, રોગબીક સમૂળી જાય;
તર્કે જીવડો હેઠો પડે; ત્રણ વેંતથી દૂર નવ પળે !
આપમતિ ત્યાં અંધ પ્રમાણ, કહેનારો અદ્ભુત કો જાણ !
શ્રવણ કરે તે ભૂલે ભાન, નાચે કૂદે અદ્ભુત જાણ !
બોલે તે ના બીજો લહે, જાણે તે મૂંગો થઇ રહે !
ખેલ અનેરો ભજવે **રંગ,** સમજે વિરલો કો નિ:સંગ !!
દેશી જાણે દિલની વાત; પરદેશીને શી પંચાત ?
કુળવંતી તે પતિને ભજે; કુલટા શિયળ શું સમજે ?

---

૧. પૃથ્વી ૨. બીજાની ૩. રસોઇયો ૪. મોતી.

મરણ પછી શું થાશે ત્યાંય ! આખર જીવડો જાશે ક્યાંય ?
સહેશે જમનો અતિશે માર, એ દુઃખનો નહીં પારાવાર.
જીવતાં જાણે જોગી હોય, બીજા રોગી આયુષ ખોય;
રોકડ વેપારે સુખ હોય; મૂરખ ઉધારે અંતે રોય !
આત્મવિસ્મૃતિ મોત પ્રમાણ, સ્વર્ગનરક સ્વપ્નો સહુ જાણ;
સ્વપ્ને હસતો સ્વપ્ને રડે, ચઢે સ્વર્ગ ને નરકે પડે.
મનની ભ્રમણા નરક નિશાન, સુખસંતોષ સ્વર્ગ તું જાણ;
વિષય સર્પ ઝેરી બહુ જાણ, દર્શનમાત્રે હરતા પ્રાણ.
મણિ મોતનો બાણ પ્રમાણ, રખે લાલચે ખોતો પ્રાણ.
કર્મ કારમાં કરશે જેહ, આખર એકલ રોશે એહ. - ૧૦૦
આપકર્મથી આપ બંધાય; દોષ અન્યને કયમ દેવાય ?
હાથ થકી તું કરતો કર્મ, અંતે ચરરર કાપે મર્મ.
દેખી મનમાં અતિ ગભરાય; રોવાથી આખર શું થાય ?
ચેત જ્યાં લગી દેહ છે દઢ, સદ્દગુરુચરણ જઇને પડ.
અંતે અંધારું થઇ જશે, શ્વાસ ખૂટતાં જમડા હસે;
પાણી પહેલાં પાળ બંધાય, મોતપૂર આઘું ઠેલાય.
ઘર લાગે ખોદાવે વાવ, **રંગ** અભાગી મૂરખ સાવ;
પૂરા ગુરુને ખોજે જેહ, તે પામે એ નિઃસંદેહ.
અધૂરો આથડે આપે, દુઃખ અન્ય તે કયમ કાપે ?
અંધો અંધા વાંસે ધાય, આખર આથડી પસ્તાય ! - ૧૧૦
[૧]સોહં ઉપાસન કરવું પ્રેમ, જેથી પામે સઘળું ક્ષેમ;
**રંગ** અનેરો જામે અંત, કોણ કથે એ ખેલ અનંત !
ગાઇ ગવાડી થાકયા સંત, તોએ ન આવે એનો અંત !

---

૧. એ બ્રહ્મ હું છું

અંતે મૂગા થઇને રહ્યા, એકે ભળી અગોચર થયા !!
[1]લવણપૂતળી અર્ણવ માંહ્ય, જાતાં અર્ણવરૂપ એ થાય !
ભૂલ્યો જીવ બ્રહ્મમાં ભળે, આખર બ્રહ્મરૂપ થઇ રહે !!
આગળ મુખથી નવ કહેવાય, જાણે આપે અંતર માંહ્ય;
**રંગ** એક તપસી ! તું જાણ, ભેદ કથે તે દ્વૈત પ્રમાણ !
દ્વૈત દુ:ખદરિયો છે જાણ, અદ્વૈતે સુખ અક્ષય ખાણ !
તેહ તું તું કથે છે શ્રુતિ, આગળ અટકે અંધી મતિ !!
ગુરુગમ મારગ, પૂરણકામ, સંતચરણમાં સહુ વિશ્રામ;
જાણી કરવી સદ્‌ગુરુસેવ, **રંગ** વિલોકે અંદર દેવ !
એહ રૂપ તુજ, તપસી ! જાણ, અંદર ઉદિયા કોટિ ભાણ;
તેજ થઇને તેજ રામે, **રંગ** આપ આપથી રમે !
એ સુખ [2]મુગ્ધા કેમ જ લહે ! પૂછ્યે પ્રૌઢા કેમ જ કહે ?
નવ કહેવાએ વીતી વાત, જોવા જેવી એ છે ભાત !
જે દેખે તે આભો બને, આપ સુણે ને આપ જ ભણે;
ગાય આપ બજાવે તાલ, નાચે કૂદે અપરંપાર !
જેની ગત તે તેહજ લહે, બીજા પામર નિરખી રહે;
તપસી ! તુંહિ તુંહિ એ જાણ, **રંગ** રાંકડો સાવ અજાણ !!

## ૨૫૮ મનનસાર

તપસી ! ઊંધું વેતર મા, કંસાર છોડી ઘેંશ ખા મા;
એક અવિચળ સઘળે ભર્યો, જળથળ સઘળે એક જ ઠર્યો.
એની આણ વરતે જગ માંહ્ય, વૃક્ષો આપે ફળ-ફૂલ છાંય;
પર્જન્યધારા વર્ષે મેઘ, વીજ કડાડે જાલીમ તેગ[3].

---

૧. મીઠું    ૨. બાળા; પ્રેમની રીતિથી અજ્ઞાત ૩. તરવાર

સૂરજ દિવસે પહેરો ભરે, ચાંદો રાત અજવાળી કરે;
[1]સરિતા આપે શીતળ નીર, ઋતુ ફળફૂલ આપે અતિધીર.
સહુમાં રહીને સહુથી દૂર, જે પામે તે એક જ શૂર;
બીજા માયાના સહુ રંક, ક્લીબ[2] વગાડે ખાલી શંખ.
છોડી માનામાનવિચાર, સંતચરણમાં પડે તત્કાળ;
તે તો પામે સઘળો સાર, બીજા કૂટે તુષ[3] અસાર.
વાદી વખાણે નાના ભેદ, નેતિ નેતિ કહી થાકે વેદ;
ગિરિવર જેવા ભાખે ગ્રંથ, પેટકારણે થાપે પંથ.
તેથી સ્વારથ શો રંધાય ? રગડયે રેત તેલ નવ થાય;
કોઠી ધોયે કાદવ ખાસ, કાજળમાં કયાંથી પરકાશ ?
અક્ષર નિઃશ્વાસે નીસર્યા, અંતે જઈને એમાં ભળ્યા;
બાળક દેખે બાપની જાન, તો અક્ષર એ થાય પ્રમાણ.
વંધ્યાસુત વરઘોડે ચઢ્યો, વચમાં નરશૃંગે સંહર્યો;
નભપુષ્પોનું કર્યું વિમાન, વેગે ઉપડયું વૈકુંઠ જાણ.
એવી એવી મીઠી વાત, સમજાવે બાળકને તાત;
મોટો થાતાં આપ કથે, બીજાને ભોળવવા મથે.
તપસી ! વારિ વલોવ્યે કયાંય, તૂપ નીસર્યું દેખ્યું આંહ્ય ?
અક્ષર ચૂંથ્યે અક્ષરજ્ઞાન, ક્ષર અક્ષરથી પર એ જાણ.
યથા પિંડ બ્રહ્માંડે તેમ, સંત કહે છે જાણી એમ;
સહુથી પાસે પિંડ પ્રમાણ, એનો ભેદ મૂળથી જાણ.
પંચભૂતનું ખોખું એક, અંદર માંસહાડકાં છેક;
રેતરુધિરમાં આવ્યો પ્રાણ, માયાયંત્રે ચાલે જાણ;
માયી યંત્રી ન્યારો જાણ, એજ નચાવે પ્રાણ પ્રમાણ;

१. નદી २. નપુંસક ३. છોતરાં.

[1]વ્યષ્ટિ સમષ્ટિ એક જ માન, પરમાણુ મેરુ મહિમાન.
નહોતું ત્યારે એક જ હતું, જાશે ત્યારે ના રહે જતું;
ત્રણ કાળમાં એકીએક, પરબ્રહ્મ પૂરણ એ નેક.
તેજ રૂપ તુજ તપસી ! માન, દેહ શોધી દેહીગત જાણ;
હું હું કરતું અંદર કૂણ ? વધે [2]ક્ષરે ના થાએ ન્યૂન.
દેહ મરે આતમ નવ મરે, દેહ બળે આતમ નવ બળે;
જાયે જાય, વિનાશી જાણ, એ અવિનાશી એક પ્રમાણ.
શ્વાસા સાથે સોહં કયે, જીવશિવનો ભેદ જ મટે;
માયા શુની[3] ચાટે પાંવ, જન્મમરણનો આટે તાવ.
શોકમોહનું જાય નિશાન, આનંદઅર્ણવ[4] સુખની ખાણ;
ઝેરવેરનાં નાસે ભૂત, **રંગ** પ્રકાશે એ અવધૂત !
પટની ઉપર ચિત્ર સુહાય, દેખી બાળક મન મલકાય;
જાન સવારી દેખી હસે, દેખી સેના આઘો ખસે.
ભાસશસ્ત્ર ભાસે શણગાર, નિરાભાસ ઓથે પટ સાર;
મોટેરાં [5]વ્હાયે ના ત્યાંય, ઉભય વિલોકે નિર્ભય ધાય.
ખાંડ રમકડાં ખાંડ બજાર,, વ્યાઘ્ર કૂતરાં વેચણહાર;
નામરૂપનો માયાખેલ, મિથ્યા માની આનંદ રેલ.
ફરી ફરીને એક જ વાત, બ્રહ્મે નાવે નાત કે ભાત;
રાતદિવસ માયાવી ભેદ; સૂરજમાં ક્યાંથી એ ખેદ ?
શુદ્ધ બુદ્ધ નિરામય છેક, નિત્ય નિરંજન નિશ્ચલ એક;
બીજો છે મિથ્યા બકવાદ, મનવાણીનો એ છે તાત.
નાદ સમાયો અંબર માંહ્ય, શોધે પત્તો લાગે ક્યાંય ?
ઢોલ ગ્રહે તો ઢમ ઢમ થાય, ઢોલી મનમાં અતિ હરખાય.

---

૧. એક વ્યક્તિગત તે વ્યષ્ટિ ને સમસ્ત વ્યક્તિગત તે સમષ્ટિ ૨. નાશ પામે ૩. કૂતરી ૪. સમુદ્ર ૫. છેતરાય.

[૧]અરણી ઓથે અગ્નિ રહ્યો, માંહે પ્રકાશ અતિશે ભર્યો;
મંથન વિણ તમ[૨] ચારે પાસ, દ્વિજ જુક્તિથી કરે તપાસ.
તલમાં તેલ લપાઇ રહ્યું, માખણ [૩]મહીમાં સઘળે ભર્યું;
બાળકને ગમ કેમ જ પડે ? દોડી દોડી આખર રડે.
થાકી માતાપાલવ સ્હાય, મીઠડું ગોરસ ખાંતે ખાય;
તપસી ! ભણતર પડતું મેલ, ગુરુગમ અગમતણો એ ખેલ.
નીચો નમીને ચરણ તળાંસ, પ્રીતે કરજે પાસે વાસ;
કોક દિન મટકું એક મળે, કલેશ કારમા આઘા પળે.
આનંદનો ઉદધિ[૪] રેલાય, કર્મપાશ સહુ ઢીલા થાય;
એ સુખ જાણે વિરલો કોક, જીવતર બીજાનું સહુ ફોક !
સાધન કરતાં છાસઠ ગયાં, હાડ ચામ બે બાકી રહ્યાં;
અંતર અંધારું ના ગયું, કર્મ કૂટવું બાકી રહ્યું.
બાવો દેખી મેલે હડી, દેહ-અહંતા અંદર ગઢી;
મંતરજંતર ઝંખે ધન, પોર્યા પોરી મેલું મન.
દામચામની છેડે વાત, સ્વારથ સારુ થાએ ભાટ;
અંતે પોલ ઉઘાડું પડે, ઉભયભ્રષ્ટ થઇ છાનું રડે.
આખર આવે કંઠે પ્રાણ, અંદર થાએ દુષ્કૃતભાન;
રોગ થકી વ્યાકુળ થઇ રડે, જે આવે તેને પગ પડે.
ચોર ચોરીને જાતાં ધન, દીવે સ્નેહ[૫] પૂરે કુજન;
પ્રાણ જતાં બોલાવે વૈદ્ય, તેથી કાર્ય થશે કયમ સિદ્ધ ?
તપસી ! જાગ્યા ત્યાં જ સ્હવાર, હાથે કરી કયમ થાવું ખ્વાર ?
દો દિનની છે શ્વાસસગાઇ, આખર બેલી કોઉ ન ભાઇ,
ઘરની નારી બીજે જાય, સગાં સહોદર શીરો ખાય;
તપસી ! ચેત બાકી દિન ચાર, આખર પડશે જમનો માર.

---

૧. મંથનકાષ્ટ ૨. અંધકાર ૩. છાસમાં ૪. મહાસાગર ૫. તેલ.

કંઠીવાળા કોરે રહે, દાનપૂન કરવાનું કહે;
દેવદેવી મંદિર માંહ્ય, આખર જીવડો એકલ ત્યાંય.
જીવતાં જાણી લેવું સાર, મૂવા પછી થાશે અંધકાર;
મનની ઓથે મોહન રહ્યો, માયાપટ આગળ છે ધર્યો.
પટ ફાટતાં તંતુ દિસે, મન હણાતાં મોહન હસે;
રંગબેરંગી ફૂલનો હાર, અંદર દોરો એક જ સાર.
ફૂલ ખસતાં ધાગો દિસે, [1]અર્ક અભ્ર[2] જતાં વિલસે;
મન છે સંકલ્પોની માળ, સંધિમાં મોહન પ્રતિપાળ.
સંધિકાળ વધતો જ્યમ જાય, સ્વૈરસમાધિ આપે થાય;
જોવી વસ્તુઓ બે ચાર, એક એકથી જુદી સાર;
વૃત્તિ દોડે એકથી આન, સાક્ષી થઇ જોવું એ જાણ;
જોતાં જોતાં દર્શન ધ્યાન, ધ્યેયરૂપ ધ્યાતા નિર્વાણ.
સંધિ નિ:સંકલ્પે [3]લસે, દશ્યજવનિકા[4] આપે ખસે;
નિરાલંબઆલંબન થાય, અહંગ્રંથિ તૂટે સહુ ત્યાંય.
હંસ કાગ બે કોડે રમે, ભેદ પરસ્પર મિથ્યા શમે;
કોહં કોહં કરતો જેહ, સોહં સોહં બોલે તેહ.
જીવ શિવ બે એક જ થાય, જન્મમરણની ભીતિ જાય;
તપસી ! આગળ કહેવું કેમ, મન વાણી જ્યાં ચૂકે નેમ ?
એ સુખ મુખથી કહ્યું ન જાય, જે ચાખે તે મૂગો થાય;
મારગ વિષમ[5] અતિશે કહ્યો, અસિધારાવત્ તીક્ષ્ણ લહ્યો.
જન્મોજન્મે કરતા સેવ, તે પામે પૂરણ તતખેવ.
બીજાં પશુ મૃગજળ ગમ ધાય, જન્મમરણના ખત્તા ખાય.
સાધન માંહી સાધન એક, આત્માનાત્મવિચાર વિવેક;
દોષદષ્ટિ મન થાય વિરાગ, મોક્ષ એકમાં જો અનુરાગ.[6]

---

૧. સૂર્ય ૨. વાદળાં ૩. પ્રકાશે ૪. પડદો ૫. વિકટ ૬. પ્રીતિ.

શમ દમ સાધે ખંતે કરી, જોગજુક્તિથી બેસે ઠરી;
ભાવભક્તિથી ભેટે દેવ, પાખંડે નાસે તતખેવ.
અનન્ય[1] સેવા ખાંતે કરે, મરતા પહેલાં [2]આપો મરે;
ફૂડ કપટ હૈયાથી તજે, શીલસાજ સંતોષે સજે.
સદ્દગુરુસખુન[3] વિચારે મન, તેનું જીવતર થાએ ધન;
સુરતદોર નાચે નટ જેમ, શ્વાસા ચૂકે દોડે કેમ ?
તૈલધાર વૃત્તિ સોહાય, તદાકાર તન્મય થઇ જાય;
મન [4]શોધતાં મોહન જડે, મૂરત[5] જોતાં સૂરત[6] નડે,
એક અરૂપ નિરંતર દેવ, તેની કરવી નિશદિન સેવ;
સેવાથી તદ્રૂપ થવાય, રૂપ મટે ને સંશય જાય.
સત્ય નિરંજન [7]આદી જેહ, અહંસ્ફુરણે માયા તેહ;
જ્ઞાનાજ્ઞાને આવરણ થયું, મૂળરૂપ પોતાનું ગયું.
ત્યાંથી [8]ઉપન્યું જગ વિશાળ, વિક્ષેપે સહુ ગોલંકાર;
મૂળ રૂપ રજ્જુનું મટયું, સર્પે આવી સર્વે ફૂટયું.
ડરથી થરથર કંપે કાય, શ્વાસસમીર[9] ઉરમાં ન માય;
ઠોકર વાગે લોહી ઝરે; બાધાપૂજા કેમ જ કરે ?
દીવો લાવે સંત દયાળ, ભકતન કેરા એ પ્રતિપાળ;
[10]રાશ દેખતાં લાભે સુખ, સર્વ જગતનું કાળું મુખ.
સ્વપ્ને રાવ[11] ભિખારી થાય, ઘરઘર ટૂકડા માગી ખાય;
સેવકજનની પરશી કરે, ટૂકડા માટે તંગડી ધરે !
લાજ ઢાંકવા ન મળે વસ્ત્ર, ખીચડી ખાવા ન મળે પત્ર;
ગલીએ ગલીએ ધક્કા ખાય, જાણીતો જોતાં ગભરાય.

---

૧. એકનિષ્ઠ ૨. દેહાત્મબુદ્ધિરૂપ અહંકાર ૩. વચન ૪. ખોળતાં ધોતાં, શુદ્ધ કરતાં ૫. સ્વરૂપ ૬. ચહેરો, આકૃતિ ૭. શરૂઆતમાં; સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે ૮. ઉપજ્યું ૯. વાયુ ૧૦. દોરડું ૧૧. રાજા

જાગે ત્યારે દેખે રાજ, શિર પર એનો એ છે તાજ;
સેવક લૂંડી મુજરા કરે, રત્નાંકિત છત્રી શિર ધરે.
ચમરી ઢાળે ચતુરા[1] ચાર, જોઇ અચરજ થાય લગાર;
તપસી ! તું છે રાજાધિરાજ; ટૂકડો માગે કાં શિરતાજ ?
જ્ઞાનાવરણે શિવ કહેવાય, અજ્ઞાને જીવ **રંગ** મૂંઝાય;
[2]જ્ઞાનાજ્ઞાનાતીત સ્વરૂપ, જે જાણે તે ભૂપનો ભૂપ.
રાજા રાજ્ય પ્રજા અજ્ઞાન, સત્તા એ ઉપર છે જાણ;
નિર્ગુણ નિશ્ચય એકં એક, ઉપર દીસે નાના ભેખ.
અજાજૂથ[3] આવ્યો વનરાજ,[4] શબ્દ કરે બેં બેં ભયકાજ;
દૈવવશે ખડ ખાયે ધાન, [5]જગત **રંગ** એવો છે જાણ.
દેશી કેરો સુણતાં બોલ, આરંભે માને એ ફોલ;
સુણતાં સુણતાં આવે સાન, સ્ફૂરે દેહ ભૂલે અજભાન.
સૂક્ષ્મ નીરમાં દેખે જાત, બાર હાથ ઊછળે સાક્ષાત્;
સ્હાયો કોથી નવ સ્હેવાય, આનંદકાનન[6] આપે ધાય.
ખોળી ખોળી મરે ભરવાડ ઘેટાં બેં બેં પાડે રાડ;
કંટક કંદર[7] ખેડે જ **રંગ** નિહાળે કો દિન એહ.
કીધો કેફ એ સાચી વાત; ક્યારે ક્યાંથી શી પંચાત ?
લાગે મરમી ભેદુ હાથ, દેખાડે દો દિનમાં જાત.
જપ તપ તીરથ હેતુ એહ, એ વિણ સઘળો છે સંદેહ;
ભેદાભેદ તેટલો ખેદ, એક અભેદ જાણો નિર્વેદ.
જાણ્યે જ્ઞેય[8] બાકી નવ રહે; શબ્દાતીત એ કોણ જ કહે ?
શાસ્ત્ર શિક્ષા સંભ્રમ માન, ગુરુશિષ્યનું શૂન્ય નિશાન.

---

૧. સ્ત્રીઓ ૨. જ્ઞાન અને અજ્ઞાનથી પર ૩. બકરાનું ટોળું ૪. સિંહ
૫. જગતનું સ્વરૂપ ૬. વન ૭. ખીણ ૮. જાણવા યોગ્ય.

બદ્ધમુક્તનું ક્યાં છે નામ, સોહં સઘળે એક જ રામ;
ક્યાં જાવું ? શું બાકી કામ ? એક અખંડ અદ્વૈત રામ.
તપસી ! **રંગ** અનેરો એહ, બીજાં અંતે દેશે [1]છેહ;
જાગી જોયું જગની માંહ્ય, જીવ જગ્ત એકે ન ત્યાંય.
લેખ લેખની લેખનહાર, **રંગ** એક જ્યાં ત્યાં નિર્ધાર;
નાચે આપ નચાવે આપ, બોલે આપ બોલાવે આપ.
અવળું દેખ્યે આઘો દિસે, આઘો પાસે ત્યાં ના વસે;
દેશ કાળ વસ્તુ પરિમાણ [2]માન મેયનું[3] ના છે નામ.
તપસી ! ક્યાં કથવું નિર્વાણ ! કો સમજે ગાંડી વાણ ?
શૂન્યપાર શામળીયો વસે, દેખી શૂન્ય અંતરમાં હસે !
તપસી ! એ જ એ જ તું જાણ, તત્ત્વમસિ ટંકાર પ્રમાણ;
જાણી અળગો થઇને રહે, સહુથી હાં હાં કરતો રહે.
**રંગ** જામશે અદ્‌ભુત માંહ્ય, જોવાનું ના રહેશે ત્યાંય;
તાર વિના વાગે તંબૂર, સાત થકી અદકો એ સૂર.
સૂણતાં સ્હેજ સમાધિ થાય, સૂણવાનું કંઇ ન રહે ત્યાંય;
રંગરાગ બીજા સહુ શમે, એકાતીત અક્ષર જ્યાં રમે.
દેખે અલખ કરોડે એક, લક્ષ્યાતીત મર્મ છે છેક;
દેખે તે અંધો થઇ જાય, આપ પરાયું નવ દેખાય. -
તપસી ! કો વિધ[4] કથશે કૂણ ? શૂન્યશિખર સંભળાએ ધૂન;
કૂણ સાંભળે ગાએ કૂણ ? બાળે પાપ ભગાવે પૂન !
જમડાં સુણતાં નાસી જાય, જીવ શિવ એકુ નવ ત્યાંય;
**રંગ** અલૌકિક [5]આપે લહે; તપસી ! જાણી મૂંગો રહે !!

---

૧. દગો ૨. પરિમાણ માપ ૩. માપવા યોગ્ય ૪. કઇ રીતે ૫. પોતાની મેળે.

## ૨૫૯ નિદિધ્યાસ

તપસી ! બ્રહ્મ અગોચર એક, એ વિણ સઘળું મિથ્યા છેક;
કાગળની કરિણી[1] જેમ, માયાડંબર સઘળું તેમ.
જે જાણે તે અળગો થાય, બીજા દોડી ખત્તા ખાય;
હતું હશે છે એક અમાપ, ચૌદલોકનો એ છે બાપ.
એણે કામણ કર્યું અનુપ, આપે ધર્યું રમણીનું રૂપ;
તાત નપુંસક માતા તૂત, બેથી ઉપન્યું મોટું ભૂત.
દેખી મોટા મોટા ભમે, કોક વિરલા અંદર રમે;
મોટું અચરજ મોટા લડે, નાસ્તિ તેને માની રડે !
બાળક ફોસલાવવાની વાત, જમની પુત્રી કાળી રાત !
નવ જાણે તે ભખતો ફરે, જ્ઞાની મૂંગો થઇને ફરે !!
તપસી ! બોલ્યાનો નહીં લાગ, જોવા જેવો એ છે બાગ;
વણ સિંચ્યે અંકુર ઉપજે, ફૂલ સુગંધી કંઇ કંઇ મજે !
અણ ઉપન્યું દેખાએ કેમ ? રજની[2] માંહી સમણું જેમ;
સુંદર નારી તરુવર કાગ, મન વગડું ને મન છે વાઘ.
શૂન્ય શૂન્યને હણવા ધસે, ડર થકી ડાગળી હા ખસે !
જીવ બચાવવા મૂકે દોટ, અંધારામાં લાગે ચોટ;[3]
હેઠો પડતાં જાગ્રત થાય, આપ આપથી વિસ્મિત થાય !
કીડો વમળ માંહે જઇ પડયો, સુખ માન્યું ને અંતે રડયો.
એક વમળથી બીજે ધાય, ખત્તા ખાઇ સીધો થાય;
જીવ બચાવવા ફાડે મુખ, સુખ સુખ કરતાં ભેટે દુ:ખ !
કોક નાવડો દૈવે જોય, મૂકે બ્હાર લાવીને સોય;
કર્યાં કર્મ ભોગવ્યે છૂટાય, આપ કરે ને આપ બંધાય.

---

૧. હાથણી ૨. રાત ૩. ઠોકર

એ તો કર્મકાયદો કહ્યો, તું પોતે અકર્મા રહ્યો;
જન્મ ધર્યો એ જૂઠી વાત; કર્મ કર્યાનો ક્યાં છે ઘાટ ?
ભેદછેદનું ત્યાં ના નામ; હાથપાંવનું ક્યાં છે ઠામ ?
નામરૂપનો કરવો ત્યાગ, માયા કૃત્રિમ એ છે ભાગ;
નથી છતાં દેખાએ જેહ, માયા વંધ્યાપુત્ર સમ એહ !
પાછળ નટવર સોહં એક, રાધારમણી મિથ્યા છેક !!
જલ તરંગ બરફ એ નામ, મૂળે અમૃત એક જ ધામ;
બાહેર દેખી ભડકે ભૂત, અંદર જોતાં સઘળું તૂત.
મૂળે એક પ્રકાશી રહ્યો, સઘળું ખાઇ ભૂખ્યો રહ્યો;
સત્ય નિરંજન નિર્મલ એહ, બીજો નાહીં નિ:સંદેહ.
કમળો થાતાં દષ્ટિ ફરે, પીળું દેખી દુ:ખે ઝૂરે;
જ્ઞાનશલાકા[૧] અંજન થાય, આગંતુક કમળો એ જાય,
મૂળ એહની એહ જ આંખ; ક્યાંથી આવે એને ઝાંખ ?
માન્યું તેથી દુ:ખી થાય, ના માન્યું તો શું રંડાય ?
તપસી ! અટપટ સઘળો ખેલ, રેશમ સૂતર એક જ [૨]ચેલ;
બાળક ના જાણીને રડે, મોટાં જાણી જોઇ પડે !
જ્ઞાની બંને ફેંકે દૂર, રાચે આપ દિગંબર નૂર !!
છે હતું ને રહેશે એહ, તે જ રૂપ તું નિ:સંદેહ.
સત્ ચિત્ આનંદ સોહંકાર, જેને મારી ન શકે કાળ;
પાંચ પાછળ પોતે રહ્યો, બાજી અટપટ ખેલી રહ્યો.
કરોળીઓ ખેંચે જો તાર, આપ થકી પ્રગટાવે ચાર;
આદિ અંત મધ્યમાં એક, તાર તૂત જાણે સહુ છેક.
[૩]પાવક જ્વાળા વિધવિધ જેમ, કાષ્ઠ અંગારા સઘળું તેમ;

---

૧. સળી ૨. વસ્ત્ર ૩. અગ્નિ

ગુપ્ત પ્રગટ એહનો એહ, જાણે તો તૂટે સંદેહ !
ઝાલે સદ્ગુરુ આવી બાંહ્ય, તોજ ભેદ એ ખુલ્લો થાય.
તપસી ! મૂકી સઘળો ગર્વ, માની સદ્ગુરુ પોતે [1]શર્વ,
મૂકી મસ્તક ચરણ પખાળ; તો જ તૂટશે ભવની જાળ.
મિથ્યા બંધ સપડાવે કેમ ? બાજીગરની બાજી જેમ.
[2]મોડો જાણે સઘળો મર્મ, હસે કૂદે ને પામે શર્મ.[3]
માળી પુષ્પ વિધવિધ રંગ, માંહે દોરો એક અભંગ;
ફૂલ ખસે તો ધાગો દિસે, દેખી જ્ઞાની અંદર હસે !
મનની વાંસળ મોહન હસે, વૃત્તિ ખસતાં આપે દિસે.
સંધિ અચૂક ઝલાયે આપ, તો માંહે દિસે જગબાપ !
વધતાં વધતાં થાય અમાપ, સ્હેજ સમાધિ કોરી છાપ !!
ડાઘો લાગે અંદર કેમ, ભઠ્ઠી માંહી જાતાં હેમ ?
દૃશ્ય દેખનહારો એક, દૃષ્ટિ દેખે મિથ્યા છેક !
એક અગોચર દેખે કૂણ ? નિમક પૂતળી અંતે લૂણ !!
ભખ્યે ભેદ ના ભાગે જાણ; ભખનારો ત્યાં કોણ પ્રમાણ !
હું અમે  એ મિથ્યા વાત; નામગોતની ત્યાં ક્યાં જાત ?
કહેવા માટે એવું કહ્યું, બાકી મિથ્યા સઘળું લહ્યું !
મિથ્યા મિથ્યા કરતો મરે, તેથી અર્થ કોડી નવ સરે;
મિથ્યા કહેનારો તું કૂણ ? નિર્ગુણ માંહે ક્યાંથી ગુણ ?
મૂળ ગુણ ના, ક્યાં નિર્ગુણ ? ભૂત નહિ ત્યાં ભૂવો કૂણ ?
પૂછે કૂણ, સાંભળે કૂણ ? કોણ આર્ય ને કો છે [4]હૂણ ?
એ તો પ્રપંચ મિથ્યા જાણ, બાકી સઘળું એક પ્રમાણ.
ના જાણે તે મિથ્યા લડે, અહં દેહ માનીને રડે !

---

૧. શંકર ૨. છોકરો (મદારીનો મદદનીશ) ૩. સુખ ૪. યવન.

દેહાં તું તો અળગો જાણ, પંચ પાર ત્રણેથી માન;
અન્નવિકારી દેહ મલિન, તું અવિકારી રાખ યકીન.[1]
મન ચંચળ તું નિશ્ચલ એક, બુદ્ધિ બૂઠી ત્યાં તો છેક;
બિંદુ સાગર માંહે ભળ્યું, કહેવાને બાકી ના રહ્યું !
બીજાં ટીપાં સાવ અજાણ, વૃથા શ્રમાવે લૂલી વાણ !!
નાર નાટકી લટકો કરે, મૂરખ અંદર તલસી મરે.
પોપટપંચી કરે અનુપ, મૂરખ જોઇ ભૂલે રૂપ;
રૂપાતીત છબી એ જાણ, આંખ આંધળી ત્યાં નિષ્પ્રાણ !
પાછું ભાળે વિરલો કોક, આપ નિહાળી ટાળે શોક !!
સત્ ચિત્ આનંદ એક અનુપ, ચૌદ લોકનો એ છે ભૂપ;
સમણા માંહે માગે ભીખ, ના માને એ કોની શીખ.
સમણું શમતાં ખેંચે ખડ્ગ, દેખી શૂન્ય સમેટે ડગ !!
અસત્ નહિ ત્યાં સત્ નિર્માન; અચિત્ શૂન્ય ત્યાં ચિત્ શું જાણ ?
દુઃખ ભૂલાવે આનંદ એમ, શૂન્યસંકેત કહે સહુ તેમ !
સાક્ષી શૂન્યતણો જે એક, તે જ તે જ તું તપસી છેક;
ન્હોતું ત્યારે હતો અરૂપ, થયું માની પડયો ભવકૂપ.
સંત વગાડે જો રણઢોલ, કૂદ ફગાવી માયા પોલ !
એક અખંડ નિરંજન દેવ, માયા બટકી કરતી સેવ.
ભેખડ ઊંચી બીચ નવાણ, દેખ કેસરી[2] **રંગ** સુજાણ;
બેં બેં કરી વૃથા કાં મરે, છોડી એણ[3] તૃણપર્ણો ચરે ?
કહું કેટલું થાકયો હાથ, આદિ મધ્ય તું એક અજાત;
મનમૃગ મારી રહે નિર્ભ્રાન્ત, **રંગ** કેસરી માયાકાન્ત.

---

૧. વિશ્વાસ ૨. સિંહ ૩. હરણ; મૃગ

અજબ કરામત માયાખેલ, [1]મૂષકદરમાં પેઠો શેર !
દુઃખે પાડે ચીસેચીસ, બીજા ઉપર કાઢે રીસ !!
દેખે ત્યાં તો સઘળું તૂત, કેમ ફસાયો એ અદ્‌ભુત !
ફૂટી આંખ કરે અંજન, સદ્‌ગુરુ આવી દુઃખભંજન;
તો જ સૂઝે સવળી વાત, થાય ઉજળી કાળી રાત.
વણ શશી સૂરજ તારક ત્યાંય, દિવ્ય રોશની આપે થાય !
કાળું ધોળું મટે સમૂળ, નામરૂપનું નાસે કુળ !!
ગુરુશિષ્ય મિથ્યા સંબંધ; મુક્ત કોણ જ્યાં ના છે બંધ ?
પંડિત મૂરખ એક અભેદ, બાળવૃદ્ધનો ત્યાં ના ખેદ !
સ્રીપુરુષ નપુંસક એક, પાપપુણ્ય મિથ્યા ત્યાં છેક !!
પૂજા પોથી સઘળું તૂત, માળા મણકા મિથ્યા ભૂત !
દેવભક્તનો ટળ્યો વિરોધ, જીવશિવનો ખૂટ્યો શોધ !!
જન્મમરણની તૂટી ગાંઠ; સ્વર્ગ નરકનો ત્યાં ક્યાં ઘાટ ?
પરબ્રહ્મ પરમેશ્વર એક, રૂપ અરૂપી નિર્મળ છેક;
શુદ્ધ બુદ્ધ નિરંજન નિત્ય, અગમ અગોચર આન અનિત્ય !
વણથંભે લટકાવે આભ, વંધ્યોદરમાં મૂકે ગાભ.
ખેલ ખેલી ન્યારો રહે, તપસી ! આપે થઈને રહે !
લડવા દે લહીયાને ખૂબ, **રંગ** વિલોક તું ગૂપચૂપ !!

## ૨૬૦

(રાગ-ભૈરવી; તાલ-કહેરવા)

જ્યારે પતન થશે દેહનું આ.- ટેક.
લોકો કહેશે, કોણ હતો આ ?
ક્યાંથી આવ્યો ? હાય ! ગયો ક્યાં ?
નવ જાણ્યું હા ! આજ લગી કાં ?- પતન૦ ૧

---

૧ ઉંદર.

ના બોલ્યો કાંઇ, મૌન ધર્યું ના !
ના ભટક્યો કંઇ, સ્થિર રહ્યો ના !!
હાં હાં કરતાં લોપ થયો ક્યાં ? - પતન૦ ૨
મેઘાડંબર ઘોર છવાયું !
અંધતમે ચોદિશ હા વ્યાપ્યું !!
ક્ષણ ચમકારે નભ ચમકાવ્યું !!- પતન૦ ૩
ઘા દિલના બેચાર રુઝાવ્યા !
દુ:ખઆંસુડા કંઇ નિવાર્યાં !!
પ્રેમવેણ કંઇ મૂક ઉચાર્યાં !!- પતન૦ ૪
ફૂલ ગુલાબો ખૂબ હસાવ્યાં !
બુલબુલ છાતીફાટ રડાવ્યાં !!
વનઝરણાં કંઇ મંદ નચાવ્યાં !!- પતન૦ ૫
પ્રેમખજાનો ખૂબ લૂંટાવ્યો !
લૂંટ્યો તે મન અતિ હરખાયો !!
અન્ય રડી રડી મન પછતાયો !!- પતન૦ ૬
કંકર શંકર કંઇક પૂજાવ્યા !
શંકર કંકર કંઇક બનાવ્યા !!
આનંદાશ્રુ-**રંગ** નિહાળ્યા !!- પતન૦ ૭
ના લાવ્યો કંઇ, સાથ લીધું ના !
ના આવ્યો ત્યાં, [1]વાત ગયો ક્યાં ?
**રંગ** જેમનો તેમ રહ્યો આ !!- પતન૦ ૮

---

૧. 'ગયો ક્યાં' એ વાત જ ક્યાં રહી ? અથવા ગયો ક્યાં, એ વાતમાત્ર-કથનમાત્ર-છે; કેમકે જ્યાં આગમન નથી ત્યાં ગમન ક્યાંથી સંભવે ?

## ૨૬૧

(રાગ-મિશ્ર કાફી: તાલ-દીપચંદી)

(ગઝલની રાહમાં ગવાશે)

મૂકી દીધી કલમ બંધો, હવે ના કાંઇ લખવું છે;
લખ્યું તે ના લખ્યું થાશે, જનો સહુ ભૂલી એ જાશે !- ટેક.
ન કાંઇ કહેવું છે ભાઇ, વિચારી રહેવું છે આંહી;
દિવસ બે ચાર વા કાંઇ, હશે જે આયુ તે ભાઇ ! - મૂકી૦ ૧
બહુ રખડયો બહુ ભટકયો, હવે ના કયાંય જાવું છે;
ન લેવું છે ન દેવું છે, એમ વિચારી આંહી રહેવું છે !- મૂકી૦ ૨
સમય આવ્યે બન્યું જાયે, પ્રભુ કિરતાર છે ન્યારો;
'કર્યું મેં ' 'હું કરું' શાને, વૃથા અભિમાન ગોઝારો ?- મૂકી૦ ૩
[૧]વપુ પ્રારબ્ધ પોષે છે, ખુશામત [૨]જહાં તણી શાને ?
ફરું અલમસ્ત સ્વાનંદે, ફિકર [૩]શ્વઃકાલની શાને ?- મૂકી૦ ૪
ન ડર છે મોતનો ભાઇ, ન જીવનની [૪]તથા કાંઇ;
જીવનમૃત્યુ ઉભઇ સાંઇ, ખડા ચોકી કરે આંહી !- મૂકી૦ ૫
વૃથા ગુમાન ભણતરનું, ભણ્યું તે ના ભણ્યું આંહી;
[૫]નિરક્ષરની સદક્ષરતા, પ્રભુને પ્રાણપ્રિય ભાઇ !- મૂકી૦ ૬
વિવાદો વાદ કંઇ કીધા, પ્રશંસા નિંદ સહુ સેહ્યાં;
હવે ના ઝેર પીવું છે, વિચારી આંહી રહેવું છે !- મૂકી૦ ૭
વૃથા બકવાદમાં ભાઇ, ન ઝાંખી ઇશની કયાંઇ;
બકી મૂવા વિબુધ[૬] ભારી, ન શાન્તિની કણી પાઇ !- મૂકી૦ ૮
પ્રભુકૃપાની ઝડી આઇ, જનમશંકા ટળી ભાઇ;
મરી ગઇ ભીતિ બેકારી, બન્યો નિર્દ્વન્દ્વ અધિકારી !- મૂકી૦ ૯

---

૧. શરીર ૨. દુનિયા ૩. આવતીકાલ ૪. પરવા ૫. અભણનું નિર્દોષ ભણતર ૬. વિદ્વાનો.

પ્રભુની વાટીમાં આંહી, અનેરાં ચિત્ર છે ભાઇ;
અનેકે એક દેખાઇ, સદેકે નૈક[1] છવિ છવાઇ !- મૂકી૦ ૧૦
કરોડો જન્મની આધિ, થઇ ગઇ ખાખ સહુ વ્યાધિ;
ટળી ગઇ **રંગ** ઉપાધિ, મળી સ્વાનંદ સુરગાદી !!- મૂકી૦ ૧૧

## ૨૬૨

## જીવનમુક્તિ

કરના થા સો તો કર લીના, અબ ના કરના ના ભરના હૈ;
જો પાના થા સો પા લીના, અબ ના પાના ના ખોના હૈ ! ટેક.
ના જાના હૈ ના આના હૈ, ના જીના હૈ ના મરના હૈ;
બસ આપહિમેં રમ રહના હૈ, જો આન પડે સો સહના હૈ !-ક૦૧
ના ચઢના હૈ ના પડના હૈ, ના રોના હૈ ના હઁસના હૈ;
બસ આપહિ હાસ્ય બના ફિર, ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ ? -ક૦૨
કિસ્મતસે આન મિલે સબ, ક્યોં નાહક જગકો રિઝવના હૈ ?
મિથ્યા પંડત કાજી બનકર, ના લડના હૈ લડવાના હૈ !! -ક૦૩
ના ધ્યાના હૈ ના ગાના હૈ, બસ ધ્યેય મહીં મિલ જાના હૈ,
તન મંદર આતમ દેવ બના, ના પૂજના હૈ પૂજવાના હૈ !-ક૦૪
ના કહના હૈ ના સુનના હૈ, ના લેના હૈ ના દેના હૈ;
બન પથ્થર પિંડ ભૂલાના હૈ, ભૂલા ભૂલાના ભૂલના હૈ !-ક૦૫
ના જપના હૈ ના પઢના હૈ, બસ જાપ અજંપા હોના હૈ;
ના સોના હૈ ના જગના હૈ, બેફિકર મસ્ત પડ રહના હૈ !!-ક૦૬
સબ **રંગ** જગત બિસરાના હૈ, ઇત ઉત મન ના ભટકાના હૈ;
ના ડરના હૈ ના ભગના હૈ, બસ અચલ ઠામ થિર રહના હૈ !-ક૦૭

---

૧. ન+એક=અનેક

## ૨૬૩

## તૂટી દેખો યહ જંજીર

(આજ હિમાલયકી ચોટીસે...એ રાહ)

ખુલ્લં ખુલ્લા મહાસભાને અબકી બાર પુકારા હૈ
દૂર હટો, દૂર હટો, દૂર હટો, અય ટોપીવાલે
હિન્દુસ્તાન હમારા હૈ.- ટેક.
આયે થે જો તુમ ધંધા કરને, માલિક હો કે બૈઠે હો;
ઘરકે છોરું ચક્કી ચાટે, માલ મલીદે તુમ લૂટો ! - દૂર૦ ૧
પડે રહે થે હમ ગફલતમેં, આપસમેં ઝઘડે કરતે;
ચોર હોકે શાહુ બનકે, હમકો હી ગભરાતે હૈં !- દૂર૦ ૨
ગાંધી હૈ સરદાર હમારા, શસ્ત્ર અહિંસા હૈ કાતિલ;
★ખુદા મદદમેં જીત હમારી, તૂટી દેખો યહ જંજીર !!- દૂર૦ ૩

---

★ પૂ. શ્રી નારેશ્વરમાં બિરાજતા હતા. પૂર્વાશ્રમમાં અસહકારની લડત ચલાવનાર તેઓશ્રીના હૃદયમાં માભોમ પ્રત્યેની ભક્તિ ભરપૂર હતી. ભારતની આઝાદીની લડતના દિવસમાં એઓશ્રીને એક સ્વપ્ન આવી પડ્યું જેમાં નારેશ્વરમાં હાલ જ્યાં ઓવારા તરફનો રસ્તો છે ત્યાં એક બુઢ્ઢી-જંજીરો સાથે જકડાયેલી. આવનાર જનારને પોતાની જંજીરો તોડવાની કાકલુદી કરતી તેઓશ્રીએ જોઇ. કોઇનું ધ્યાન ગયું નહિ પણ પૂ.શ્રીએ તેમને ટેકો આપી બેઠાં કર્યાં અને જંજીર તૂટી ગઇ ! છએક માસ પછી શ્રી એટલી-તે વખતના ઈંગ્લેન્ડના વડાપ્રધાને ભારતની આઝાદીની ઘોષણા કરી. આ પહેલાં જ ઉપરનું શૌર્યગીત, રાષ્ટ્રભક્તિથી અને આત્મવિશ્વાસથી ધબકતું તેઓશ્રીએ ડૉ. બિપિન ઇશ્વરલાલ શેઠ (તે વખતે નાની ઉંમરના, ત્યાં પોતાના પિતા સાથે દર્શન કરવા આવેલા) તેમને શીખવ્યું હતું, જે અમને શ્રી સુમનલાલ પુરોહિત (ભજન ભાસ્કર) પાસેથી એના ઇતિહાસ સહિત મળ્યું છે. -પ્રકાશક)

## ૨૬૪ દત્તનામસ્મરણ

વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કૂટાવી મારે
વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આ રે ।
હરે વાવકૂવાદિ હા પ્રાણવિત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧ ॥

નડે ના અહીં કષ્ટ ના વિત્તહાનિ
ન ખોવાપણું ના લગે કાવ્યવાણી ।
સહુશ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ[૧]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨ ॥

ચહે કામક્રોધાદિ તું જીતવા જો
વળી શોકમોહાદિ છૂટવા જો ।
થવા રાગદ્વેષાદિથી મુક્ત તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩ ॥

ગયું ખેલતાં બાલ્ય[૨] વીતી જુવાની
વૃથા સંગતે મૂઢ હા કામિનીની ।
બતાડે બુઢાપો અહા મૃત્યુવાટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪ ॥

ધન ક્ષેત્ર[૩] દારા[૪] ન પુત્રાદિ સ્થાયી
મરે ચિંતને એ વૃથા કેમ ભાઇ ।
ત્રણે કાળમાં દુઃખ દે એ સમસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫ ॥

---

૧. સૌથી સુંદર, શ્રેષ્ઠ ૨. બાળપણ ૩. ખેતર ૪. સ્ત્રી.

કહાં જાય તું ક્યાં થકી આવિયો રે
વળી જીવતો શેં સદા ચિંત એ રે ।
બધું દુઃખદાયી હરિનામ સત્ય
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬ ॥
ભમાવે જગે પંથ ઝાઝા અનેક
બધું નાશવત્ અન્ય છે સત્ય એક ।
વળી માર્ગ નાના[1] અથાડે સમસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭ ॥
સ્હવારે બપોરે વળી તેમ સ્હાંજે
વળી રાતમાં મધ્યરાતે ય સ્હેજે ।
પરોઢેય ઊઠી તથા એક તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮ ॥
જતાંઆવતાં સ્નાન કે ખાનપાને
વળી ઉઠતાંબેસતાં કામટાણે ।
સદા ઊંઘમાં તેમ સ્વપ્નેય મસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯ ॥
ત્યજી પાપનું મૂળ આલસ્ય ભાઇ
વળી રાજીસી કર્મ જે જન્મદાયી ।
ગ્રહે એકભક્તિથી તે દત્તપાદ
સ્મરી લે પ્રતિશ્વાસ દે ચિત્ત દત્ત ॥ ૧૦ ॥
રહે ભૂમિમાં વિત્ત અશ્વાદિ ગોષ્ઠે[2]
ફરે મિત્ર માર્ગે સ્મશાને સગાં તે ।

---

૧. જુદાજુદા અનેક ૨. કોઢમાં

તનુ દેવતામાં દુવારે[1] કલત્ર[2]
જતાં શ્વાસ કોઇ ન આવે પરત્ર[3] ॥ ૧૧ ॥
દઇ વાદ સોંપી બધા વેદિયાને
વળી ભાંડને નાટકો-ચેટકોને ।
ભલે નાચતા ને રમે નાદસક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૨ ॥
મળે તે ખઇ મિષ્ટ કે હો કદન્ન
રહેવું પડી વાડમ્હેલે અસન્ન[4] ।
ભલે ચીંથરાં રેશમી વસ્ત્ર સૂત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૩ ॥
બધું મંત્રતંત્રાદિ યંત્રાદિ જે જે
તજી તીર્થયાત્રાદિ રે' જે સહેજે ।
વળી પાઠપૂજાદિ ટીલાંય કષ્ટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૪ ॥
અરે આયુ ટૂંકું કરે કાળ હાસ્ય
હણે કેસરી જેમ મેંઢો મનુષ્ય ।
જુવાની નદીપૂર પેરે ક્ષણસ્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૫ ॥
થતું જોતજોતાં અહા નષ્ટ દ્રવ્ય
ખરે પદ્મપત્રાંબુ[5] શું કીર્તિ ભવ્ય ।
નચાવે જનો નાચવું તેમ વ્યર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૬ ॥

---

૧. બારણે ૨. સ્ત્રી ૩. પરલોકે ૪. ખેદ વગર ૫. કમળપત્ર પર રહેલું જળ

બધે માન દે ખૂબ શ્રીમંત દેખી
ન નાંખે જ દષ્ટિ દરિદ્રી વિલોકી[1] ।
ગણે સ્વાર્થ પ્રેષ્ઠ[2] કરે કો પરાર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૭ ॥

અરે દેહ નીરોગી ને સ્વસ્થ જ્યાં આ
પડી દષ્ટિ ના કૂડી જ્યાં કાળની હા ।
હજુ કાળ છે જાગ મૂકી પ્રમાદ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૮ ॥

પડ્યો ઘોર ઊંઘે તું આ દેહગેહે
મહીં સર્વ દ્વારે જ જો ચોર પેહે[3] ।
હરે જુલ્મજોરે ધસી આત્મવિત્ત
ત્યજી ઊંઘ આ જીવ તું શીઘ્ર ઊઠ ॥ ૧૯ ॥

ગયા કેટલા કેટલા અર્ધવાટે
વળી કેટલા જાય જો દેખ હાટે ।
પડ્યો ઊંઘમાં શેં સુખે મૂઢ હન્ત[4]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૦ ॥

વદે સંયમે ષંઢ કામી જ ભોગે
મહામૂર્ખ દાને ન દે ક્ષુદ્ર[5] લાગે ।
કરે ભક્તિ અંધો ન નાસ્તિક તાત
જુએ દોષ દુષ્ટો બધે આમ હન્ત ॥ ૨૧ ॥

---

૧. દેખી ૨. અતિ વહાલો ૩. પેસે ૪. અરેરે ૫. કંજુસ

અનિવાર્ય માટે સહે લોકજલ્પ
કદીયે ન આંહી ત્યજે ધર્મ અલ્પ ।
ગ્રહે નિત્ય સત્‌નામ પીયૂષ[1] ચંગ
ત્યજે દુર્જનોનો અકારો જ સંગ ॥ ૨૨ ॥
અહા દત્ત માતા પિતા દત્ત એક
ખરે દત્ત સ્વામી સખા દત્ત દેખ ।
ત્યજી એહને કયાં જુએ અન્ય તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૩ ॥
જવાનું ઘણું દૂર તારે સુદૂર
રહે ના પડી માર્ગમાં દેખી ધૂળ ।
મળ્યા સર્વ આ ચોરડાકૂ જ આંહી
હરી સર્વ જો દે તને છેહ ભાઇ ॥ ૨૪ ॥
મળ્યો જન્મ મોંઘો તને માનવી આ
વૃથા કોડીમૂલે તું એ વેડફે હા ।
વિના પુણ્ય કોટિ ન એ લભ્ય અંધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૫ ॥
મળે દ્રવ્ય ભૂયિષ્ઠ[2] યાવત્[3] તને જો
પૂછે ભાવ આપ્તાદિ[4] તાવત્[5] બધાં જો ।
જતાં એહ સામુંય ભાળે ન હન્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૬ ॥
હસંતો વિલોકી હસે સર્વ લોક
ન દુ:ખાશ્રુ કોઇ જ લૂછે વિલોક ।

---

૧. અમૃત ૨. અઢળક ૩. જ્યાં સુધી ૪. સગાં વગેરે ૫. ત્યાં સુધી

મરે કેમ મેં મેં[1] કરી મેષ વ્યર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૭ ॥
ક્ષુધાવ્યાધિ માટે દવા ભિક્ષ્ય આપી
તથા વસ્ત્ર શીતાદિદુ:ખાર્થ કાફી[2] ।
કરે અન્યસ્વેચ્છા[3] તું તોયે કિમર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૮ ॥
અરે કાષ્ઠ અગ્ન્યાદિ દે જે મૃતોને
ન અન્નાદિ એ શું તને જીવતાને ।
જઇ ઝાલ શ્રદ્ધાથી તત્પાદ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૯ ॥
કરું હું કરું હું જ મોહાભિમાન
વૃથા એ તિહારો વહે યાનશ્વાન[4] ।
વિના ત્રીશ[5] બ્રહ્માંડમાં કો સમર્થ ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૦ ॥
ડરી એ થકી સૂર્ય દોડે પ્રભાતે
પ્રકાશે નભે ઇન્દુએ સ્વચ્છ રાતે ।
પડે નાખતાં ઊંચી નીચે જ વસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૧ ॥
નમી મોકલે ઇન્દ્ર વર્ષા સુકાળે
ક્ષણે શુષ્ક ભૂમિ હરી[6] થાય ફાલે ।

---

૧. મેં, મારું ૨. પૂરતુ. ૩. (i) અન્નવસ્ત્ર વગર બીજા દ્રવ્યની (ii) બીજાના ધનની ૪. ગાડા નીચેનું કૂતરું ૫. ત્રણે લોકનો નાથ દત્ત ૬. લીલી

પચે અન્ન ખાધેલ પેટે સુરીત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૨ ॥
સદા બ્રહ્મચર્યાદિ સત્ શૌચ પોષ
વળી ક્ષાન્તિ[૧] શ્રદ્ધાદિ સદ્‌ગુણ તોષ[૨] ।
કરી દૂર દુર્ગુણ જે જે વિરુદ્ધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૩ ॥
ત્યજે સંગ સારોય[૩] જે દુ:ખમૂળ
ન તો સંતસંગે જ રે' સર્વ કાળ ।
ત્યજી અન્ય સ્ત્રીની વૃથા વાત નિન્દ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૪ ॥
ત્યજી કામના દે બધી જન્મમૂળ
ન તો ત્રીશપ્રાપ્ત્યર્થ એ પોષ બાળ ।
દવા દત્ત છે દુ:ખની સર્વ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૫ ॥
ત્યજે ક્રોધ જો સર્વથા પાપમૂળ
કરે કોપ કોપે જ ના તો કરાળ ।
ત્યજી દેખવા અન્ય દોષો જ વ્યર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૫ ॥
વૃથા નાક પીડ્યું કરી પ્રાણરોધ
તપી દેહ ધૂણે ગયો તો ન ક્રોધ ।
રહ્યો વૃક્ષપે વ્યર્થ ટિંગાઇ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૬ ॥

---

૧. ક્ષમા ૨. સંતોષ ૩. બધો

જહાં ને તિહાં માર્ગમાં ડુંગરાઓ
પડ્યા વિઘ્નના જો ન રે' ધૈર્ય ધાઓ ।
ગ્રહી વજ્ર શું આશરો દત્તપાદ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૮ ॥
છવાઇ બધે રાત ઘોરાન્ધકારે
ભમે ભૂત જ્યાં ત્યાં જ જો અંતરાળે ।
ડરાવે કરી નૃત્ય હા ભીમ[૧] હન્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૯ ॥
અરે વાદળે વ્યોમ[૨] વ્યાપ્યું પણે આ
ફરે ગર્જના જો કરી મેઘ કેવા ।
કડાકે તડિત્[૩] કંપતા અદ્રિપ્રસ્થ[૪]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૦ ॥
ભસે કૂતરાં આ યથા બીક લાગે
પડી પાદમાં કાટતાં ગૂઢ વેગે ।
ત્યજી દૂરથી ચાલ એ સાવચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૧ ॥
કરે બાગમાં કોકિલા જો ટહુકો
રટે નામ રેવાય શ્રીદત્તનું કો ।
પડ્યો કેમ તું કુંભવત્[૫] લંબ હન્ત ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૨ ॥
કરી મોર કેકા સ્તવે ત્રીશ નેકે[૬]
ધરી પીછુડાં શું ન વા એ જ નાંખે ?

---

૧. બિહામણું ૨. આકાશ ૩. વીજળી ૪. પર્વતનાં શિખર ૫. કુંભકર્ણ જેવો ૬. નેકીથી

પડયો ધિક્ પથારી મહીં તું જ સુસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૩ ॥
તને હોય ઇચ્છા જ વેપારની રે
ભલે નામવેપાર તું ખેડ ભારે ।
નહીં હાનિ ના વા કદી અલ્પ કષ્ટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૪ ॥
કદી હોય ખેતીતણી જો મહેચ્છા
કરે સદ્‌ગુણોની જ એ જેમ ઇચ્છા ।
નહીં ભીતિ વર્ષા-અવર્ષાની તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૫ ॥
વળી ચાકરીનો કદી ભાવ હૈયે
કરે સંતસેવા જ નિર્માન ધ્યેયે ।
ન ભો દંડનો ના મળે ચંદ્ર[૧] અર્ધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૬ ॥
રહે યોગઇચ્છા કરે ત્રીશયોગ
ચહે ભોગ તો ભોગવે સ્વાત્મભોગ ।
મળે તૃપ્તિ જ્યાં પૂર્ણ જે નિત્ય સ્વાસ[૨]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૭ ॥
ખરે કાય આ મોહહેતુ સદા રે
ન રે' હાથમાં દે દગો અંતકાળે ।
છતાં એમ અર્પે ન પોતે થઇ કાં
પડે દાસભાવે હરિના જ મૂર્ખા ॥ ૪૮ ॥

---

૧. ખડતુસ ૨. પોતાને આધીન

જવા લેઇ આવે યદા[1] મૃત્યુદૂત
કરી બદ્ધ પાશે તને મૂઢ હન્ત ।
કરે કોણ રક્ષા તદા[2] એથી ચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૯ ॥
અરે નેત્ર વાગાદિ[3] જેણે જ દીધાં
કરે શોધ શું કો દિ તે દેવની હા ।
બધો જીવનાધાર એ સૃષ્ટિતાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૦ ॥
યથા પાળતાં ભૂપ રીઝે જ સ્વાજ્ઞા
તથા પાળતાં દેવ વેદાદિ-આજ્ઞા ।
વહે ચિન્ત જો શેઠ સેવ્યે અનન્ય
ત્યજે દાસને ના કદીયે વદાન્ય[4] ॥ ૫૧ ॥
કલિતાર શ્રીદત્ત એ ધીશ એક
ત્યજી અન્ય તત્પાદ જા ઝાલ નેક ।
ધરી માળ શૂલાદિ જે ભક્ત પાળે
થઇ બદ્ધ પ્રેમે ન દોષો નિહાળે ॥ ૫૨ ॥
બડો માર્ગ આ ભીમ વૈષમ્યપૂર્ણ[5]
ધસે હિંસકો કંટકે પાદ ચૂર્ણ ।
જજે ધૈર્યથી દત્તદીવે જ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૩ ॥
થશે કાલ શું કોણ જાણે અહીં રે
ગ્રસ્યા જ્યાં બધા જીવ સર્વત્ર કાળે ।

---

૧. જ્યારે ૨. ત્યારે ૩. વાણી વગેરે ૪. ઉદારચિત્ત ૫. ખાડાટેકરાવાળો

કરી લે બધું જેહ કર્તવ્ય તૂર્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૪ ॥
ભર્યાં જો જહાંત્યાં નવાં સ્વર્ણહાટો
ચળે દૃષ્ટિ જો લોક મૂકે જ દોટો ।
ગ્રહી બાળ સોની કરે બદ્ધ ચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૫ ॥
વળી દેખ જ્યાં ત્યાં ભર્યાં લક્ષુગેહો
ગળ્યા લાડુ ખેંચે જ કેવા અહોહો ।
નીચોવી રસે મોહી જો અજ્ઞ[૧] હન્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૬ ॥
વહે વાસનાપૂર જો ના તરાયે
મહીં કાયહોડી તહારી તણાએ ।
વરે દત્ત યોગી સુકાની સખા જો
લઇ જાય ના પાર કોઇ જ બીજો ॥ ૫૭ ॥
હરે દુઃખ કો અન્ય કે ભૂ મહીં રે
બની નમ્ર જા દત્ત કારુણ્યપારે[૨] ।
ડગે જો ન શ્રદ્ધા વદું સારયુક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૮ ॥
કરે કોપ મા તો કરે તાત રક્ષા
પિતા કોપતાં રક્ષણે માત દક્ષા ।
ન કોઇ ત્રિલોકે થતાં દત્ત ક્રુદ્ધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૯ ॥

---

૧. અજ્ઞાની ૨. દયાસાગર

મળે સર્વ ખાવા ભર્યું ગેહ જ્યારે
થતાં નષ્ટ ઐશ્વર્ય સર્વે વિસારે ।
ભર્યા સ્વાર્થસંબંધ હે મૂઢ ચેત
સ્મરી લે પ્રતિશ્વાસ દત્ત ચિત્ત ॥ ૬૦ ॥
અહા દેખ ગાયોય દોડે પ્રહૃષ્ટ[1]
ભર્યું ઘાસ જ્યાં ખાસ ત્યાં વેઠી કષ્ટ ।
થતાં શુષ્ક ભૂલે ન ખોલોય[2] જાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૧ ॥
કરે દોષનો નાશ ને કામપૂર્તિ
વળી રંકનો યાગ ને પંગુયષ્ટિ[3] ।
વળે પુણ્ય ને થાય પાપ પ્રણષ્ટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૨ ॥
છતાં શક્તિ ને શક્તિનાશેય દત્ત
અને ભૂતિમાં[4] ભૂતિનાશેય દત્ત ।
સદા બાલ્ય કે વૃદ્ધભાવેય દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૩ ॥
વળી [5]યાન કે પાદયાનેય દત્ત
તથા દત્ત ગામે સ્મશાનેય દત્ત ।
ઘરે કોઢ કે મંદિરે દત્ત દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૪ ॥
જતાં લગ્ન કે સૂતકે દત્ત દત્ત
વળી ખેતરે તીર્થમાંહેય દત્ત ।

---

૧. અતિ આનંદે ૨. ગધેડો પણ ૩. પાંગળીની લાકડી ૪. સારી પરિસ્થિતિમાં ૫. વાહન.

સદા દત્ત કાળે અકાળેય દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૫ ॥
જને દત્ત દત્ત અરણ્યેય દત્ત
કચેરી મહીં કેદખાનેય દત્ત ।
વળી કાશી કે ઢેડવાડેય દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૬ ॥
નકી એક છે જીવ એ જીવનોનો
વળી મૃત્યુનો મૃત્યુ એ એક દાનો ।
તથા ભીતિની ભીતિ એ એક દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૭ ॥
અરે હેતુનો હેતુ[1] એ દત્ત એક
તથા નાશકોનોય એ નાશ છેક ।
વળી તારકોનોય એ તાર દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૮ ॥
દવાની દવા ગૂઢ એ દત્ત એક
અને દૃષ્ટિ દે અંજનોનેય દેખ ।
સુધાની સુધા[2] એ જ નિ:શંક દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૯ ॥
અહા રાજવીનો વળી રાજ દત્ત
અને ઈશનો ઈશ ઐશ્વર્યયુક્ત ।
તથા દેશિકોનોય[3] આચાર્ય મુક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૦ ॥

---

૧. કારણ ૨. અમૃત ૩. ગુરુઓનો

વળી વિપ્રનો વિપ્ર એ એક દત્ત
અને ક્ષત્રિયોનોય એ ક્ષત્ર મસ્ત ।
અહા વૈશ્યનો વૈશ્ય [1]કાર્પણ્યમુક્ત
તથા અંત્યજોનોય એ અંત્ય યુક્ત ॥ ૭૧ ॥
નકી પાલકોનેય એ દત્ત પાળે
વળી પોષકોનેય પોષે જ કાળે ।
તથા મોક્ષ મોક્ષાર્થીને એ જ દેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૨ ॥
અહા જ્યોતિની જ્યોતિ એ દત્ત એક
અને વેદનો વેદ એ આદ્ય દેખ ।
કવિનો કવિ એજ આલંબ[2] ફક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૩ ॥
જગે ભાસકોનોય છે દત્ત ભાસ[3]
અને દે ગતિ ચાલકોનેય ખાસ ।
કરે પાવનોનેય એ એક પૂત[4]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૪ ॥
સ્તવે દેવ સર્વેય એ દત્તને રે
વળી વર્ણવે વેદ સર્વેય જો રે ।
લઇ ભેદ સર્વેય જાતા પડે તત્
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૫ ॥
તર્યો દેખ વાલ્મીકિ નામે જ મૂળે
અજામેળ નામે જ એ અંતકાળે ।

---

૧. કંજુસાઇ ૨. આશ્રય ૩. પ્રકાશ ૪. પવિત્ર

તરી પિંગલા પણ્યસ્ત્રી[1] નામ લેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૬ ॥
નકી દત્ત આત્મા અહીં કાય કાશી
વહે વામ[2] ગંગાર્કજા[3] દક્ષવાસી ।
મળે બ્રહ્મજા[4] મધ્ય સ્નાને પ્રયાગે[5]
તરે બ્રહ્મ ધ્યાતાં ગુહા[6] માંહ્ય આગે ॥ ૭૭ ॥
વળી દેહ સહ્યાદ્રિ માહૂર હદ ત્યાં
તથા જ્ઞાન અત્રિ સતી[7] એકનિષ્ઠા ।
નકી સ્વચ્છ વિજ્ઞાન[8] તે ધામ દત્ત
તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત ॥ ૭૮ ॥
અહા દત્ત એ નામ [9]સત્તાર ગા રે
વળી સ્વાન્તમાં સ્વચ્છ તદ્ધામ ધ્યા રે ।
વહે કાળ પાસે જ તદ્ભક્તની રે
સદા કાનથી દત્તલીલા જ પી રે ॥ ૭૯ ॥
થયું ભ્રષ્ટ જ્ઞાને અને કર્મ નષ્ટ
વળી પંગુ ભક્તિ અને યોગ ગુપ્ત ।
થયા શિષ્ય લોભી ગુરુ સ્વાર્થસાધુ
કલિ માંહ્ય દત્તૈક છે નામ સીધું ॥ ૮૦ ॥
બધા યજ્ઞમાં નામ મારી જ સત્તા
વદે નામની એમ ગીતા મહત્તા ।
ત્યજી દે બધું અન્ય નિઃસાર તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૧ ॥

---

૧. ગુણકા ૨. ડાબી ૩. અર્કજા-યમુના ૪. સરસ્વતી ૫. ભ્રૂમધ્યે
૬. બ્રહ્મરંધ્ર ૭. અનસૂયા ૮. સ્વરૂપાનુભવ ૯. સંતોને તારનાર

વળી દાન દે દીનનારાયણોને
અને ભક્તપાદાંબુજે શીર્ષ વે' ને ।
સદા સંતવૃંદે 'હરે દત્ત' ગાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે દત્ત ચિત્ત ॥ ૮૨ ॥
દિસે જ્યાંતિહાં નિર્મળું સંતવૃંદ
અહા ગર્જતું હર્ષથી દત્ત દત્ત ।
પળે પાપ એ ગર્જના ગર્જનાએ
વરે મુક્તિશ્રી આવી જો આપ મેળે ॥ ૮૩ ॥
વળી જ્યાંતિહાં દ્રવ્યસ્ત્રીના જ દાસ
લડે કાંચનસ્ત્રીવિવાદે જ ખાસ ।
વધે વાદવાદે જ એ વેરઝાળ
બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ ॥ ૮૪ ॥
થઇ આંધળો જેહ જે જે જ માગે
મળે તેહને તેહ શંકા ન આગે ।
લભે ભક્તિ ભક્તો અને કામ કામી
લહી સૌખ્ય અજ્ઞાનથી દુઃખગામી ॥ ૮૫ ॥
ત્યજી દત્ત બીજે ન જા ભાઇ તું રે
નહીં સૌખ્યનો અંશ બીજે કહીં રે ।
ત્યજી નીર કાં દોડતો દેખી રેત ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૬ ॥
ત્યજી કાગડો સ્વચ્છ જો માનવારિ[1]
જઇ ખાડમાં ભૂ પીએ પાપચારી ।

---

૧. માનસ સરોવરનું પાણી

ત્યજી સ્વાત્મસૌખ્ય તથા મૂઢ જો આ
પડે ખાડમાં સ્ત્રીધનાદિ તણા હા ॥ ૮૭ ॥
ત્યજી વિત્તવિદ્યાદિનો ગર્વ શીઘ્ર
જઇ સત્પદે માથું ઝૂકાવ નમ્ર ।
કથી પાપ આશી[1] કરી પ્રાસ એમ
થઇ તસ ચિત્તે ગ્રહે દત્તનામ ॥ ૮૮ ॥
થયા મૂક વેદો વદે નેતિ નેતિ
ધરે તત્પદે દેવ સર્વેજ પ્રીતિ ।
વળી શેષ થાકયો કહાં તારી વાત ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૯ ॥
અરે દત્ત માંગલ્યનો મેરુ જાણ
અને એજ છે એક સૌન્દર્યખાણ ।
ન દાતા અહીં એ સમો કોઇ શ્રેષ્ઠ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૦ ॥
રહ્યો આદિમાં દત્ત મધ્યેય દત્ત
હશે અંતમાં સર્વદા દત્ત દત્ત ।
બધું એ વિના અન્ય હા નાશવંત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૧ ॥
સ્તવે દત્તને દેખ વિદ્યાધરાદિ
રટે દત્તને એક ગંધર્વ-આદિ ।
નમે એક એને જ નાગાદિ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૨ ॥

---

૧. આશિષ

નકી શ્રેષ્ઠ દત્ત કનિષ્ઠેય દત્ત
વળી ભિક્ષુ દત્ત મજુરેય દત્ત ।
અહા બાળ દત્ત નરસ્ત્રીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૩ ॥
અરે દત્ત [1]દંડી અદંડીય દત્ત
અને દત્ત મુંડી જટી તેમ દત્ત ।
નકી દત્ત જ્ઞાની તથા મૂર્ખ દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૪ ॥
વળી દત્ત ક્રોધી અને શાન્ત દત્ત
તથા પુણ્યશાળી અને પાપી દત્ત ।
અહા ચોર એ દત્ત દાનીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૫ ॥
અરે દત્ત રોગી અરોગીય દત્ત
વળી દત્ત ભોગી અભોગીય દત્ત ।
નકી સંગ્રહી દત્ત ત્યાગીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૬ ॥
વળી દત્ત રાગી અરાગીય દત્ત
અને દત્ત સંગી અસંગીય દત્ત ।
અહા દત્ત વર્ણી અવર્ણીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૭ ॥
અરે દત્ત રાજા ભિખારીય દત્ત
વળી દત્ત સ્વામી[2] ગુલામેય દત્ત ।

---

૧. સંન્યાસી, સાધુ ૨. શેઠ, માલિક

અહા દત્ત મૌની વંદતોય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૮ ॥
અરે મોહનિંદ્રા ત્યજી જીવ ઊઠ
સ્તવે સ્વાત્મસૂર્ય મહાદેવ દત્ત ।
ત્યજી સર્વ જો સેવ એ યોગિવર્ય
ગ્રહે શીઘ્ર માયેશ[1] ભેદીજ માય ॥ ૯૯ ॥
નકી દેવ દત્ત મનુષ્યેય દત્ત
ખરે નીચ પ્રાણી અને કીટ[2] દત્ત ।
વળી સ્થાવરે જંગમે દત્ત દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૧૦૦ ॥
કરે બદ્ધ માયા અમાયી જ દત્ત
અને જન્મદાતા અજન્મા જ દત્ત ।
કરે ના કરે સર્વ જીવેશ તાત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૧૦૧ ॥
ગયો કાળ તે ના ફરીથી જ આવે
ઘટે આયુ જો કાળ પાસે સિધાવે ।
ગળે હાંસડી કાં ભમે અંધ વ્યર્થ ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૦૨ ॥
બધાં જ્ઞાન ભકિત અને કર્મ યોગ
મળે દત્તધામે જ અંતે અમોઘ[3] ।
બધી ડાળીઓ આ મળે દત્તસ્કંધે[4]
સ્મરી લે અહીં નામ તું મૂળ ખાંતે ॥ ૧૦૩ ॥

---

૧. માયાનો ધણી, પરમેશ્વર ૨. કીડો ૩. અચૂક ૪. દત્તરૂપી થડમાં

તગે સ્કંધશાખા થતાં મૂળ સિક્ત[1]
અને જાંબુ હે તાપમાં દેખ સ્નિગ્ધ ।
ફળી છુંદ મા કૂદી હે મૂઢ ડાળે
રહે મૂળ સિંચન્ત યાવત્ ફળે એ ॥ ૧૦૪ ॥
કરો દીનનો દેવ એ સર્વરક્ષા
અને મુક્તિ દો ભુક્તિમુક્ત્યર્થ દક્ષા ।
લભો સૌખ્ય સર્વેય અત્યંત અત્ર
રહો દુ:ખ કે ભીતિ ના અલ્પ કુત્ર ॥ ૧૦૫ ॥
અરે ધન્ય તે જાય જે દત્ત પાસ
ખરે ધન્ય તે જે ભજે દત્ત ખાસ ।
અહા ધન્ય તે જે સ્તવે દત્ત દીન[2]
નકી ધન્ય તે થાય જે દત્તલીન ॥ ૧૦૬ ॥
જુઓ પ્રાણીમાત્રે તમે નેત્ર દત્ત
સુણો કાન સર્વત્ર શ્રીદત્તશબ્દ ।
સદા દત્તકીર્તિ જ ગા બેન જીહ્વે
જજો બંધુ હે પાદ શ્રીમત્પદે એ ॥ ૧૦૭ ॥
અહો મૂઢ આ રંગ-માયાવિબદ્ધ
થતાં રંગનિર્મુક્ત શ્રીદત્તસક્ત ।
થયો રાગદ્વેષાદિ પૂર્ણે જ રંગે
ત્યજી **રંગ** એ લીન શ્રીદત્તરંગે ॥ ૧૦૮ ॥

---

૧. સિંચાતાં ૨. દીન થઇ

## ૨૬૫ જ્ઞાનકાંડના આરંભે

(ઓંવી)

મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ ॥ ન થઈ, તિહાં અહં સ્ફૂરણ ॥
એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ ॥ તદધ્યક્ષ શ્રી દત્ત ॥ ૧ ॥
પ્રાચીન તત્ત્વ આ તો અતિ ॥ માને નૂતન અલ્પ મતિ ॥
ચર્ચા માંહે આયુષ્યક્ષતિ ॥ કરે અતિ અજ્ઞાને ॥ ૨ ॥
રે ના **મો** અનેક એક નામી ॥ રામકૃષ્ણ જે અનામી ॥
તે જ દત્ત સ્મર્તૃગામી ॥ આપ્યું જેણે આ બધું ॥ ૩ ॥
જેને ભજન સાથે કામ ॥ તેને ચર્ચા છે હરામ ॥
બીજા જે કો ચર્ચાકામ ॥ લડવા દે તેમને ॥ ૪ ॥
ચાલે **ગ**તિ ન ત્યાં તર્કોની ॥ અગમ્ય લીલા એ પ્રભુની ॥
થાકયા વર્ણવી સંતો ઝીણી ॥ ગાઇ વીણી અલ્પ ત્યાં ॥ ૫ ॥
સુખે **વ**થો સંતોચ્છિષ્ટ ॥ સેવે સભાગી જે કો શિષ્ટ ॥
નિંદે ભલે ગ્રહ દુષ્ટ ॥ માનું કષ્ટ ન કદા ॥ ૬ ॥
ગુરુ **તે** જ ઇશ્વર ॥ દત્ત ત્રિમૂર્તિ નિર્ધાર ॥
તલ્લીલાનો વિસ્તાર ॥ કલિતાર જાણ આ ॥ ૭ ॥
એકંદર ગ્રંથ સંખ્યા ॥ ઉન વિંશતિ સહસ્ર લખ્યા ॥
દોહા ત્રણ કડિ ભાગ્યા ॥ જ્ઞાન કર્મ ઉપાસના ॥ ૮ ॥
યત્સ**ત્તા**થી વર્તે દેહ ॥ તત્સેવામાં અર્પી એહ ॥
મન બુદ્ધિ ઇંદ્રિય સહ ॥ કર્યું સ્તવન તેહનું ॥ ૯ ॥
'પદં **ત્રે**ધા નિદધે' ॥ એમ વર્ણવ્યો વેદે ॥
તે જ એક ત્રિધાભેદે ॥ ગાયો સંદેહ મૂકી ॥ ૧૦ ॥
જેની **યા**દશ ભાવના ॥ ફળ તાદશ તેને શાણા ॥
અકર્મીના પડિયા કાણા ॥ શબ્દ ઘણા શું કરે ॥ ૧૧ ॥

ગંગા યમુના વાચ્ય ભેદે ॥ લીલા વિધવિધ લક્ષ્યાભેદે ॥
રામકૃષ્ણ દત્તા ભેદે ॥ ભેદ લીલામાં તથા ॥ ૧૨ ॥
તત્સત્ ૐ માટે તપસી ॥ રહ્યો અવધૂત બધે હસી ॥
વૃથા લેખિની વૃથા મસી ॥ જો પેસી અંતરે ॥ ૧૩ ॥

## ૨૬૬. કર્મકાંડ આરંભે

(ઓવી)

જે જે દિસે તે તે દત્ત ॥ સ્વરૂપ જાણ નિશ્ચિત ॥
બહાર અંદર પ્રતીત ॥ થાતાં ભીતિ ક્યાં રહે ॥ ૧ ॥
રેવા ગંગા ગોદાવરી ॥ તત્વરૂપે નિર્મલ વારિ ॥
નામરૂપ ખોખાં ખાલી ॥ બાળી નાંખી જો મહીં ॥ ૨ ॥
રૂપ બહુ નામ બહુ ॥ નામ ભેદે લીલા બહુ ॥
વિધ વિધ વર્ણવી સહુ ॥ બહુ વિધ ગ્રંથોમાં ॥ ૩ ॥
જે નિરાકાર તે સાકાર ॥ દત્ત રૂપે અવતાર ॥
ધરી કરે લીલા અપાર ॥ જે તે પૂર્વે વર્ણવી ॥ ૪ ॥
આવ્યા દિન બહુ કઠણ ॥ થાતાં વ્યાસ કલિ જાણ ॥
જાણી એહ સચ્ચિદ્‌ઘન ॥ પુનઃ ધરે અવતાર ॥ ૫ ॥
એ દિગંબર શ્રીદત્ત ॥ શ્રીપાદ રૂપે પ્રગટ ॥
થયા વિપ્ર સ્ત્રીના સુત ॥ વળી યતીશ નૃસિંહ ॥ ૬ ॥
કરી બહુ લીલા તહીં ॥ મહારાષ્ટ્ર કર્ણાટક મહીં ॥
સારભૂત વર્ણવી અહીં ॥ કથી બધી કો શકે ॥ ૭ ॥
આપ્યું રાજ ધોબીડાને ॥ શું ન દે તે ભક્તોને ॥
ગાતાં લીલા એકાગ્ર મને ॥ ભવતરણે વાર શી ॥ ૮ ॥
પામે શ્રીમતિ કીર્તિ ॥ વિદ્યા આયુષ્ય સંતતિ ॥
અંતે કૈવલ્ય પદપ્રાપ્તિ ॥ જીવન્મુક્તિ જીવતાં ॥ ૯ ॥

સિદ્ધિ **પા**દ દાસી તેની ॥ જેણે ઓળખ્યો એ ધણી ॥
શ્રીપાદ ચિંતામણી ॥ કલિતાર ન બીજો ॥ ૧૦ ॥
જે સ્વા**દ** લીલામૃતનો ॥ કોણ બાપડો ત્યાં સુધાનો ॥
સુધા સ્વર્ગે, આ ખજાનો ॥ મર્ત્ય લોકનો મોંઘો રે ॥ ૧૧ ॥
જેમ **વ**લ્લ કીથી નાદ ॥ થાય સુખે હસ્તગત ॥
સાકારે નિરાકારે તત ॥ સ્વાન્તે ભક્ત અનુભવે ॥ ૧૨ ॥
એ વ**લ્લા**ભ અંતર્યામી ॥ બ્હાર સદ્ગુરુ રૂપે સ્વામી ॥
ખડો સંનિધ સ્મર્તૃગામી ॥ આત્મારામી દેખ રે ॥ ૧૩ ॥
એને **ભ**રોસે છોડી કાજ ॥ જીવતાં કરી લે રાજ ॥
લોક-કુલ-શાસ્ત્રલાજ ॥ છોડી જગે નાચ રે ॥ ૧૪ ॥
રાત **દિ**ન એજ સ્મરણ ॥ થાતાં અન્ય વિસ્મરણ ॥
દેહ ગેહ જગ સંપૂર્ણ ॥ નંદનવન ભાસશે ॥ ૧૫ ॥
રે' શે **ગં**તવ્ય ના પછી ॥ જ્યાં અખંડ ધૂન મચી ॥
આપે આપ જોઇ રાચી ॥ વૃત્તિ ન પાછી ભંગે ॥ ૧૬ ॥
દિગં**બ**ર એક વેષ્ટિ ॥ રે' તાં બધે આનંદ દષ્ટિ ॥
ચિંતા ચેષ્ટા મિથ્યા સૃષ્ટિ ॥ તરંગ ગતિ અર્ણવે ॥ ૧૭ ॥
રંગ **રા**ગ બધા શમે ॥ જોઇ સ્વાત્મસ્વાત્મે રમે ॥
દેવ ભકત લીલા ક્રમે ॥ આક્રમે અગમ્ય ॥ ૧૮ ॥

## ૨૭૭. ઉપાસનાકાંડ આરંભે

(ઓવી)

સર્વ **વા** સુદેવ ઇતિ ॥ થઇ સર્વત્ર જેની મતિ ॥
જન્મમરણ સંસૃતિ ॥ નહિ તેને કલ્પે યે ॥ ૧ ॥
એક **સુ**વર્ણ ઘાટ ઘણા ॥ એક ઇશ અવતાર નાના ॥
નામી એક નામો ઘણાં ॥ અન્વર્થક ઘણેરાં ॥ ૨ ॥

જેહ **દે**વે આપ્યું બધું ॥ કહે દત્ત તેને સાધુ ॥
કહ્યું તેને સીધેસીધું ॥ વદે ઊંધું અલ્પધી ॥ ૩ ॥
જે દે**વ** પ્રકાશી સઘળે ॥ રહ્યો વસી જળે થળે ॥
વાસુદેવ જાણે એ રે ॥ અવતાર દત્તનો ॥ ૪ ॥
દૈવી **ગુ**ણે થયો ખ્યાત ॥ માને સાત્ત્વિક જન સમસ્ત ॥
કર્યો આર્યદેશ પુનિત ॥ પદસંચારે સર્વ જો ॥ ૫ ॥
સદ્‌ગુ**રુ** રૂપે સંન્યાસી ॥ અસ્તસંકલ્પ ઉદાસી ॥
સિદ્ધિ સર્વ જેની દાસી ॥ નમું તેને ભાવથી ॥ ૬ ॥
આજ્ઞા **મા**ને જેની દેવો ॥ કોણ તિહાં અલ્પ માનવો ॥
તાર્યા જેણે કંઇક જીવો ॥ પ્રગટ રૂપે બોધથી ॥ ૭ ॥
વળે **ઝે**બ પરસેવાના ॥ જોઇ શરીરે કાળના ॥
એવી અમર નામના ॥ કહે કોની આજ રે ॥ ૮ ॥
પૂર્ણ **આ**નંદ ઘનીભૂત ॥ પરબ્રહ્મ મૂર્તિમંત ॥
પ્રત્યક્ષ જાગતી જ્યોત ॥ યતિશ્રેષ્ઠ જાણ એ ॥ ૯ ॥
મળે **ઇ**હા ન પોતાની ॥ કરવા પૂર્ણ સ્વભક્તોની ॥
થયો અવતીર્ણ એ ધણી ॥ કરુણા એ કેટલી ॥ ૧૦ ॥
જોઇ **મ**ન રીઝે એહ ॥ મા કર તું ત્યાં સંદેહ ॥
કર અર્પણ દેહગેહ ॥ ભજ ભાવે એહને ॥ ૧૧ ॥
નહિ **જ**ન્મમરણ તેને ॥ ગયો શરણ જે કો અને ॥
કહ્યું સ્વાનુભવે મને ॥ માન માને તો તપસી ॥ ૧૨ ॥
જે લી**લા**ઓ અસંખ્ય એણે ॥ કરી વર્ણવે કોણ તેને ॥
કહી વીણી થોડી મ્હણે ॥ જોઇ તેને તે ધન્ય ॥ ૧૩ ॥
નહિ **ઠા**મ કે ઠેકાણું ॥ જગમાં **શે** રાંકડાનું ॥
કરતાં કૃપા એણે અણુ ॥ ઝીણું ઝીણું સ્ફૂર્યું જો ॥ ૧૪ ॥

મોટું વધો ન્હાને મ્હોંડે ॥ ગાઇ લીલા ઘણા કોડે ॥
સૂણી સંતો કૌતુકે ડોલે ॥ ઊડે વૃત્તિ આભમાં ॥ ૧૫ ॥
જે આદ્યા ચૈતન્ય સ્ફૂર્તિ ॥ દત્ત દિગંબર ત્રિમૂર્તિ ॥
અનેકે એક સદ્‌વ્યાપ્તિ ॥ તદ્‌રૂપ એ બને ॥ ૧૬ ॥
જેહ વાચ્ય તેજ વાચક ॥ નામ નામી અખંડ એક ॥
ભેદખેદ નાસે દેખ ॥ એ અભેદ દેખતાં ॥ ૧૭ ॥
પુણ્યપાપ રહે નહિ ॥ કર્માકર્મ નાસે સહી ॥
જીવન્મુક્ત એહ અહીં ॥ મહિમા એનો કો લહે ॥ ૧૮ ॥
તત્પાર્થી કરી વંદન ॥ ભાવે અવધૂત ચિંતન ॥
શ્રીગુરુદેવ દત્ત જાણ ॥ સ્મરી લેખન આટોપું ॥ ૧૯ ॥
તત્સત્ ૐ માટે તપસી ॥ મૌને બોધી રહ્યો વિલસી ॥
જાણતાં એ વૃથા મસી ॥ ઘસું લેખિની કાં ફરી ॥ ૨૦ ॥

## ૨૬૮. હાલરડું ૧

(અજિ અક્રૂર હા નેતો-એ મરાઠી રાહ)

ઝૂલો ઝૂલો રે, દત્ત દિગંબર સ્વામી !
અવધૂત પરાત્પર નામી !- ટેક.
ઝુલાવે અનસૂયા કર્દમતનયા જાયા અત્રિની નિગમાગેયા !!
॥ચાલ॥ ખાણો જે ચાર વિચિત્ર;
પારણું એ જ પવિત્ર;
ચોવીશ દોરડીએ ચિત્ર;
બાંધ્યું સ્તંભે માયાત્મક સ્મૃતિગામી
ડોલે જો, અંતર્જામી !- ઝૂલો૦ ૧

॥ચાલ॥ મન દોરી ખેંચી પ્રેમે;
હીંચકા કર્મના ક્ષેમે;
નાંખે તું સહુને ધીમે;
તે ભક્ત સખા ભક્તિવશ તું જન્મી,
પારણીયે ઝૂલે અકામી !- ઝૂલો૦ ૨
॥ચાલ॥ સંસાર વાસના ચાળા;
વિષ યોના જે તે કાળા;
મમતાનાં મેલાં જાળાં;
મૂકીને એ શ્રુતિગર્ભ ગીત સુખધામી,
સાંભલે ધન્ય ગુરુગામી !- ઝૂલો૦ ૩
॥ચાલ॥ ઉન્મની નિદ્રા સાધી;
પામે એ [1]રંગ પ્રસાદી;
સહુ ટળે ઉપાધિ વ્યાધિ;
ત્રિભુવનમાં ના તેને કશીએ ખામી,
રાખે તું સ્વાત્મારામી !- ઝૂલો૦ ૪

## ૨૬૯ હાલરડું ૨

(બાબા જો જો રે-એ મરાઠી રાહ)

ઝૂલો ઝૂલો રે, અવધૂતા ! શોક મોહ અતીતા !- ટેક.
અદ્‌ભુત પારણું અણુ મેરુ, ઘૂમે ઘેલું ઘેલું;
માયામય સ્તંભે ત્રિરંગી, પંચરંગી સુભંગી;
માંહે નિ:સંગી તન્મયતા, લે ઉન્મની ભગવંતા !- ઝુલો૦ ૧
ખેંચે [2]અદષ્ટ યદ્દષ્ટ, તન્નષ્ટ શ્રુતિ સ્પષ્ટ;
અનાદ્યનંત તું મધ્યસ્થ, નિત્યપૂર્ણ સત્ત્વસ્થ;
લીલા એ તારી વિધવિધતા, એક મૂળમાં સત્તા !- ઝુલો૦ ૨

---

૧. જ્યોતિ:સ્વરૂપ ૨. પ્રારબ્ધ

સચ્ચિત્સુખ મુખડું વિકાસી, વિશ્વરૂપ પ્રકાશી;
જગદાડંબર આ લે ગ્રાસી, નિત્યતૃપ્ત ઉપવાસી !
ગ્રસ્ય ગ્રાસક તુ અનંતા ! ઓઢે નિર્ગુણ કંથા !- ઝુલો૦ ૩
**રંગ** દિગંબર[1] એ નિહાળી, બોલે કાલી કાલી;
માત શ્રુતિ પર એ બોબડી; મૌને મૂર્તિ જડી !
મૂર્તામૂર્ત તું અચ્યુતા ! કર્તા ભર્તા હર્તા !!- ઝુલો૦ ૪

## ૨૭૦ હાલરડું - 3

(સુખ દુ:ખ મનમાં ન આણીએ-એ રાહ)

ઝૂલો રે કુંવર પારણે ! કેમ રડે તું આમ ? - ટેક.
મહા મુસીબતે આ મળ્યું, પુણ્ય નરદેહ ધામ !
લાખ ચોરાસી યોનિ મહીં, કરી ઊંચ નીચ કામ ! - ઝૂલો૦ ૧
દેહ ધ્યાન તપ તીરથો, કર્યાં પુણ્ય ને દાન;
તોએ મન નવ આ ઠર્યું, ભટકે ચોદિશ માન !- ઝૂલો૦ ૨
મોહ્યો રૂપે ને ફૂટી આંખડી, તોએ ચેત્યો ન તેમ;
ચૂંથી વિષય ખર સમ અહીં, પડયો નરકમાં એમ !- ઝૂલો૦ ૩
ભુક્ત ભોગમાં ફરી ફરી, કેમ રમે નિર્લાજ !
વિણ વિરતિ મન ના ઠરે, મારું માન તું આજ - ઝૂલો૦ ૪
શોધ્યા હાટ અનેક તેં, મળી વસ્તુ ન ત્યાંય;
ભૂલી વૃથા ભટકયો અહા ! વેચી અમુલખ કાય !!- ઝૂલો૦ ૫
આવ્યો મારગ પર હવે, થા તું સાવધ તેમ;
છોડી રુદન નિરર્થ આ, નહિ તો ડૂબીશ એમ !- ઝૂલો૦ ૬

---

૧. નિરાવરણ નિત્ય નિરંજન સ્વરૂપ

મોહ ઠગારો છોડ આ, કરી સ્વયં વિચાર;
શોધ મૂળ નિજ અંતરે મૂકી ફાંફાં બહાર !- ઝૂલો૰ ૭
કેમ રડે કહે અરે ! જન્મમરણને એમ ?
એ તો તુજને સ્પર્શે નહિ, નિર્વિકાર તું તેમ !- ઝૂલો૰ ૮
માની દેહ પોતાને રડે ! એ તો તૂત જ છેક;
ન્હોતો મૂળે નહીં થશે, મિથ્યા તેથી એ દેખ !- ઝૂલો૰ ૯
માતપિતાના મેલથી થયો મૂર્ત વચ્ચે જે એમ;
કેમ ચેતે ન મંગલ થકી, સ્વાત્મરૂપ એ તેમ ?- ઝૂલો૰ ૧૦
હાડમાંસનું પૂતળું, માની નિજનું રૂપ;
અહં મમત્વથી કાં મરે, પડે હાથે ભવકૂપ ?- ઝૂલો૰ ૧૧
કોણ માતા કોણ તાત છે ? કોણ સ્ત્રી પરિવાર ?
વણ વિચારે કાં કરે, મારું મારું હે બાળ ?- ઝૂલો૰ ૧૨
હાડમાંસ ને ઉપર ચામડું, અંદર વિષ્ઠા ને મૂત્ર !
હું હું કરી એને વૃથા, થાય દુઃખી કાં પુત્ર - ઝૂલો૰ ૧૩
તામસ દેહ એ તું નહીં, પ્રાણ રજોગુણ તેમ;
ખાએ પીએ ઇન્દ્રિય કરે, કરે પાપપુણ્ય એમ !- ઝૂલો૰ ૧૪
એથી વિલક્ષણ તું નકી, કેવળ નિર્લેપ બાળ;
કર્તૃભોક્તૃત્વ તુજમાં નહીં; તું તો કાળનો કાળ !- ઝૂલો૰ ૧૫
જ્ઞાનેન્દ્રિય મન બુદ્ધિનો, સત્ત્વસાક્ષી તું જાણ;
ચંચલ એ ગતિ વિકૃતિ, જાણ ન્યારો તું માન !- ઝૂલો૰ ૧૬
જ્ઞાનેન્દ્રિયોમાં રહી કરે, કરું હું એ અભિમાન;
ચંચલ બુદ્ધિ વધે ઘટે, નહિ સ્વપ્ને તું જાણ !- ઝૂલો૰ ૧૭
પ્રિયમોદપ્રમોદથી ભાસે આનંદાત્મ જેહ,
ભોક્તા દૂર તે તુજ થકી, તું તો પાર નિઃસંદેહ !- ઝૂલો૰ ૧૮

જોઇ સ્વયં સ્વાત્મા રહે, આત્મતૃપ્ત તું તેમ;
જવું આવવું તુજને નહીં, નિત્ય મુક્ત તું એમ !- ઝૂલો૦ ૧૯
ત્રણે દેહ ત્રણે અવસ્થા, સાક્ષી તેનો તું પાર;
અણુ-મેરુમાં વ્યાપી રહ્યો, સત્ય પૂર્ણ નિર્ધાર !- ઝૂલો૦ ૨૦
એમ વિચારી રહે સદા, જોઇ સ્વયં **સ્વરંગ;**
જન્મમરણ તુંને નહીં, તું તો કેવળ નિઃસંગ !- ઝૂલો૦ ૨૧

## ૨૭૧. હાલરડું - ૪

(ગુરુ ઘર આવ્યા-એ રાહ)

રડે કાં બાળ ? તુજને ના સ્પર્શે કાળ !
શુદ્ધ બુદ્ધ તું નિત્ય નિરામય, તુજને સ્પર્શે ના એ [૧]આમય;
કેમ વૃથા રાખે રે તું ભય ? સ્વયં કિરતાર ! - તુજને૦ ૧
કલ્પિત ભૌતિક દેહ નકી આ, ક્ષણભંગુર થવાનો રે આ;
તું તો દેહી પાર દેખ, માયા જાળ !- તુજને૦ ૨
દેહ જવાનો નિશ્ચય જાશે ! નિશ્ચલ તું; તારું શું જાશે ?
ચ્હાશે તે અંતે પસ્તાશે, હાડ ને ખાલ !- તુજને૦ ૩
તું ન્યારો દેહી નિઃસંગ, પડતાં દેહ ન તારો ભંગ;
કેમ રડે તું એને, [૨]ચંગ ? વિશ્વ પ્રતિપાળ ?- તુજને૦ ૪
વિશ્વજનક ! તું કોનો [૩]તોક ? વસે ત્વદુદરે આ સહુ લોક;
કેમ કરે અવિચારે શોક ? અજ્ઞજનતાર !- તુજને૦ ૫
પંચભૂતનું આ ખોખું; જડ અન્નમય સાવજ લૂખું;
તું તો ચેતન એથી નોંખું; અંદર ભાળ !- તુજને૦ ૬
દેહ શોકનું ગેહ જ મોટું; મૂળે એનું નામ જ ન્હોતું;
વધે ઘટે, નિશ્ચય એ ના તું ! ફૂટે કાં ભાલ ?- તુજને૦ ૭

---

૧. રોગ   ૨. હે શુદ્ધ; નિરંજન   ૩. પુત્ર

બ્રહ્મ સચ્ચિદાનંદ સનાતન; દેહાદિક એ જાણ અદ્યતન;
વર્તે બ્રહ્મે પ્રતિકણ અનુક્ષણ; અગ્નિમાં જ્વાળ !- તુજને૦ ૮
સુખદુ:ખાદિક મનવ્યાપારો, જન્મમૃત્યુ એ દેહવિકારો;
તું તો સાક્ષી એથી ન્યારો; [1]સૌખ્યાગાર !- તુજને૦ ૯
દેહ તાહરો; દેહ કેમ તું ? મન ઇન્દ્રિય બુદ્ધિ પણ ના તું;
બ્રહ્મ સચ્ચિદાનંદ એક તું; સર્વાધાર !- તુજને૦ ૧૦
તુજ સત્તાથી વર્તે સઘળાં; ભાસે દોડે છેક નિરાળા;
તુજ સત્તાથી સઘળા ચાળા ! વિશ્વ તુજ નાર !- તુજને૦ ૧૧
ના સ્ત્રી તું ના નપુંસક; અભેદ એક જ તું નિ:શંક;
નામરૂપથી ન્યારો નિષ્પંક; કાળનો કાળ !- તુજને૦ ૧૩
દેહાધ્યાસે મમતા વળગી; સુખદુ:ખોની હોળી સળગી;
ડાકણ તૂત અહંતા વળગી; તેને બાળ !- તુજને૦ ૧૪
અશુદ્ધ ભંગુર દુ:ખાત્મક એ; દેહાદિકના **રંગ** ન તું એ;
શુદ્ધ સચ્ચિદાનંદ સદાએ; પ્રણવ ઑંકાર !- તુજને૦ ૧૫

## ૨૭૨. સરસ્વતીસ્તુતિ

(શાંત હો શ્રી ગુરુદત્ત-એ રાહ)

અયિ માત સરસ્વતી નમીયે, પદપંકજ ભાવે ચૂમીએ.-ધ્રુ૦
વરવર્ણિની વંદન કરીએ, ભવસાગર પાર ઉતરીએ;
શબ્દે શબ્દાતિગ વરીએ, ધ્યાને તુજ મૂર્તિ ભરીએ;
આપી સદ્‌બુદ્ધિ માડી, કર પુષ્પિત આ હૃદ્‌વાડી;
દુર્બુદ્ધિ કચરો કાઢી ! દાડી તુજ નામ સ્મરીએ !! - અયિ૦ ૧

---

૧. સુખનું રહેઠાણ

તવ શરણે રહી કાં ડરીએ ? સ્વાનંદે નિર્ભય ફરીએ;
પામી અક્ષય સુખ રમીએ, દુઃખો સઘળાં વિસરીએ;
હૃદ્ધ્વાંત નિવારી સર્વ, સંહારી દુર્નય ગર્વ;
દેખાડ તૂર્ણે તું શર્વ ! ચરણે તુજ તન્મય થઈએ !!- અચિં૦ ૨

[૧]કવિકુલગુરુ ગાતાં દોડી, સત્વર કાર્યાન્તર છોડી;
બુદ્ધિના બંધો તોડી, કીધો કૃતકૃત્ય રમાડી;
કીધો કાં આજ વિલંબ ? તરછોડ્યો કાં શિશુ અંબ ?
ત્વદ્ વિણ ના અન્યાલંબ ! છોડી તુજને ક્યાં જઈએ !!-અચિં૦ ૩

નિગમાગમ જેના શ્વાસ, બ્રહ્મા હરિ શંકર દાસ;
નાસે યન્નામે ત્રાસ, અનુકૂલ કટાક્ષે ખાસ;
પાડા વેદો ઉચ્ચારે, મૂગે વાચસ્પતિ હારે;
મૂષક [૨]હરિદર્પ નિવારે; ના સંશય એમાં જરીએ ! - અચિં૦ ૪

દોષો અમ સર્વ વિસારી, આગંતુક આધિ ટાળી;
દુઃશંકા મૂળ વિદારી; લે બાળક આ ઉદ્ધારી;
બેસી હંસે ઉમંગે, લે સત્વર મા ઉત્સંગે;[૩]
નાદામૃત પાઈ **રંગે**[૪], કર પાવન; પાયે પાડીએ !!- અચિં૦ ૫

## ૨૭૩

(ઇસ તન ધનકી-એ રાહ)

જય કરુણાકર, દત્ત દિગંબર !
ફક્યો આજે કાં વિશ્વંભર ? - ટેક.

---

૧. વાલ્મીકિ ૨. સિંહનો ગર્વ ૩. ખોળામાં ૪. સંસારરૂપી રંગ ભૂમિમાં

માતપિતા તું રૂઠતાં શિશુ પર,
કોણ બચાવે ત્રિભુવનમાં નર ? - જય૦ ૧
ભવજલતારક ત્વત્પદની[1] વર,
કેમ ડૂબાડે અધવચ કિંકર ? - જય૦ ૨
પાપી હું, અઘહારક સદ્ધર !
તું દાતા હું દીન યતીશ્વર ! - જય૦ ૩
[2]**રંગા**નલમાં બળતો ઉગારી,
તાપ નિવારી ઠાર ગ્રહી કર !! - જય૦ ૪

## ૨૭૪

(બોલ બોલ બોલ પ્રેમ વેણ-એ રાહ)

હાય હાય હાય હાય ! શું હવે કરું !
પતિવિહીન વ્યર્થ જીવન કાં હવે ધરું ?- ટેક.
ભૂપ-તનય ત્યાગી વિનય, [3]અનય આ કરે;
થયા સદય અદય, પ્રલય આવ્યો શું અરે ? - હાય૦ ૧
દોડ પુત્ર આવ અત્ર; કુત્ર તું ગયો ?
નિત્ય નિકટ આજ વિકટ શેં અરે થયો ? - હાય૦ ૨
તું વિના નાથ ન આન; લઇ કૃપાણ[4] આમ,
મારે દુષ્ટ તાત તુષ્ટ, થઇ પ્રહૃષ્ટ, રામ ! - હાય૦ ૩
રામ રામ રામ સ્મરતાં, રામ આવે ના !
લાજ મારી આજ રામ, કાં તું રાખે ના ? - હાય૦ ૪
જાણી દૂર આવ્યા ક્રૂર, ગેહશૂર એમ !
આવ રામ ના આરામ, શૂન્ય ધામ તેમ ! - હાય૦ ૫
જાઉં કંઇ ? **રંગ** અહીં રક્તનો બધે !
જોઇ જાય પ્રાણ તનય, કાં ન તું વદે ? - હાય૦ ૬

---

૧. નૌકા, નાવડી ૨. ભવાગ્નિમાં ૩. અધર્મ ૪. તલવાર

## ૨૭૫

(બોલ બોલ બોલ પ્રેમ વેણ-એ રાહ)

હાય હાય હાય હાય, પુત્ર ક્યાં ગયો ?
ક્ષણ વિલાસ કરીને હાસ, ગુમ ક્યાં થયો ?- ટેક.
નવ માસ સહન ત્રાસ, કીધો હોંશથી;
રાખી આશા તારી ખાસ, દત્તવર થકી ! - હાય૦ ૧
સ્વપ્નરાજ્ય સમ શું પ્રાજ્ય સૌખ્ય એ થશે ?
દેવે કષ્ટ, તેથી રુષ્ટ શું થયો હશે ?- હાય૦ ૨
થયો હૃદયમાં તું સદય ક્રૂર કાં હરે !
તું વિના ન રહેશે પ્રાણ, આણ કંઈ [૧]અરે !- હાય૦ ૩
બોલ પ્રાણ ! ખાનપાન ના ગમે કંઈ;
ખૂટયું પુણ્ય, સર્વ શૂન્ય, તું વિના અહીં !- હાય૦ ૪
પડ્યો રંગ માંહે ભંગ, તું જતાં અહા !
ભાળ પાછું, દીન યાચું, હાય હન્ત હા !!- હાય૦ ૫

## ૨૭૬

(સુખ દુઃખ મનમાં ન આણીએ-એ રાહ)

જય જય સ્વામી સદ્ગુરુ, વંદું વારંવાર;
જગદુદ્ધારે તેં ધર્યું નરરૂપ આ સાર !- ટેક.
કૃપાનિધે કીર્તિ તાહરી, ગાતાં આવે ના પાર;
દયા કરી દોષ વિસરી, બાળ તારું આ તાર ! - જય જય૦ ૧
વિશ્વ વ્યાપીને તું વધ્યો સચ્ચિદાનંદ પૂર્ણ;
જય ત્રિમૂર્તિ નમું તને ! દોડ વ્હારે તું તૂર્ણ !-જય જય૦ ૨
માયા [૨]દુરત્યય તાહરી નકી ત્વદુક્તિ પ્રમાણ;
ઘેરાયો હું એ થકી, શરણ કોઇ ન આન !- જય જય૦ ૩

---

૧. અનુકંપા, દયાની લાગણી ૨. ઓળંગવાને મુશ્કેલ

તારક નામ તારું ભજું; માયા દુર્ગ ભેદાય;
કર કૃપા એવી પ્રભો, લાગું ફરી ફરી પાય !- જય જય૦ ૪
આપ ભક્તિ સુખ તાહરું, તેમ સત્સંગ તદર્થ;
દોડ હવે નૃસિંહસરસ્વતી, જાય જન્મ આ વ્યર્થ !- જય જય૦ ૫

## ૨૭૭. સ્તોત્ર

પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ તું જ શ્રીહરે,
થાઉં 'નેક'[1] ઇચ્છી એમ સર્જ્યું વિશ્વ અંડ હે !
ગુણાત્મકે ગુણે રમાડી સંત, દુષ્ટને દમે,
વંદું હે નૃસિંહસરસ્વતી ત્વત્પદાબ્જ એ !! ૧
કર્મત્યક્ત લોકભ્રષ્ટ [2]તિષ્યમાં વિલોકી તું,
તીર્ણ સૂર્યવત્ થઇ સ્વભક્તધ્વાંત સંહર્યું;
ભગ્નપ્રાય ધર્મસેતુ સ્થાપી સ્થિર તું રમે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૨
સર્વનંદરૂપ શુદ્ધ સત્વમૂર્તિ તું વિભો,
ભીતિગ્રસ્ત લોક ત્રસ્તને સ્વત્રાતૃવત્ ગમ્યો !
[3]તુર્ય આશ્રમ સ્વીકારી તારું હીનદીનને,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૩
આપે મૂકને ય વાક્, દષ્ટિ અંધને અહો !
પુત્ર વંધ્ય સ્ત્રી લભે, નવીન પ્રાણ પ્રેત હો !
ત્વત્પ્રભાવ કો લહે ? તું કાષ્ઠનેય પત્ર દે !
વંદું એ નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૪
મુક્તઆશરો તું, [4]કલ્પ મોક્ષ ઇચ્છનારને,
સકામને તું કામધૂક્; તું દૈન્યદાવમેઘ હે !

---

૧. ન+એક=બહુ ૨. કલિયુગમાં ૩. ચોથો: સંન્યાસ ૪. કલ્પવૃક્ષ

દુષ્કૃતાગ્નિ વેદ સર્વ ભાટ તાહરા અરે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૫
યોગિધ્યેય તીર્થતીર્થ સંતજીવન પ્રભો,
[૧]કામિદૈવત શ્રીકિલિસ્થાન નિર્મલ [૨]જ્ઞ ભો !
વિદ્વદાશ્રય સ્વભક્તતાતગેહ ત્રીશ હે !
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્દાજ એ !! ૬
વેદ મૂક ! કોણ શક્ત, [૩]કૃત્સ્નશ: લહે તને ?
વિશ્વરૂપ ત્વદ્ વિનાત્ર નાન્ય, અષ્ટમૂર્તિ હે !
ૐ સ્વરૂપ તું અરૂપ મૂર્ત્યમૂર્તિભિન્ન રે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૭
દંડપાત્રહસ્ત મસ્ત શાન્ત સ્વામિરૂપ આ,
ભીમાડમરજાસંગમસ્થ ધ્યેય ચિત્તમાં સદા !
થાય સ્થિર એ જ ધીર માગું તાર હે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૮

## ૨૭૮

કોટિસૂર્ય શી પ્રભા શાન્ત કોટિચંદ્રવત્
ત્રીશ વિશ્વનાથ દેવજિતાંઘ્રિ ભૃંગવત્ !
ભક્તિપ્રાપ્ય અત્રિપુત્ર, પાળ આત્મવત્ સદા;
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૧
અજ્ઞાનાંધકારસૂર્ય શ્રીપદાખ્ય હે ગુણેદ્ર,
ગુણાતીત પ્રભો વરેણ્ય સ્વીકૃતાત્ર-ભિક્ષુવેષ !
ભક્તસેવ્ય ઇષ્ટદાસકામ કામકલ્પ હા,
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૨

---

૧. સકામ મનુષ્યોનું દૈવત ૨. જ્ઞાની ૩. સંપૂર્ણ રીતે.

કામક્રોધઆદિષટ્કમત્ત વારણાંકુશ
સચ્ચિદાત્મ સૌખ્યકંદ તત્ત્વ એક હે [1]ગવીશ !
ધર્મરક્ષણે ધર્યો નરાવતાર ધન્ય આ,
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૩
સૂર્યચંદ્રનેત્ર ભક્તકામધેનુ જે થકી;
પંચભૂત વિશ્વ આ થયું, રમે પદે નકી !
થાય અસ્ત અંતમાં યદાત્મમાં વિભો અહા,
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૪
રક્તપદ્મપત્રનેત્ર દંડપાત્રહસ્ત હે
પૂર્ણચંદ્રકાંતવક્ત્ર, હાસ્ય શું મુખે લસે !
વેદ નિત્ય પાદધૂલિ શોધતા ફરે અહા,
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૫
નાદ બિંદુ પાર જે, કલાતિગાપ્રમેય જે,
તાપતપ્ત કલ્પવૃક્ષ શાંતિસૌખ્યગેહ જે !
ભવાબ્ધિનાવ દૈન્યદાવ ભીતિહાર સાર હા,
હે નૃસિંહ સરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૬
યોગધામ પૂર્ણકામ સ્વાભિરામ, જે વિરામ
જન્મમૃત્યુનો [2]જ્ઞનો એક આશરો અનામ !
કૃષ્ણાવેણિ પંચગંગસંગમસ્થ ધ્યાઉં હા,
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદ પદ્મ આ !! ૭
આદિમધ્યઅંતહીન અપ્રમેયશક્તિ હે
વાગતીત વાગ્દ દૃશ્યગોચરાત્મકીડ હે !
અદ્વિતીય પૂર્ણ બ્રહ્મ તોડ **રંગ**પાશ[3] આ,
હે નૃસિંહસરસ્વતીશ વંદું પાદપદ્મ આ !! ૮

---

૧. ઈન્દ્રિયોના નિર્યતા ૨. જ્ઞાનીનો ૩. સંસારના જન્મમરણના પાશ

## ૨૭૯. ફટકો

કામાધીન થઇને હીન, કુલ ને શીલ ડૂબાડીશ ના,
નશ્વર કાયાને પંપાળી, વેર કોઇથી કરીશ ના;
થતાં લાભ કે પ્રાણે જાતાં, જૂઠું કદીયે બોલીશ ના;
છોડી કપટ, રાખી મન કબ્જે, દત્તપ્રભુને ભૂલીશ ના.
સ્વધર્મને તું ડુબાડીશ ના,
સત્ય કદાપિ છોડીશ ના;
વ્યર્થ કુથલીઓ કરી, તાળીઓ પાડી, વખત ગુમાવીશ ના. ૧
હલકટ બુદ્ધિ રાખી કોઇ સહ, સાચાં જૂઠાં કરીશ ના;
તું કોઇની કોડી પણ એ કદી ચોરીને લઇશ ના.
ઘમંડ મિથ્યા રાખી દેહનો, પર અપમાન કરીશ ના;
આત્મસુકૃત બદલામાં કોઇ કરે દુષ્કૃત તો બોલીશ ના;
બીજા પર વ્યર્થ રીસાઇશ ના;
લોકોમાં ખડખડ હસીશ ના;
રહે સ્વજનમાં સરળ વર્તીને લઢવાડ કોઇમાં ઘાલીશ ના. ૨
કોઇ કોઇનું વદે ગમે તે, તું કાંન પર ધરીશ ના;
જઇ ઘેર પડોશતણે તું નાહક બકબક કરીશ ના;
ડિંગ સાંભળી સાન ગુમાવી, દુર્જન સોબત ધરીશ ના.
નખરાંઠકરાં તું બતાવીશ ના;
ખોટી ભૂલ થાવા દેઇશ ના;
દરદાગીના ઉત્તમ લૂંગડાં લેવા ફૂદડી ફરીશ ના. ૩
બે દિનની આ લક્ષ્મી સાચી; જાણી ધનમદ કરીશ ના;
વિપદ આવતાં ચિત્ત સમાલી, વ્યર્થ ધૂમ મચાવીશ ના;

કોઇ ગમે તે વદે એકદમ, જવાબ સામો આપીશ ના;
કીર્તિ ગુમાવી અપકીર્તિ કદી લોકમાં ફેલાવીશ ના.
મર્યાદાને ભાંગીશ ના,
આચાર થકી કંટાળીશ ના;
રહી તત્પર સ્હેવા આવે તે, દોષ કોઇને દેઇશ ના. ૪
જમાઇ વેવાઇ ખુશ કરવા દેવું કોઇનું કરીશ ના;
શ્રેય ચિંતીને ધર્મ કરતાં આગળ પાછળ જોઇશ ના;
પતિ-આજ્ઞા વિણ સ્વેચ્છાથી તું ધર્મ-આચારણ કરીશ ના;
વ્રતદાનાદિક કોઇ કરે તો વચ્ચે આડે આવીશ ના. ૫
આ ઉપદેશ ફગાવીશ ના,
(ઉચ્છૃંખળ વર્તન રાખીશ ના.)★
દત્તાજ્ઞાથી વાસુદેવ આ કે'; એને ઉલ્લંઘીશ ના.

---

★ મરાઠી ભાષામાં પ.પ. સ્વામી મહારાજશ્રી લિખિત સ્ત્રીઓને ઉપદેશરૂપ આ સુંદર ફટકો ગુરુભક્તિપરાયણ ગરોઠવાસી શ્રી કવીશ્વરે મોકલી આપેલો. જેનું ગુજરાતી રૂપાંતર પૂ. શ્રીએ કર્યું હતું. કૌંસનું ચરણ મૂળમાં ન હતું; વૃત્ત જાળવવા પૂ. શ્રીએ ઉમેર્યું હતું.

નં ૨૬૫ થી ૨૭૮ પૂ. શ્રી કૃત શ્રી ગુરુલીલામૃત ગ્રંથમાં પ્રસંગોચિત અપાએલ કૃતિઓ છે.

★ ★ ★ ★ ★



# ધૂન

૧. દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા.

૨. જય જય ગુરુ મહારાજ ગુરુ, જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ

૩. શ્રીમદ્વાસુદેવસ્વામિન્, દયાબ્ધે તારકપદદાયિન્

૪. પાવના દત્તા ! પતિતપાવના દત્તા !

૫. ૐ ગુરુ ૐ ગુરુ અવધૂતા ! તું હિ ૐ તું હિ ૐ શ્રીદત્તા !!

૬. ભજ રે મના ! ભજ રે મના ! દત્ત દિગંબર ભજ રે મના !!!

૭. દત્તાત્રેય અવધૂતા, જનાર્દન સ્વામી એકનાથા.

૮. ચલે દત્ત અવધૂત, દર્શનસે ભાગે સબ ભૂત.

૯. સ્મરો દત્ત દત્ત દત્ત મના ! દત્ત દત્ત દત્ત.

૧૦. હે દત્ત યોગેશ્વર વાસુદેવ, શ્રીપાદશ્રીવલ્લભ નારસિંહ.

૧૧. દત્તાત્રેય પ્રભુ મોરી માય, લાગું પુનિ પુનિ તુમરે પાય.

૧૨. દત્ત દત્ત વદો ભાઇ, એહિ જગતાર હૈ,
એહિ જગતાર હૈ પતિતઉદ્ધાર હૈ.

૧૩. દત્ત અવધૂતકી જય, શ્રીપાદવલ્લભકી જય;
વાસુદેવ સ્વામીકી જય જય જય જય જય.

૧૪. અવધૂત, જબ સુમરો તબ દત્ત, સુમરો અવધૂત.

૧૫. ૐ ગુરુ ગુરુ ૐ અલખનિરંજન ૐ ૐ

૧૬. શ્રીગુરુદત્તા, જય અવધૂતા.

૧૭. શ્રીદત્તઃ શરણં મમ (૪).

(આમાંથી એકાદ રોજ દસ મિનિટ ગાવી)

* * * * *


અવધૂતી આનંદ
રંગઅવધૂત